
સળંગઅંક ૬૫૮

કુમાર



વર્ષ ૫૫મું
અંક ૧૦મો
ઑક્ટોબર
૧૯૭૮

સંસ્થાપક
સ્વ. રવિશંકર રાવળ

તંત્રી· બચુભાઈ રાવત

मधु वाता ऋतायते। मधु क्षरन्ति सिन्धवः। माध्वीर्नः
सन्त्वोषधीः। मधु नक्तमुतोषसः। मधुमत्पार्थिवं
रजः। मधु द्यौरस्तु नः पिता। मधुमान्नो वनस्पतिः।
मधुमानस्तु सूर्यः। माध्वीर्गावो भवन्तु नः।

કુમાર

ઑક્ટોબર ૧૯૭૮ · અંક ૬૫૮

તંત્રી: બચુભાઈ રાવત ~ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૮ યા પાઉન્ડ ૩ યા ડૉ. ૬-૦૦; છૂટક નકલ: રૂ. ૩-૦૦

વાચકો લખે છે...

दीपावली - मंगलम्

भिन्दन्ती तमसां स्तोमम्
तन्वाना ज्योतिषां मुदम् ।
मयस्करीयं दीपाली –
प्रज्ञानं संप्रसादयेत् ॥
प्राणयन् वै विना तैलम्
निर्धूमां वर्तिकां वहन् ।
जयति ज्ञान-दीपोऽयम्
भासयन् भुवन-त्रयम् ॥
तुषारैरभिषिक्तेयं
वसुधा सस्य-शालिनी ।
शारदी सर्वलोकानाम्
मांगल्याय प्रकल्पताम् ॥
कणिशैर्निज-रोमांचम्
व्यंजयन्ती वसुन्धरा ।
मोदतां वेणु-गोपालः
मुग्धा केदार-नन्दिनी ॥
राजतां वै रसज्ञेषु
प्रशिष्टा साहिती कथा ।
गौरवं विन्दतां भव्यम्
भारतं भारती तथा ॥

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

સૌરાષ્ટ્રના પુરાઅવશેષો

પુરાતત્ત્વ બાબતે આપણા સમાજમાં ભયંકર ઉપેક્ષા સેવાય છે, તેથી અવશેષો નષ્ટ થતા જાય છે. કેટલાંક ખંડિયેરના પથ્થર નવાં ચણતરમાં લેવાઈ જાય છે ત્યારે ત્યાં જ ળવાઈ રહે છે. એની કેટલીક માહિતી મોકલું છું. બીજા કોઈ ભાઈઓને આવી માહિતી હોય તો જાહેર કરવી જોઈએ. એથી આપણા પુરાવિદોની સેવા થશે.

૧) ગામ કારેલા, તા. લખતર જિ. સુરેન્દ્રનગરમાં તળાવને કાંઠે ઘાટ બાંધેલા તેમાં કોતરકામ હતું આ ઘાટના પથ્થરો પાટડી, જિ. અમદાવાદના ગઢમાં વપરાયા છે.

૨) લખતર જિ. સુરેન્દ્રનગરમાં કેટલાક જૂના અવશેષોની મને ભાળ મળી, પણ તેને ઓળખીશકવા જેટલું મને જ્ઞાન ન હતું. આથી પુરાતત્ત્વખાતાની રાજકોટ ઑફિસને વિનંતી કરી કે આ નમૂનાઓ ઓળખી એની નોંધ લેવાય. આજના અધિકારી શ્રી દિનકરભાઈ મહેતાએ લખતર જઈને ઓળખી ૧૨મી સદીના સ્થાપત્યના કહ્યા. પથ્થરના અભાવે લોકોએ તળાવના અંદરના કૂવાના કાંઠા બાંધવામાં એનો ઉપયોગ કર્યો છે. લખતરના અન્ય પુરાવશેષોની રાજકોટ ઑફિસે ફાઈલ બનાવી છે. આ સિવાય સ્થાપત્યના વેરવિખેર રઝળતા અવશેષો સુધરાઈના ડેલામાં મુકાવ્યા છે. ફરીથી તે રખડતા ન થાય કે દુરુપયોગ ન થાય તો જોવા મળી શકે.

૩) ગામ ખંભાલાવ જિ. સુરેન્દ્રનગર: ગામ બહારના નવા શિવાલયના આંગણામાં ધર્મશાળા બાંધવા પાયા ખોદતાં આઠ ફૂટ નીચેથી પુરાણી ઈંટો, વધુ લંબાઈ પહોળાઈની, નીકળી છે તે પંચાયતે સાચવી છે. લોથલ, રંગપુરના અવશેષોને ખ્યાતિ મલી પણ રંગપુરથી ખંભાલાવ, તાવી, સાકર, લખતર, કારેલા સુધીના પટ્ટામાં ખોદાણ કરતાં ઠેકઠેકાણે અવશેષો નીકળે છે એની હકીકત પણ એકઠી કરવા જેવી છે.

(મોરબી) —ભૂરુભા જાડેજા

વલ્લભાચાર્યજીની જન્મસાલ

૧૯૭૭માં, 'સર વિઠ્ઠલદાસ ડી. ઠાકરશી ચૅરિટેબલ ટ્રસ્ટ' દ્વારા 'મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી' નામનું—લેખક શ્રી કે. કા. શાસ્ત્રી—પુસ્તક બહાર પડ્યુ છે. તેમાં લેખક 'સાલવારી'-માં મહાપ્રભુજીનું જન્મ વર્ષ ઈ. સ. ૧૪૭૨ (વિ. સં. ૧૫૨૯) જણાવે છે. જ્યારે આ જ પુસ્તકમાં 'પ્રકાશકનું નિવેદન'ના મથાળા હેઠળ શ્રીમતી પ્રેમલીલા વિ. ઠાકરશી લખે છે કે 'શ્રી મહાપ્રભુજીની પાંચસોમી જન્મજયંતીના વરસ દરમ્યાન આ પુસ્તક પ્રસિદ્ધ થાય છે એ એનું સૌભાગ્ય છે'. પુસ્તક-૧૯૭૭માં પ્રકાશિત થયું છે. આ બે વિધાન વચ્ચે કાંઈ મેળ ખાતો નથી. જો કે. કા. શાસ્ત્રીના મત મુજબ જન્મ વર્ષ ઈ. સ. ૧૪૭૨ જ હોય તો પછી ૧૯૭૭માં પાંચસોમી જન્મજયંતી કેવી રીતે આવે?

બીજું, આ પુસ્તકમાં જણાવ્યા અનુસાર જન્મ વર્ષ ઈ. સ. ૧૪૭૨ (વિ. સં. ૧૫૨૯) તથા મૃત્યુ વર્ષ ઈ. સ. ૧૫૩૦ (વિ. સં. ૧૫૮૭) છે. જ્યારે ૧૯૭૭ની ૧૪મી એપ્રિલે બહાર પડેલી 'મહાપ્રભુ વલ્લભાચાર્ય'ની ટપાલ ટિકિટમાં બતાવ્યા અનુસાર જન્મ વર્ષ ઈ. સ. ૧૪૭૯ અને મૃત્યુ વર્ષ ઈ. સ. ૧૫૩૧ છે. આમ કે. કા. શાસ્ત્રી જેવા વિદ્વાન માણસે દર્શાવેલી અને આપણા ટપાલખાતાએ બતાવેલી સાલવારીમાં કાંઈ મેળ જેવું લાગતું નથી જે આશ્ચર્યજનક છે! આ અંગે ખુદ કે. કા. શાસ્ત્રી જ કાંઈ સ્પષ્ટતા કરે તો હું રાજી થઈશ. 'કુમાર'ના વાચકો પણ આ અંગે પૂરી સ્પષ્ટતા—ઈ. સ. તથા વિ. સં.માં કરે એમ હું ઇચ્છું છું. અને છેલ્લે ટપાલખાતું જ્યારે જ્યારે પણ કોઈ વ્યક્તિ અંગે ટિકિટ બહાર પાડે છે ત્યારે સામાન્ય રીતે દરેક ટિકિટ પાછળ કાંઈક હેતુ રહેલો હોય છે, મતલબ કે જે તે વ્યક્તિની ૧૦૦મી જન્મજયંતી હોય અથવા તો કાંઈક પ્રાસંગિક મહત્ત્વ હોય. જો આ ટિકિટ પણ વલ્લભાચાર્યની ૫૦૦મી જન્મજયંતી નિમિત્તે બહાર પાડેલી હોય તો ત્યાં પણ ગોટાળો સર્જાય છે!

જન્મ વર્ષ ઈ. સ. ૧૪૭૯ બતાવ્યા પછી, ૧૯૭૭માં ૫૦૦ વર્ષ કઈ રીતે થાય? અને મારું સ્પષ્ટપણે માનવું છે કે ટપાલખાતાએ ૫૦૦મી જન્મજયંતી નિમિત્તે આ ટિકિટ બહાર પાડી હોવી જોઈએ. સાવ કોઈ પણ જાતના કારણ વિના જ આ વર્ષે જ શા માટે આ ટિકિટ બહાર પાડી હોય! વળી, અમારા વૈષ્ણવ સંપ્રદાયની ગણતરી મુજબ તો આ ૫૦૦મી જન્મ જયંતીનું વર્ષ છે જ! સંપ્રદાયમાં જન્મ વર્ષ વિ. સં. ૧૫૩૫ ચૈત્ર વદિ ૧૧ છે. ને હવેલીઓમાં પણ આ એક ખાસ પ્રસંગ તરીકે, બધી જ જગ્યાએ ઉજવાયો છે. આપના તરફથી સાથસહકાર મળશે જ એની મને પૂરી ખાતરી છે.

(માણાવદર) —વલ્લભદાસ ગોકળદાસ

(૨) અને જૂના અંકો

અંક ૬૪૩માં 'આ માસ (જુલાઈ) ઇતિહાસમાં' વિભાગમાં આપશ્રી જણાવો છો એ મુજબ તા. ૧૯-૭-૧૫૩૧માં વૈષ્ણવોના પુષ્ટિમાર્ગના સ્થાપક વલ્લભાચાર્યનું અવસાન થએલું. આ વિગતમાં આપ સાવ છેલ્લી લીટીમાં લખો છો: 'બે વર્ષ પછી એમની પંચ શતાબ્દી આવે છે'. મતલબ કે આપની ગણતરી ને જાણ મુજબ વલ્લભાચાર્યનું જન્મ વર્ષ ૧૪૭૯ થાય. મતલબ કે સ્ટેમ્પમાં દર્શાવેલ વર્ષોને આપ પણ માન્ય ગણો છો.

હવે પ્રશ્ન છે શ્રી કે. કા. શાસ્ત્રી પૂરતો જ. તેઓશ્રી પોતાના પુસ્તકમાં વલ્લભાચાર્યનું જન્મ તથા મૃત્યુ વર્ષ અનુક્રમે ઈ. સ. ૧૪૭૨ તથા ૧૫૩૦ ગણે છે. માટે હવે આ અંગે ખુદ કે. કા. શાસ્ત્રી પોતે જ કાંઈક સ્પષ્ટતા કરે એવી મારી તીવ્ર ઇચ્છા છે.—મારી ઇચ્છા વ્યક્તિગત નથી જ. શ્રી શાસ્ત્રીનું પુસ્તક વાંચનાર હરકોઈ વૈષ્ણવની પણ ઇચ્છા હશે જ એમ હું અનુભવના આધારે લખું છું. જે જે વ્યક્તિઓને

આ વિભાગ વિષે

આ વિભાગ માટેનાં લખાણો પોસ્ટકાર્ડ ઉપર તેમ જ બંને બાજુએ નહિ પણ આંતર્દેશીય પત્રમાં કે કવરમાં અને કાગળની એક જ બાજુએ તથા શાહીથી લખેલાં હોવાં જોઈએ. સ્વીકૃત કે અસ્વીકૃત પત્રો વિષે કોઈ પણ જાતનો પત્રવ્યવહાર કરવામાં આવતો નથી.

મેં આ પુસ્તક ભેટ આપ્યું છે તેમના તરફથી પણ મારા જેવી જ ફરિયાદ ઊઠી છે.

મારે 'મિલાપ'ના ૧૯૭૮ના જાન્યુઆરીથી જૂન સુધીના ૬ અંકો જોઈએ છે તો જેમની પાસે સારી સ્થિતિમાં હોય તે મને કિંમત જણાવી લખે.

'કુમાર'ના જૂના અંકો ઈ. સ. ૧૯૫૭, ૫૮, ૫૯, ૬૦ તથા ૧૯૬૨ એમ કુલ પાંચ વરસના પૂરેપૂરા સલામત હોય એવી સારી સ્થિતિના અંકો મારે યોગ્ય કિંમતે જોઇએ છે તો વાચકો આ અંગે મને મદદ કરે.

મારી પાસે ઈ. સ. ૧૯૭૪, ૭૫, ૭૬ તથા ૭૭ના પૂરા અંકો ખૂબ સારી સ્થિતિમાં છે તો ઇચ્છુકો કિંમત સાથે લખે. ઉપરાંત છૂટા-છવાયા ૪૦-૫૦ અંકો પણ છે.

વલ્લભદાસ ગોકળદાસ ફળદુ, 'જાખુચા નિવાસ' ૩-ભક્તિનગર સ્ટેશન, પ્લૉટ, રાજકોટ-૩૬૦૦૦૨.

મેઈઝફીલ્ડનું મૃત્યુવર્ષ

અંક ૬૫૪માં 'આ માસ (જૂન) ઇતિહાસમાં વ્યક્તિવિશેષના શીર્ષક નીચે અંગ્રેજ રાજકવિ જ્હૉન મેઈઝફીલ્ડનું ટૂંકું છતાં વિગત-પ્રચુર જીવનચરિત આપવામાં આવ્યું છે. તેમાં તેમનું મૃત્યુ વર્ષ ઈ. સ. ૧૯૨૭ (૧૨મી મે) બતાવ્યું છે તે મોટો હકીકતદોષ છે. ઈ. સ. ૧૯૩૦માં ઇંગ્લૅન્ડના રાજકવિ રૉબર્ટ બ્રિજિઝના અવસાન પછી ત્યાંના રાજા જ્યૉર્જ પાંચમાએ એમને રાજકવિપદ આપ્યું હતું; તો પછી તે ૧૯૨૭માં કેવી રીતે અવસાન પામ્યા હોય?

વળી, એન્સાઈક્લોપીડિયા બ્રિટાનિકાની ઈ. સ. ૧૯૫૯ની આવૃત્તિમાં તે સમયે તે જીવિત હોય એ રીતે તે વર્ણવાયા છે. તો પછી તેમનું સાચું મૃત્યુ વર્ષ કયું? આપ કે કુમાર-વાચક આ ઉપર પ્રકાશ પાડી શકશો. તો આભારી થઈશ. કદાચ તે ઈ.સ.૧૯૨૭ને બદલે ઈ.સ.૧૯૬૭હોય.

અંક ૬૫૩ (૧૯૭૮ મે)ના છેલ્લા પાના.ના મથાળે મૂકેલા શાયર શ્રી જલન માતરીના શે'રનું સંસ્કૃત રૂપાંતર પણ આ સાથે મોકલું છું.

प्रेक्षितुं हि परच्छिद्रान्
दृष्टेर्युति नं क्षिप्यताम्।
दृष्टिदान कृतं स्रष्ट्रा
द्रष्टुं सर्वं शुभं शिवम्॥

(દ્વારિકા) —લક્ષ્મીશંકર અ. જોષી

થોડું દોષદર્શન

ફેબ્રુઆરી '૭૮ના અંકમાં બહાદુરશાહ પંડિતે કરેલ 'પરોપકાર'નો વિચાર-વિશેષ ગમ્યો. તેમાંનાં સંસ્કૃત અવતરણો અંગે, 'કુમાર'ની ચોકસાઈને લીધે, (પહેલાં કોઈક

ઈ. ૧૯૭૭ના સપ્ટેમ્બર થી ૧૯૭૮ના ઑગસ્ટ સુધીના 'કુમાર'ના અંકોમાં પ્રકટ થએલા લેખો પૈકી 'ઉદાત્ત સંસ્કારોને પ્રતિબિંબિત કરતી મૌલિક અને પ્રેરક કૃતિઓ'માંથી શ્રેષ્ઠને માટે
શ્રી સોમાભાઈ ભાવસાર (હરિ: ૐ આશ્રમ - નડિયાદ) તરફથી
તેમની પુત્રી દીપ્તિના સ્મરણાર્થે વર્ષોવર્ષ અપાતું રૂ. ૫૧/–નું

દીપ્તિ-સ્મૃતિ-પારિતોષિક

'મા' અને 'પ્રેમઅંશ' એ બે વાર્તાઓ માટે શ્રી ભગવતીકુમાર શર્માને મળે છે.

વાચક મિત્રે ધ્યાન દોર્યું હતું તેમ) સૂચવવાનું મન થાય છે. પ્રથમ શ્લોકમાં તે वै ને બદલે एते એવો પાઠભેદ મળે છે. वै એ પાદપૂરણ હોઈને, ન વપરાય તો ઠીક. स्वार्थं ને બદલે स्वार्थान् પાઠભેદ વધુ પ્રચલિત છે. આ જ શ્લોકની ત્રીજી પંક્તિમાં निघ्नति ને બદલે निघ्नन्ति જોઈએ, અને ચોથી પંક્તિમાં ले के છે. તેને સ્થાને ते के જોઈએ. અન્ય શ્લોકની બીજી લીટીમાં नद्याः ન થાય, नद्यः જોઈએ, અને ચોથી લીટીમાં विभूषयः નહિ પણ विभूतयः જોઈએ.

આ જ અંકમાં, ૫૯મા પાને, 'સ્કંદ' પરના લેખના આરંભે, શ્લોકની બીજી લીટીમાં अत्रानुक्तं तु तत्सर्वं જોઈએ. એ જ પાને પાદનોંધ-૧માં अंशुमद् भेदागमे एकोनपञ्चाशत्पटले હોવું જોઈએ.

૮૨મા પાને શ્લોકની ત્રીજી પંક્તિના स्वकन्याम ને બદલે तनूजां પાઠભેદ છે અને તે વધુ પ્રચલિત, તથા વિશેષ અર્થ-ગર્ભિત છે.

(અમદાવાદ) —વસુદેવ પાઠક

આમ્રકૂટ?

'કુમાર'૬૫૫ના માધુકરી વિભાગમાં 'અમરકંટક'નો પરિચય આપતાં "કાલિદાસે 'મેઘદૂત'-માં 'આમ્રકૂટ' પર્વત નામે જેનું સુંદર વર્ણન કર્યું છે એ આ પર્વતીય સ્થાન 'અમરકંટક' નામે સુખ્યાત છે." એવું જે વિધાન છે તે સૌ પ્રથમ મહામહોપાધ્યાય શ્રી હરપ્રસાદ શાસ્ત્રીએ 'મેઘદૂત-વ્યાખ્યા'માં કરેલું. પછી 'કાલિદાસ ગ્રંથાવલી'ના અભિધાનકોશમાં પં. સીતારામ ચતુર્વેદીએ તેને સ્વીકાર્યું ને અદ્યાપિ 'આમ્રકૂટ' એ જ 'અમરકંટક' એમ સ્વીકારવામાં આવે છે, પરંતુ 'કાલિદાસ કી કૃતિયોં મેં ભૌગોલિક સ્થલોં કા પ્રત્યભિજ્ઞાન' નામના ડૉ. કૈલાશનાથના મહાનિબંધમાં 'આમ્રકૂટ' અમરકંટક ન હોઈ શકે તેવી રજૂઆત થએલી છે. (પૃ. ૭૧). 'આમ્રકૂટ' સાતપુડાનું કોઈ શિખર હશે એવું એમનું માનવું છે. કાલિદાસનો કોઈ અભ્યાસી આ વિષે વિશેષ પ્રકાશ પાડી શકે.

(પોરબંદર) —નરોત્તમ પલાણ

ગાભાને અન્યાય

કલાપી-શોભનાનો પ્રેમ-પ્રસંગ આપણે સહુ યાદ કરીએ છીએ, પણ આ પ્રેમપ્રસંગ ખાતર ખરેખર આહુતિ દેનાર ગાભો કે જે મોંઘી—શોભનાનો ખરો પતિ હતો તેને આપણે કોઈ યાદ કરતા નથી. લાગણીશીલ કલાપીએ પણ ગાભાની સાથે ક્યારેય લાગણી બતાવી નથી. ઊલટાનું શોભના સાથેના લગ્નને આગલે દિવસે ગાભાને હડાળાના દરબાર વાજસુર વાળા પાસે રસે યા તરીકે મોકલી દીધેલો! જ્યારે વાજસુર વાળાને બીજા દિવસે શોભના અને કલાપીના લગ્નના સમાચાર આપવામાં આવ્યા ત્યારે વાજસુર વાળાએ તે સમાચાર ગાભાને આપ્યા. ગાભો આ સમાચાર સાંભળીને રડી પડ્યો અને હડાળાથી લાઠી જવાને બદલે તે સીધો રાજકોટ ચાલ્યો ગયો. શું ગાભો પ્રેમી નહોતો? પરંતુ બિચારા ગાભાની દશા પેલા 'સાહિર'ના શે'ર જેવી હતી: 'એક ધનવાન મજનૂને દૌલત કા સહારા લેકર / હમ ગરીબોં કી મહોબ્બત કા ઉડાયા હૈ મજાક.'

(વેરાવળ) —એમ. જે. જોશી

અંક ૫૪૬નું મુખચિત્ર

'કુમાર' ૬૫૪નું મુખચિત્ર જોયું કે તુરત જ થયું કે આ જાણીતું ચિત્ર જસુભાઈ કે જગુભાઈનું નથી જ. કોઈ સ્ત્રી કળાકારનું છે. પછી મારી પાસેનાં આલ્બમોમાંથી Art in Soviet collectionsમાં જોયું, તો તે Hopeના નામે શ્રી વનલીલા શાહનું દોરેલું છે. એક સાથે જે વીસ ચિત્રો ભારત સરકાર તરફથી સોવિયેત ગવર્નમેન્ટને ૧૯૫૪માં ભેટ અપાયાં છે એમાંનું આ એક છે. વર્ષો પહેલાં 'કુમાર'માં વનલીલા કિનારીવાળા કરીને એક બહેનનાં ચિત્રો આવતાં એ જ ઢબ આમાં છે. એ જ વ્યક્તિ આ હોવાં જોઇએ. ખુલાસો કરશો. કુમાર કરી શકે એવી આ ભૂલ નથી. વળી ખુલાસો આપવા જેટલી (જસુભાઈ જગુભાઈ) ચીવટ રાખવા છતાં ભૂલ તો રહી જ*.

રતિનું ચિત્ર ૪૦૦મા અંકમાં ય. ક. શુક્લ-

નાં ઇચિંગથી માણ્યું હતું જ. ફરી એ જ કાળા આરસના શિલ્પની છબી જોવાની મજા આવી. રસિકોને સરખામણી માટે ચ. ક. શુ.ના ચિત્રની પ્રતિકૃતિ બાજુમાં આપી હોત!

તસ્વીરો ઉપરથી રેખાચિત્રો આબેહૂબ બને છે એવાં ચિત્રો બનાવવાની કોઈ ખાસ રીત હશે જ એમ અંક ૬૫૪ પાના ૧૯૪, ૨૦૦નાં ચિત્રો જોવાથી લાગે છે. આ ઉપરાંત રીડર્સ ડાઇજેસ્ટ, જ્યૉગ્રોફિકલ મૅગેઝીનમાં તસ્વીર પરથી બનાવેલાં રેખાચિત્રો ઘણી બારીકાઈ-ભરી રીતે બનેલાં હોય છે. એની કોઈ ખાસ રીત હોય તો 'કુમાર'માં જણાવશો. ઘણા બધા કમર્શિયલ આર્ટિસ્ટોને ઉપયોગી થશે.

(મુલુંદ-મુંબાઈ) —રમેશ. બી. શાહ

[*આ વિષયમાં શ્રી જગુભાઈ શાહ તરફથી પણ અમને પત્ર મળ્યો છે. તેઓ પણ જણાવે છે કે 'ઘરદીવડો'ના ચિત્રકાર તેઓ પોતે નહિ પણ એમનાં પત્ની શ્રીમતી વનલીલાબહેન છે. ચિત્રના બ્લૉક અમને જગુભાઈ પાસેથી મળેલા, એટલે એ એમના જ ચિત્રના સમજવાથી આ ચૂક થઈ જવા બદલ દિલગીર છીએ.

શ્રી વનલીલાબહેન કિનારીવાલાના નામથી 'કુમાર'ના ઘણા જૂના ગ્રાહકો પરિચિત હશે, કેમકે એમની કૃતિઓ 'કુમાર'માં અગાઉ પ્રકટ થઈ ગઈ છે. અમદાવાદ-સ્વાતંત્ર્ય-લડતમાં શહીદ થએલા વિનોદ કિનારીવાળાનાં તે બહેન થાય, અને ત્યાંના 'જ્યોતિસંઘ'માં નામી કલાકાર શ્રી છગનલાલ જાદવના હાથ નીચે ચિત્રકળાની તાલીમ લીધેલી. ત્યાર બાદ ભાવનગરના કલાકાર શ્રી જગુભાઈ શાહ સાથેના લગ્ન બાદ દિલ્હીના જામિયા મીલિયામાં બંને સ્થાયી થયાં અને ત્યાં એમનો સારો વિકાસ થયો.]

ત્રીજી વાચના

મે-૭૮ના અંકમાં વાચકો લખે છે વિભાગમાં સંસ્કૃતના એક સુવિદિત સુભાષિતની બીજા પ્રકારની વાચના આપવામાં આવી છે. તે સિવાય એક ત્રીજી વાચના વધુ પ્રચલિત અને વ્યાપક છે. સુભાષિત સંગ્રહોમાં તે વાચના આ પ્રમાણે છે:

परोपकाराय फलन्तिः वृक्षाः
परोपकाराय वहन्ति नद्यः ।
परोपकाराय दुहन्ति गावः
परोपकारार्थ मिदं शरीरम् ॥

નિર્ણયસાગર પ્રેસ-મુંબાઈના 'સુભાષિત રત્નભાંડાગારમ્' નામક સુભાષિત ગ્રંથમાં પણ આ જ વાચના આપવામાં આવી છે.

(પોરબંદર) —શંકરદેવ વિદ્યાલંકાર

શ્રવણનાં માતાપિતા

આજ સુધી 'કુમાર'માંથી મેં ઘણું બધું જાણ્યું છે. અનેક યુવાનોને ઘડવામાં 'કુમારે' જે કામ કર્યું છે તે ખરેખર દાદ માગી લે તેવું છે.

આથી 'કુમાર'ના સુજ્ઞ વાચકો અને લેખકોને એક પ્રશ્ન પૂછવા માગું છું. આશા છે એનો જવાબ આ વિભાગમાંથી મળી રહેશે.

'રામાયણ'માં આવતા શ્રવણના પાત્રથી તો સર્વે જ્ઞાત છીએ જ, પણ શ્રવણના માતાપિતાના નામનો આછો પણ ઉલ્લેખ ક્યાંય જોવા મળતો નથી. માત્ર એટલું જ જાણવા મળે છે કે તેઓ અંધ અને અપંગ હતાં. આશા છે કે 'કુમાર' દ્વારા આનો ઉત્તર પ્રાપ્ત થશે.

—જિતેન્દ્ર દવે

નવલરામ વિષે માહિતી

ગુજરાતી સાહિત્યના પ્રસિદ્ધ સાક્ષર સ્વ. નવલરામ લક્ષ્મીરામ પંડ્યા પરના સંશોધન કાર્ય માટે નીચેની વિગત સામગ્રી જોઇએ છે:

(૧) સ્વ. નવલરામના વંશવેલાની આજપર્યંતની માહિતી; (૨) સ્વ. નવલરામનાં અપ્રસિદ્ધ લખાણની ને કૃતિની હસ્તપ્રતો; (૩) સ્વ. નવલરામની નોંધપોથી, ડાયરી, પત્રવ્યવહાર વગેરે.

ઉપર્યુક્ત વિગતો-સામગ્રી જેમની પાસે હોય તેમને તે, નીચેના સરનામે મોકલવા નમ્ર વિનંતી. તે મળ્યા પછી પંદરેક દિવસમાં પરત કરીશું પ્રા. રવિકાન્ત દિ. શુક્લ, આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વ્યારા ૩૯૪૬૫૦. (જિ. સુરત)


એક ભૂલ

જૂન અંકમાં બહેન મીનાક્ષી દોશીનાં હાઈકુમાંના પ્રથમમાં 'કેડીની વાટ; નજર' અને દ્વિતીયમાં 'અંધારે મૂળ; ફેલાતી' એ બન્ને બીજી લીટીમાં આઠ અક્ષરો જણાય છે. નિયમ મુજબ સાત જોઇએ.

(રાધનપુર) —પરશુરામ મો. મહેતા

અંક ૨૧૨ જોઈએ છે


'કુમાર' અંક ૨૧૧, જુલાઈ ૧૯૪૧માં મારો 'કોલસો' નામક લેખ આવેલો. તેનો બીજો ભાગ અંક ૨૧૨ ઑગસ્ટ ૧૯૪૧માં આવેલો હશે. મારી ફાઈલમાં અંક ૨૧૧ છે બીજા ભાગ માટે અંક ૨૧૨ મને મળતો નથી. આપને તે માટે ૩-૪ માસ અગાઉ લખેલું પણ આપની ફાઈલમાં પણ નથી. તો મહેરબાની કરી આપના કોઈ ગ્રાહક કે શુભેચ્છક આ બાબતમાં મને મદદ કરી શકશે? આપ મારી આ અપીલ ગ્રાહકો સુધી પહોંચાડશો? યોગ્ય કિંમત આપીશ જ. દેવજી માવજી ટોપરાણી; જનસુખ નિવાસ, કસ્તૂરબા રોડ, કાંદીવલી વેસ્ટ, મુંબાઈ-૬૭.




નાથદ્વારાનું એક આંગણું (કલાકાર: સોમાલાલ શાહ) ઘેઘૂર વડલાની શીળી છાયામાં પમરતી શાંત શાતાદાયી ગ્રામસૃષ્ટિનું એક સજીવ સુંદર ચિત્ર



ગજ-ક્ષેપ (ફોટો - ત્ર્યંબકલાલ પટેલ) મહાભારતના યુદ્ધમાં પાદપ્રહાર કરીને હાથીને ફંગોળી દેતા અને કૂદીકૂદીને લડતા વીર ઘટોત્કચને નિરૂપિત કરતા હળેબીડના આ શોભનશિલ્પમાં શિલ્પીએ પોતાની અદ્ભુત કલ્પનાશક્તિ, લાઘવ, ગતિ અને યુદ્ધના જોમને તાદૃશ કરવામાં અજબ કલા અને કૌશલ દાખવ્યાં છે.



બાઉલ ભજનિકો (ચિત્રકાર - બિહારીલાલ બારભૈયા) : બાઉલ'એ બંગાળના નવદ્વીપ (નદિયા) પરગણામાંથી પ્રસરેલો એક રહસ્યવાદી ભક્તિસંપ્રદાય છે. ઐહિક કે પારલૌકિક લાભાલાભની અપેક્ષા વિના 'મનેર માનુષ'-હૃદયસ્થ માનવની ખોજ એ એનું લક્ષ્ય. મૌખિક પરંપરાથી ઊતરી આવેલાં અને એક લાક્ષણિક દેશ્ય ઢાળમાં ગવાતાં ગીતો, ને એકતારા જેવા 'ગોપીજંત્ર' તથા ચીપિયા-મંજિરાં જેવાં સાદાં વાદ્યોનો સાથ એ એમની ખોજનાં સાધનો. જાતિભેદ, વિધિનિષેધ કે રૂઢિનિયમોથી અલિપ્ત સદાય ગાતા ફરતા એ મસ્ત કલંદરોને અહીં આલેખ્યા છે.



દિવસની ચાંદનીમાં (ફોટો : અશ્વિન મહેતા) : 'કુમાર'ના સુપરિચિત આ ફોટો-કલાકારે તાજેતરમાં મુંબઈમાં 'વૃક્ષોના સંગાથમાં' (લિવિંગ વિથ ટ્રીઝ) નામનું પોતાનાં ફોટોચિત્રોનું એક પ્રદર્શન યોજ્યું હતું. આવું એમનાં ચિત્રોનું આ આઠમું પ્રદર્શન હતું. ચિત્રવિષયમાં વૃક્ષોને જ કેન્દ્રમાં રાખીને એમણે આ પ્રદર્શનમાં કરાવેલા સૌંદર્યદર્શનની આ તો માત્ર એક વાનગી જ છે, પણ કુદરતની આ અણમોલ ભેટનો નાશ કરતાં પહેલાં આપણને એ વિચારતા કરી દે એટલી ક્ષમતા એ ચિત્રોમાં છે. સાથોસાથ એમની કલાદૃષ્ટિ અને ફોટોકૌશલની પણ એ પ્રતીતિ કરાવે છે.

ચડ્યા વાયરે/રાજેન્દ્ર શાહ

•ગાન•

વનમાં વાતી લ્હેરિયું:
અડકે જેનાં અંગને એનું ઝળકી ઊઠે જેળિયું.*

પીપળનું પાન ફરકે
એવી ફરકી રહે પાંપણુ,
બેઉ તે જીભે સોસતી
રૂડો સવાદ લેતી સાપણુ.
તરણુાંનો શો તોર?
ઊભાં તંઈ કાઢતાં વેગી હેડિયું...

મા'દેવજીના પોઠિયે આજે
પીધી ભાંગ મલાઈ,
કોઈની ઊડે પાગ ને
ઊડે ઓઢણી છાતી-છાઈ;
માંહ્યલે પવન છૂટવા મથે
કસનું બાંધ્યું કેડિયું...

ક્યાં ય તે મારી જોઉં ન કેડી
ક્યાં ય ન જોઉં વન,
ઊજળો તે યે રેણુથી વધુ
આંધળો લાગે દન;
કોઈ ગુણુની ભીતર
ઘેને મન મારું આ ઘેરિયું...

*જેળિયું: દૈવત, તેજ.

હરિના અજંપા/વ્રજલાલ દવે

•મિશ્ર•

ઝંકારતી વેલડી સ્વર્ણની તજી
હું સાંઢણીએ થઈ ગૈ સવાર!
સોહાગિયો ચિત્ત ધરી પ્રવાસ
ગોપી બની ચાલી પથે અધીર.

ચન્દ્રે ઝરી સેજસુધા તજીને
શૂળી પરે મસ્ત પથારી પાથરી;
રાણાતણાં અત્તરિયાં વિષોને
ઢોળ્યાં હસી આંગણુના જ આરસે.

બાગો તજ્યા યૌવન શા ફૂલે લચ્યા,
ઊજેરી મેં મોહનવેલ આંસુએ!
વૃન્દાવને, પુષ્પ કદંબનાં વીણી
ફહાના શિરે કૈંક ધર્યાં સલજ્જ;
બાકી વધ્યાં, માર્ગતટે રચી પ્રપા,
વહેંચું હજી યે હરિના અજંપા.

📖 'ચડથા વાયરે' : વનમાં વાતી લ્હેર અને એના સ્પર્શથી સર્જાતી ભાવલીલાના આ ગીતમાં એના બીજા અને ત્રીજા અંતરામાં રાજેન્દ્રીય બાની અને ભાવાભિવ્યક્તિનો તૃપ્તિકર આસ્વાદ માણી શકાશે. વનની લહેરની તાકાત કેવી? જેના પણ અંગને સ્પર્શે તેનું જેળિયું –તેજ–ઝળકી ઊઠે! અને પછી પાંપણનો આછો ફરફરાટ પીપળના પાનના ફરફરાટથી કેવી મૃદુ અને નવીન અભિવ્યક્તિ સાધી રહે છે! અને એની પડછે તદ્દન કઠોર અભિવ્યક્તિ—બે જીભે સ્વાદ લેતી સાપણની આ લહેરમાં તરણાં પણ તૉરમાં આવી ગયાં. એનું ઝડપી ડોલન 'વેગી હેડિયું' દ્વારા અભિવ્યંજિત થઈ રહે છે. બીજો અંતરો કેવું મસ્તીભર્યું—ભાંગમલાઈની અસર નીચે જ ને?—ચિત્રાંકન કરી રહે છે! 'છાતીછાઈ' સમાસનો 'ભાંગમલાઈ' સાથે સાહજિક પ્રાસ, એ લહેરનું કેડિયામાં પુરાવું, પછી એ હવાને તાણે ફાટુંફાટું કેડિયું: આ બધું જ અહીં આહ્લાદક બની રહે છે. તો ત્રીજા અંતરામાં આ આનંદગીત ચિંતનમાં ચાલ્યું છે–પણ તે સાહજિક રીતે જ. દિવસ જે ખરેખર તો ઊજળો છે, પણ આજે તે કાવ્યનાયકને રાતથી પણ વધુ આંધળો લાગે છે. પણ આ અંધકાર કાર્યસાધક છે, કારણ કે એ ગૂઢ અંધારમાં જાણે કવિનું મન ઘેરાઇ જાય છે. આ નશો જ જાણે ચિંતનનું ઇંગિત બની જાય છે. લયપ્રવાહી ગીતરચનાનો કસબ પણ એની ઊર્મિ અને ચિંતનનું સુભગ રસાયણ નિર્મી રહે છે.

હાઇકુ
મીનાક્ષી દોશી

ઓસર્યાં જળ
ભરતી કેરાં: આંખ
ઉઘાડે છીપ.

∞

વૃક્ષ છવાયું
કૂંપળે: પીળાં પાન
તો ય અટૂલાં?

∞

ઊંડી ખીણમાં
ઊગ્યું વૃક્ષ: મથતું
આંબવા આભ.

📖 હરિના અજંપા : કાવ્યમાં મીરાંનું નામ નથી અને છતાંય 'વેલડી', 'સાંઢણી', 'રાણો', 'મોહન' આદિ ઉલ્લેખોથી આ મીરાંની ઉક્તિ છે એ સમજતાં વાર લાગે ખરી? અને એક વાર આ સમજાઈ જાય પછી તો બધું જ સરળ સરળ. મીરાં રાણાનો દેશ ત્યજી સાંઢણી પર સવાર થઈ ચાલી નીકળી ત્યારે એની સામે તો હતી સુવર્ણ વેલડી! આ વિરોધ એના ચિત્તની વિરાગમય અવસ્થાને બરાબર ઉપસાવી રહે છે, તો આ જ વિરાગ એની પાસે ચન્દ્રશીતલ સેજ છોડાવી શૂળી પર સેજ તૈયાર કરાવડાવે છે. અને આ જ સ્થિતિ પાર્થિવ પુષ્પોથી સુસજ્જ બગીચા છોડાવી નિજ આંસુની ધારાથી કૃષ્ણરૂપ વેલ સીંચાવે છે! અહીં પ્રસિદ્ધ પંક્તિ 'અંસુવન જલ સીંચ સીંચ પ્રેમબેલ બાઈ'નું સ્મરણ તાજું થશે જ. અને પછી તો એ વેલ પર કદંબ જ પાંગરે ને! એ કદંબને કૃષ્ણશિરે ધર્યાં અને બાકી વધ્યાં તે જાણે જગતના અન્ય પ્રવાસીઓને વહેંચવા એણે જીવનમાર્ગ પર પુષ્પની પ્રપા-પરબ-માંડી! આ વિચાર ને એ પુષ્પો તે 'હરિના અજંપા' છે એવું રૂપક અંતે આહ્લાદક બની રહે છે! —ધી. પ.

અકર્મણ્યતા

બહાદુરશાહ પંડિત

અમેરિકામાં એક કારખાનાનું ઉત્પાદન ખૂબ વધી ગયું હતું. એથી નફો પણ ખૂબ મળતો હતો. પરિણામે એક દિવસ કારખાનાના માલિકે બધા મજૂરોને એકઠા કર્યા અને એમને કહ્યું : 'તમે બધાએ સારી રીતે કામ કર્યું છે, એટલે કારખાનાની આવક ખૂબ વધી ગઈ છે. આથી હવે તમારે દરરોજ કામે આવવાની જરૂર નથી. સપ્તાહમાં તમારે ફક્ત એક જ દિવસ – બુધવારે કામ પર આવવું. પગાર તમને એનો એ જ મળ્યા કરશે.'

આ સાંભળી એક કારીગરે ઊભા થઇ પૂછ્યું : 'શેઠસાહેબ, દર બુધવારે આવવું જ પડશે? કોઈ બુધવારે ના આવીએ તો ના ચાલે?'

આ છે તો એક હાસ્યટુચકો, પણ એમાંથી માણસની કામચોર વૃત્તિ ધ્વનિત થાય છે. પોતાના ભરણપોષણ માટે માણસને દિવસના જેટલા કલાક કામ કરવાનું હોય છે, એનાથી દસ મિનિટ પણ વધારે કામ કરવાની માણસ કદી તૈયારી નહિ બતાવે, પણ અરધો કલાક ઓછું કામ કરવાનો પ્રયત્ન અચૂક કરશે.

સ્વ. કિશોરલાલ મશરૂવાળાએ એમના પુસ્તક 'સમૂળી ક્રાંતિ'માં લખ્યું છે કે 'આપણે એવો આદર્શ સમાજ બનાવીએ કે જેમાં માણસને દિવસના બે કલાક જ કામ કરવું પડે, તોપણ માણસ પૂરા બે કલાક નિષ્ઠાથી કામ નહિ કરે. એ બે કલાકમાંથી પણ એ દશેક મિનિટ ઘટાડવા પ્રયત્ન કરશે.'

આપણા દેશમાં, અન્ય દેશોની અપેક્ષાએ, કામચોરીની આ વૃત્તિ વધારે પ્રમાણમાં વ્યક્ત થતી જોવા મળે છે. મિલના મજૂરો, ઑફિસના કારકુનો, શાળાના શિક્ષકો, અધ્યાપકો, પોલીસો, ડૉક્ટરો અને નર્સો એમ દેશના તમામ વર્ગના લોકોને અકર્મણ્યતાનો એક ભારે ચેપી રોગ લાગુ પડ્યો જણાય છે. આપણા દેશના લોકોની આ અકર્મણ્યતા પર તો રશિયાના એક નેતા ક્રુશ્ચેવે કરેલો કટાક્ષ ખૂબ તીક્ષ્ણ છે. એ આપણા દેશની મુલાકાતે આવ્યા ને દેશમાં બધે ફર્યા. પછી પાછા ફરતાં એમણે કહ્યું : 'આ દેશની મુલાકાતે આવ્યો એ પહેલાં હું ઇશ્વરના અસ્તિત્વમાં માનતો નહોતો; પરંતુ આ દેશમાં ફર્યા પછી મને લાગે છે કે ઇશ્વરનુ અસ્તિત્વ હોવું જ જોઈએ. કારણ કે ઇશ્વર ના હોય તો આ દેશનું તંત્ર બીજું કોણ ચલાવતું હશે?'

આપણા દેશના લોકોની અકર્મણ્યતા પરનો આ કટાક્ષ સમજવા જેવો છે. આ કટાક્ષ સમજીને કવિ શ્રી મકરંદ દવેની કવિતા

'કામ કરે ઈ જીતે રે માલમ
કામ કરે ઈ જીતે
આવડો મોટો મલક આપણો
જીતે બીજી કઈ રીતે?'

અમલમાં મૂકવાની જરૂર છે.

પણ આ અકર્મણ્યતાનાં કારણો શોધવા જેવાં છે. પહેલું કારણ એ લાગે છે કે આપણને કામ માટે—પરિશ્રમ માટે પ્રેમ નથી. કામમાં આપણને આસ્થા નથી. કામ માટે પ્રેમ ના હોય, કામ કરવાનો આનંદ ના હોય ત્યાં સુધી માણસ કામચોર બનવાનો પ્રયાસ કરવાનો જ.

દશ બાર વર્ષની એક છોકરી એના દોઢેક વર્ષના ભાઇને મહાપરાણે તેડીને જતી હતી. એને થાકથી હાંફતી જોઇને કોઈ માણસે એને કહ્યું : 'આ બોજો લઈને ક્યાં જાય છે?'

'આ બોજો નથી' પેલી છોકરીએ કહ્યું : 'આ તો મારો ભાઈ છે.'

આમ, કામ માટે પ્રેમ હોય તો એ બોજો મટી લહાવો બની જાય છે. ઉમાશંકરભાઈએ એમના એક નિબંધમાં લખ્યું છે : 'આપણાં કામો આપણે માટે વેઠરૂપ ન રહે અને લીલા જેવાં બની રહે એવું ન બને? જે કામ કરતા હોઇએ તેમાં આપણો જીવ રેડી શકીએ, બલકે આપોઆપ આપણું હૃદય એમાં રેલાય, એવું ન થઈ શકે? આપણે આપણો સ્વધર્મ શોધી શક્યા હોઇએ તો એવું બનવા સંભવ છે.'

ચિત્રકાર ચિત્ર દોરતાં કદી આળસ કરે છે? બાળકને રમત રમતાં આળસ કે કંટાળો આવે છે? મા બાળકની સેવા કરતાં હરામખોરી કરે છે? જ્યાં કામ પ્રત્યે પ્રેમ છે ત્યાં એ બોજો કે ઢસરડો મટી જાય છે.

માણસને મનગમતું કામ મળે તો એ કામચોરી નહિ કરે. સાચા શિક્ષકને 'વર્ગ' જ 'સ્વર્ગ' લાગે છે. લેખકને રાતના ઉજાગરા કરીને પણ લખવું ગમે છે. જબરદસ્તીથી કામ કરાવવામાં આવે એથી પણ કામચોરી વધે છે. વિશ્વાસથી કામ સોંપવામાં આવે તો કામ સારું થવાનો સંભવ રહે છે.

કામમાં રસ પડે એવું વાતાવરણ સર્જાય તોપણ અકર્મણ્યતા ઓછી થાય છે. ઉદાહરણ તરીકે આંગણામાં પડેલાં નકામાં રોડાં દૂર કરવાં હોય તો સોસાયટીનાં બાળકોને એ કામ, સીધા હુકમથી સોંપી નહિ શકાય. પણ એ જ બાળકોને કહ્યું હોય કે 'ચાલો સહુથી દૂર કોનો ટેખાળો જાય છે, એ જોઇએ!' તો જોતજોતાંમાં બધાં રોડાં દૂર ફેંકાઈ જશે.

ગાંધીજીએ વર્ધા શિક્ષણ-પદ્ધતિમાં શ્રમનું મહત્ત્વ યોગ્ય રીતે જ દર્શાવ્યું હતું. બાળકોને નાનપણથી જ પરિશ્રમની આદત પાડવામાં આવે તો મોટપણે એમની અકર્મણ્યતા ઓછી થઈ શકે. પરિશ્રમ પ્રત્યેની દૃષ્ટિ બદલાય તો અકર્મણ્યતા ઓછી થાય.

એક વૃદ્ધ બ્રાહ્મણે દેવસેવા કરવા બેસતાં પુત્રવધૂ પાસે ઓરશિયો માગ્યો. 'બાપુજી, એવડો મોટો પથ્થર મારાથી નહિ ઉપાડાય'— કામચોર વહુએ જવાબ આપ્યો. સસરા બહુ હોશિયાર હતા. એમણે પુત્રવધૂને સીધી કરવાનો નિર્ણય કર્યો. બપોરે ઓરસિયો લઈ સોનીના ઘેર ગયા અને એને સોનાથી મઢાવી દઈ બંને બાજુ ગાળામાં ભરાવાય એવી મજબૂત સોનાની સાંકળ જડાવી દીધી. ઘેર લાવી પુત્રવધૂને આ નવું ઘરેણું આપ્યું. વહુ હોંશે હોંશે આ ઘરેણું પહેરી ફરવા લાગ્યાં. હવે એને, ઓરશિયાનું વજન લાગતું નહોતું—ભલે એ છાતીએ વાગતું હતું છતાં!

કામનું પણ આવું છે. એ જવાબદારી લાગે છે ત્યારે છટકવાનું મન થાય છે. લીલા હોય ત્યારે માણવાનું મન થાય છે. □

સફળતાની કિંમત

કોઈ પણ ક્ષેત્રમાં એક જણ સફળતાના શિખરે બેઠો હોય અને તમે એ જ કાર્યના ચીલામાં અટવાતા પડ્યા હો એવું કેમ થતું હશે એવો પ્રશ્ન તમારા મનમાં ઘણી વાર ઊઠતો હશે. તમારામાં પણ આવડત હશે, એના જેવી સિદ્ધિ મેળવવાની ઝંખના પણ હશે, છતાં આવો તફાવત કેમ રહે છે તેનું એક જ કારણ છે. એણે પોતાની સિદ્ધિની કિંમત ચૂકવી હશે, જ્યારે તમારી એ માટે તૈયારી નહિ હોય. સફળતાની એ કિંમત શી છે, જાણો છો?

હાથ ધરેલા કાર્યમાં તમારી બધી જ શક્તિને કેન્દ્રિત કરીને, એ કાર્યનાં બધાં જ પાસાંને બરાબર સમજી લઈને એને પાર પાડવા માટેનું યોગ્ય આયોજન કરવું એ એની કિંમત છે. આ માટે સંજોગો અનુકૂળ ન પણ હોય, તો એની સામે ઝઝૂમવાની જિગર કેળવવી એ એની કિંમત છે. પ્રતિકૂળતાઓને નાબૂદ કરવાની હિંમત ને ક્ષમતા એ એની કિંમત છે. ગણનાપાત્ર એવું કોઈ કાર્ય નથી જેમાં કંઈ ને કંઈ આડખીલી ન આવી હોય, પણ લક્ષ્યને સિદ્ધ કરવામાં નડતા અવરોધોને વળોટી જવાની તાકાત એ એની કિંમત છે. સતત ખંત એ એની કિંમત છે. ચાલુ ઘરેડમાં જો સંતોષ ન હોય તો એ કિંમત અત્યારથી જ ચૂકવવા માંડો, પછી સિદ્ધિ તમારી જ છે.

રંગીલા શાહ વાજિદઅલીની ઐયાશી અને ભીરુતાને લીધે અંગ્રેજોની કદમબોસી કરવા છતાં ખાલસા થઈ ચૂકેલા અવધને આઝાદીનું ગૌરવ અપાવનાર વિસ્મૃત વિદ્રોહિણી બેગમ

હજરતમહલ



લેખક
અશોક હર્ષ

ઈ. ૧૮૫૭ના ભારત-સ્વાતંત્ર્ય-સંગ્રામમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઈ જેવી જ અવધ યા અયોધ્યાની બેગમ હજરતમહલ હતી; જો કે બંનેના જીવનપ્રવાહ અલગઅલગ હતા. નવાબી જનાનાની પૂરી ઐયાશી અને એકાંતમાં ઊછરેલી એ ઓરતમાં આટલાં શૌર્ય અને સમજ હોવાં એ જ એક આશ્ચર્ય છે. કારણ કે એના ખાવિંદ નવાબ વાજિદઅલી શાહ તો આઠે પહોર રંગરાગમાં જ ડૂબેલા રહેતા. એનો જન્મ પણ કોઈ શાહી કે અમીર કુટુંબમાં નહિ પરંતુ અવધની પ્રથમ રાજધાની ફૈઝાબાદમાં માટીના કાચા ઓરડામાં એક મામૂલી પરિવારમાં થએલો. એના જીવનનાં પ્રારંભિક પૃષ્ઠો પર ઇતિહાસ હજી સુધી કશો પ્રકાશ નથી પાડી શક્યો, સિવાય કે, કેટલાકના જણાવ્યા મુજબ, તેનું બાળપણનું નામ 'ઉમરાવ' હતું. આવી એક સામાન્ય નારી અસામાન્યતાના શિખરે પહોંચી; પોતાનું અને પોતાના એકના એક પુત્રનું જીવન હોડમાં મૂકી સ્વાતંત્ર્ય-સંગ્રામની આગેવાની લેવા પ્રેરાય એ પાછળ કઈ અંતઃપ્રેરણા કામ કરી રહી હશે?

શાહે અવધ મિર્ઝા અમજદઅલી શાહનો નાનો શાહઝાદો એની રંગરાગની મહેફિલોમાં જ મસ્ત રહેતો. નાટ્ય અને સંગીતનો એ માત્ર શૉખીન જ નહિ, નિષ્ણાત હતો. મહારાજ ઠાકુરપ્રસાદ પાસેથી કથ્થક નૃત્ય શીખેલો એ સ્વયં નવાંનવાં નૃત્યો યોજતો ને તેમાં પણ પગે ઘૂઘરા બાંધી ઊતરતો. એ જ રીતે નાટકો પણ લખતો ને ભજવતો. ને સંગીત-મહેફિલોમાં સ્વરચિત ઠુમરીઓની સ્વરલહરી લહેરાવતો. આવા રંગીલા વાજિદઅલીને બારતેર વર્ષની ઉમરાવ કોણ સોંપી ગયું તેનો કશો ઉલ્લેખ મળતો નથી, પણ અધખીલી કળી જેવી એ મુગ્ધાનો દેહ ત્યારે પણ તેના ભાવિ યૌવનસૌન્દર્યની ચાડી ખાતો હતો. પરી જેવી મહકતી એ મુગ્ધાનું વાજિદઅલીએ નામ પાડયું મહકપરી. એની મહક તેના રોમેરોમમાં ફરી વળી અને એના વિષે પોતાની રોજનીશીમાં લખ્યું—

'પસીના થા ખુશબૂ મેં ઉસકા ગુલાબ,
પરી થી મહક ઉસને પાયા ખિતાબ.'

અને એ પછી થોડા જ સમયમાં રાજસભાની એ પરી શાહઝાદા વાજિદઅલી શાહની બેગમ બની રાજમહેલમાં સ્થાન પામી. વાજિદઅલીને બીજી બેગમો હતી, બેગમોથી થએલાં બેટાબેટીઓ પણ હતાં. છતાં મહકપરીએ પુત્રને જન્મ આપતાં એને અગાઉના કોઈ પણ પુત્ર-જન્મ કરતાં વિશેષ આનંદ થયો. નવાબ અમજદઅલી શાહ પણ એથી એટલો ખુશ થયો કે મહકપરીને એણે ખિતાબ આપ્યો બેગમ ઇફ્તિખારુન્નિસાનો, જ્યારે એના પુત્ર રમજાનઅલીને મિર્ઝા બર્જિસકદ્રનો.

વાજિદઅલી શાહને પોતાનો આ બેટો નસીબદાર લાગતો હતો અને તેનાં લાડકોડ પાછળ એ ખૂબ ધ્યાન આપતો. બન્યું પણ એવું કે આ પુત્રના જન્મ પછી જેની સ્વપ્ને પણ કલ્પના નહોતી એ અવધનો તાજ વાજિદઅલી શાહના મસ્તકે આવી પડયો. અંગ્રેજોએ એમની ફૂટનીતિ અનુસાર અવધમાં પણ પગપેસારો કરેલો. એક વાર પગ પેસાડયા પછી આખું રાજ્ય હડપ કરી જવાની તેમની ચાલબાજીથી નવાબનો મોટો પુત્ર મિર્ઝા મુસ્તફાઅલી પૂરો વાકેફ હતો ને અંગ્રેજોનો કટ્ટર શત્રુ હતો. અંગ્રેજોની આંખમાં એ કણાની જેમ ખૂંચતો હોઈ તેમણે અવધના તાજોતખ્તનો વારસદાર વાજિદઅલી શાહને બનાવવાની નવાબ અમજદઅલી શાહને ફરજ પાડી. આ રીતે કંપની સરકારની દરમિયાનગીરીથી, ઈ. ૧૮૪૭માં નવાબનું અવસાન થતાં વાજિદઅલી શાહની પાટનગર લખનૌમાં તાજપોશી કરવામાં આવી. આની ખુશીમાં વાજિદઅલીએ બેગમ ઈફ્તિખારુન્નિસાને બેગમ હજરતમહલનો ખિતાબ આપ્યો, જે નામે એ ઇતિહાસપ્રસિદ્ધ છે. મોટાભાઈ મિર્ઝા મુસ્તફાઅલીને માથે તાજ ન મુકાતાં તે આખી જિંદગી ખુલ્લે માથે જ રહ્યાનું કહેવાય છે. હજરતમહલને તાજપોશીના એ દિવસથી અંગત ખર્ચ માટે શાહી ખજાનામાંથી માસિક રૂ. બે હજાર બાંધી આપવામાં આવ્યા.

વાજિદઅલી 'અખ્તરપિયા'ના રંગરાગ તો તખ્તનશીની પછી પણ ચાલુ રહ્યા. રાજકાજમાં ઓછું ધ્યાન આપતાં એનો દરબાર કાવાદાવાનો અખાડો બની રહ્યો. અંગ્રેજોની ફૂટનીતિ સફળ થતી ગઈ અને અંગ્રેજ રેસિડેન્ટ અવધનો બેતાજ બાદશાહ બની બેઠો. વાજિદઅલીને પોતાની રંગરાગની મહેફિલો પાછળ આકાર લઈ રહેલા આ તોફાનની કશી ગમ ન હતી, પણ બેગમ હજરતમહલ અવધની નવાબીના આ અંતિમ અધ્યાયનો એક વિચક્ષણ મુત્સદ્દીની નજરે અભ્યાસ કરી રહી હતી.

ત્યારના અંગ્રેજ ગવર્નર જનરલ ડેલહાઉસીની ખાલસાનીતિએ દેશભરમાં ભય અને ત્રાસનું સામ્રાજ્ય ફેલાવી દીધેલું. એક પછી એક દેશી રાજ્યને હડપતો રહી તે કંપની સરકારની હકૂમતનો વિસ્તાર સાધ્યે જતો હતો. તેમાં યે અવધ તો અરધી સદીથી અંગ્રેજોની આંખમાં વસી ગયું હતું. જ્યારે જ્યારે જરૂર પડતી ત્યારે અવધનો ખજાનો એમની જરૂર પૂરી પાડતો. આમ છતાં જ્યારે અવધ ખાલસા થવાના

વાતાવરણે જોર પકડ્યું ત્યારે નવાબના હાથ નીચેના સઘળા જમીનજાગીરદારો કાસિમ નામના ૯૫ વર્ષના એક જાગીરદારની સરદારત નીચે એકઠા મળ્યા અને નક્કી કર્યું કે ભૂખ્યા અંગ્રેજ વરુઓને વર્ષે દોઢ લાખ પૌંડ આપતા રહીને પણ અવધને ખાલસા થતું બચાવવું. પરંતુ અંગ્રેજોની ગીધનજર અવધના ફળદ્રુપ પ્રદેશ અને ભરપૂર ખજાના પર હતી, એટલે એ પોતાનું ધ્યેય સિદ્ધ કરવા કાવાદાવાઓ વધારતા જ ગયા. કર્નલ સધરલૅન્ડના જણાવ્યા પ્રમાણે, 'હિંદમાં એવું કોઈ રાજ્ય નથી કે જેના વહીવટમાં આપણે અવધના જેટલો વ્યવસ્થિત અને બિનજરૂરી હસ્તક્ષેપ કરતા રહ્યા હોઈએ.'

અને અંતે લૉર્ડ ડેલહાઉસી હિંદ છોડતાં પહેલાં અવધ ખાલસા કરીને જ રહ્યો. અંગ્રેજોના હાથે ખાલસા થએલું હિંદનું એ છેલ્લું જ દેશી રાજ્ય હતું, પણ બીજા કોઈ પણ દેશી રાજ્ય કરતાં એનો વિલય વધુ અન્યાયી અને વધુ અનૈતિક હતો. અને એટલે જ લગભગ તમામ ઇતિહાસકારોએ ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામનું સૌથી મહત્ત્વનું પ્રેરક કારણ એને ગણાવેલું છે.

ઈ. ૧૮૫૬ના ફેબ્રુઆરીની ૧૧મીના અપશુકનિયાળ દિવસે અંગ્રેજોએ પોતાની મેલી મુરાદ પાર પાડી નવાબ વાજિદઅલી શાહને ગાદીએથી ઉઠાડી મૂકી લખનૌના રાજમહેલમાંથી કલકત્તાના મટિયાબુર્જમાં મૂકી દીધો. કેટલીક બેગમો આ નજરકેદમાં એની સાથે ગઈ, પણ બીજી કેટલીક સાથે હજરતમહલ લખનૌમાં જ રહી. ખાવિંદને આંસુભરી આંખે વિદાય આપી એણે અવધના પ્રજાજનો પર આવી પડેલી આ આપત્તિમાં તેમને સાથ અને દોરવણી આપવાનું નક્કી કર્યું. અંગ્રેજોથી એ બરદાસ્ત ન થઈ શક્યું અને તેનું રૂ. બે હજારનું માસિક ભથ્થું ઘટાડીને માત્ર રૂ. પાંચસો કરી નાખ્યું. હજરતમહલ આ સામે ગમ ખાઇને બેસી રહી, કારણ સમય હજી યોગ્ય ક્ષણની રાહ જોતો હતો.

અને એ ક્ષણ આવી પહોંચી ૧૮૫૭માં, જ્યારે હિંદીઓની વતનપરસ્તીએ દેશના થઈ બેઠેલા વિદેશી હાકેમોને ખુલ્લો પડકાર ફેંક્યો. સ્વાતંત્ર્યની એ અગ્નિજ્વાલા દિલ્હી ને મેરઠ થઇને અવધ સુધી આવી પહોંચી. મે જૂનમાં લખનૌમાં ચોમેર ગુલમહોરનાં ફૂલ આગ સમાં ખીલી ઊઠ્યાં હતાં ત્યારે લખનૌના પ્રજાજનોનાં અંતરપુષ્પો પણ આગ શાં મ્હોરી ઊઠ્યાં અને અવધ પરની અંગ્રેજ હકૂમતને ખોટા અક્ષરની જેમ ભૂંસી નાખી.

અંગ્રેજોએ તો નવાબી સેના પણ વિખેરી નાખી હતી. વાજિદઅલીને તો રાજ્યની કંઈ જ પડી નહોતી. ઉપરાઉપરી બેગમો કરતો જઈ અવધનો એ કનૈયો કેસરબાગમાં રાસલીલા જ રમતો રહેલો અને 'એક તરફ સારી ખુદાઈ, એક તરફ જોરુ કા ભાઈ' એ કહેવત મુજબ તેના સંખ્યાબંધ સાળાઓ રૈયતને ગમેતેમ કનડવા અને લૂંટવા માંડયા હતા. એમને હાથ કરવા અંગ્રેજો માટે તદ્દન આસાન હતું. એમના પછી હવે ગોરા સૈનિકો પ્રજાને તબાહ કરવા લાગ્યા. કોઈ દાદફરિયાદ સાંભળે તેમ ન હતું. એવામાં આગ્રાથી આવી પહોંચેલા મૌલવી અહમદશાહે આવી રહેલા વિપ્લવ પ્રત્યે સૌને સાબદા બનાવ્યા. લખનૌની ઘાસમંડીમાંથી વિપ્લવનું એલાન આપી એ એની તૈયારી માટે ફૈઝાબાદ ઊપડી ગયો. એ પછી થોડા જ દિવસે બિઠુરથી પેશવા નાનાસાહેબે લખનૌની મુલાકાત લેતાં પ્રજાએ એમનું શાનદાર સ્વાગત કર્યું. સ્વાગત માટેના પ્રવેશદ્વારને ત્યાંના ઝવેરીઓએ કિંમતી ઝવેરાતથી શણગારેલું.

નાનાસાહેબ ગયા અને '૫૭ના જૂનની એક રાતે ૯ વાગ્યે તોપના ધડાકા સાથે મડિયાંવ છાવણીએ વિદ્રોહ પોકાર્યો, જે જોતજોતાંમાં સારા અવધમાં ફરી વળ્યો. ૧૯મી જૂને સર હેન્રી લૉરેન્સ આ 'બળવાખોર' સિપાઇઓને શિકસ્ત આપવા આગળ વધ્યો, પણ જનરલ બરકત અહમદની આગેવાની નીચે લખનૌથી છસાત માઈલ ચિનહુટ મુકામે તેને શર્મનાક પરાજય વેઠવો પડ્યો. ચોથી જુલાઇએ તો એ પોતે ય માર્યો ગયો અને વિજયી સૈનિકોએ લખનૌમાં પ્રવેશ કર્યો.

મૌલવી અહમદશાહ આવી પહોંચતાં પહેલાં એવું નક્કી કરવામાં આવેલું કે કલકત્તામાં નવાબ વાજિદઅલી શાહ સાથે સંપર્ક સાધી તેના નામે અવધનું શાસન ચલાવવું. પણ એ શક્ય નહોતું. સ્વાતંત્ર્યસૈનિકોની ઈચ્છા એવી હતી કે નવાબના મન્સૂરિયા રાજવંશમાંથી જ કોઈ સંગ્રામની નેતાગીરી સંભાળે, પણ અંગ્રેજોની બીકે કોઈ બેગમ પોતાનો અને પોતાના પુત્રનો જાન જોખમમાં મૂકવા તૈયાર ન થઈ. એ વખતે બેગમ હજરતમહલ બેધડક આગળ આવી. અગિયાર વરસના બર્જિસકદ્રની ચાંદીવાલી બારહદરીમાં નવાબ તરીકે તાજપોશી કરવામાં આવી, અને એની વાલી તરીકે તેણે અવધનાં સત્તાસૂત્રો હાથ ધર્યાં. સ્વાતંત્ર્યસંગ્રામના અગ્રણીઓને એણે રાજ્યનાં ચાવીરૂપ સ્થાને મૂકી દીધા, ને સમગ્ર પ્રજાને એટલી હદે સંગઠિત અને સ્વાતંત્ર્યાકાંક્ષી બનાવી દીધી કે વિલિયમ હાવર્ડ રસેલે એ પર લખેલું: 'આ બેગમ અતિશય શક્તિ અને સામર્થ્ય દાખવી રહેલી છે. પોતાના શાહજાદાની તરફેણમાં એણે સારા અવધને ઉશ્કેરી મૂક્યું છે અને એના તમામ જમીનજાગીરદારોએ તેને વફાદાર રહેવાના સોગંદ લીધા છે. સરકાર આ બધાંને બળવાખોરો ગણશે કે આદરપાત્ર દુશ્મનો?' અવધની સારી યે નવાબીએ હિંદનું જેટલું પ્રતિનિધિત્વ નહોતું ધરાવ્યું એટલું બેગમ હજરતમહલે સ્થાપેલી નવાબીએ તેની દસ માસની અવધિ દરમિયાન ધરાવેલું. અંગ્રેજોએ બાદશાહ બહાદુરશાહ ઝફરને દિલ્હીના તખ્ત પરથી ઉઠાડી રંગૂન દેશનિકાલ કરી દીધા પછી તો માત્ર અવધની નહિ પરંતુ સારા યે દેશની માનરક્ષાનો ભાર બેગમ હજરતમહલ પર આવી પડેલો, જે એણે અપ્રતિમ શૌર્ય અને ધૈર્યપૂર્વક જાળવી બતાવ્યો.

રાજા જયલાલ તથા મમ્મૂખાં તરફથી કરવામાં આવેલી આગેવાની સેવાની દરખાસ્ત બેગમ હજરતમહલે સ્વીકારી લેતાં સ્વાતંત્ર્ય સૈનિકોનો ઉત્સાહ પણ અનેક ગણો વધી જવા પામેલો. લખનૌમાં જ રહેલી નવાબની સુલતાનમહલ, ખુર્દમહલ વગેરે બીજી બેગમોમાંથી કોઈ આગળ તો નહોતી આવી, પણ એમની વાત સુધ્ધાં સાંભળવાની ના પાડી દીધેલી. નવાબની બીજી એક બેગમ શેદાબેગમે તો વાજિદઅલી શાહને કલકત્તા લખેલા પત્રમાં આ અંગે ફરિયાદ પણ કરેલી કે, 'યહાં નયે નયે ગુલ ખિલાયે જા રહે હૈ. હજરતમહલ, આપકી મહબૂબા, સરકાર સે જોડતોડ કર બાગિયોંકી સરદાર બની હૈ. નવાબ મુહમ્મદઅલીખાં કે ચઢાવે મેં આ ગઈ હૈ, શોરાપુશ્તી દિખા રહી હૈ. દેખિયે કિસ કરવટ ઊંટ બૈઠે.'

અવધ પરની અંગ્રેજોની હકૂમતના અંત સાથે રાજ્યની વ્યવસ્થા અને દુશ્મનોના સંભવિત સામનાનો પ્રશ્ન મોખરે આવ્યો. બેગમે પોતે લશ્કરની સરદારી લીધી ને બર્જિસકદ્રના રુક્કા નીચે ફરમાનો છોડવા માંડ્યાં. અવધના તમામ હિંદુ મુસલમાન જમીનજાગીરદારો પોતાનાં સૈન્ય અને સાધનો સાથે તેના નેજા નીચે આવી મળ્યા, જેમાં મુખ્ય હતા રાજા વેણીમાધવ, રાજા દિગ્વિજયસિંહ, રાજા માનસિંહ, ખાન અલીખાન, મૌલવી અહમદશાહ વગેરે. એણે જે શરતોએ સ્વાતંત્ર્યસંગ્રામનું નેતૃત્વ સ્વીકારેલું એ જ દર્શાવી આપે છે કે વતનની આઝાદી સિવાય એને કશી જ અંગત મહત્ત્વાકાંક્ષા ન હતી. એ શરતો હતી: દિલ્હીથી આવતા દરેક આદેશને માન આપવું, રાજ્યના વઝીરપદે સૈન્યમાંથી જ કોઇની પસંદગી કરવી, અંગ્રેજોની નોકરી છોડીને સ્વાતંત્ર્યસંગ્રામમાં ભળતા સૈનિકોને બમણો પગાર આપવો, અને સૈનિકો અંગ્રેજોના મળતિયાઓ સાથે તેમને જેવો ઠીક લાગે તેવો વહેવાર કરે તે બાબતમાં કશી રોકટોક ન કરવી. હજરતમહલે સહર્ષ એ શરત સ્વીકારી લીધી અને 'બેગમે આલીઆ' બની રાજ્યભરમાં ઢંઢેરો પીટાવ્યો: 'ખલ્ક ખુદા કા, મુલ્ક શાહે દિલ્હી કા, હુકમ બર્જિસકદ્ર કા.'

હજરતમહલે લીધેલો આ માર્ગ નિર્વિઘ્ન નહોતો. મૌલવી અહમદશાહ વીર હતા, વતનપરસ્ત હતા, પણ પોતાનો ચોકો જુદો જ રાખતા; એટલે એમને મળી બેગમે એમના મનનું સમાધાન કર્યું. એક બાજુ શાહી ખજાનો ખાલી હતો, બીજી બાજુ બેગમો એવો ભય ફેલાવી રહી હતી કે બેગમે અંગ્રેજો પર આક્રમણ કર્યું તો તેઓ કલકત્તામાં વાજિદઅલીશાહને જીવતો નહિ રહેવા દે. આ સામે બેગમ જાતે નાનામોટા જાગીરદારો અને સામાન્ય પ્રજાજનોને આ સંગ્રામનો મહાન ઉદ્દેશ સમજાવવા નીકળી પડી કે 'આ સવાલ મારા તમારા રાજ્યનો નથી, હિંદુ-મુસલમાનનો પણ નથી, બલ્કે સારા યે મુલ્કનો છે. અંગ્રેજો તમામ હિન્દુસ્તાનીઓના દુશ્મનો છે......પરદો કેવો અને શરમ કેવી? હું મારી રૈયતની મા છું.'

અને ૨૬–૨૭ વર્ષની બેગમે આલીઆએ નિરર્થક શરમસંકોચનાં બધાં બંધનો ફેંકી દઈ સારા યે મુલ્કમાં ફરી વળી અંગ્રેજો સામે એવી તો આગ ભડકાવી કે ફોજોની ફોજો લખનૌ તરફ આવવા માંડી. આ બાજુ અંગ્રેજો પણ અસાવધ નહોતા. સ્વાતંત્ર્યસેનાનીઓ હજુ રેસિડેન્સીનો કબજો મેળવી શક્યા ન હતા. તે પર યૂનિયન જૅક ફરકતો રહ્યો હતો. બીજી બાજુ કાનપુર તરફથી જનરલ હેવલૉક અને જનરલ આઉટ્રામની ફોજો આગળ વધી રહી હતી. હજરતમહલે જનાની-મર્દાની જાસૂસી જાળ એવી ફેલાવી હતી કે દુશ્મનની હરેક હલચલની માહિતી એને મળતી રહેતી. પરંતુ પરદેશીઓ ઉપરાંત ઘરની ફાટફૂટનો પણ એને સામનો કરવાનો હતો. ખુદ બેગમોએ જ એની સામે બળવો ઉઠાવ્યો, જે સખ્ત હાથે દબાવી દઈ કેસરબાગમાંના ચૌલખ્ખી મહેલમાં રહી તે વહીવટી અને લશ્કરી ફરમાનો બહાર પાડતી રહી.

ત્રેવીસમી સપ્ટેમ્બરે અંગ્રેજ ફોજ લગભગ માથા પર આવી લાગતાં બેગમ જાતે લખનૌની શેરીઓમાં ફરી પ્રજાને ઉદ્‌બોધવા લાગી કે 'ઈમ્તહાને સરફરોશીનો વખત આવી લાગ્યો છે અને તમે લોકો ઘરમાં બેસી રહ્યા છો? શું ગોરાઓ મારાં ઝટિયાં ખેંચશે ત્યારે બહાર નીકળશો?' આની જબરી અસર થઈ, એટલામાં રાજા માનસિંહ પોતાના સૈન્ય સાથે આવી પહોંચ્યો. બેગમે રાજા જયલાલને શહેરની નાકાબંદી પર મૂક્યો અને પોતે લશ્કર અને પ્રજાજનો સાથે આલમબાગ મુકામે દુશ્મનો સામેનો મોરચો ઊભો કર્યો. લખનૌની કિલ્લેબંદી કરવા એણે પાંચ લાખ રૂપિયા મંજૂર કર્યા. રાજ્યનો ખજાનો તો ખાલી હતો. બેગમે પોતાની તમામ અંગત કિંમતી વસ્તુઓ, દરદાગીના, રોકડ રકમ સુધ્ધાં આઝાદીની એ યજ્ઞવેદિમાં હોમી દીધી. અને કાનપુરથી તાજી આવી પહોંચેલી કુમક સામે એણે એવું તો ધૂવાંધાર આક્રમણ કર્યું કે દુશ્મનની લશ્કરી તાકાત છિન્નભિન્ન થઈ ગઈ. 'કૈસરુતવારીખ'નો લેખક લખે છે: 'હજરતમહલની આગેવાની નીચેના માત્ર અગિયાર દિવસમાં અયોધ્યાના કોઈ પણ જિલ્લામાં બ્રિટિશ સરકારનો એક પણ અધિકારી રહ્યો ન હતો. અંગ્રેજ હકૂમત એક સ્વપ્ન બની ગઈ હતી.'

બેગમના સાંભળવામાં આવ્યું કે અંગ્રેજોએ ગોરખપુર અને અવધનો અમુક ભાગ આપી દેવાની શરતે નેપાળના રાણા જંગબહાદુરની મૈત્રી ખરીદી છે, એટલે એણે રાણાને ગોરખપુર, આઝમગઢ, આરા, છપરા અને બનારસ આપી દેવા તૈયારી બતાવીને સ્વાતંત્ર્યસંગ્રામમાં સાથ આપવા જણાવ્યું; પણ તે અંગ્રેજોની શત્રુતા વહોરવા તૈયાર ન થયો. કાનપુર મુકામે અંગ્રેજોના હાથ નીચેની હિંદી રેજિમેન્ટોના અફસરોનો સંપર્ક સાધી તેણે એમની સાથે એવી સમજૂતી કરી કે, એમની રેજિમેન્ટોએ તેની સામે યુદ્ધમાં ઊતરવું, પણ પહેલાં ખાલી ગોળીબારો કરીને પછી અંગ્રેજો પર જ તૂટી પડવું.

સ્વાતંત્ર્યસંગ્રામને વિજયશ્રી વરે તે માટે બેગમે એકે પ્રયત્ન બાકી નહોતો રાખ્યો, પણ અંગ્રેજોના લશ્કરી પ્રાબલ્ય અને એમની કૂટનીતિ



બેગમ હજરતમહલ

સામે એને દેશભરમાં બીજે ક્યાંયથી કશી મદદ ન મળી. આ બાજુ રેસિડેન્સીના મોરચે માર ખાધેલી અંગ્રેજ ફોજોએ નવી કુમક સાથે આલમબાગ પર જોરદાર હલ્લો તોડ્યો. વરસતા વરસાદમાં બંને બાજુથી સામસામો તોપમારો શરૂ થયો. ખુદ બેગમ આલીઆ હાથી પર બેસી સૈન્યમાં ઘૂમતી તેને પોરસ ચડાવતી રહી, પણ પ્રબળ સામના છતાં છેવટે અંગ્રેજો ફાવ્યા અને સ્વાતંત્ર્યસંગ્રામની આખી રૂખ બદલાઈ ગઈ.

વિજયના નશામાં ચૂર અંગ્રેજ સેના શહેરની હદમાં આવી લાગી કેસરબાગ તરફ આગળ વધવા માંડી. બેગમ ત્યારે ય ચૌલખ્ખીમાં રહી સામનો કરતી રહી. મેદાન મૂકીને નાસી છૂટવા એ તૈયાર નહોતી; પણ છેવટે પોતાના પુત્ર બર્જિસકદ્રની સલામતી માટે કેટલાક હિતૈષીઓની સલાહ માન્ય રાખી પોતાને વફાદાર એવા કેટલાક સૈનિકો અને સાથીઓ સાથે દુશ્મન સૈનિકો અને જાસૂસોના જોખમ વચ્ચે થઇને તે હસીનાબાદ પહોંચી ગઈ.

સફર શરૂ થઈ ચૂકી હતી. મંજિલની કોઈને ખબર નહોતી. હસીનાબાદથી આખો કાફલો મૂસાબાગ આવી પહોંચ્યો. અંગ્રેજોએ તેનો પીછો ચાલુ જ રાખ્યો હતો. મૂસાબાગ મુકામે જનરલ આઉટ્રામે બેગમને કહી મોકલાવ્યું: 'લડાઈ બંધ કરો, અમે વાજિદઅલી શાહનો મુલ્ક વિધિપૂર્વક તમને પાછો સોંપીશું.' બેગમે એ કહેણ માન્ય રાખ્યું હોત તો પોતાના પુત્ર સાથે ફરી પાછું આસાએશભર્યું જીવન જીવી શકી હોત. પણ દુશ્મન સામે સર ઝુકાવવાનું એ શીખી જ નહોતી. એણે બહરાઈચ જિલ્લાના બુંદીના કિલ્લામાં રહી ફરી સૈન્યભરતી ચાલુ કરી, એટલે અંગ્રેજોએ હવે તેને છટકી જવા પામેલી અવ્વલ નંબરની દુશ્મન જાહેર કરી. એની પાછળપાછળ મૌલવી અહમદશાહ પણ પોતાના રહ્યાસહ્યા સૈનિકો સાથે બેગમને આવી મળ્યો અને બંનેએ ત્યાંથી શાહજહાંપુર પર આક્રમણ કરી રોહિલખંડમાંથી અંગ્રેજોને હાંકી કાઢવા પ્રયત્ન કર્યો.

એના આ પરાક્રમ પર વારી જઇને રસેલે લખ્યું છે : 'એ એના પતિ કરતાં બહેતર મર્દ હતી.' અને જે શેહાબેગમે વાજિદઅલીને હજરતમહલની ચાડી ખાતો પત્ર લખેલો એણે જ પાછળથી એને લખેલું : 'હજરતમહલે એવી તો બહાદુરી બતાવી કે દુશ્મનોની શકલ ફેરવી નાખી. બહુ જ જોરદાર ઓરત નીકળી. સુલતાને આલમનું એણે નામ કરી દીધું.'

અંગ્રેજોએ કોઈ રીતે ફાવવા ન દેતાં બેગમ છેવટે સરહદ ઓળંગી નેપાળ પહોંચી ને ત્યાંથી સીધા કલકત્તા પર આક્રમણની યોજના તૈયાર કરવા માંડી. રાણા જંગબહાદુરને આની જાણ થતાં કહી મોકલાવ્યું કે હવે જો યુદ્ધ બંધ ન કર્યું તો એક બાજુથી અંગ્રેજોનો અને બીજી બાજુથી અમારો સામનો કરવો પડશે. રાણાએ બેગમનો સઘળો પુરવઠો પણ અટકાવી દીધો. કશો માર્ગ ન રહેતાં એ યુદ્ધ બંધ કરી પોતાના પુત્ર સાથે કાઠમંડૂ આવીને રહી. રાણાએ માસિક રૂ. ૫૦૦નું પેન્શન તેને બાંધી આપ્યું.

વ્યક્તિગત વીરતા છતાં સંગઠનનો અભાવ અને અંદરોઅંદરની ફૂટફાટના આપણા પરના પુરાણા અભિશાપે ૧૮૫૭ના સ્વાતંત્ર્યસંગ્રામને પણ સફળ થવા ન દીધો. બેનીરામ મિશ્રે આ સંગ્રામકાળે લખેલા 'જંગનામા'માં આ ફૂટનો હૂબહૂ ચિતાર આપેલો છે.

અઢારમી માર્ચ ૧૮૫૮ના રોજ બેગમ હજરતમહલના પરાજય પછી દેશ પર પરદેશી શાસનનો નવો તબક્કો શરૂ થયો. કંપની સરકાર પાસેથી હિંદનો વહીવટ ઇંગ્લૅન્ડની રાણી વિક્ટોરિયાએ સ્વહસ્તક લીધો અને પહેલી નવેમ્બરે હિંદી પ્રજા જોગ ઢંઢેરો બહાર પાડી અનેક વચનોની લહાણ કરી. બેગમને પણ શાહી માફી અને સાલિયાણા સુધ્ધાંની લાલચ આપી. બેગમે તેના જવાબમાં સામો ઢંઢેરો બહાર પાડી અંગ્રેજોની ધુતારી ચાલ, પ્રપંચી રાજકારણ અને પોકળ વચનોનો પર્દાફાશ કર્યો. અંગ્રેજોએ બેગમને પોતાને હવાલે કરી દેવા રાણા જંગબહાદુર પર બહુ દબાણ આણ્યું, પણ રાણાએ ચોખ્ખી ના સંભળાવી દઈ અંગ્રેજોનો વિરોધ વહોરીને પણ તેને આજીવન આશ્રય આપ્યો. સ્વદેશથી કોશો દૂર પોતાના પુત્ર બર્જિસકદ્ર સાથે શેષ જીવન વીતાવી ઈ. ૧૮૭૯ના એપ્રિલમાં કાઠમાંડૂ મુકામે સ્વાતંત્ર્યસંગ્રામની એ આખરી અગ્નિશિખા ઓલવાઈ ગઈ. દેશના દુશ્મનો સામેના ખૂંખાર જંગમાં એ વિજય તો ન સાધી શકી, પણ એનો પરાજય પણ ઓછા ગૌરવને પાત્ર નથી.

રાણી વિક્ટોરિયાના ઢંઢેરાનું આજે ઐતિહાસિક મૂલ્ય કશું જ નથી, જ્યારે એની સામે બેગમ હજરતમહલે બહાર પાડેલો ઢંઢેરો આપણા ઇતિહાસમાં આદરભર્યું સ્થાન ધરાવે છે. રાણીના ઢંઢેરાનું જે સ્મારક લખનૌમાં વિક્ટોરિયા પાર્કમાં ઊભું કરવામાં આવેલું ત્યાં આજે બેગમ હજરતમહલનું સ્મારક ખડું છે, અને બાગને પણ વિક્ટોરિયાનું નામ ઉડાવી દઈ તેનું જ નામ આપવામાં આવ્યું છે. □

અનુસંધાન] **અઘારની બે વિષ્ણુપ્રતિમા** [પૃ. ૩૪૮થી

સંપ્રદાય હતો. એ 'પાંચરાત્ર સંપ્રદાય અવતારવાદમાં દ્દઢતાથી માને છે ને અવતારોની 'વિભવ' સંજ્ઞા આપે છે. આ વિભવોના બે પ્રકારમાં એક પ્રાથમિક છે, બીજો દ્વૈતીયિક છે. પ્રાથમિક અવતારો મોક્ષદાયક છે, જ્યારે દ્વૈતીયિક અવતારો ધન, સત્તા વગેરે લૌકિક કામના સિદ્ધ કરી આપનારા છે.' એમ શ્રી કે. કા. શાસ્ત્રી નોંધે છે. (જુઓ, 'સ્વાધ્યાય' ૨૦૨૪ અંક ૪ માંનો 'ભાગવત ધર્મ અને પાંચરાત્ર સંપ્રદાય' એ લેખ)

આ સાથેની બે પ્રતિમાઓ વીરમગામ તાલુકાના અઘાર ગામમાંથી ગયે વર્ષે તા. ૯-૬-'૭૭ના રોજ મળેલી ૨૪ આરસપ્રતિમાઓમાંની છે. અઘાર ગામના શ્રી રમણભાઈ ચતુરભાઈ વાળંદના ખેતરમાં ખેડતાં બ્રહ્માની એક આરસપ્રતિમા મળી. ટ્રૅકટરના દાંતા સાથે ખથડાતાં એ પ્રતિમા ખંડિત થઈ હોવાથી તેના ખંડિત ભાગની શોધ કરતાં, ખેતરના એક ભાગમાં ભોંયમાં ભંડારેલી વિવિધ પ્રતિમાઓ મળી આવી. તેમાં ગણપતિ ને દેવીની એક તથા અન્ય વિષ્ણુના અવતારોની પ્રતિમાઓ છે

ગુજરાતમાં વિષ્ણુ-પ્રતિમાઓનો આટલો વિશાળ જથ્થો ભાગ્યે જ ક્યાંયે પ્રાપ્ત થયો હશે! વીરમગામ તાલુકામાં પૂર્વે જૈન પ્રતિમાઓનો વિશાળ જથ્થો મળ્યો હતો. પરંતુ હિંદુધર્મની આરસ-પ્રતિમાઓ સર્વ પ્રથમ આટલી મોટી સંખ્યામાં મળે છે જે આ વિસ્તારની પ્રાચીન સમૃદ્ધિનો ખયાલ આપી રહે છે. વળી આ પ્રતિમાઓની પ્રાપ્તિ આ વિસ્તારમાં વિષ્ણુપૂજાના પ્રચારની પ્રતીતિ કરાવે છે. ગુપ્તકાળ પછી મહદ અંશે ગુજરાતમાં શૈવ ધર્મનું સ્થાન મહત્ત્વનું હોવા છતાં અઘારમાંથી મળેલી વિષ્ણુના વિવિધ અવતારોની આ પ્રતિમાઓ વિષ્ણુપૂજાને કોઈક રાજવીએ ટેકો આપ્યો હોય તેવી શકયતાને સમર્થન આપી રહે છે ને એ દૃષ્ટિએ આ સ્થાનનું ઐતિહાસિક મહત્ત્વ સવિશેષ બની રહે છે.

અત્રે પ્રસ્તુત કરેલી બે પ્રતિમાઓમાં વીસ ભુજાયુક્ત પ્રતિમા ૨૨"×૧૧"ની છે. વીસ ભુજાયુક્ત વિષ્ણુપ્રતિમાને 'વિશ્વરૂપ' તરીકે ઓળખવામાં આવે છે, ભગવાન શ્રી કૃષ્ણે ગીતામાં જે વિશ્વરૂપ દર્શાવ્યું છે તેને શિલ્પકારે વીસ ભુજા દ્વારા વ્યક્ત કરવાનો યત્ન કર્યો છે. ત્રણ મુખવાળા ને ગરુડ પર બિરાજમાન ભગવાન 'વિશ્વરૂપ'ની આ પ્રતિમાના જમણા હાથમાં માલા, ચક્ર, ફળ, બાણ, ગદા, ખડ્ગ ઇત્યાદિ તેમ જ ડાબા હાથમાં કમંડલ, શંખ, ધનુષ, દંડ, હળ ઈત્યાદિ વિવિધ આયુધો આપવામાં આવ્યાં છે. જમણા હાથની વરદ મુદ્રા ને ડાબા હાથની યોગમુદ્રાયુક્ત આ પ્રતિમાનું કલાવિધાન અતિ મોહક લાગે છે. કિરીટ-મુકુટ યુક્ત મસ્તક ને અલંકારોથી મંડિત સફેદ આરસ પર કંડારાએલી આ 'વિશ્વરૂપ' પ્રતિમા ગુજરાતમાંથી પ્રાપ્ત થએલી આ પ્રકારની પ્રતિમાઓમાં મહત્ત્વનું સ્થાન પામી શકે તેટલી રમણીય, સ્પષ્ટ ને સુંદર છે. ગુજરાતમાં 'વિશ્વરૂપ' વિષ્ણુપૂજાના પ્રચારના સમર્થનમાં પ્રાપ્ત થતી પ્રતિમાઓમાં આ પ્રતિમાનો ઉમેરો થાય છે.

દ્વિતીય પ્રતિમાનું શાસ્ત્રીય દૃષ્ટિએ વિધાન ઉપલબ્ધ નથી. પણ ગુજરાતમાં વિષ્ણુપૂજાના પ્રચારને લીધે ગુજરાતના શિલ્પકારની આગવી પ્રતિમાશૈલીને અભિવ્યક્ત કરતી ચૌદ ભુજાયુક્ત આ પ્રતિમા ૨૩.૫ ઇંચ ઊંચી ને ૨૧.૮ ઇંચ પહોળી છે. અનંતના જેવી જ પરંતુ તેના કરતાં બે વધુ હસ્તયુક્ત આવી ચૌદ ભુજાવાળી પ્રતિમાઓ ગુજરાતના કલાવિધાનની આગવી વિશિષ્ટતા દર્શાવે છે. ત્રણ મુખવાળી, ગરુડ પર આસનસ્થ, કિરીટ-મુકુટયુક્ત ને અલંકારોથી સુશોભિત આ પ્રતિમાના જમણા હાથોમાં અનુક્રમે ચક્ર, પાશ, વજ્ર, બાણ, તલવાર, માલા અને જ્ઞાનમુદ્રા જણાય છે. જ્યારે ડાબા હાથમાં અનુક્રમે ગદા, ઢાલ, શંખ, ધનુષ, ફળ, કમંડલ ને યોગમુદ્રા દૃષ્ટિગોચર થાય છે.

અલંકારોથી મંડિત દેહ, વિવિધ આયુધ-સભર ભુજાઓ, કિરીટ-મુકુટયુક્ત મસ્તક, ગરુડ પર આસનસ્થ આ ઉભય પ્રતિમાઓ શિલ્પકળાની અભિવ્યક્તિ-શક્તિની દ્યોતક છે. શિલ્પકારની કલાશક્તિ અહીં સાર્થ રૂપે રજૂ થઈ છે.

વીસ ભુજાયુક્ત 'વિશ્વરૂપ' તેમજ ચૌદભુજા યુક્ત 'અનંત' જેવી ગુજરાતના વિશિષ્ટ કલાવિધાનને રજૂ કરતી આ ઉભય પ્રતિમાઓ તેના કલાવિધાનની દૃષ્ટિએ વિક્રમના બારમા સૈકાની હોય તેમ લાગે છે. પ્રાચીન શિલ્પસભર વીરમગામ તાલુકાની નોંધ ઇતિહાસકારોએ લેવી રહી!

આ પ્રવાસમાં મારી સાથે આવીને સહકાર આપવા બદલ શ્રી કીર્તિભાઈ વ્યાસનો તથા એ સ્થળના ગામલોકોનો આભાર માનું છું. □

ખીલ્યા પહેલાં જ મહેકવા લાગેલી

વહેલી સવારની કળી

—અશ્વિન દેસાઇની એક મધુર વાર્તા—

ધરમદાસ કોઈ દિવસ ઑફિસમાં મોડો પડયો હોય એવું મને યાદ નથી. વહેલો ય નહોતો આવતો. બરાબર સવારના સાડા દસને ટકોરે એ ઑફિસમાં દાખલ થતો. કોઈ વાર હું એને પૂછતો ય ખરો: 'ધરમદાસ! તું સવા દસ વાગ્યાનો આવીને ક્યાંક બહાર ઊભો રહે છે શું?' ધરમદાસ મારી સામે જોઈને મૂછમાં હસ્યા કરતો.

'રોજ બરાબર સવારના સાડા દસને ટકોરે જ તું કેવી રીતે આવી શકે છે?' કંઈક બોલવું જોઇએ એમ લાગતાં ધરમદાસ હસીને કહેતો: 'બસ, એમ જ!'

'પણ અમને રહસ્ય બતાવવામાં કઈ વાંધો છે?'

'એમાં શું રહસ્ય હોઈ શકે?' ધરમદાસ હસતો: 'સવારે છ વાગ્યે ઊઠી જાઉં છું. દાતણ-પાણી કરીને કસરત કરું છું...'

'કેમ, વચ્ચે ચા રહી ગઈ?'

'તમે મને કોઈ દિવસ ચા પીતો જોયો છે?' એ હસતો.

'ઘરે પણ નથી પીતો?' મને નવાઈ લાગતી. 'ના.'

'તો શું પીએ છે સવારમાં ઘરે?'

'કશું જ નહિ. એક તાંબાનો લોટો ભરીને પાણી.'

'કેમ? કેમ?'

'ચા-કૉફી નુકસાન કરે. તાંબાના લોટાનું પાણી પેટ સાફ લાવે.'

'પણ તારે આ ઉમરે......'

'ગમે તે ઉમરે પેટ તો સાફ આવવું જ જોઇએ ને?'

'હં, ઠીક છે. પછી શું કરે છે?'

'કસરત કરીને સ્નાન કરવાનું, પછી પૂજા-પાઠ.'

'પૂજા-પાઠ? પણ ઘરમાં......'

'હા, હું જ કરું છું. હું જ તો સૌથી મોટો છું. બાને આંખે નથી દેખાતું, બાપાને લકવો થયો છે.' 'માઈ ગૉડ! આઈ ઍમ સૅારી!'

ધરમદાસ મૂછમાં હસ્યા જ કરતો: 'પૂજા-પાઠથી પરવારીને ભાઈ-બહેનોને ઉઠાડું, દાતણ-પાણી કરાવડાવું, અને બધાંને સ્નાન કરાવીને નાસ્તો આપું.' 'તું પણ સવારે નાસ્તો કરીને જ આવે છે?'

'ના. ભાઈ-બહેનો તો નાનાં છે એટલે કરાવવો પડે! હું કંઈ થોડો જ...'

'તું ય કંઈ મોટો થોડો જ છે? માંડ વીસ થયાં હશે!'

'હા, પણ મારી સૌથી નાની બહેન સાત વર્ષની છે, અને સૌથી મોટી બહેન અગિયાર વર્ષની છે. એ લોકોની આગળ તો......'

'ઠીક છે; પછી શું કરે છે?'

'પછી ભણાવવાનું. આઠથી નવનો એ જ પ્રોગ્રામ. નવ વાગ્યે બાપુજીને માલીસ કરવાનું.' 'રોજ'?

'હા, રોજ; કારણ કે બાપુજીને, મેં તમને કહ્યું ને......'

'ઓહ! લકવો છે, કેમ? સૅારી હં!'

'સાડા નવે રસોડામાં. સવા દસે ભાખરી-શાકનો ડબ્બો તૈયાર. અને દસ-વીસની બસ પકડી કે બંદા દસ મિનિટમાં ઑફિસમાં!'

હું ધરમદાસને આશ્ચર્યથી જોઈ જ રહેતો! હજી તો મૂછનો દોરો ફૂટતો હતો. અને ઑફિસમાં પણ ધરમદાસ આખો દિવસ ઊંચે સરખું જોયા વિના કામ કર્યે રાખતો. લંચ-ટાઈમમાં પોતે બનાવેલાં ભાખરી-શાક ખાઈ લેતો, અને ફરીથી કામે વળગતો. કોઈ વાર સાંજના છૂટવાને સમયે હું એને પૂછતો: 'ધરમદાસ! તને આખો દિવસ ઑફિસમાં કામ કરવાનો કંટાળો નથી આવતો?'

'કેમ?' ધરમદાસને નવાઈ લાગતી.

'તને એમ નથી થતું, કે હું પણ કૉલેજ જાઉં?'

ધરમદાસ મોટેમોટેથી હસતો. પછી કહેતો: 'હું તો કૉલેજ પણ જાઉં જ છું ને!' 'ક્યારે?'

'અહીંથી છૂટીને હવે સીધો ઈવનિંગ-કૉલેજમાં જઈશ!'

'એમ? શામાં ભણે છે?'

'ઈન્ટર-કૉમર્સમાં છું; પણ કોઈ ને કહેશો નહિ. શેઠને ખબર પડશે તો......' 'કેમ? ઑફિસ-ટાઈમ પછી......'

'જવા દોને વાત! મેં મૉર્નિંગ કૉલેજ માટે એક કલાકનું કન્સેશન માગ્યું હતું, તો શેઠે ના પાડી હતી! કહે કે, ભણવું હોય તો નોકરી શું કામ કરો છો? હવે શું કહીએ? એટલે કહું છું કે, નાહક ખબર પડી જાય તો......' 'ઠીક છે. કૉલેજમાં કોઈ છોકરી-બોકરી....'

'ઈવનિંગ કૉલેજમાં ક્યાંથી હોય?' ધરમદાસ હસતો.

'તારા કોઈ મિત્રો?'

'એક-બે છે. પણ તેઓ ય મારી માફક નોકરી કરે છે, એટલે અમે ભાગ્યે જ વાતચીત કરવા નવરા પડીએ છીએ.'

અને ધરમદાસ રસ્તામાંથી જ દોડીને બસ-સ્ટૉપ ઉપરથી ઊપડેલી બસ પકડી લેતો. હું જોઈ જ રહેતો. એના પગમાં ચેતન હતું, પણ યૌવનનો થનગનાટ નહોતો! એને જોઈને મને મારી ગલીના એની ઉંમરના છોકરાઓ યાદ આવતા. દરેક નબીરો આઠ વાગ્યે ઊઠતો. આરામથી છાપું વાંચતો. અરધો કલાક બ્રશ કરતો, અને માના હાથની બનાવેલી ચા પીતો. ગલીને નાકે મારા ઘરની બાજુમાં હમેશાં મંડળી જામેલી જ રહેતી. તેમાં ગામ-ગપાટા ચાલતા અને જતી-આવતી છોકરીઓની મશ્કરી થતી. મોટે ભાગે સિનેમાની ચર્ચા થતી.

કોઈ વાર હું ધરમદાસને પૂછી ય પાડતો: 'ધરમદાસ! તને ગલીને નાકે ઊભા રહીને મિત્રો સાથે ગપાટા મારવાનું મન નથી થતું?' ધરમદાસ હમેશની જેમ મલકાતો: 'સમય જ ક્યાં છે?'

'કોઈ દિવસ, રવિવાર કે રજાના દિવસે......'

'રજાના દિવસે તો ઘરનું પણ કામ ઉકેલવાનું હોય એટલે વધારે બીઝી હોઉં!' 'તું કોઈ દિવસ ફિલ્મ જોવા જાય છે?'

'ના. છેલ્લે છ-એક મહિના પહેલાં મારી માસીનો દીકરો અમદાવાદથી આવેલો તેની સાથે જવું પડેલું!'

'એવું શું કામ કરે છે? કોઈ વાર જઈ આવતો હોય તો? એ બહાને તારું માઈન્ડ પણ ફ્રેશ થાયને?' ધરમદાસ કંઈ ન બોલતો. પછી કહેતો: 'હું જોઉં તો નાનાં ભાઈ-બહેનોને એમ થાય ને કે......'

હું ચૂપ થઈ જતો.

ધરમદાસ ઑફિસમાં મોટે ભાગે કાળું પૅન્ટ અને સફેદ શર્ટ પહેરતો. કોઈ વાર જો કાળું પૅન્ટ ન દેખાતું તો કુલકર્ણી ધરમદાસની મશ્કરી કરતો: 'કેમ, ધરમદાસ? યુનિફૉર્મ ધોવા નાખ્યો કે શું?' ધરમદાસ સમજી જતો, પણ મૂછમાં હસ્યા કરતો.

કોઈ દિવસ મને લંચમાં ધરમદાસ નજીક આવીને કહેતો: 'જરા મારી સાથે બજાર આવશો?' 'કેમ? કેમ?' હું પૂછતો.

'થોડું કાપડ ખરીદવું છે.' એ ધીમેથી, ખૂબ ધીમેથી કહેતો. મને

સહેજ નવાઈ લાગતી. કુતૂહલ ખાતર જ હું એની સાથે બજારમાં જતો. ધરમદાસ કોઈ સામાન્ય દુકાનનાં પગથિયાં ચડી જતો અને કાચમાં મૂકેલી કાપડની થપ્પીઓને ધ્યાનથી જોઈ રહેતો. દુકાનદાર નરમાશથી ધરમદાસને પૂછતો : 'બોલો, સાહેબ !' ધરમદાસ તંદ્રામાંથી જાગી જતો અને શું બોલવું તે એને સમજાતું નહિ. હું એને ધીમેથી કહેતો : 'ધરમદાસ ! શું જોઇએ છે એ કહેશે તો આ માણસ કંઈક બતાવી શકશે!'

'હેં ? હા.' ધરમદાસ કહેતો અને પછી એનાં ભાઈ-બહેનનાં કપડાં માટે કાપડ કઢાવતો. કાપડ જોતી વખતે ધરમદાસ મોટા આધેડ પુરુષ જેવો જ અભિનય કરતો. 'શું ભાવ રાખ્યો છે ?' ધરમદાસ ઝીણી આંખો કરીને દુકાનદારને પૂછતો. દુકાનદાર ભાવ કહેતો એટલે ધરમદાસ પીઢ માણસની અદાથી એની સાથે ભાવતાલ કરતો. હું એને જોઈ જ રહેતો. આટલી નાની ઉંમરમાં ધરમદાસ આ બધું કેવી રીતે શીખી શકયો હશે તે હું વિચારતો. ધરમદાસ કાપડ ફડાવતો.

રસ્તે ધરમદાસ મને કહેતો : 'શું મોંઘવારી છે, આજકાલ ! પહોંચી નથી વળાતું !' હું કંઈ બોલી ન શકતો. અઢાર-ઓગણીસ વર્ષના ઊગતા તરુણના મોઢામાં આ શબ્દો કેવા લાગતા હતા !

'ધરમદાસ ! તું એકલો જ ઘર ચલાવે છે, કે કોઈની થોડીઘણી મદદ પણ ખરી ?' મારાથી પુછાઈ જતું. ધરમદાસ સહેજ ઝંખવાણો પડી જતો પછી કહેતો : 'ના, એમ તો બાપુજીનું થોડું પેન્શન આવે છે, પણ તો ય મોંઘવારીમાં...' 'કેટલો ખરચો આવે છે મહિને ?'

'જુઓને, વીસ રૂપિયા ભાડું, સાઠ રૂપિયાનું દૂધ. દસ રૂપિયા કામવાળીને...' ધરમદાસ આખી યાદી કડકડાટ બોલી જતો. હું સાંભળી જ રહેતો ! 'કેટલાં વરસથી તું ઘર ચલાવે છે ?'

'બહુ વખત નથી થયો. બે-ત્રણ વરસથી !' ધરમદાસ હસીને કહેતો.

મારે માટે સૌથી મોટા આશ્ચર્યની વાત એ હતી, કે આટલી વિટંબણાઓમાં પણ ધરમદાસ હમેશાં આનંદી જ દેખાતો ! મેં કોઈ દિવસ એને રોદણાં રડતો જોયો નથી, કે કોઈ દિવસ ફરિયાદ કરતો જોયો નથી. કોઈ દિવસ પોતાના નસીબને ય દોષ દેતો મેં એને જોયો નથી ! પોતે જે સ્થિતિમાં હતો એમાં ધરમદાસ પોતાની રીતે આનંદ માણતો જ દેખાતો. જિંદગીથી નાસીપાસ થવાનું કોઈ કારણ નથી—એનો જીવતો પુરાવો ધરમદાસ હતો.

એક દિવસ ધરમદાસ સાંજના ઑફિસ છૂટવાના સમયે મારા ટેબલ પાસે આવ્યો, અને કાનમાં ધીમેથી બોલ્યો : 'તમે પતાસાવાળાની પોળમાં રહો છો ને ?' મેં હા પાડી. એ મૂછમાં મલકાયો : 'રમણિકભાઈ ખખ્ખરને ઓળખો છો ?' 'હા, સારી રીતે.' મેં કહ્યું.

'તો મારે તમારી સાથે આવવું છે. એમને મળવું છે.' એ સહેજ વધારે મલકાઇને બોલ્યો. હું કંઈ સમજ્યો નહિ, પણ એને લઇને સાંજે રમણિકભાઇને ઘેર પહોંચ્યો. રમણિકભાઈ અમારી વાટ જોતા જ બેઠા હોય એમ 'આવો ! આવો !' કહીને ઊભા થઈ ગયા.

અમે બેઠા. રમણિકભાઈની બેબી થોડી વારમાં પાણી લઇને આવી. હું જોઈ જ રહ્યો ! બેબી જરા રોજના કરતાં સારી રીતે તૈયાર કરેલી હતી! મેં ચમકીને ધરમદાસ તરફ જોયું. ધરમદાસ મૂછમાં મલકાતો હતો !

પછી ધરમદાસે રમણિકભાઈ સાથે આડીઅવળી વાતો કરી ને મેં પણ વાતમાં ટાપશી પુરાવી. દરમિયાનમાં રમણિકભાઈની બેબી નાસ્તાની ડિશો લઇને આવી. મારી શંકા પાકી થઈ. મેં ફરીથી ધરમદાસ તરફ જોયું. ધરમદાસ મલકાતો જ હતો ! રમણિકભાઇએ ધીમેથી ઓળખાણ કરાવી : 'આ મારી બેબી નયના !' નયનાએ અને ધરમદાસે પરસ્પર નમસ્તે કર્યું. 'બેસને, નયના !' રમણિકભાઇએ નયનાને સામે બેસાડી. નયના શરમાતી શરમાતી સામે બેઠી.

થોડી વારે ધરમદાસે પ્રશ્ન કર્યો : 'શું ભણો છો ?'

'ઇન્ટર કૉમર્સ.' નયના નીચું જોઇને જ બોલી.

'બી.કૉમ. પછી શું કરવું છે ?' ધરમદાસે પૂછ્યું.

'નોકરી.' નયનાએ થોડી ક્ષણ અટકીને જવાબ આપ્યો.

'કયાં સુધી ?' નયના શરમાઈ ગઈ. કંઈ બોલી ન શકી. હસતી જ રહી.

'તમારો મુખ્ય શોખ શું છે ?' ધરમદાસે પૂછ્યું. 'ભરતગૂંથણ.'

'સ્પોર્ટ્સમાં ?' નયના ફરીથી ચૂપ થઈ ગઈ. કંઈ બોલી ન શકી.

'વાચનનો શોખ છે ?' 'થોડો થોડો.'

'કઈ નવલકથા વધારે ગમે છે ?' 'સરસ્વતીચંદ્ર'

'કેમ ? બહુ લાંબી છે એટલે ?' ધરમદાસ હસ્યો. નયના પણ હસી પડી : 'ના, પણ એમ જ !'

'અંગ્રેજીમાં ?' 'અંગ્રેજી વાંચવું ખાસ ફાવતું નથી.'

પછી ધરમદાસે પ્રશ્નો પૂછવા બંધ કર્યા અને રમણિકભાઈ સાથે થોડી ઔપચારિક વાતો કરવા માંડી. હું જોઈ જ રહ્યો ! વાત આટલે સુધી વધી ગઈ હતી તો ય એણે મને કહ્યું કેમ નહિ હોય તેના વિચારો હું કરવા માંડયો. પછી થોડી વારે ધરમદાસે હાથ જોડીને રમણિકભાઈની રજા લીધી અને અમે ઊઠયા.

બહાર આવ્યા એટલે ધરમદાસે મલકાતાં મલકાતાં મને પૂછ્યું : 'છોકરી વિષે તમારો અભિપ્રાય કેવોક, સાહેબ ?'

'છોકરી સરસ !' મેં ધરમદાસના વાંસા ઉપર ધબ્બો મારીને કહ્યું: 'પણ મને તેં અત્યાર સુધી અંધારામાં રાખ્યો ?'

ધરમદાસ મલકાયો : 'હું પણ અત્યાર સુધી અંધારામાં જ હતો !'

'પણ એકાએક લગ્નનો વિચાર કયાંથી કરી નાખ્યો ? કંઈ કારણ ?'

ધરમદાસ ખડખડાટ હસ્યો. પછી હસવું રોકી બોલ્યો : 'હું જાણતો જ હતો કે તમે આ જ પ્રશ્ન પૂછશો ! પણ એવું કંઈ નથી એટલે તમને વાત નહોતી કરી ! આ તો મારા કાકાની સુરતથી ટપાલ હતી, કે એમના દીકરા માટે રમણિકભાઈની છોકરીનું માગું આવ્યું છે, તો જરા તપાસ કરી આવજે. એટલે...' 'તો... આ ઇન્ટરવ્યૂ કાકાના છોકરા માટે તેં લીધો ?'

'હા ! હું તો હજી કયાં ઉંમરલાયક થયો છું ?' ધરમદાસ હસતો રહ્યો. હું ધરમદાસને ધ્યાનથી જોઈ જ રહ્યો. □


નૌકાવહન ઉપગ્રહ (અનુસંધાન પૃષ્ઠ ૩૪૨થી) શારકામ કરવા માટે અમુક નિશ્ચિત સ્થાન ઉપર શારડી ગોઠવવી જોઈએ. આ પ્રકારના કાર્યમાં નૌકાવહન-ઉપગ્રહ-તંત્રનો ઉપયોગ ખૂબ લાભદાયી પુરવાર થયો છે. આપણા દેશના 'તેલ અને કુદરતી વાયુ આયોગ' (ONGC) દ્વારા ભારતના કોરોમંડલ, સૌરાષ્ટ્ર તથા 'બૉમ્બે હાઈ'ના સમુદ્ર વિસ્તારોમાં સર્વેક્ષણ કરવામાં આવ્યું ત્યારે તેના સર્વેક્ષણ જહાજ 'અન્વેષક'નું ભૌગોલિક સ્થાન ચોકસાઈથી નક્કી કરવા માટે અને 'બૉમ્બે હાઈ' વિસ્તારમાં શારકામ કરવા સારુ યોગ્ય સ્થળ ઉપર શારડી ગોઠવવા માટે નૌકાવહન-ઉપગ્રહ-તંત્રનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત, ભારતના 'રાષ્ટ્રીય સમુદ્રવિજ્ઞાન સંસ્થાન' National Institute of Oceanography)ના સંશોધન-જહાજ 'ગવેષણા'માં પણ નૌકાવહન ઉપગ્રહ-તંત્રનો ઉપયોગ કરવા માટેનું અદ્યતન સાધન રાખવામાં આવ્યું છે. 'ભારતીય સર્વેક્ષણ સંસ્થા' (Survey of India) પણ દેશનાં અગત્યનાં સ્થળોનાં અક્ષાંશ-રેખાંશ ચોકસાઈથી નક્કી કરવા માટે નૌકાવહન ઉપગ્રહ-તંત્રનો ઉપયોગ કરે છે.

ઉપર્યુક્ત નૌકાવહન ઉપગ્રહ-તંત્ર ઉપરાંત ભૂ-સમક્રમિક ભ્રમણકક્ષામાં 'સ્થિર' રાખેલા ઉપગ્રહનો ઉપયોગ કરીને પણ નૌકાવહન માટે કેટલાક પ્રયોગો કરવામાં આવ્યા છે. અમેરિકાની 'નાસા' સંસ્થાએ ૨૪ ઉપગ્રહ ભ્રમણકક્ષામાં મૂકીને એ ઉપગ્રહ-તંત્ર દ્વારા નૌકાવહન કરવાની એક મહત્ત્વાકાંક્ષી યોજના પણ ઘડી કાઢી છે. એ યોજના પ્રમાણે આ ઉપગ્રહ-તંત્ર ૧૯૮૪માં નૌકાવહન માટે ઉપલબ્ધ બનશે. ભવિષ્યમાં નૌકાવહન ઉપગ્રહ-તંત્રની મદદથી દરિયાઈ અને હવાઈ જહાજના નૌકાવહન ઉપરાંત એ વાહન-વ્યવહારનું નિયંત્રણ (Traffic Control) પણ શક્ય બનશે એમાં શંકા નથી. □

માનવસેવામાં કૃત્રિમ ઉપગ્રહ–૪

નૌકાવહન ઉપગ્રહ

લેખક
ડૉ. પરંતપ પાઠક



ટ્રાંઝિટ ઉપગ્રહ ▷

આ ૧૩૫ રતલ વજનના ટ્રાંઝિટ ઉપગ્રહને વિદ્યુતશક્તિ પૂરી પાડવા માટે તેના સૌર-કોષ ચાર પાંખિયા ઉપર મૂકવામાં આવ્યા છે. ટ્રાંઝિટના નળાકાર કલેવર સાથે જોડેલા લાંબા દાંડા પર મૂકેલા વજનના લીધે તેનું 'લૅમ્પ-શેડ'ના આકારનું ઍન્ટિના હમેશાં પૃથ્વી તરફ જ મંડાએલું રહે છે. આ પ્રકારના પાંચ સક્રિયાત્મક નૌકાવહન ઉપગ્રહો પૃથ્વીની સપાટીથી ૧૧૦૦ કિ.મી.ની ઊંચાઈ ઉપર લગભગ વર્તુલાકાર ધ્રુવીય ભ્રમણકક્ષામાં ઘૂમી રહ્યા છે.

અમેરિકા અને સોવિયેટ રશિયાના અવકાશી કાર્યક્રમો મુખ્યત્વે લશ્કરી હેતુ માટે જ વિકસાવવામાં આવ્યા હતા. આ જાતના અમેરિકન-* કાર્યક્રમમાં લશ્કરી સંદેશ-વ્યવહાર, ગુપ્ત રીતે માહિતી મેળવવા માટેના કૃત્રિમ ઉપગ્રહ (Reconnaissance satellites), નૌકાવહન (Navigation) તથા ગુપ્ત અણુવિસ્ફોટ વિષે માહિતી મેળવવા માટેના કૃત્રિમ ઉપગ્રહનો વિકાસ ખાસ અગત્યનો હતો. આમાંના નૌકાવહન ઉપગ્રહ લશ્કરી દૃષ્ટિ ઉપરાંત સાર્વજનિકરીતે વાણિજ્યક્ષેત્રે પણ ઘણા ઉપયોગી થયા છે. આ લેખમાં એ નૌકાવહન ઉપગ્રહ-તંત્ર વિષે માહિતી મેળવીશું.

નૌકાવહન–Navigationનો અર્થ આ પ્રમાણે કરી શકાય: ભૂમિ ઉપર, સમુદ્રમાં કે હવામાં સ્થિર કે ગતિમાન વાહનનું ભૌગોલિક સ્થાન (અક્ષાંસ, રેખાંશ, ઊંચાઇ) નક્કી કરવું તે. યંત્રવિજ્ઞાનની પ્રગતિ સાથે નૌકાવહન માટે જુદીજુદી પદ્ધતિઓ વિકાસ પામી છે. ઐતિહાસિક દૃષ્ટિએ આ બધી પદ્ધતિઓને નીચે પ્રમાણે સમયાનુક્રમે મૂકી શકાય—ચુંબકીય હોકાયંત્ર, આકાશી અવલોકન માટે સેક્સટંટ, ગાયરો કંપાસ, રેડિયોપદ્ધતિ, જડત્વીય માર્ગદર્શન પદ્ધતિ (inertial guidance system) અને છેલ્લે ઉપગ્રહ નૌકાવહન.

લશ્કરી દૃષ્ટિએ નૌકાવહન એક ખૂબ અગત્યનું અંગ છે. આંતરખંડીય પ્રક્ષેપાસ્ત્ર (ICBM)ના વિકાસ સાથે અત્યંત ચોકસાઈપૂર્વકના નૌકાવહનનું મહત્ત્વ ખૂબ વધી ગયું. સમુદ્રમાં ફરતાં જહાજ કે સબમરીન ઉપરથી આવા લક્ષ્યવેધી શસ્ત્રનો ઉપયોગ કરવો હોય તો જહાજ કે સબમરીનનું તથા તેના લક્ષ્યબિંદુનું ભૌગોલિક સ્થાન અત્યંત ચોકસાઈથી જાણવું જોઇએ. વળી બીજી જરૂરિયાત એ પણ ખરી કે સ્થાન નક્કી કરવા માટે જહાજ કે સબમરીન દ્વારા રેડિયોસંકેત પ્રસારિત ન થવા જોઇએ. બીજા શબ્દોમાં કહીએ તો કોઈ નિષ્ક્રિય પદ્ધતિ વડે સ્વતંત્ર રીતે જહાજ કે સબમરીનનું ભૌગોલિક સ્થાન નક્કી કરવું જોઈએ. અમેરિકાના નૌકાદળ તરફથી ઉપગ્રહ-નૌકાવહન પદ્ધતિના વિકાસ માટે જે કાર્ય કરવામાં આવતું હતું તેમાં દુનિયાના પહેલા કૃત્રિમ ઉપગ્રહ સ્પુટનિકનો ફાળો ખૂબ મહત્ત્વનો છે. એક રીતે કહીએ તો નૌકાવહન ઉપગ્રહ-તંત્રની રચના પણ સ્પુટનિકને જ આભારી છે. સ્પુટનિકને અવકાશમાં ઘૂમતો મૂકવામાં આવ્યો તે પછી થોડા સમયમાં જ અમેરિકાના બે વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું કે સ્પુટનિકના રેડિયો-સંકેતની કંપ-સંખ્યામાં દેખાતું ડૉપ્લર પરિવર્તન જાણવાથી જ સ્પુટનિકની ભ્રમણકક્ષા વિષે માહિતી મેળવી શકાય છે. આ અગત્યના પરિણામ પરથી અમેરિકાના નૌકાદળે એવા પ્રકારના ઉપગ્રહતંત્રની રચના કરી કે જેમાં ઉપગ્રહ દ્વારા પ્રસારિત થતા રેડિયોસંકેતની કંપસંખ્યામાં દેખાતાં ડૉપ્લર પરિવર્તન ને ઉપગ્રહના સ્થાન વિષે એક સાથે માહિતી મેળવીને તે દ્વારા ભૂમિ કે સમુદ્ર ઉપરનું કોઈ પણ સ્થાન નક્કી કરી શકાય. આમ, અમેરિકાના અવકાશી કાર્યક્રમનાં શરૂનાં વર્ષોમાં જ નૌકાવહન ઉપગ્રહ-તંત્રની રચના થઈ.


ઉપગ્રહ-નૌકાવહન અને રેડિયો-પદ્ધતિના નૌકાવહનમાં ઘણું સામ્ય છે. રેડિયો-પદ્ધતિમાં ભૂમિ ઉપર જુદાંજુદાં નિશ્ચિત સ્થાને ઊભાં કરેલાં રેડિયો-મથક દ્વારા અમુક સમયને ગાળે પ્રસારિત કરવામાં આવતા રેડિયો-સંકેત સમુદ્રમાં જહાજ ઉપર ગ્રહણ કરીને જહાજનું સ્થાન નક્કી કરી શકાય છે. આ પદ્ધતિમાં ભૂમિ ઉપરનાં રેડિયોમથકનાં ભૌગોલિક સ્થાન વિષે ચોક્કસ માહિતી હોવી ખાસ જરૂરી છે. આ જ રીતે અવકાશમાં ઘૂમતા ઉપગ્રહ દ્વારા પ્રસારિત થતા રેડિયો-સંકેતનું ડૉપ્લર-પરિવર્તન તથા ઉપગ્રહની ભ્રમણકક્ષા વિષે માહિતી મેળવીને તે ઉપરથી પૃથ્વી ઉપરનું કોઈ પણ ભૌગોલિક સ્થાન નક્કી કરી શકાય છે. ઉપગ્રહ-નૌકાવહન પદ્ધતિનો મુખ્ય લાભ એ છે કે ઉપગ્રહમાંથી પ્રસારિત થતા રેડિયો-તરંગ પૃથ્વીના આયનાવરણને ભેદીને સીધી રેખામાં જ ગતિ કરે છે જ્યારે રેડિયો નૌકાવહન પદ્ધતિમાં ભૂમિ ઉપરથી પ્રસારિત થતા રેડિયો-તરંગ ઉપર પૃથ્વીના આયનાવરણની અસર થવાથી એ રેડિયો-તરંગની ગતિ-રેખા બદલાય છે. આ કારણથી ઉપગ્રહ-નૌકાવહન પદ્ધતિ દ્વારા વધારે સારી ચોકસાઈ મેળવી શકાય છે.


નૌકાવહન-ઉપગ્રહ-તંત્ર

અમેરિકન નૌકાદળનો પહેલો પ્રાયોગિક કક્ષાનો નૌકાવહન-ઉપગ્રહ Transit 1B ૧૩મી એપ્રિલ ૧૯૬૦ના રોજ પ્રક્ષેપિત કરવામાં આવ્યો હતો. તે પછી ૧૯૬૧ના અંત સુધીમાં એ જ પ્રકારના બીજા ૬ ટ્રાન્ઝિટ ઉપગ્રહ પ્રક્ષેપિત કરવામાં આવ્યા હતા, જેમાંના બે ઉપગ્રહ-રૉકેટની ખામીને લીધે નિર્ધારિત ભ્રમણકક્ષામાં નહોતા મૂકી શકાયા. એ બધા ઉપગ્રહના ઉપયોગ દ્વારા પૃથ્વી ઉપરનાં ભૌગોલિક સ્થાન ચોકસાઈથી નક્કી કરવા માટેના ઘણા પ્રયોગો કરવામાં આવ્યા હતા. એ પ્રયોગોની સફળતાને આધારે સક્રિયાત્મક નૌકાવહન-ઉપગ્રહ–તંત્રની યોજના ઘડવામાં આવી અને અમેરિકન નૌકાદળનો પહેલો સક્રિયાત્મક નૌકાવહન-ઉપગ્રહ ડિસેંબર ૧૯૬૩માં પ્રક્ષેપિત કરવામાં આવ્યો. એ ઉપગ્રહ-તંત્રનો ઉપયોગ કરીને અમેરિકન નૌકાદળની સબમરીન 'પોલારિસ' તથા અણુશક્તિ વડે ચાલતા જહાજ 'યુ. એસ. એસ. લૉન્ગ બીચ'નું નૌકાવહન સફળતાપૂર્વક કરવામાં આવ્યું.

ઈ. ૧૯૬૭માં અમેરિકાની સરકારે આ નૌકાવહન ઉપગ્રહ-તંત્રની બધી જ ટેકનિકલ વિગતો સાર્વજનિક ઉપયોગ માટે ઉપલબ્ધ બનાવી. અને એ રીતે રાત કે દિવસ દરમિયાન બધી ઋતુમાં પૃથ્વી ઉપરના કોઈ-પણ સ્થળનું ભૌગોલિક સ્થાન ચોકસાઈપૂર્વક શોધવા માટે એક નવી સુવિધા પ્રાપ્ત થઈ.

*સોવિયેટ રશિયાના આ જાતના અવકાશી કાર્યક્રમો વિષે હજુ પૂરતી માહિતી મળતી નથી. જો કે તાજેતરમાં જાણવા મળ્યું છે કે સોવિયેટ રશિયા પાસે પણ અમેરિકા જેવું જ સ્વતંત્ર નૌકાવહન ઉપગ્રહ-તંત્ર છે.





આકૃતિમાં રેડિયો-નૌકાવહન પદ્ધતિ. આ સરળ રૂપમાં સમજાવી છે. ભૂમિ ઉપરના રેડિયોમથક-૧ દ્વારા અમુક ચોક્કસ સમયે પ્રસારિત થતા રેડિયો-તરંગને જહાજ સુધી પહોંચતાં જેટલો સમય લાગે તે ઉપરથી જહાજ અને રેડિયોમથક-૧ વચ્ચેનું અંતર अ મળી શકે. હવે રેડિયોમથક-૧ને કેન્દ્રમાં રાખીને अ ત્રિજ્યા વડે બનાવેલા વર્તુળ ઉપરના કોઈ પણ બિંદુ ઉપર જહાજનું સ્થાન હોઈ શકે. આ જ રીતે રેડિયોમથક-૨ દ્વારા ब ત્રિજ્યાનું બીજું વર્તુળ મેળવી શકાય. આ બંને વર્તુળ જ્યાં એકબીજાને છેદે છે તે બિંદુ જહાજનું સ્થાન બતાવે છે, આ પદ્ધતિમાં ભૂમિ ઉપરનાં રેડિયોમથકનાં ભૌગોલિક સ્થાન ઘણી ચોકસાઈથી જાણવાં જોઈએ. બીજું, આ પદ્ધતિમાં રેડિયોતરંગ સીધી રેખામાં ગતિ કરે છે એ અનુમાન પણ અગત્યનું છે. પરંતુ આ અનુમાન સંપૂર્ણ રીતે સાચું નથી; કારણ કે પૃથ્વીના આયનાવરણની અસરને લીધે રેડિયો તરંગની દિશામાં પરિવર્તન થાય છે. આયનાવરણની અસરથી મહદ્ અંશે મુક્ત રહેવા માટે રેડિયો-નૌકાવહન પદ્ધતિ માટે કિલોહર્ટ્ઝના ગાળાની અત્યંત ઓછી રેડિયો કંપ-સંખ્યા (Very law Frequency–VLF)નો ઉપયોગ કરવામાં આવે છે. અત્યારે ઉપયોગમાં લેવાતી રેડિયો-નૌકાવહનની LORAN–C નામની તંત્રરચનામાં ૯૦–૧૧૦ કિલોહર્ટ્ઝની રેડિયો કંપ-સંખ્યા વાપરવામાં આવે છે. જ્યારે OMEGA–3 નામની તંત્રરચનામાં ૧૦ થી ૧૪ કિલોહર્ટ્ઝ કંપસંખ્યાનો ઉપયોગ થાય છે. આવી સરખામણીમાં ઉપગ્રહ–નૌકાવહન પદ્ધતિમાં ઘણી ઊંચી રેડિયો કંપસંખ્યા (૧૫૦–૪૦૦ મૅગાહર્ટ્ઝ)નો ઉપયોગ થાય છે, જેની ઉપર પૃથ્વીના આયનાવરણની અસર લગભગ નહિવત્ ગણી શકાય. ब. જમણી બાજુની આકૃતિમાં ટ્રાંઝિટ ઉપગ્રહ-તંત્રની કાર્યપદ્ધતિ દર્શાવી છે. તેમાં ટ્રાંઝિટ ઉપગ્રહની ત્રણ ભ્રમણકક્ષા ૧, ૨, ૩ આંકડા વડે આપી છે. ભૂમિમથક–૧ ટ્રાંઝિટ ઉપગ્રહના રેડિયો સંકેત ગ્રહણ કરીને ૧૫૦ અને ૪૦૦ મૅગાહર્ટ્ઝની રેડિયો કંપસંખ્યામાં દેખાતાં ડૉપ્લર-પરિવર્તન ઉપરથી ઉપગ્રહની ભ્રમણકક્ષા માટેની માહિતી નક્કી કરે છે. ભૂમિમથક–૨ની મદદથી ભ્રમણકક્ષા વિષેની એ માહિતી રેડિયો-દ્વારા ટ્રાંઝિટ ઉપગ્રહના ટેપ રેકૉર્ડરમાં આપવામાં આવે છે. સમુદ્રમાં ફરતા જહાજ ઉપર ટ્રાંઝિટ ઉપગ્રહના રેડિયો-સંકેત (૧૫૦ અને ૪૦૦ મે. હ.ના રેડિયોતરંગ, ભ્રમણકક્ષા વિષેની માહિતી અને ચોક્કસ સમય) ગ્રહણ કરીને ૧૫૦ અને ૪૦૦ મે. હ.ની રેડિયો કંપસંખ્યામાં દેખાતાં ડૉપ્લર પરિવર્તન અને ભ્રમણકક્ષા તથા સમય વિષેની માહિતી ઉપરથી દરિયામાં જહાજનું ચોક્કસ સ્થાન નક્કી કરવામાં આવે છે.

ઈ. ૧૯૬૭થી ૧૯૭૦ દરમિયાન કુલ ૫ સક્રિયાત્મક ટ્રાન્ઝિટ ઉપગ્રહ પ્રક્ષેપિત કરવામાં આવ્યા છે. આ ઉપગ્રહ-તંત્રના બધા જ ઉપગ્રહ પૃથ્વીની સપાટીથી લગભગ ૧૧૦૦ કિ. મી.ની ઊંચાઈ ઉપર વર્તુળાકાર ધ્રુવીય ભ્રમણકક્ષામાં ઘૂમી રહ્યા છે. આ પ્રકારની ભ્રમણકક્ષાને કારણે આ બધા જ ઉપગ્રહ તેમનાં પરિભ્રમણ દરમિયાન પૃથ્વીના જુદાજુદા દરેક ભાગ ઉપરથી ક્રમશઃ પસાર થાય છે. આ દરેક ઉપગ્રહનો ભ્રમણવેગ સેકંડના ૭·૩ કિ.મી. જેટલો છે, જેથી દરેક ઉપગ્રહ લગભગ ૧૦૦ મિનિટમાં પૃથ્વી ફરતો એક આંટો પૂરો કરે છે. વિષુવવૃત્તની નજીકના અક્ષાંશના વિસ્તારમાં આ ઉપગ્રહ-તંત્રના ઉપયોગથી સરેરાશ લગભગ દર દોઢ કલાકે ભૌગોલિક સ્થાન નિશ્ચિત કરી શકાય છે. આ ઉપગ્રહ તંત્રને U. S. Navy Navigation Satellite System અથવા ટૂંકમાં USN-NSS કે Navsat કહેવામાં આવે છે.

ઉપર્યુક્ત ઉપગ્રહ-તંત્રનો દરેક ઉપગ્રહ દર બે મિનિટે ૧૫૦ અને ૪૦૦ મેગાહર્ટ્ઝ કંપ–સંખ્યાનાં રેડિયો-સંકેત પ્રસારિત કરે છે. આ ઉપરાંત, દરેક ઉપગ્રહ પોતાની ભ્રમણકક્ષા વિષેની માહિતી તથા ચોક્કસ સમય પણ નિયમિત રીતે પ્રસારિત કરે છે. (પૃથ્વી ઉપર ચાર જુદાંજુદાં સ્થળે સ્થાપવામાં આવેલાં ખાસ પ્રકારનાં ભૂમિ-મથક દ્વારા આ દરેક ઉપગ્રહની ભ્રમણકક્ષા વિષે નિયમિત રીતે માહિતી મેળવવામાં આવે છે અને દિવસમાં બે વખત દરેક ઉપગ્રહના ટેપ-રેકૉર્ડરમાં તેની ભ્રમણકક્ષા વિષેની માહિતી રેડિયો-આદેશ દ્વારા આપવામાં આવે છે.) પૃથ્વી ઉપર કોઈ પણ સ્થળે રેડિયો-રિસીવર દ્વારા આ ઉપગ્રહ-તંત્રના કોઈ પણ ઉપગ્રહમાંથી પ્રસારિત થતા રેડિયો-સંકેત ગ્રહણ કરીને ૧૫૦ અને ૪૦૦ મેગાહર્ટ્ઝની રેડિયો કંપ-સંખ્યામાં દેખાતા ડૉપ્લર–પરિવર્તન તથા તે ઉપગ્રહની ભ્રમણકક્ષા વિષેની માહિતી ઉપરથી પૃથ્વી ઉપરના જે તે સ્થળનું ભૌગોલિક સ્થાન ચોકસાઈથી નક્કી કરી શકાય છે. એ જ રીતે સમુદ્રમાં ફરતા જહાજનું ભૌગોલિક સ્થાન પણ નક્કી કરી શકાય છે.

આ નૌકાવહન ઉપગ્રહનો ઉપયોગ કરીને પૃથ્વી ઉપરનું ભૌગોલિક સ્થાન નક્કી કરવા માટેની ભૂમિ ઉપરની અદ્યતન યંત્ર-રચનામાં રેડિયો-રિસીવર સાથે કૉમ્પ્યુટર પણ સંલગ્ન કરેલું હોય છે. આ પ્રકારનું સાધન તેના એન્ટિના વડે પસાર થતા ઉપગ્રહને શોધીને તેના માર્ગને અનુસરે છે, ઉપગ્રહમાંથી પ્રસારિત થતા રેડિયો-સંકેત ગ્રહણ કરીને ૧૫૦ અને ૪૦૦ મૅગાહર્ટ્ઝ રેડિયો-કંપ-સંખ્યામાં દેખાતું ડૉપ્લર પરિવર્તન નક્કી કરે છે અને આ બધી માહિતી કૉમ્પ્યુટરમાં આપે છે. કૉમ્પ્યુટર આ બધી માહિતીના આધારે ગણતરી કરીને રેડિયો-રિસીવરના એન્ટિનાનું ભૌગોલિક સ્થાન નક્કી કરે છે. આ જાતના સાધન વડે વધારે અવલોકનો લેવાથી ભૌગોલિક સ્થાનની ચોકસાઈ વધતી જાય છે. આ રીતે અવલોકન લેવાથી વધારેમાં વધારે લગભગ ૧૦ મીટરની ચોકસાઈ મળી શકે છે. આ ઉપગ્રહ-તંત્ર મોટે ભાગે સમુદ્રમાં ફરતા જહાજનું ભૌગોલિક સ્થાન નક્કી કરવા માટે જ વાપરવામાં આવે છે, જ્યારે હવાઈ-જહાજ (વિમાન) માટે હજુ મોટે ભાગે રેડાર અને જડત્વીય માર્ગદર્શન તંત્રનો જ ઉપયોગ કરવામાં આવે છે.

સમુદ્રમાં ભૂ ભૌતિક સર્વેક્ષણ દરમિયાન સર્વેક્ષણ માર્ગ ઉપર જહાજનું ભૌગોલિક સ્થાન બની શકે તેટલી ચોકસાઈથી નક્કી કરવું ખાસ જરૂરી છે. વળી, આ જાતના સર્વેક્ષણ પછી સમુદ્રમાં (અનુ. પૃ. ૩૪૦)

લગ્નમંડપમાં વાગતી શરણાઈના સૂરમાં વહેતા મધુરા અતીતની એક કથા

કમાડ ઊઘડ્યાં નહિ

લેખક
ભગવતીકુમાર શર્મા

ઊતરતા શિયાળાની અને બેસતી વસન્ત ઋતુની ધૂંધળી સાંજે શરણાઈની ચીસ, ઢોલનો ધમકાર, સ્ત્રીઓનાં ગીતોનો બેસૂરો બોલાશ, રેકર્ડોના રાગડા, બાળકોનો કલશોર, મોટેરાંઓની ધાંટાધાંટ અને આઈસ્ક્રીમની રકાબી-ચમચીના ખણખણાટની વચ્ચે ય હર્ષદરાયનું મન શિશિરની રાત્રિ જેવો સૂનકાર અનુભવી રહ્યું હતું. લગ્નમંડપમાં ઊડતાં પુષ્પ-તોરણો અને કાગળની રિબનો, પ્રકાશનાં વલયો, પતંગિયાં શાં વસ્ત્રોની સરસરાહટ અને વચ્ચે વચ્ચે ફૂટતી આતશબાજીના તેજલિસોટા છતાં તેમની ચશ્માં-મઢી આંખો સમક્ષ ધુમ્મસ જેવી ઝાંખપ ફેલાઈ ગઈ હતી. તેમની આસપાસ ભીડને કારણે ચહેરાવિહોણા બની ગએલા માણસો હતા અને તેઓ તેમની પ્રત્યે વિવિધ રીતે આદર તથા આત્મીયતાભર્યો વર્તાવ કરતા હતા છતાં તેમને તેમાં નિરર્થક ઔપચારિક્તા વર્તાતી હતી ને તેઓ અફાટ નિઃસંગતાનો અનુભવ કરી રહ્યા હતા. એમનું ભીતરી અસ્તિત્વ આ બોલાશ, આ ઝળહળાટ અને આ ખાલીખમ ભીડની વચ્ચેથી નાસી છૂટી ક્યાંક દૂર, અટૂલું નકરી નીરવતામાં, સુખદ અંધકારમાં અને પોતીકાપણાના સંગમાં સરકી ગયું હતું.

સ્થળ આ જ હતું, ઋતુ યે આ જ હતી, સાંજ પણ આવી જ હતી, પણ સમય...એ વાતને ત્રીસેક વર્ષ થઈ ગયાં હતાં. કસબાનું આ નગર ત્યારે આટલું સમૃદ્ધ અને વસતિવાળું ન હતું, નાનકડી શેરીઓ અને ખોરડાં જેવાં જૂનાં, અંધકારભર્યાં મકાનો. વીજળી કોઈક કોઈક ઘરે જ પહોંચી હતી. ત્યારે ય આ જ શેરી, આ જ સ્થળમાં લગ્નપ્રસંગની ચહલ-પહલ હતી, પણ આવો મોટો મંડપ ન હતો; ચંદરવા અને માંડવાના મિશ્રણ જેવું કાંઈક તાણી બંધાયું હતું. રેકર્ડોનો શોર સાવ ગેરહાજર. રતિયા રાતે પીપૂડી અને ઢોલની આવડે તેવી ગોઠવણ કરી હતી. ગાણાં-ફટાણાં ગાતી સ્ત્રીઓના કંઠ સાચે જ પાણીદાર હતા. બાળકોનો ઘોંઘાટ અને મોટેરાંઓની ધાંટાધાંટમાં કશો ફરક નહોતો. આજની સપાટ ભાષાને બદલે ત્યારે લોક-બોલીના શબ્દો વધારે કાને પડતા હતા. કૅમેરાની ફ્લૅશગનના ઝબકારાની હાજરીનો કોઈ પ્રશ્ન જ ન હતો. માત્ર પેલો કીર્તિ ક્યાંકથી ડબલા જેવો કૅમેરો ઉપાડી લાવી છબીઓ ઝડપવાનો દાખડો કરી રહ્યો હતો ને લોકો તેના તરફ હસ્યા કરતા હતા. આઈસક્રીમની કોઈ કલ્પના કરી શકે તેમ ન હતું. જાન આવી ત્યારે સામૈયામાં સાકરનું પાણી વહેંચાયું હતું ને પછી પિત્તળનાં કપરકાબીમાં દાઝતે આંગળે ને શેકાતી જીભે ય સૌ ચાના સડાકા બોલાવી રહ્યાં હતાં.

હર્ષદરાયે પોતાનાથી થોડાક જ અંતરે બાંધેલી ચૉરીમાં સંખેડાના કાષ્ઠકામની ગાદીવાળી ખુરશી ઉપર ટેરીવૂલનો સૂટ, પહોળી ટાઈ અને મોંઘાં બૂટ પહેરીને દમામથી બેઠેલા, લાંબાં થોભિયાં અને ઢળતી ભરાઉ મૂછવાળા પ્રણવ ભણી જોયું. આસપાસ એનાં સ્ત્રી-પુરુષ ઉભય જાતિનાં મિત્રોનું ઝૂમખું પોપટના ટોળાની જેમ કિલકારી કરતું હતું. હર્ષદરાયની આંખો સમક્ષની ધૂસરતામાં આકૃતિઓની સેળભેળ થઈ ગઈ, સૂટ-બૂટ-ટાઈ-સજ્જ પ્રણવને સ્થાને પાટલા પર રેશમી પીતાંબર, રેશમી કફની અને માથે સફેદ ટોપી પહેરી, કપાળે ચાંદલો, આંખોમાં આછું કાજળ અને મોઢામાં પાન દબાવેલા, સંકોચથી ક્યારેક ક્યારેક કંપી જતા, માંડ બે-ત્રણ પુરુષ-મિત્રોથી વીંટળાએલા એક દૂબળા-પાતળા જુવાનની આકૃતિ તરી આવી, કોણ...કોણ હતું એ? હર્ષદરાયને પોતાને પણ ઓળખતાં વિસ્મરણ થાય તેવી એ આકૃતિ હતી. પણ એમનાથી ખરતા તારા જેવું ઝાંખું સ્મિત કરી દેવાયું. એમને લાગ્યું કે તેઓ જાણે પેલા કીર્તિએ તેના ડબલા જેવા કૅમેરાથી પાડેલી કોક જૂની, ઝાંખી, ફૂગ વળી ગએલી, પીળચટ્ટી છબી જોઈ રહ્યા હતા—પોતાની જ!

હર્ષદરાયનું ભીતર સ્મરણોની હિમવર્ષાથી ઠીંગરાઈ ગયું. કેવો હતો ત્રણેક દાયકા પૂર્વેનો એ સમય! જાણે એક જૂનું ફાનસ આમ-તેમ ઝૂલ્યા કરતું હતું. પોતે જ્યાં રહેતા હતા તે શહેરમાંથી તેઓ આ કસબાના વેંત જેવડા નગરમાં આવ્યા હતા—બીજી કે ત્રીજી વાર. સાથે પચીસત્રીસ માણસો હતાં. જાન છેક વહેલી સવારની લોકલમાં નીકળી હતી. ત્યારે તો આટલી બધી અને આટલી ઝડપી ગાડીઓ ક્યાં હતી? જાન એક જંક્શને ઊતરી પડી હતી. ત્યાંથી વળી મીટરગેજ ગાડી, ને એમ છેક મોડી સાંજે બધાં અહીં પહોંચ્યાં હતાં. કિટ્સન બત્તીઓનું અજવાળું આંખોમાં ભોંકાતું હતું. એઠાં પતરાળાંના ઢગ ખડકાતા હતા. મંત્રોચ્ચારની હોડ મંડાઈ હતી. સ્ત્રીઓનાં ફટાણાં ખૂટતાં જ ન હતાં. પુરુષો બે-ત્રણ વાર ઝગડી પડી પછી પાન પર ચૂનો ચોપડવામાં ગૂંથાઈ ગયા હતા, ગામમાં આવેલી એક નાટકમંડળીના મૅનેજરે જ્ઞાતિ-સંબંધને કારણે આખી જાનને નાટક જોવા નિમંત્રી હતી. પિતાજી લાલ પાઘડી, લાંબો કોટ, સોનેરી કિનારવાળો ખેસ અને દક્ષિણી જોડા પહેરીને મૂછોના આમળા પસવારતા ઘૂમ્યા કરતા હતા ને અભણ, ભોળીભટાક મા ઢીંગલી જેવી વહુની આકૃતિની કલ્પનાથી હસ્યા કરતી હતી, અને પોતે...

વિદુલાને તો લગ્ન પહેલાં માંડ એકાદ વાર જોઈ હતી—ને તે ય અલપઝલપ, સમૂહ વચ્ચે; ને પછી બંનેએ સંમતિ આપી દીધી હતી, જાન સાંજે જઈ પહોંચી હતી ને લગ્ન બીજે દિવસે હતાં. કલાકોની વિધિઓ, અને છતાં ઘરના કોણ જાણે કયા ઓરડામાં એ ભરાઈ બેઠી હતી કે એની રેશમી સાડીના પાલવનો ફરકાટે ય વર્તાતો ન હતો કે એના હાથમાંના હાથીદાંતના લાલચટ્ટાક ચૂડાનાં છાગળિયાંનો રણકારે ય કાને પડતો ન હતો. ઘર તો એના પિયેરનું આ જ હતું—આ મંડપને ડાબે છેડે ઊભું છે તે. આજે તો એ સાવ ખખડી ગયું છે—પડું પડું સ્તો! —ભિખારીના હાંડલા જેવું! ત્યારે ય મેલું અને ઝાંખું તો હતું જ—ગરીબ સ્વજન સરખું. લગ્નપ્રસંગના હુલાસે તેને થોડુંક આપોઆપ ઉજાળી દીધું હતું એટલું જ. વિદુલા અઢાર વર્ષની વય સુધી ત્યાં રહી હતી. નહિ ઝરૂખો ને નહિ બારી જેવો એ મકાનનો આગળપડતો ભાગ, કોતરેલી થાંભલીઓ, એના અંદરના ઓરડાની હવડ છતાં પળમાં પોતીકા બનાવી દે તેવી સુગંધિત ટાઢક અથવા ટાઢી સુગંધ...વિદુને લગ્ન પછી મૃદુ ફોરાં જેવો પહેલો સ્પર્શ પોતે એ ઝાંખા-પાંખા ઓરડામાં જ કરેલો, નહિ? વસ્તુતઃ બે સજીવ અસ્વસ્થતાઓ વચ્ચે સ્પર્શનો અદ્રષ્ટ સેતુ રચાઈ ગયો હતો ત્યારે.

હર્ષદરાયે ઊંડો શ્વાસ લીધો—એ શ્વાસમાં પેલા અંધારિયા ઓરડાની સકળ ગંધ નદીના જળમાં તણાઈ આવતા પીપળાના પાંદડાની જેમ ખેંચાઈ આવી, અને એની યે ઉપર મોરપિચ્છની જેમ તરતી હતી વિદુલાના પીઠિયાળા યૌવનની તાજીતાજી સુગંધ...તરત જ એ શ્વાસ નિઃશ્વાસ બનીને બહાર સરી પડ્યો. હર્ષદરાયે આંખો મીંચી દીધી. એ બિડાએલી આંખો સમક્ષ ભૂતકાળ સમુદ્રના લોઢેલોઢ બનીને ઊછળતો હતો—સાયગલ—પંકજ—નૂરજહાંનાં ગીતોથી, 'સરસ્વતીચન્દ્ર' અને 'પાટણની પ્રભુતા'થી, મેઘાણી અને સુન્દરમ્‌ની કવિતાઓથી, હોલવાવા આવેલા ફાનસના ઉજાસથી, બ્લૅક ઍન્ડ વ્હાઈટ ફિલ્મો અને

ગ્રામોફોનના મોટા ભૂંગળાથી અને સાડીની મોટી કિનારો અને ખિસ્સા ઘડિયાળથી ધબકતો ભૂતકાળ... હર્ષદરાય અવશપણે બોલી ઊઠવા ગયા: 'અલ્યા, આ કિટ્સન બુઝાઈ જવા આવ્યું છે...કોક એને જરા પંપ તો મારો...' પણ પછી મંડપના ઝાકઝમાળ પ્રકાશે એમના શબ્દોને અટકાવી દીધા. પડખે બેઠેલા કોક જણે એમને કશુંક કહ્યું, પણ શબ્દો એમના મન સુધી પહોંચ્યા જ નહિ. વિદુલાના પિયરના મકાનના હવડ ઓરડામાં એમણે જ્યારે વિદુ સાથે પહેલવહેલી વાર વાત કરી હતી ત્યારે ય શબ્દો બંનેમાંથી કોઈના કાન સુધી ક્યાં પહોંચતા જ હતા? માત્ર આંખો, શ્વાસ, હૃદય અને સ્પર્શની અદ્રષ્ટ છતાં સઘનપણે અનુભવી શકાય એવી લિપિ જ આલેખાતી હતી. પછી જ્યારે કન્યા-વિદાયની ક્ષણ આવી હતી ત્યારે તો વિદુલાનું એ વૃદ્ધના કરચલિયાળા ચહેરા જેવું મકાન સાવ નિસ્તેજ બની ગયું હતું. એના બાપુની ઉંમર છેલ્લા થોડાક કલાકમાં જ જાણે વધી ગઈ હતી અને એની માની આંખોમાં તો કેસરી દાંડીવાળાં પારિજાતનાં વર્ષાભીનાં પુષ્પોનો પુંજ...વિદુલા પોતે ત્યારે ચોમાસાની હેલીથી નમેલી સવાર જેવી વર્તાતી હતી અને પોતે ય... એક બંધ ઘોડાગાડીમાં બેસીને તેઓ ફગફગિયા ફાનસ જેવા સ્ટેશને આવ્યાં હતાં અને પછી મીટરગેજની સાંકડી ટ્રેનમાં ગોઠવાઈ ગયાં હતાં. ત્યારે જાણે એ ગામના એક મેલા ફળિયામાંના જીર્ણ મકાન ઉપર તોળાતા આકાશનો એક ખૂણો વઢાઈ ગયો હતો...ને ફરીથી એ જ લાંબો, વધારે નીરસ પ્રવાસ...

એ પ્રવાસ જાણે કદી પૂરો જ નહોતો થયો—ત્રીસ વર્ષે ય. ધુમ્મસમાં વીંટળાએલાં, વૃદ્ધના બોખા મોં જેવાં નાનાંનાનાં સ્ટેશનો આવ્યે જતાં હતાં. ટ્રેન દરેક સ્ટેશને અને સ્ટેશન-વગર પણ થોભતી હતી, ખોટકાઈ પડતી હતી. સિગ્નલો ઝટ મળતાં ન હતાં ને મળ્યાં પછી જલદીથી ઊંચકાતાં ન હતાં. ઉતારુઓની ઝાઝી ચઢ ઊતર જ ન હતી, એના એ જ ચહેરા...એ જ વાતચીત...કદીક હાથ ઊંચકાતા હતા...પ્રસ્વેદે ભીંજાએલા રૂમાલો વિદાયની ક્ષણે ઝાઝું ફરકી યે શકતા ન હતા... આંખો સહેજ ભીની બનીને પછી તરત કોરી પડી જતી હતી...

માત્ર વિદુલા ન રહી. કોક નામ વિનાના અંતરિયાળ સ્ટેશને, એમને એકલા છોડીને, ટ્રેનના ખડખડાટની લયબદ્ધતાને કારણે પોતાની ફિક્કી આંખો સહેજ મટકું મારી ગઈ હશે ત્યારે, તે ચૂપચાપ, કોઈ ને કશું કહ્યા વિના, ડબ્બા બહારની અંધકારભરી રિક્તતામાં ઓગળી ગઈ. પોતાની આંખો ઊઘડી ત્યારે મળસ્કું થઈ ગયું હતું ને ગાડી ઘણી આગળ નીકળી ગઈ હતી. પ્રવાસને ટૂંકાવવાનું કે અટકાવવાનું એમના હાથમાં ન હતું, અને રાત્રિના અંધકારમાં કોક નામ વિનાના સ્ટેશને ઊતરી જવાની ક્ષણ એમને માટે ક્યારે આવશે એની એમને ખબર ન હતી.

હર્ષદરાયે મંડપમાં સુશોભિત ખુરશી પર છટાપૂર્વક બેઠેલા પ્રણવ ભણી જોયું. એ પૂરો એની મા પર ઊતર્યો હતો: એ જ આત્મવિશ્વાસ, એ જ વ્યાવહારિક બુદ્ધિ, એ જ હામ...કોઈ મિત્ર એની ટાઈનો નૉટ સરખો કરી રહ્યો હતો, એક યુવતી એને આઈસ્ક્રીમની પ્લેટ માટે આગ્રહ કરી રહી હતી. પ્રણવ સહુકોઈ સાથે હસીહસીને વાત કરતો હતો, પણ એની નજર મંડપના મધ્ય ભાગે પડતા મકાનના મુખ્ય દ્વાર ભણી નોંધાયા કરતી હતી, એ કદાચ રાહ જોતો હતો—નેહાની.

નેહાના પિતાનું ઘર વિદુલાના પિયરની પડોશમાં જ. પછી નેહાના પિતા વ્યવસાય કરવા મુંબાઈ ચાલ્યા ગએલા, છતાં ઉનાળાની રજાઓમાં કે સારે-માઠે પ્રસંગે અહીં આવતા રહેતા. વિદુલા પણ રજાઓ પડે એટલે પ્રણવની સાથે અહીં આવતી. ત્યારથી નેહા ને પ્રણવ પરસ્પરને ઓળખે. એમનો પરિચય તાજો થયો મુંબાઈમાં, જ્યાં પ્રણવ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની એક ફર્મમાં કામ કરતો હતો. બાળપણનો સંબંધ કલરવ કરી ઊઠ્યો. જૂની છબી પરની માત્ર ધૂળ સાફ કરવાની હતી; તે થતાં તસવીરમાંના ચહેરાઓ સૂરજ શા સ્પષ્ટ ઊઘડી આવ્યા. એમાં ક્યાંક પ્રણવ હતો, ક્યાંક નેહા હતી, ક્યાંક વિદુ હતી, ક્યાંક પોતે...હતા ખરા?

પ્રણવ અને નેહાના નવા સંબંધે સમયના જૂના ઝુમ્મર પરથી ઓઘરાળા સાફ કર્યા ત્યારથી જ હર્ષદરાય મનોમન વલોવાઈ ગયા હતા. એમને ક્યારનું યે પેલું ફગફગિયું ફાનસ દેખાયા કરતું હતું. નેહાના પિતાએ વિદુલાના પિયરની પડોશમાંનું પોતાનું જૂનું મકાન ઉતરાવી અહીં મોટી હવેલી ખડી કરી દીધી હતી ને ત્યાં જ લગ્નનો મંડપ બંધાવ્યો હતો. એ હવેલીની પડખે વિદુલાના પિયરનું ઘર હવે વધારે જીર્ણ લાગતું હતું—કાટમાળના નાનકડા ઢગલા જેવું. વિદુલાનાં મા-બાપના મૃત્યુ પછી થોડાંક વર્ષ સુધી તો વિદુલા વર્ષે એક-બે વાર અહીં આવીને એ ઘરની દેખભાળ રાખતી, પણ પછી વિદુલા ન રહી એટલે એ ઘર કોક ભૂતકાળના સંભારણાથી વધારે કાંઈ ન રહ્યું. એ ઘરમાં હર્ષદરાયે વિદુલાના સાન્નિધ્યમાં જીવનની કેટલી બધી હૂંફાળી છતાં હૃદયની કોરને તરબોળ બનાવતી ક્ષણો અનુભવી હતી—લગ્ન પછીના પહેલા મિલન વેળાની મેંદીની સુગંધથી ખચિત ક્ષણોથી માંડીને વિદુલાની આખરી વિદાયની થીજેલાં આંસુઓથી ભીંજાએલી ક્ષણો સુધીની. વિદુલાનું મૃત્યુ એ જ જર્જર ઘરમાં થયું હતું. એક વૅકેશનમાં તે પ્રણવની સાથે પંદરેક દિવસ માટે અહીં આવી હતી—અસ્વસ્થ તબિયતને કારણે આરામ કરવા, પણ અહીં એને હાર્ટઍટૅક આવ્યો હતો. મોડી રાત્રે હર્ષદરાયને ટેલિગ્રામ મળ્યો હતો. પહેલી ટ્રેન પકડીને તેઓ અહીં દોડી આવ્યા હતા. વિદુલા જાણે એમને મળવા માટે જ શ્વાસોની બાણશય્યા પર ટકી રહી હતી. હર્ષદરાય આવ્યા, બંનેની દૃષ્ટિ મળી, હાથ જરાક લંબાયા. 'વિદુ!' હર્ષદરાયના મુખમાંથી ઉદ્‌ગાર નીકળ્યો. વિદુલા કંઈક બોલવા ગઈ ત્યાં જ છાતીમાં ખૂંપેલું તીર ખેંચી લેતાં લોહી વહી નીકળે ને ઘાયલ માનવી ઢગલો થઈ જાય તેમ વિદુલાના શ્વાસના અશ્વો લગામ તોડીને નીકળી ગયા.

શરણાઈ, ઢોલનો દ્રુત લય, સ્ત્રીઓનાં ગીત, રેકર્ડ, આતશબાજી, ફ્લૅશગન, ઝબકારા, હાસ્ય, કોલાહલ. હર્ષદરાયે પ્રણવ ભણી જોયું. પ્રણવની દૃષ્ટિ સામેના રોનકદાર મકાનના તોરણ-બાંધ્યા અને ગણેશ ચીતરેલા દ્વાર પર ટકી રહી હતી. હર્ષદરાયને રૂંધામણ જેવું લાગ્યું. તેમણે જોરથી શ્વાસ લીધો.


અને પછી એ તોરણ મઢ્યા દ્વારમાંથી નેહા બહાર આવી—હર્ષદરાયને લાગ્યું કે તે જાણે અચાનક જ પ્રકટ થઈ હતી. સપ્તરંગી ઝાકઝમાળ સાડી, બ્યૂટી પાર્લરે સજાવેલું સભાન સૌન્દર્ય, હોઠો પર રળિયાત સ્મિત, વિશિષ્ટ કેશ-કલાપ પર માંડ ટકી રહેલો સાડીનો છેડો, અલંકારોનો બોલકો ઉજાસ, પગલાંમાં નીતરતો આત્મવિશ્વાસ...નેહા ચૉરીમાં આવીને ખુરશીમાં ગોઠવાઈ ગઈ. તેણે અને પ્રણવે પરસ્પરની સામે જોઈ પ્રગલ્ભ સ્મિત વેર્યું. મંડપ કોલાહલનો પર્યાય બની ગયો.

હર્ષદરાયે અકથ્ય અટૂલાપણું અનુભવ્યું. એમની આંખો સમક્ષ કાળા ધુમ્મસનાં ટોળેટોળાં ઊમટી આવ્યાં. બિડાઈ બિડાઈ જતી આંખોને તેમણે જેમતેમ કરીને સહેજ ઉઘાડી. ચકરાતી, વલયાતી દૃષ્ટિ લકવાગ્રસ્ત માણસના હાથની આંગળીની જેમ લથડિયાં ખાતી મહામહેનતે મંડપની ભીડને તરીને તેના ડાબી તરફના છેવાડે આવેલા પેલા જીર્ણ ખોરડા પર ટેકવાઈ—કશીક પ્રતીક્ષાના ભાવથી રવરવી ઊઠી અને પછી ઢગલો થઈ પડી. કમાડ ઊઘડ્યાં જ નહિ—ઊઘડે એમ ક્યાં હતાં? □

★ તારક મહેતા

'વિનોદ'ની નજરે [૩૧]

લેખક વિનોદ ભટ્ટ



તારક મહેતાનો પાંચેક વાક્યોમાં પરિચય આપો' એવું જયંતી પટેલ—'રંગલા'ને કોઈ પૂછે તો તે આમ કહે, 'નાગરોમાં હોય છે એ બધી જ વીકનેસિસ એ નબરા(ળા) ટ્રાન્સલોચનિયા (ટ્રાન્સલોચનિયા = ટ્રાન્સલેશનિયા = અનુવાદકો)માં છે. પણ પોતાની નબરા(ળા)ઈને તે હસી શકે છે. સાપની જાતમાં આ એક જ સાપ એવો છે જે કરડે તો પણ ઝેર ના ચડે. હ્યૂમરનો તે કડિયો છે; આર્કિટેક્ટ નથી. છતાં કૉમિકના વ્યવસાયનો સાચો અભ્યાસી છે. ફારસની સાચી સમજવારો(ળો) માણસ છે. હાસ્યરસનો કર્મકાંડી બામણ છે. (જયંતી પોતાને હાસ્યનો પટેલ ને અન્યને ગરીબ બામણ સમજે છે.)

તારકની વર્તમાન પત્ની ઇન્દિરાને ખાનગીમાં પૂછીએ કે 'તમારો વર કેવો છે?' તો આંખમાં સહેજ ચમક લાવીને, ગળામાં લટકતા મંગળસૂત્રને બે હોઠ વચ્ચે દબાવીને બોલશે: 'મહેતાની વાત કરો છો ને? આવો માણસ ના મળે...'

તારકના પિતાશ્રી જનુભાઇને પૂછો કે તમારો ચિરંજીવી કેવો? તો એ કહેવાના: 'મારો બેટો મને ચિરંજીવી કહે છે ને હું જાણે તેનો દીકરો હોઉં એ રીતે મારા માથે હાથ ફેરવીને મને ''જનુ છોટા''ના સંબોધનથી બોલાવે છે.'

ને આ તારકનું જીવનચરિત્ર જો મારે લખવાનું હોય તો તેમના અતિ પ્રિય લેખક રીચાર્ડ આર્મરની શૈલીમાં શરૂઆત આ રીતે કરું: 'તારક મહેતા પારદર્શક કાચ જેવા છે; બિલોરી કાચ જેવા નથી. છે એવા જ ખુલ્લા દેખાય છે. જેની ડિક્શનેરીમાં 'ખાનગી' જેવો કોઈ શબ્દ નથી.'

આથી તારકને પહેલી વાર મળનારને જાણે વર્ષોથી ઓળખતા હોય એવું લાગ્યા કરે છે. તેમનો ચહેરો ઘણો આત્મીય છે. જીવનમાં ઘણું બધું કરી નાખવાની તેમની મહેચ્છાઓ હતી. દસ વરસની કુમળી વયે ગોવિંદ સરૈયા સાથે બેસીને તેમણે ફિલ્મ-ડાયરેક્ટર થવાનાં ગેવાકલર દિવાસ્વપ્ન જોએલાં. (સરૈયાએ એ સ્વપ્ન 'બ્લૅક ઍન્ડ વ્હાઈટ'માં જોએલાં એટલે બેચાર ફિલ્મોના ડાયરેક્ટર તે બની શક્યા છે.) ન કરે નારાયણ, ને કાલે સવારે ફિલ્મ-ઉદ્યોગ પડી ભાંગે તો તેની અવેજીમાં નાટ્યક્ષેત્રે નામ કાઢી શકાય એ આશયથી તે પોળમાં, દાદાનાં ધોતિયાંના પડદા બનાવીને નાટકો કરતા. એ નાટ્યસંસ્થાનું નામ (કોઈ પૈસા આપતું નહિ એટલે) ઉધાર નાટ્ય સમાજ રાખેલું. એમાં ય પછી જોનારા કરતાં ભજવનારાઓની સંખ્યા વધારે રહેવા માંડી એટલે નાટ્યપ્રવૃત્તિ સમેટી લેવી પડી. આ પછી ચિત્રકળા તરફ નજર દોડાવી. પાબ્લો પિકાસો થવાની ઈચ્છા તીવ્ર બની. ચિત્રસ્પર્ધાઓમાં ભાગ લેવા માંડયો. પણ બેકદર નિર્ણાયકો તેમનાં ચિત્રો સમજી શક્યા નહિ એટલે તેમને બદલે બીજા હરીફોને ઈનામો આપવા માંડયા. આથી તેમને લાગ્યું કે પિકાસોને જન્માવવાનું તકદીર ભારતનું નથી, એટલે ચિત્રકાર થવાનું માંડી વાળ્યું. પછી ગામા પહેલવાન થવાનું મન થયું એટલે પીછી હતી એ હાથમાં મગદળ પકડી નિયમિતપણે કસરત, કુસ્તી, યોગાસનો વગેરે કરવા માંડયાં. પણ પહેલવાનીનો હુમલો આવવા અગાઉ દમનો હુમલો આવ્યો તેથી ભારતે સહેજમાં ગામા ખોયો. પછી થયું કે લાવ કવિ થઇએ. ગામા કરતાં ટાગોરની ગણના ઓછી નથી. એટલે કવિ બનવાના પહેલા પગથિયા તરીકે 'કુમાર'ની બુધસભાઓમાં નિયમિતરીતે બેસવાનું શરૂ કર્યું. સારા કવિ થવા માટે સારા કવિમિત્રોનો સાથ હોવો જોઈએ એવું માની નિરંજન ભગત, પ્રિયકાન્ત મણિયાર વગેરે સાથે દોસ્તી બાંધી દીધી. બધા કવિઓની કવિતાઓ ધ્યાનથી વાંચી, અભ્યાસી, ને પોતે પણ એક કવિતા લખી. હિંમતપૂર્વક કવિતા લખવાનું કાર્ય કર્યા પછી બુધવારિયામાં તે વાંચી. એ સાંભળીને બધા મોટેથી હસ્યા ત્યારે જ તેમને ખબર પડી કે કવિતા એ કરવા જેવી ચીજ નથી. 'કુમાર' એ જ સાચું લિટરેચર છે એવી ખોટી સમજ તે ધરાવતા ને એ 'કુમારે' જ તેમને કવિ તરીકે દૂધ પીતા કરી દીધા. (જો કે તેમના પિતાશ્રી એ માટે 'કુમાર'નો આભાર માને છે.)

ઉપર જણાવેલી મુખ્ય પ્રવૃત્તિઓની સાથેસાથે ભણવા જેવી ગૌણ પ્રવૃત્તિ પણ તેમણે ચાલુ રાખેલી. છોકરીઓ આર્ટ્સમાં જાય ને છોકરાઓ કૉમર્સમાં, એવી સમજણ સાથે તે કૉમર્સમાં દાખલ થયા. ઍકાઉન્ટ્સ પાકું કરવાના ઈરાદાથી ત્રણ-ત્રણ વર્ષ તેમણે ઇન્ટર કૉમર્સમાં ગાળ્યાં. (છતાં આજે ય ઍકાઉન્ટ્સ તેમને ચડયું નથી.) પછી હવાફેર માટે કૉમર્સમાંથી તે આર્ટ્સમાં જોડાયા. ચાલુ પરીક્ષાએ પુસ્તકની મદદ લેવી કે ઘેરથી લખી લાવેલી કાપલીઓમાં જોઇને પેપરમાં લખવાની નિર્દોષ પ્રવૃત્તિને યુનિવર્સિટીવાળાઓએ ચૌર્યકર્મ ગણ્યું, એટલે એના વિરોધમાં તે ચાલુ પરીક્ષામાંથી ઊઠી ગયા. (જો કે સુપરવાઈઝરે તેમને ઊભા થવામાં મદદ કરેલી ખરી.) ઘેર આવી બાપુજીને ચિઠ્ઠી લખી મુંબાઈ જતી પહેલી ટ્રેઈન પકડી 'સરસ્વતીચન્દ્ર' બન્યાના સંતોષ સાથે તેમણે મુંબાઈ તરફ પ્રયાણ કર્યું.

ચહેરો મહોરો થોડોઘણો રાજકપુરને મળતો આવે છે એ વાત પોતે અરીસા પાસેથી જાણેલી. એટલે બે વરસ સુધી ફિલ્મ લાઈનનાં ચક્કર કાપ્યાં. એ જમાનામાં ડુપ્લીકેટનો રિવાજ નહિ એટલે રાજકપુરના ડુપ્લીકેટની કોઈને જરૂર નો'તી એની ખાતરી થવાથી રાજકપુર નંબર ટુ બનવાનું ટાળી પંદર રૂપિયામાં વાર્તા વેચવાનો ધંધો શરૂ કર્યો.

પછી નાટકોમાં આસિસ્ટન્ટ ડાયરેક્ટર (એ પણ પાંચમા-છઠ્ઠા) તરીકે કામ મળ્યું. શરૂશરૂમાં તો આસિસ્ટન્ટ ડાયરેક્ટર તરીકે શર્ટના કૉલર ટાઈટ રાખીને ચાલવાની મઝા આવતી. પણ જ્યારે આસિસ્ટન્ટ ડાયરેક્ટરનો અર્થ યુનિફૉર્મ વગરનો નોકર થાય છે એ જાણ્યું ત્યારે હૃદયમાંથી ચીસ નીકળી ગઈ કે આના કરતાં તો ભણવું સારું, એટલે કેટલાંક વર્ષો પછી તેમણે ફરીથી ભણવાનું શરૂ કર્યું. એમ. એ.ના વર્ગમાં પહેલે જ દિવસે કૉમિક થયું. ગુજરાતીના પ્રોફેસર આખો પીરિયડ તેમને તાકી રહ્યા. પીરિયડ પત્યા પછી કહ્યું: 'તમને મેં ક્યાંક જોયા છે...'

'તે જોયા જ હોયને!' તારકે જવાબ આપ્યો: 'આપણે બન્ને એક જ ક્લાસમાં એક જ પાટલી પર જોડે બેસતા'તા, તનસુખ!'

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૯૧

કંપવા

આયુર્વેદમાં કંપવાને 'કંપવાત' કહે છે. સાંપ્રત વિજ્ઞાનમાં તેને 'ટ્રેમર' કહે છે. આ એક વાતરોગ છે.

અતિશય વાતવર્ધક આહાર-વિહારના સેવનથી વાયુ વધી જઈને શરીરના એકાદ અંગમાં અસર કરીને તે કંપવા કરે છે.

મોટે ભાગે તે હાથ કે પગમાં થાય છે. હાથમાં કંપવા થયો હોય તો ચાની રકાબી કે ચમચી કે કંઈ પણ પકડવા જતાં હાથ કંપવા લાગે છે. ઘણી વાર હાથ સારો લાગે છે, પણ જો એના ઉપર ટેકણ લઈને બેસવામાં આવે તો એ કંપવા લાગે છે. લખતાં કે સહી કરતાં પણ હાથમાં કંપ જોવા મળે છે. આવું જ પગમાં પણ થાય છે. પગ લટકતો રાખી ખુરશી ઉપર બેઠા હોઈએ તો એ કંપવા લાગે. દોષ પ્રકોપની માત્રા અને રોગના બળાબળ ઉપર રોગનાં લક્ષણો ઓછાંવત્તાં જોવા મળે છે.

આ રોગ અસાધ્ય મનાય છે, પણ આયુર્વેદ તેને કષ્ટસાધ્ય માને છે. રોગ નહિ મટે એમ માનીને સારવાર કરવામાં ન આવે તો તે વધી જાય છે. પણ ખૂબ ધીરજપૂર્વક નીચેના ઉપચારો લાંબો સમય ચાલુ રાખવાથી પહેલાં રોગ વધતો અટકશે, અને બહુ જ ધીમી ગતિએ ઘટવા લાગશે. જતે દિવસે કદાચને નહિવત્ જ જોવા મળશે.

ઉપચાર: ૧) કંપવા-ગ્રસ્ત અંગ ઉપર ગરમ કરેલું ઔષધિસિદ્ધ વાતહર તેલ (મહાનારાયણ તેલ, નિર્ગુંડી તેલ, ક્ષીરબલા તેલ વ.)નું સવારસાંજ અર્ધો કલાક માલિસ કરવું. તલનું તેલ પણ વાપરી શકાય. ૨) માલિસ પછી તે અંગ ઉપર ગરમ પાણીની ધાર કરવી કે ગરમ પાણીમાં તેને બોળી રાખવું જેથી એ અંગને સારી રીતે શેક મળે. ૩) અગ્નિતુંડી વટી બબ્બે ગોળી દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવી. સતત પંદર દિવસ લીધા પછી સાતેક દિવસ એ લેવી બંધ કરવી અને પછી ફરી પંદર દિવસ લેવી. ૪) સવારસાંજ જમ્યા પછી મોટી ચમચી દશમૂલારિષ્ટ પાણી સાથે લેવું. ૫) ઠંડો, વાસી, વાયડો, તળેલો, ભારે, ખોરાક લેવો નહિ.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

અને હા, અભ્યાસ સાથેની તેમની ઇતર પ્રવૃત્તિઓ તો રહી જ ગઈ. કોઈ સુંદર છોકરી જુએ ને તરત જ ડાયરીઓનાં પાનાં ભરી મૂકે. એ છોકરીને તો બિચારા આ 'શહીદ'ની જાણ પણ ના થાય એ રીતે આપણો આ હીરો તેની સાથે પરણી યે જાય ને ડાયવૉર્સ પણ લઈ લે. ડાયરી એ છોકરીને તો શું, કોઈ છોકરાને બતાવવા જેટલી ય હિંમત નહિ. ભીરુ પણ એટલા બધા કે છોકરીને સ્પર્શ કરવો એને પાપ ગણે. (આજે એનાથી ઊંધું છે.) ધીરેધીરે સાહસવૃત્તિ વધતાં ઈલાબેન સાથે પરિચય થયો. પણ એમ સીધેસીધા પરણી જવામાં મઝા શી? સમાજ ઊહાપોહ કરે–વડીલો વિરોધ કરે તો જ કશુંક કર્યાની રંગત આવે. આ બાબતમાં પોતાના પિતાને તેમણે આદર્શ ગણેલા. ફાધરે જુવાનીમાં નાસી જઈને લગ્ન કરેલાં. તેમને ય બતાવી દેવાનું મન કે જુઓ, ભાગીને લગ્ન કરતાં તો મને ય આવડે છે; ને આથી તેમણે ઈલા સાથે નાસીને લગ્ન કર્યાં; પરણવા ને સુખી કરવાના કૉલ સાથે.

પણ પુરુષ માટે પરણવું ને સુખી કરવું એ બે કામ સાથે થઈ શકતાં નથી.— પત્ની સો ટકા સ્ત્રી હોય ત્યારે તો ખાસ.

તારકની એક હૉબી ગુસ્સે થવાની છે. કારણ ગમે એટલું નાનું મોટું હોય, ગુસ્સાનું પ્રમાણ તો મોટું જ રહેવાનું. (ઘરની ને બહારની વ્યક્તિઓ પર તે જુદીજુદી પદ્ધતિએ ગુસ્સો કરે છે). ધોબીએ તેમનાં કપડાંને ઈસ્ત્રી બરાબર ના કરી હોય એમાં ય જાણે પત્નીનો જ વાંક! બ્લેડ મૂકીને કપડાં ચીરી નાખે, પોતાના માથાના વાળ ખેંચી નાખે, કપાળ કૂટે કે પછી ઘરમાંની ચીજવસ્તુઓ બહાર રસ્તા પર ફેંકવા માંડે! કષ્ટ પડે તો ય પાણી ગરમ કરવાના બંબા જેવી ભારે ચીજો બહાર નાખે. એની પાછળનો તેમનો આશય એવો કે જેના પર ગુસ્સો કર્યો છે એ પાત્રે એવું સમજવાનું કે બંબો એ તેનું પ્રતીક છે. (એક વાર તારકને મેં પૂછેલું: 'તમને કોઈ દિવસ ગુસ્સાને કારણે દરિયામાં કૂદી પડવાનો વિચાર નથી આવતો?' 'ના.' 'કેમ?' 'મને તરતાં નથી આવડતું...') આ તોડ-ફોડનો શૉખ તેમણે લગ્ન તોડવા સુધી વિકસાવ્યો. ઈલા સાથેનું તેર વર્ષનું દામ્પત્યજીવન તૂટી પડ્યું. પત્ની ઈલા સાથે ડાયવૉર્સ લઈ લીધા.

એમાં યે ગમે એવી વાત તો તારકનું ખુલ્લાપણું છે. ઈલા સાથે છૂટાછેડા લેવા છતાં આજે પણ બન્નેની મૈત્રી તો અતૂટ જ છે. મુંબાઈ રેડિયો પર બન્ને સાથે પતિ–પત્નીનો રોલ કરે છે. જીવનમાં જે લાંબો સમય ના કરી શક્યો તે રેડિયો પર કરે છે. નવી પત્ની ઇન્દિરા સાથે તારકને કોઈ વાર ઝગડો થાય તો ઈલા ફોન પર તારકને ખખડાવે છે: 'મહેતા, તમે પાછા ડબ્બા ફેંકવા માંડ્યા?...હવે તો સુધરો!' ઈલા ઇન્દિરાને ય સમજાવે કે 'એમને તો ટેવ પડી, બહુ દાદ ના દેવી.'

તો ક્યારેક ઈલાના પતિ ઈલા વિષે તારકને ફરિયાદ કરવા આવે તો તારક ડાહ્યા મોંએ કહી દે છે: 'ઈલામાં બધા જ ગુણો હોત તો એ તારા સુધી આવત જ કેવી રીતે?' આજે પણ ઘણી વાર તારક, તેમની પત્ની, ઈલા, તેમના પતિ, વગેરે સાથે ફરવા નીકળે છે. કેટલોક સમય બન્ને કુટુંબ એક જ મકાનમાં ઉપર–નીચે રહીને આસપાસના લોકોને આશ્ચર્યનો આંચકો આપેલો.

તારકમાં નિખાલસતા ઘણી. ઈલા સાથે ડાયવૉર્સ થયા પછી ઇન્દિરા તેમની સાથે પરણવા તૈયાર થયાં ત્યારે તારકે પોતાની 'ઇતર પ્રવૃત્તિઓ'-ની ડાયરીઓ એ સ્ત્રી આગળ ધરી દઈને કહેલું કે આ ડાયરીઓ વાંચ્યા પછી પણ તને લાગે કે આ માણસ સાથે લગ્ન કરવા જેવાં છે તો જ લગ્ન કરજે. કાલે ઊઠીને તને એવું ના લાગવું જોઈએ કે મેં તને છેતરી છે.'

તારક કોઇને છેતરી શકે નહિ. ઑનેસ્ટી તેની બેઝિક નબળાઈ છે. તેમને સ્ત્રી-મિત્રો વધારે છે એનું કારણ પણ કદાચ તેમની ઑનેસ્ટી જ છે. એક વાર આ બાબત તેમને મેં ઈર્ષ્યાભાવે પૂછ્યું: 'તમે આટલું મોટું સખીવૃંદ ધરાવો છો એનું રહસ્ય શું છે?'

'આ સ્ત્રીઓને એટલો તો વિશ્વાસ છે જ કે આ માણસ અમારા પતિને તો કશું નહિ જ કહી દે.'

તારકને અપ્રામાણિક થતાં નથી આવડતું એટલે તે પ્રામાણિક રહી શક્યા છે ને જૂઠું બોલવાનું તેને ફાવતું નથી એટલે સાચું બોલે છે. જો કે સમયે તેમને એટલા ચાલાક બનાવી દીધા છે કે 'હાઉ ટુ ઍવૉઈડ ટેલિંગ ટ્રુથ'ની કળા તેમને આવડવા માંડી છે. આથી જ કોઈનું નાટક જોઈને તરત જ સાચો અભિપ્રાય આપી દેવાની ઉતાવળ તે નથી કરતા. કોઈ મોંમાં આંગળાં નાખીને બોલાવે તો કહે છે: 'કાલે ફોન કરજે... આપણે ચર્ચા કરીશું.' ને ચતુર જણ આનો અર્થ સમજી જાય છે ને તારક સાચું કહેવામાંથી ઊગરી જાય છે.

કોઈની ય ઈર્ષ્યા નહિ હોવાને કારણે, કોઈના પ્રત્યે કડવાશ ન હોવાને લીધે તેમને કોઈ દુશ્મન નથી. હા, તેમના સ્વભાવમાં રહેલી મીઠાશને કારણે તેમને શઠ ધારી બેસવાની ગેરસમજ કેટલાક કરે છે ને તેમનાથી ડરે છે ય ખરા, પણ આ માણસ એ રીતે બિન-હાનિકર્તા છે.

માત્ર દંભી માણસોએ તેમનાથી ડરવા જેવું ખરું; કારણ કે દંભની

તેમને ભયંકર ખીજ છે. એમાં ય જ્યારે કોઈ તેમની પાસે જઈને કહે કે 'તમારાં નાટકોમાં વલ્ગૅરિટી બહુ હોય છે' ત્યારે તેમનું માથું ગુસ્સાથી ફાટી જાય છે. આ વિષે એક વાર ચર્ચા નીકળતાં મારી પાસે તેમણે આક્રોશ ઠાલવેલો: 'વિનોદ, ગુજરાતી ઑડિયન્સમાં ઑનેસ્ટી ઓછી ને દંભ વધારે છે. ને પાછા બદમાશો એને પાછું ઑવ કલ્ચર ગણીને એ દંભ માટે ય લડે છે. હૈયે છે એવું હોઠે બોલવાની હિંમત આ લોકોમાં નથી. બૉમ્બે ડાઈંગની જાહેરખબરમાં સૂતેલી સ્ત્રી સામે ચૂંચી આંખો કરીને જોયા પછી કહે છે: 'ચાદર સુંદર છે, નહિ?' આ નર્યો દંભ છે. મારા નાટકને 'વલ્ગર' કહેનારાઓ અંધારામાં ખૂણેખાંચરે ભરાઈને ચાર–પાંચ વખત જોઈ જતા હોય છે. છેલ્લાં પચ્ચીસ વરસમાં કોઈએ મને પથરો નથી માર્યો. વિનોદ, એનું જ મને દુ:ખ છે કે લોકો 'લક્ષ્મીસદન' યાદ રાખે છે, પરંતુ 'સપ્તપદી' પણ તારકે જ લખેલું એ કોઈ યાદ નથી કરતું. સારાં નાટકો જ ચાલતાં હોય છે એની અમને ખબર છે. બૉમ્બે ડાઈંગની વિજ્ઞાપનમાં દેખાતી સ્ત્રી જેટલું જ નાટક પણ સુંદર જોઈએ. આર્ટ એ બહુ મોટી ચીજ છે.'

આવું જ બીજું દુ:ખ તેને હાસ્યરસની અવગણના થઈ છે તેનું છે. હાસ્યરસ જાણે રિડચુલ કાસ્ટ હોય તેમ વિવેચકોએ તેને હવેખ્યો છે. તારકના મતે આનું કારણ વિવેચકોનું ઘોર અજ્ઞાન છે. એ લોકોને 'વિટ' અને 'હ્યુમર' વચ્ચેના ભેદની ખબર નથી. જ્યોતીન્દ્ર દવે અને છોટમ્ વચ્ચે એમને કોઈ ફરક વરતાતો નથી.'

એમના માનવા પ્રમાણે મુંબાઈની ભાટિયણોને સાડીઓ પહેરતાં શીખવનાર જયશંકર 'સુંદરી'ના નામનો હૉલ બંધાય છે, ને ચન્દ્રવદન મહેતા કે જેણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું છે તેના નામની એક તખ્તી મૂકવાનું ય કોઈને સૂઝતું નથી! કૉન્ટ્રીબ્યુશન શું છે 'સુંદરી'નું?...મરેલાઓના જ મકબરા બનાવવા છે?

પણ આવું બધું તો તે ગુસ્સામાં હોય ત્યારે જ બોલી નાખે. બાકી મોટે ભાગે તે આનંદની પળોમાં જ વધારે હોય છે. વાતવાતમાં સરસ 'કટ' કરી દે. વચ્ચે તેમના ભત્રીજાના જનોઈ પ્રસંગે તે અમદાવાદ આવેલા. અમે બધા ગપ્પાં મારતા બેઠેલા, ત્યાં તારકના બનેવી બોલ્યા: 'ગોવિંદ સરૈયાને આજે મેં રિક્ષામાં માણેકચૉક જતાં જોયા.'

'રિક્ષામાં કોણ હતું, તમે કે સરૈયા?' તારકે પૂછ્યું.

'હું રિક્ષામાં હતો ને ગોવિંદ સરૈયા ચાલતા જતા'તા.' તારકે તરત ટકોર કરી: 'ગોવિંદ સરૈયો માણેકચૉકમાં ફરતો થઈ જશે એની તો મને ખબર હતી; પણ આટલો વહેલો ફરતો થઈ જશે એવું મેં નહોતું ધાર્યું.'

કોઈની રમૂજ કરવાની સાથે પોતાના પરની રમૂજ તે ખમી પણ શકે છે. 'ચિત્રલેખા' તરફથી પ્રવીણ જોષી સામે એક 'મૉક–ટ્રાયલ' મુંબાઈમાં થએલી. તેમાં પ્રવીણના સાક્ષી તરીકે કોર્ટમાં મેં દેખા દીધેલી. પ્રવીણના વકીલ તરીકે બકુલ ત્રિપાઠીએ પ્રવીણ તરફ આંગળી ચીંધીને મને પૂછ્યું: 'આ માણસનાં નાટકો તમે અમદાવાદમાં જોયાં છે?'

'હા, એક સફળ નાટકવાળા તરીકે તેને હું ઓળખું છું.' મેં કહ્યું.

સામા પક્ષે વકીલ તરીકે તારક હતા. તેમણે મને ક્રૉસ કરતાં પૂછ્યું, 'સફળ નાટકવાળો એટલે કેવો?'

'સફળ એટલે જેનાં નાટકોની ટિકિટો માટે લોકો લાંબી લાઇનો લગાડે એવો. જો કે લાઈન-લાઈનમાં ય ફેર હોય છે, વકીલસાહેબ.' મેં સ્પષ્ટતા કરતાં કહ્યું: 'મારા એક દોસ્તનો જ દાખલો આપું. તારક મહેતા એનું નામ છે. તેનું લખેલું આઈ. એન. ટી. દ્વારા રજૂ થએલું નાટક 'લીલાલહેર' અમદાવાદમાં આવેલું. અમે દસ-દસ રૂપિયાવાળી ત્રણ ટિકિટો લીધેલી. મારી સાથે જોવા આવનાર બન્નેએ ના પાડી. હૉલ પર ટિકિટ કાઢી નાખીશ એવા વિશ્વાસ સાથે હું દિનેશ હૉલ પર ગયો. બુકિંગ ઑફિસ પર લાંબી લાઈન હતી ને લાલો ત્યાં ઊભેલો. લાઈનને વીંધતો હું બારી પર પહોંચ્યો તો મને રોકતાં લાલાએ કહ્યું: 'લાઈનમાં આવો.'

'પણ મારે ટિકિટ ખરીદવાની નથી; પાછી આપવાની છે.' મેં ચોખવટ કરી.' લાઈનમાં આવો... આ એની જ લાઈન છે...' લાલાએ જવાબ આપ્યો!

મૉક-કોર્ટના ઈન્ટરવલમાં મેં તારકને પૂછ્યું: 'માઠું તો નથી લાગ્યું ને?'

'અરે હોય યાર, મઝા આવી. હું તમારો ટાંટિયો ખેંચવા જાઉં તો મારો ય ખેંચાય, એમાં શું?' તમાકુવાળું પાન મમળાવતા તે બોલ્યા.

તારક ભોજન જેટલાં પાન જમે છે ને પાન જેટલું ભોજન જમે છે. પણ પાન કોઈ 'હૅબિટ'ને લીધે નથી ખાતા. બહારની વ્યક્તિ પર ગુસ્સો આવે તો પાન ખાઈ મનમાં પંદર-વીસ કિલોની ગાળ બોલી પાનની એક જોરદાર પીચકારી તે જમીન પર મારે છે, ને પછી તરત જ હળવા બની જાય છે. માનવજાત ગુસ્સા-નિવારણ માટે જો તારકની પદ્ધતિ અપનાવે તો મને લાગે છે દુનિયાનાં ઘણાં દુ:ખો દૂર થઈ જાય. □

લઘુકથા

વિચ્છેદનો છેદ

પી. જી. કડીવાર

દેવજી તેના તેર-ચૌદ વરસના છોકરા સાથે સરકારી દવાખાનાનાં પગથિયાં ચડી, દર્દીઓની લાઈનમાં ઊભો રહ્યો. એકાએક એની નજર ઑપરેશન થીએટરના બારણા પાસે સૂનમૂન થઇને ઊભેલા મોહન પર પડી. એણે ઝડપથી નજરને વાળી લીધી, અને સહેજ ત્રાંસો ફરીને ઊભો રહ્યો. બંને વચ્ચે એક વરસ થયાં ઊભેલી અબોલાની દીવાલ સમાધાનનું એક પણ બાંકોરું પાડયા વગર-અકબંધ ઊભી હતી.

ઑપરેશન થીએટરનું બારણું ખૂલવાના અવાજથી, અનિચ્છા છતાંય, દેવજીની દૃષ્ટિ એ તરફ લંબાઈ. ડૉકટર મોહનને કહી રહ્યા હતા: 'તમારા બાબાને હજુ પણ ૯૦૦ સી. સી. લોહી આપવું પડશે. તાત્કાલિક વ્યવસ્થા કરો!' કહી, ઝડપભેર ડૉકટર અંદર જતા રહ્યા. મોહન વિહ્વળ નજરે ઑપરેશન થીએટરના બંધ બારણાને જોઈ રહ્યો!

દેવજીનો હાથ અનાયાસે પોતાના છોકરાના માથા પર ફરી રહ્યો. મોહનનો છોકરો ને આ બેય સરખી ઉંમરના. બહુ તો દોઢ બે મહિનાનો ફરક હશે. દેવજીની સ્મૃતિ વધુ ઊંડે ઊતરી: આ છોકરો બે વરસનો હતો ત્યારે તેને મોટી ઉધરસ થએલી. કેમે ય કરી મટે જ નહિ. એ વખતે ક્યાંક સાંભળેલા નુસખા પ્રમાણે મોહન રોજ વગડામાંથી થોરના ડીંડવા લાવી ખવડાવતો. છ સાત દિ'માં તો ઉધરસનો ડાઘ પણ ના રહ્યો.

'આ બાવા એટલે મોટા હરામજાદા!' બાજુમાં બોલાતા સંવાદે દેવજીની તંદ્રા તોડી. 'આપણું જ ખાય ને વખત આવ્યે આપણને જ લબડાવે!' દેવજીએ જોયું તો, સામે મોહન એક બાવાને કરગરી રહ્યો હતો. બાવો જાણે મક્કમ હોય તેમ, નકારમાં ડોકું ધુણાવતો હતો.

—અને જાણે અંદરથી કશોક ધક્કો વાગ્યો હોય તેમ, દેવજી ઝડપથી મોહન પાસે પહોંચી ગયો: 'શું છે, મોહન?'

દેવજીને સામે ઊભેલો જોઈ પળવાર તો મોહન એની સામે આશ્ચર્યથી જોઈ રહ્યો, ને પછી ગળગળા સ્વરે બોલ્યો: 'એક વાર તો મા'રાજને લોહીના પચ્ચાસ રૂપિયા આપ્યા. પાછું લોહી આપવાના ય પચ્ચાસ બીજા માગે છે! મારી પાસે ત્રીસ જ રૂપિયા છે.'

તુરત જ દેવજીએ દશ દશની બે નોટ કાઢી મોહનના હાથમાં મૂકતાં કહ્યું: 'રકઝકનો સમય નથી મોહન! જલદી કર!'

મોહનની આંખમાંથી ટપકી પડેલું અશ્રુબિંદુ નોટ પર રેલાઈ ગયું.



ગયા વર્ષે વીરમગામ તાલુકાના અઘાર ગામમાંથી મળેલી ચોવીસ આરસપ્રતિમાઓમાંની બે – વિશ્વરૂપ વિષ્ણુ અને અનંતરૂપ વિષ્ણુ

અઘારની બે વિષ્ણુપ્રતિમા

લેખક · પ્રફુલ્લ રાવળ

પ્રકૃતિની પૂજા અતિ પ્રાચીન કાળથી હિંદમાં થતી આવીછે. પ્રકૃતિનાં તત્ત્વોમાં સૂર્યને લક્ષમાં રાખી કરેલાં વિષ્ણુની સ્તુતિનાં સંખ્યાબંધ સૂક્તો ઋગ્વેદમાંથી મળી આવે છે. વિષ્ણુ આ સૃષ્ટિના પાલક તરીકે હિંદુ ધર્મમાં અગ્ર સ્થાને છે. ઐતરેય બ્રાહ્મણ અને શતપથ બ્રાહ્મણ જેવા બ્રાહ્મણગ્રંથોમાં વિષ્ણુને સર્વથી ઉચ્ચ શ્રેષ્ઠ દેવ તરીકે તેમ જ આ પૃથ્વીના રક્ષક તરીકે દર્શાવ્યા છે. એ પછી હિંદુના ત્રિમૂર્તિ દેવમાં વિષ્ણુને સ્થાન પ્રાપ્ત થવા માંડ્યું. વિષ્ણુપૂજાનો ફેલાવો થવા લાગ્યો. આમ દીર્ઘ કાળથી હિંદુસ્તાનમાં વિષ્ણુપૂજા થતી હોય તેમ લાગે છે. વિષ્ણુપૂજાનો મહિમા દર્શાવતો ભાગવતધર્મ હિંદુસ્તાનમાં અસ્તિત્વ પામ્યો છે તે એ પૂજાના મહત્ત્વનો ખયાલ આપે છે.

ગુજરાતમાં પણ વિષ્ણુપૂજા પ્રાચીન કાળથી થતી આવી છે. ગુપ્ત કાળમાં વિષ્ણુપૂજાને સવિશેષ વેગ મળ્યો હોય તેની પ્રતીતિ જૂનાગઢમાંના સ્કન્દગુપ્તના શિલાલેખ પરથી થાય છે. એ લેખના પ્રારંભે વિષ્ણુની સ્તુતિ કરાઇ છે ને ચક્રપાલિતે ચક્રધર વિષ્ણુનું મંદિર બંધાવ્યું હતું તેવો ઉલ્લેખ છે. 'ભાગવત સંપ્રદાયને અનુસરતા ગુપ્ત સમ્રાટો અને એમના અધિકારીઓને લઇને આ કાલ દરમિયાન ગુજરાતમાં એ સંપ્રદાયને સવિશેષ ઉત્તેજન મળ્યું લાગે છે' એમ ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી નોંધે છે. (જુઓ, 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' પૃ. ૮૧.) વલભી રાજાઓ શૈવ ધર્મ પાળતા, પરંતુ ગુહસેનના તામ્રપત્રમાં ધ્રુવસેન પહેલાને 'પરમ ભાગવત' કહ્યો છે. 'મૈત્રક કાલ દરમિયાન ત્રૈકૂટક તથા ગારુલક જેવા કોઈ કોઇ રાજવંશ એ સંપ્રદાયના અનુયાયી હતા.' (જુઓ, 'ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ' પૃ. ૧૦૯.) વળી, 'પરમ ભાગવત ધ્રુવસેન પછીનાં ત્રણસો વર્ષોમાં ભારતમાં અન્યત્ર વૈષ્ણવ ધર્મનો પ્રચાર થયો પણ ગુજરાતમાં તેનો પ્રચાર થયો, હોય તેમ જણાતું નથી.' (જુઓ, ડૉ. નવીનચંદ્ર આચાર્ય કૃત 'ગુજરાતના ચાવડા રાજ્યનો ઇતિહાસ' પૃ. ૪૮.) અલબત્ત, અવતારવાદના પ્રચારનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. આથી જ પરમાર સીયકના વિ. સં. ૧૦૦૫ના દાનપત્રમાં વિષ્ણુના નૃસિંહ અવતારની સ્તુતિ કરાઈ છે.

સોલંકી યુગના રાજવીઓ શૈવ ધર્મના અનુયાયીઓ હતા. તેમ છતાં કર્ણદેવના તામ્રપત્રના પ્રારંભનું 'ૐ નમો ભગવતે વાસુદેવાય' એ સ્તુતિવચન ને પછીના ભાગમાં વિષ્ણુના એક અવતાર વરાહની સ્તુતિ વિષ્ણુપૂજાના પ્રચારની પ્રતીતિ કરાવે છે.

ભાગવત ધર્મ વિષ્ણુને મુખ્ય દેવ તરીકે આરાધે છે. કાળક્રમે વિષ્ણુના વિવિધ અવતારોની આરાધનાનો પ્રચાર અસ્તિત્વમાં આવ્યો ને અવતારવાદનો ફેલાવો થયો. ભાગવત ધર્મથી પણ પ્રાચીન પાંચરાત્ર નામે

(અનુસંધાન પૃષ્ઠ ૩૩૮)

કૈલાસ ચૌધરીનો પથ્થર

ડિટેક્ટિવ ફેલુદાની એક નવી રહસ્ય-શોધ

મૂળ લેખક
સત્યજિત રાય
અનુવાદક
સુકન્યા
ઝવેરી

'જો તો, આ કાર્ડ કેવું બન્યું છે?'

ફેલુદાએ પોતાના પાકીટમાંથી એક નવું છપાવેલું વિઝિટિંગ કાર્ડ બહાર કાઢી મને જોવા આપ્યું. જોયું. એમાં છાપ્યું હતું: 'પ્રદોષ સી. મિત્તર, પ્રાઇવેટ ઈન્વેસ્ટિગેટર.' સમજી ગયો. ફેલુદા હવે પોતાની ડિટેક્ટિવગીરીનું કામકાજ ખૂબ ઠાઠમાઠથી જાહેર કરવા માગે છે. અને કેમ ન કરે? બાદશાહી વીંટીના સેતાનનો એમણે જે રીતે પરાભવ કર્યો હતો. એ વાત પણ જો તેઓ ઇચ્છત તો છાતી ફુલાવીને બધાને કહેતા ફરી શકત. એને બદલે આ તો કેવળ એક કાર્ડ છપાવ્યું હતું; ફક્ત એટલું જ ને?

ફેલુદાનું નામ આપમેળે જ ખૂબ જાણીતું થઈ ગયું હતું. બેત્રણ રહસ્યભરી ઘટના માટે ડિટેક્ટિવ તરીકે કામ લેવાની ઑફર પણ આવી છે, પરંતુ એ એકેયમાં એને રસ પડે તેમ ન હોઈ એણે એ સ્વીકારી નથી.

કાર્ડ વૉલેટમાં મૂકી બંને પગ ટેબલ પર લંબાવીને ફેલુદા બોલ્યા: 'નાતાલની રજામાં મગજને થોડું કસવાની જરૂર પડશે એવું લાગે છે.'

મેં પૂછ્યું: 'કેમ, કોઈ નવું રહસ્ય છે કે શું?'

જો કે ફેલુદાની વાત સાંભળવા હું ખૂબ જ એક્સાઈટ થઈ ગયો હતો, પણ બહારથી મેં એ બિલકુલ જણાવા દીધું નહિ. ફેલુદાએ પોતાના પાટલૂનના ખિસ્સામાંથી એક નાનકડી ડબ્બી બહાર કાઢી અને એમાંથી થોડી મદ્રાસી સોપારી લઇને મોંમાં મૂકતાં બોલ્યા: 'તું ખૂબ ઉત્તેજિત થઈ ગયો છો ખરું ને?' આ શું? ફેલુદાને શી રીતે ખબર પડી?

ફેલુદાએ પોતાની મેળે જ મારા પ્રશ્નનો જવાબ આપ્યો: 'શી રીતે ખબર પડી એમ વિચાર કરે છે ને તું? માણસ ભલે પોતાના મનનો ભાવ છુપાવવા ગમે તેટલો પ્રયત્ન કરે, પણ એના બાહ્ય હાવભાવ પરથી એની ખબર પડી જ જાય. મેં જ્યારે વાત શરૂ કરી ત્યારે તને બગાસું આવી રહ્યું હતું, પણ વાત સાંભળતાં જ એ માટે ઊઘડતું તારું મોં તુરત બંધ થઈ ગયું. મારી વાત સાંભળવા તું ઉત્તેજિત થયો ન હોત તો તેં રીતસર પૂરું બગાસું ખાધું હોત—વચ્ચેથી જ અટક્યો ન હોત.'

ફેલુદાની આવી બધી વાતો મને ખૂબ નવાઈ પમાડતી. એ કહેતા: 'નિરીક્ષણ–અવલોકનશક્તિ ન હોય તો ડિટેક્ટિવ થવાનું નિરર્થક છે. આ બાબતમાં જે કઈ ઉપયોગી વાતો છે એ બધી શેરલૉક હોમ્સ કહી ગયા છે. આપણું કામ કેવળ એને ફૉલો કરવાનું-અનુસરવાનું, બસ.'

મે કહ્યું: 'ક્યા કામ માટે મગજ કસવાનું છે એ તો તમે કહ્યું નહિ.'

'કૈલાસ ચૌધરીનું નામ સાંભળ્યું છે? શ્યામપુકુરના કૈલાસ ચૌધરી.' ફેલુદાએ પૂછ્યું. ના, નથી સાંભળ્યું. કલકત્તા શહેરમાં કંઈ કેટલાય વિખ્યાત લોકો છે તેમાંથી વળી મેં કેટલાકનાં નામ સાંભળ્યાં હોય? અને મારી ઉમર તો હજુ ફક્ત પંદર વર્ષની જ છે તો!

ફેલુદા એક સિગારેટ સળગાવતા બોલ્યા: 'એ લોકો રાજશાહીમાં મોટા જમીનદાર હતા. કલકત્તામાં બંગલો હતો; પાકિસ્તાન થયા પછી અહીં ચાલ્યા આવ્યા. કૈલાસબાબુ વકીલ છે, તે ઉપરાંત શિકારી તરીકે પણ તેઓ પ્રખ્યાત છે. શિકાર વિષે બે પુસ્તકો લખ્યાં છે. આ થોડા સમય પહેલાં જલદાપાડા રીઝર્વ ફૉરેસ્ટમાં એક ગાંડા હાથીએ ઉત્પાત મચાવ્યો હતો ત્યારે એમણે જઇને એને મારી નાખ્યો હતો. છાપામાં નામ સાથે એ આવ્યું હતું.'

'પણ તમારે મગજ કસવાનું શું કારણ? આ કૈલાસબાબુના જીવનમાં કંઇક રહસ્ય છે કે શું?'

ફેલુદાએ જવાબ ન દેતાં, પોતાના કોટના ખિસ્સામાંથી એક પત્ર બહાર કાઢી મને આપ્યો: 'વાંચી જો.'

કાગળની ઘડી ખોલી મેં વાંચવા માંડયો. તેમાં લખ્યું હતું:

શ્રી પ્રદોષચંદ્ર મિત્તર,

સવિનય નિવેદન. 'અમૃત બજાર પત્રિકા'માં આપની જાહેર ખબર વાંચી આપને આ પત્ર લખવાનું નક્કી કર્યું. આપ મારા ઉપરના સરનામે આવીને મને મળી જશો. કારણ રૂબરૂ કહીશ. હું એક્સપ્રેસ ડિલિવરીથી પત્ર પાઠવું છું. તેથી આવતી કાલે આ આપના હાથમાં આવશે. હું પરમ દિવસે એટલે કે શનિવારે, સવારે ૧૦ વાગ્યે આપના આગમનની પ્રતીક્ષા કરીશ. ઇતિ. —ભવદીય શ્રી કૈલાસચંદ્ર ચૌધરી

પત્ર વાંચી હું બોલ્યો: 'શનિવારે સવારે દસ વાગ્યે એટલે તો આજે જ-અત્યારે એક કલાકમાં જ.' ફેલુદા કહે: 'લાગે છે તું બહુ ઇમ્પ્રુવ થઈ ગયો છે. તારીખ બારીખ બરાબર યાદ રાખે છે.'

મારા મનમાં એટલે એક સંદેહ જાગ્યો. મેં પૂછ્યું: 'તમને બોલાવ્યા છે. એટલે જોડે કોઈ બીજું...'

ફેલુદા મારા હાથમાંથી પત્ર લઈ કાળજીપૂર્વક ઘડી કરીને ખિસ્સામાં મૂકતાં બોલ્યા: 'તારી ઉમર નાની છે એટલે જ તને સાથે લઈ જઉં તો ચાલે. કારણ તને તો એ સજ્જન નાનો છોકરો જ ગણે, તેથી તારી હાજરીમાં વાત કરવાનો કદાચ એમને વાંધો નહિ આવે. અને જો એમને એ રીતે નહિ ફાવે તો તું આજુબાજુમાં ક્યાંક બેસીશ, એટલી વારમાં અમે વાત પતાવી લઈશું.'

મારી છાતી ધડકવા લાગી હતી. રજામાં મારે શું કરવું એ એક પ્રશ્ન હતો, પણ હવે લાગે છે કે નાતાલ બહુ ઈન્ટરેસ્ટિંગ રીતે પસાર થઈ જશે.

દસમાં પાંચ મિનિટ ઓછી હતી અને અમે કૉર્નવાલિસ સ્ટ્રીટ તથા શ્યામપુકુર સ્ટ્રીટના નાકા પર પહોંચી ગયા. રસ્તામાં એક વાર ટ્રામમાંથી ઊતરીને ફેલુદાએ દાસગુપ્ત ઍન્ડ કંપનીમાંથી કૈલાસ ચૌધરીનું લખેલું શિકારનું એક પુસ્તક ખરીદી લીધું. એનું નામ હતું 'શિકારનો નશો.' બાકીના રસ્તે પુસ્તકને ઉથલાવીને તેમાં નજર ફેરવી લીધી અને ટ્રામમાંથી ઊતરતી વખતે ખભે લટકાવેલી થેલીમાં મૂકતાં ફેલુદા બોલ્યા: 'આવા સાહસી માણસને ડિટેક્ટિવની જરૂર કેમ પડી હશે, શી ખબર!'

એકાવન નંબર શ્યામપુકુર સ્ટ્રીટ જૂના જમાનાનો એક મસ્ત વિશાળ બંગલો હતો. આગળના ભાગમાં બાગ, ફુવારો, પથ્થરનાં પૂતળાંઓ વગેરે વટાવી અમે ઘરના દરવાજે કૉલબેલ દબાવતાં જ અર્ધી મિનિટમાં અંદરના ભાગમાંથી પગલાંનો અવાજ સંભળાયો. બારણાં ઊઘડતાં જ જે સજ્જન દેખાયા. તેને જોતાં, કોણ જાણે કેમ, પણ એવું લાગ્યું કે એ તો કૈલાસબાબુ ન જ હોઈ શકે, કારણ વાઘનો શિકાર કરનાર માણસનો આવો ભલોભોળો ચહેરો ન જ હોય. મધ્યમ કદના બેવડાબાંધાના ભરાવદાર ગોરા એ સજ્જનની ઉંમર પણ ત્રીસથી વધુ હોય એવું લાગતું નહોતું. આંખોમાં જાણે એક સરળ બાલિશ ભાવ દેખાતો હતો. એમના હાથમાં એક મૅગ્નિફાઈંગ ગ્લાસ હતો.

'કોનું કામ છે?' અવાજ પણ એમનો યોગ્ય દબાએલો અને નરમ. ફેલુદાએ એક કાર્ડ કાઢીને એમના હાથમાં આપતાં કહ્યું: 'કૈલાસબાબુ સાથે મારે એક ઍપૉઇંટમેન્ટ છે. એમણે પત્ર પાઠવ્યો હતો.'

સજ્જને કાર્ડ પર નજર ફેરવી કહ્યું: 'અંદર આવો.' અને ઘરમાં

દાખલ કરી એક દાદર ચઢાવી એ સજ્જને અમને એક ઑફિસ ખંડમાં લઈ જઈ કહ્યું : 'આપ જરા બેસો. હું મામાબાબુને ખબર આપી આવું.'

જૂના જમાનાના એક કાળા ટેબલ સામે હાથાવાળી બે ખુરશી પર એણે અમને બેસાડ્યા. ઓરડાની ત્રણ બાજુનાં કબાટો જૂનાં પુસ્તકોથી ભરેલાં હતાં. સામેના ટેબલ પર એક મજેદાર ચીજ જોઈ. ત્યાં પોસ્ટલ સ્ટૅમ્પ્સનું એક દળદાર આલ્બમ ખુલ્લું પડ્યું હતું ને બીજાં ત્રણેક આલ્બમો એક બાજુ પર પડ્યાં હતાં. ખુલ્લા આલ્બમમાં બહુ કાળજીપૂર્વક ટપાલ-ટિકિટો ચોડી હતી. કેટલીક ટિકિટો પારદર્શક કવરમાં પણ હતી ને કેટલીક છૂટી પડી હતી. તે ઉપરાંત જેને હું બહુ સારી રીતે ઓળખતો હતો એવી હિંજીઝ, ચીપિયો, સ્ટૅમ્પ કૅટલૉગ વગેરે જેવી વસ્તુઓ પણ હતી. હવે સમજાયું કે સજ્જનના હાથમાં મેગ્નિફાઇંગ લેન્સ કેમ હતો. તેઓ આ ટપાલ-ટિકિટોના સંગ્રાહક હતા.

ફેલુદાની નજર પણ આ બધી વસ્તુઓ પર જ હતી. પણ એ વિષે અમે કંઈ વાત કરીએ તે પહેલાં સજ્જન પાછા આવી બોલ્યા : 'આપ બેઠકખંડમાં આવીને બેસો, મામા હમણાં જ આવે છે.'

છતમાં બત્તીના એક મોટા ઝુમ્મર (શૅન્ડલીઅર)વાળા બેઠકખંડમાં જઈ અમે બંને સફેદ ખોળથી ઢાંકેલા એક જબરદસ્ત મોટા સોફા પર બેઠા. ઓરડામાં ચારે તરફ જૂનવાણી મોટાઈના ભપકાની છાપ હતી. એક વાર બાપુ જોડે બેલઘાટના મલ્લિકને ઘેર બરાબર આવો જ અસબાબ અને ચારેકોર પેઇન્ટિંગ્સ, મૂર્તિઓ અને ફૂલદાનીઓની શોભા જોઈ હતી. જમીન પર એક રૉયલ બૅંગાલ ટાઈગરની ખાલ બિછાવી હતી. દીવાલ ઉપર ચાર હરણ, બે ચિત્તા અને એક બાઇસનનાં માથાં લગાડ્યાં હતાં.

લગભગ દસેક મિનિટ પછી મધ્યમ વયના પણ ખાસ્સા જુવાન લાગતા એક સજ્જન ખંડમાં પ્રવેશ્યા. તેમનો રંગ ગોરો, નાક નીચે પાતળી મૂછ અને પહેર્યાં હતાં રેશમી કુર્તું, પાયજામો અને ડ્રેસિંગ ગાઉન.

અમે બંનેએ ઊભા થઈ નમસ્કાર કર્યા. મારી સામે જોતાં જ એમનાં ભવાં ચડી ગયાં. ફેલુદાએ કહ્યું : 'આ મારો પિતરાઈ ભાઈ તપેશ છે.'

સજ્જન અમારી પાસેના સોફા પર બેસતાં બોલ્યા : 'તો શું તમે બંને સાથે ડિટેક્ટિવગીરી કરો છો ?'

ફેલુદા હસીને બોલ્યા : 'ના જી, પણ જોગાનુજોગ મારા દરેક કેસમાં એ સાથે જ સંકળાએલો છે. પણ એનાથી ક્યારેય કંઈ અગવડ પડી નથી.'

'ઠીક. અવનીશ, તું જરા આમને માટે નાસ્તાપાણીની વ્યવસ્થા કર.'

સ્ટૅમ્પ કલેક્ટર સજ્જન–અવનીશબાબુ બારણા પાસે આવી ઊભા હતા તે મામાનો આદેશ સાંભળી ચાલ્યા ગયા. કૈલાસ ચૌધરીએ ફેલુદા સામે જોઈ કહ્યું : 'માઠું ન લગાડતા, પણ મારો પત્ર સાથે લાવ્યા છો ?'

ફેલુદાએ જરાક હસીને કહ્યું : 'હું જ પ્રદોષ મિત્તિર છું એનો પુરાવો જોઇએ છે ને ? લો આ તમારો પત્ર.' કહી ફેલુદાએ ખિસ્સામાંથી કૈલાસબાબુનો પત્ર બહાર કાઢી એમના હાથમાં મૂક્યો. એમણે એના પર એક નજર ફેરવી 'થેંક્યુ' કહી ફેલુદાને પાછો આપ્યો. 'આ બધાં પ્રીકૉશન્સ તો લેવાં પડે, એ તો તમે જાણો જ છો, શિકારી તરીકે મારી ખ્યાતિ છે એ પણ તમે જાણતા જ હશો.' 'જી, હા.'

ઓરડાની દીવાલ પરનાં બધાં માથાં બતાવતાં સજ્જન બોલ્યા : 'આ બધાંનો મેં શિકાર કર્યો છે. સત્તર વર્ષની ઉમરે હું બંદૂક ચલાવતાં શીખ્યો છું. તે પહેલાં જો કે ઍર-ગનથી હું પંખીબંખી મારતો. સામે મોંએ કોઈ જાનવર મને હરાવી શક્યું નથી. પણ જે શત્રુ અદૃશ્ય અને અજ્ઞાત છે એણે મને ખૂબ વિચારમાં પાડી દીધો છે.'

સજ્જન જરા અટક્યા. મારી છાતી ધડકવા માંડી. જાણ્યું કે હવે સજ્જન રહસ્યની વાત કાઢશે. પણ તેઓ એટલી ધીરેધીરે માંડીને વાત કરતા હતા કે અસલ વાતનો સસ્પેન્સ ખૂબ જ વધી ગયો હતો.

કૈલાસબાબુએ ફરી શરૂ કર્યું : 'તમે આટલા નાના હશો એવી ખબર નહિ. તમારી ઉંમર કેટલી છે ?' ફેલુદા બોલ્યા : ટ્વેન્ટી એઈટ.'

'તેથી જ જે કામ તમને સોંપવા માગું છું તે તમે કરી શકશો કે નહિ તે ખબર નથી. પોલીસને આમાં સંડોવવા માગતો નથી. કેમ કે આ પહેલાં એક વાર પોલીસની મદદ લઇને પરેશાન થયો હતો. તેઓ કામ કરવા કરતાં હેરાન વધુ કરે છે. જો કે જુવાનિયાને હું અશ્રદ્ધાની નજરથી નથી જોતો. યુવાનવય સાથે પુખ્ત બુદ્ધિનો સાથ હોય તો સોનામાં સુગંધ ભળે ને કામ ઉત્તમ થાય. એમ હું માનું છું.'

કૈલાસબાબુ જરા અટક્યા એટલે તક ઝડપી ફેલુદાએ ગળું ખંખેરી કહ્યું : 'વાત શી છે એ જો તમે કહો તો...' કૈલાસબાબુએ એનો જવાબ ન દેતાં પોતાની પાસેથી ઘડી કરેલો એક કાગળ કાઢી ફેલુદાને આપતાં કહ્યું : 'જુઓ તો, આ વાંચીને તમને શું લાગે છે ?'

ફેલુદાએ જેવો કાગળ ઉઘાડ્યો કે મેં બાજુમાંથી ડોક લંબાવી તેમાં નજર નાખી. તેમાં અંગ્રેજીમાં જે લખ્યું હતું એનો અર્થ થતો હતો કે 'પાપનો બોજો વધારશો નહિ. જે વસ્તુ પર તમારો અધિકાર નથી તે વસ્તુ તમે આવતા સોમવારે સાંજના ચાર વાગ્યે વિક્ટોરિયા મેમૉરીઅલના દક્ષિણ ગેટથી વીસ હાથ દૂર અંદરની તરફ, રસ્તાની ડાબી બાજુએ લિલી ફૂલની પહેલી હારના પહેલા છોડ નીચે મૂકી આવજો. આદેશ અમાન્ય કરશો અથવા પોલીસ કે ડિટેક્ટિવની મદદ લેશો તો પરિણામ સારું નહિ આવે—તમારા અનેક શિકારની જેમ તમે પોતે શિકાર બની જશો.'

'તમને શું લાગે છે ?' ગંભીર સ્વરે કૈલાસબાબુએ પૂછ્યું.

ફેલુદાએ થોડી વાર ધ્યાન દઈ ફરી ચિઠ્ઠી તપાસી કહ્યું : 'હસ્તાક્ષરો બનાવટી છે; કારણ એક જ અક્ષર બેત્રણ જગ્યાએ જુદીજુદી રીતે લખાયો છે અને આ ચિઠ્ઠી નવા પૅડના પહેલા પાના પર લખાઈ છે.'

'એમ શાના પરથી લાગ્યું ?'

'પૅડના કાગળ પર લખો તો નીચેના બીજા કાગળ પર એ લખાણની છાપ થોડીઘણી પડી જ જાય. આ કાગળ બિલકુલ લીસો છે.

'વેરી ગૂડ. બીજું કંઈ ?'

'બીજું તો કંઈ પણ આના પરથી કહી ન શકું. આ પત્ર ટપાલમાં આવ્યો હતો ?'

'હા. પોસ્ટમાર્કમાં પાર્ક સ્ટ્રીટ વંચાય છે. ત્રણ દિવસ પહેલાં આ પત્ર આવ્યો હતો. આજે શનિવાર ને વીસમી તારીખ છે.'

ફેલુદાએ પત્ર પાછો આપતાં કહ્યું : 'હવે હું આપને કેટલાક સવાલ પૂછવા માગું છું. કારણ આપની શિકારની વાતો સિવાય હું આપના સંબંધે કશું જ જાણતો નથી.'

'ભલે, પૂછો. મીઠાઈ ખાતાંખાતાં પૂછો.' નોકર ચાંદીની પ્લેટમાં રસગુલ્લાં અને અમૃતી મૂકી ગયો હતો. ફેલુદાને ખાવા માટે કહેવું નથી પડતું. એણે ટપ લઇને એક આખું રસગુલ્લું મોંમાં મૂકી પૂછ્યું : 'પત્રમાં જે વસ્તુ વિષે લખ્યું છે એ શું ચીજ છે તે જાણી શકું ?'

કૈલાસબાબુ બોલ્યા : 'પત્રમાં લખ્યા પ્રમાણે જેના પર મારો અધિકાર નથી એવી કોઈ વસ્તુ મારી પાસે હોવાનું મારી જાણમાં નથી. આ ઘરમાં જે કંઈ છે તે બધું મેં પોતે ખરીદ્યું છે, યા તો મારા પિતાની સંપત્તિ છે; અને એમાં કોઈ વસ્તુ નથી કે જે મેળવવા માટે કોઈ મને આ રીતે પત્ર લખે. હા, એક વસ્તુ એવી છે કે જે કિંમતી ને લોભામણી છે ખરી.'

'એ શું છે ?' 'એક પથ્થર.'

'પથ્થર ?!' 'હા, પ્રેશ્યસ સ્ટોન.'

'તમે ખરીદ્યો છે ?' 'ના, ખરીદેલો નથી.'

'તમારા પિતાની મિલ્કત ?'

'ના એ ય નહિ. એ પથ્થર મને મધ્યપ્રદેશમાં ચાંદા પાસેના એક જંગલમાંથી જડ્યો હતો. ત્યાં એક વાઘની પાછળ અમે ત્રણ-ચાર જણ પડ્યા હતા. અને એ વાઘને માર્યો પણ હતો. પાસે જ એક બહુ પુરાણા,

જીર્ણ, ખંડિત અને પરિત્યક્ત મંદિરની એક દેવમૂર્તિના કપાળમાં એ પથ્થર જડેલો હતો. પણ કદાચ અમારા પહેલાં કોઇને એની જાણ નહોતી.'

'સૌ પ્રથમ શું આપની જ એના પર નજર પડેલી?'

'મંદિર તો અમે બધાએ જોયું હતું, પણ આ પથ્થર પર તો મારી જ નજર પ્રથમ પડી હતી.' 'તે વખતે આપની સાથે કોણ કોણ હતું?'

'રાઈટ નામનો એક અમેરિકન યુવાન, કિશોરીલાલ પંજાબી અને મારો ભાઈ કેદાર.' 'આપના ભાઈ પણ શિકાર કરે છે?'

'કરતો. હમણાં કરે છે કે નહિ તે ખબર નથી. ચારેક વર્ષથી એ પરદેશમાં છે.' 'પરદેશ એટલે?'

'સ્વિટ્ઝરૂલૅન્ડમાં, ઘડિયાળનો ધંધો કરે છે.'

'જ્યારે એ કિંમતી પથ્થર મળ્યો ત્યારે એના માટે આપ સૌમાં કંઈ વિખવાદ કે ઝગડો થએલો ખરો?'

'ના. એ પથ્થર કિંમતી છે એ તો કલકત્તા આવ્યા પછી મેં એને ઝવેરીને બતાવ્યા બાદ જાણવા મળ્યું.'

'એ પછી એના મૂલ્ય વિષે કોણ કોણ જાણે છે?'

'ઝાઝા માણસોને મેં નથી કહ્યું. આમે ય મારે સગાંસંબંધીઓ બહુ નથી. એકાદ બે વકીલ મિત્રોને જ કહેલું. કેદારને ખબર છે અને કદાચ મારા ભાણેજને પણ જાણ છે.'

'પથ્થર અહીં ઘરમાં જ છે.' 'હા, મારા ખંડમાં જ છે.'

'એવી કિંમતી ચીજ બૅંકમાં નથી રાખતા?'

'એક વાર મૂકયો હતો. જે દિવસે મૂકયો એના બીજે દિવસે મને મોટર ઍક્સિડેન્ટ થયો, મરતો મરતો બચ્યો. તેથી માન્યતા બંધાઈ ગઈ કે એને મારી પાસે ન રાખું તો કંઈ અશુભ થશે તેથી બૅંકમાંથી લઈ આવ્યો.'

ફેલુદાનું ખાવાનું પૂરું થઈ ગયું હતું. એનાં ભવાં જોઈ લાગ્યું કે એણે વિચારવાનું શરૂ કરી દીધું છે. પાણી પી રૂમાલથી મોં લૂછી પૂછ્યું: 'આપના ઘરમાં કોણ કોણ છે?'

'હું, મારો ભાણેજ અવનીશ, ને ત્રણ જૂના નોકરો. ઉપરાંત મારા પિતાજી છે. પણ તેઓ તો તદ્દન વૃદ્ધ અને પાંગળા જેવા છે. એક નોકર આખો વખત એમની દેખભાળ રાખે છે.'

'અવનીશબાબુ શું કરે છે?'

'ખાસ કંઈ નહિ. એને ટિકિટ-સંગ્રહનો શૉખ છે. કહે છે ટિકિટની એક દુકાન કરવી છે.' ફેલુદાએ મનોમન કંઈક હિસાબ ગણી પૂછ્યું: 'આપ ઈચ્છો છો કે હું આ પત્ર લખનારને શોધી કાઢું?'

કૈલાસબાબુ જરાક જોરપૂર્વક હસતા બોલ્યા: 'આ ઉંમરે મને હવે આવી અશાંતિ કંઈ સારી લાગે? અને પત્ર લખ્યો એટલું જ નહિ, પણ કાલે રાતે ટેલિફોન પણ કર્યો હતો. અંગ્રેજીમાં એની એ જ વાત બોલ્યો હતો. અવાજ તો ઓળખાયો નહિ, પણ કહે કે જો હું નિર્દિષ્ટ જગ્યાએ અને સમયે એ વસ્તુ ત્યાં નહિ મૂકી આવું તો એ મારા ઘેર આવી મારું ખૂન કરશે. અને હું આ પથ્થર ગુમાવવા ઇચ્છતો નથી. વળી, એ સિવાય એ માણસનો પણ એના પર કોઈ હક નથી. છતાં ધમકી દે છે ત્યારે દેખીતું છે કે એ કોઈ બદમાશ છે, અને તેને સજા થવી જરૂરી છે. એ કઈ રીતે સંભવશે એ તમારે વિચારવાનું છે.'

'ઉપાય તો એક જ. બાવીસમી તારીખે સાંજના વિક્ટોરિયા મેમોરીઅલની આસપાસ છુપાઇને બેસવું અને એને આવવા દેવો.'

'એ પોતે ન પણ આવે.'

'તેમાં કંઈ વાંધો નહિ. જે પણ લિલીના છોડ પાસે ફરતો હશે, તે ભલે મૂળ માણસ ન હોય, પણ એને પકડવાથી અસલ આદમીની ભાળ મેળવવી મુશ્કેલ નહિ રહે.'

'પણ તમે સમજતા નથી. એ માણસ ડેન્જરસ પણ હોઈ શકે. એ જ્યારે જોશે કે લિલીના છોડ નીચે પથ્થર નથી, તો પછી એ શું કરશે એ કહી ન શકાય. એ કરતાં બાવીસ તારીખ પહેલાં—એટલે કે આજ-કાલમાં એને ઓળખી શકાય તો બહુ સારું થાય. આ પત્ર અને એક ટેલિફોન કૉલ—એ બે પરથી કંઈ શોધી ન શકાય!'

ફેલુદા સોફા ઉપરથી ઊભા થયા અને આંટા મારવા માંડ્યા. પછી બોલ્યા: 'જુઓ, કૈલાસબાબુ, પત્રમાં એણે લખ્યું છે કે ડિટેક્ટિવની મદદ લેવાનું પરિણામ સારું નહિ આવે, તેથી હું કંઈ કરું કે ન કરું, આપે મને બોલાવ્યો છે, એ પરથી જ આપના પર મુસીબતની આશંકા તો છે જ. એટલે આપ વિચારી લો કે અમારી મદદ લેવી કે નહિ?'

કૈલાસબાબુએ એટલી ઠંડકમાં પણ રૂમાલ વડે પોતાનું કપાળ લૂછ્યું, અને બોલ્યા: 'તમને, અને તમારા આ ભાઇને જોઇને તો કોઇને વિચાર પણ ન આવે કે તમે કોઈ ડિટેક્ટિવ હશો. એ એક ઍડવાન્ટેજ છે. તમારું નામ ભલે લોકો જાણે, પણ તમારો ચહેરો પરિચિત હોય એવું લાગતું તો નથી. તેથી એ બાજુથી તો મારે વિશેષ ડરવા જેવું નથી. તમે ઇચ્છો તો આ કામ સ્વીકારો. તમારી ફી હું આપીશ.'

'થૅંક-યુ. પણ એક વાર પેલો પથ્થર જોવા ઇચ્છું છું.' 'ચોક્કસ.'

પથ્થર કૈલાસબાબુના શયનખંડમાં હતો. અમે એમની પાછળ દાદર પર ચડી ઉપલે માળે પહોંચ્યા. દાદર એક લાંબા અંધારિયા બારામદામાં પૂરો થતો હતો. તેની બે તરફ હારબંધ લગભગ દસબાર ઓરડા હતા. તેમાંના ઘણાનાં બારણે તાળાં હતાં. ચારે તરફ સૂમસામ વાતાવરણ હતું. જરા શો ય અવાજ થાય તો એનો પડઘો પડતો હતો.

બારામદાને ડાબી બાજુએ છેડે કૈલાસબાબુનો શયનખંડ હતો. અમે જ્યારે બારામદાની વચ્ચોવચ પહોંચ્યા ત્યારે એક બાજુના ઓરડાનું અધખુલ્લું બારણું જોયું. અંદરથી એક ખૂબ જ વૃદ્ધ ડોક લંબાવી નિસ્તેજ આંખે અમારા ભણી જોઈ રહ્યા હતા. હું તો એમને જોઇને જ ગભરાઈ ગયો. કૈલાસબાબુ બોલ્યા: 'એ મારા પિતાજી છે. એમનું મગજ જરા અસ્થિર છે. આખો વખત આ રીતે અહીંતહીં ડોકિયાં કર્યા કરે છે.'

જરા વધુ પાસે પહોંચ્યા ત્યારે એ વૃદ્ધની નજર જોઈ મારું તો લોહી થીજી ગયું. ભયાવહ છતાં ખુન્નસભરી નજરે તેઓ કૈલાસબાબુ ભણી તાકી રહ્યા હતા. પિતાજીનો રૂમ વટાવી થોડે દૂર ગયા કે કૈલાસબાબુ બોલ્યા: 'પિતાજીને બધા પર અણગમો અને ચીડ છે. તેઓ એમ માને છે કે સૌ એમને નિગ્લેક્ટ કરે છે. હકીકતે એમની સંભાળ લેવામાં અમે જરાય ત્રુટી નથી રાખતા.'

કૈલાસબાબુના ઓરડામાં એક જબરદસ્ત ઊંચો પલંગ હતો અને તેના માથા ભણી ખૂણામાં મોટો કબાટ. એ ખોલીને એક ખાનામાંથી ભૂરું મખમલ ચડાવેલું એક ખોખું કાઢી તેઓ બોલ્યા: 'સપ્તરામદાસની દુકાનેથી આ બૉક્સ આ પથ્થર મૂકવા ખરીદ્યું હતું.' પછી બૉક્સ ખોલીને તેમાંથી લીચી જેવડો નીલા રંગનો એક ચળકતો પથ્થર બહાર કાઢી કૈલાસબાબુએ ફેલુદાના હાથમાં મૂકી કહ્યું: 'આને 'બ્લુ બેરિલ' કહે છે. બ્રાઝિલમાં મળે છે. ભારતમાં કદાચ કોઈની પાસે નથી, અને હશે તો યે આ કદનો તો નહિ જ હોય. ફેલુદાએ એ પથ્થરને હાથમાં લઈ આમતેમ ફેરવી જોયો અને પાછો આપ્યો. પછી કૈલાસબાબુએ પોતાના કબાટમાંથી દસદસની પાંચ નોટ કાઢી ફેલુદાને આપતાં કહ્યું: 'આ ઍડવાન્સ. કામ પતી ગયા પછી બાકીના આપીશ. બરાબર?'

'થૅંક યુ' કહી ફેલુદાએ રૂપિયાની નોટો ખિસ્સામાં મૂકી.

દાદર ઊતરતાં ફેલુદા બોલ્યા: 'આપનો એ પત્ર મને આપવો પડશે. અને અવનીશબાબુ જોડે પણ મારે જરા વાત કરવી છે.'

નીચે પહોંચ્યા કે બરાબર એ જ વખતે બેઠકખંડમાં ટેલિફોનની ઘંટડી વાગવા માંડી. કૈલાસબાબુએ ઉતાવળે જઇને ફોન ઉપાડ્યો: 'હલ્લો' બસ એટલું જ. અમે બેઠકખંડમાં દાખલ થયા ત્યારે કૈલાસબાબુએ ઊતરેલ ચહેરે ધબ લઇને ફોન નીચે મૂક્યો અને બોલ્યા: 'ફરી એ જ વ્યક્તિ

અને એ જ ધમકી.'

'શું કહ્યું?' 'આ વખતે સાફસાફ જ બોલ્યો.' 'શું બોલ્યો?'

'કહે કે મને શું જોઇએ છે તે તમે સમજી ગયા છો એવું લાગે છે. ચાંદાના જંગલના મંદિરમાંથી મળ્યો હતો તે પથ્થર.'

'બીજું કંઈ કહ્યું?' 'બીજું કંઈ નહિ.' 'અવાજ ઓળખાયો?'

'ના, પણ એટલું ચોક્કસ કે એ અવાજ સાંભળવો ગમે એવો નહોતો. તમે ફરી એક વાર વિચારી જુઓ.'

ફેલુદાએ સહેજ હસી કહ્યું: 'મેં તો વિચાર કરી લીધો છે.'

કૈલાસબાબુ પાસેથી અમે અવનીશબાબુના ઓરડામાં ગયા ત્યારે તેઓ ખૂબ ધ્યાન દઇને ઝીણવટથી મૅગ્નિફાઇંગ ગ્લાસ વડે ધ્યાનપૂર્વક કંઈ તપાસી રહ્યા હતા. અમે અંદર દાખલ થયા કે પેલી ચીજ પર હાથ મૂકી તેને ઢાંકી દઈ ઊભા થયા: 'આવો આવો.'

'તમને ટપાલ-ટિકિટોનો ખૂબ શૉખ હોય એવું લાગે છે.' ફેલુદાએ કહ્યું.

અવનીશબાબુની આંખો ચમકી ઊઠી: 'જી, હા. એ જ માત્ર મારો એક શૉખ, નશો, ધ્યાન, જ્ઞાન, ચિંતા જે કહો તે છે.'

'તમે કોઈ એક ખાસ દેશ કે વિષયની ટિકિટો એકઠી કરો છો, કે દુનિયાની બધી જ જાતની?'

'પહેલાં તો દુનિયાભરની એકઠી કરતો હતો, પણ થોડા દિવસથી ઇંડિયા પર જ લક્ષ કેન્દ્રિત કર્યું છે. અમારા આ ઘરની ઑફિસમાં એટલી બધી જૂનીજૂની ટિકિટો છે કે જોઇને દંગ રહી જવાય. છેલ્લા બે મહિનામાં તો જૂના પત્રોના બંડલો ફેંદીને ઇંડિયાની સેંકડો ટિકિટો એકઠી કરી છે.' 'કોઈ સરસ મળી ખરી?'

'સરસ?' અવનીશબાબુ ખુરશીમાંથી ઊભા થઈ ગયા: 'તમને સમજાશે? તમને આમાં રસ છે?'

ફેલુદા હસીને બોલ્યા, 'અમુક ઉંમરે બધાને એમાં રસ હોય છે જ, ખરું ને? કેપ ઑવ ગુડ હોપની એક પેની, મોરિશ્યસની બે પેની અને બ્રિટિશ ગીઆનાની ૧૮૫૬ની પેલી પ્રખ્યાત સ્ટૅમ્પસ મેળવવાનું સ્વપ્ન મેં ય જોયું હતું. દસેક વર્ષ પહેલાં એની કિંમત લાખેક રૂપિયા હતી. અત્યારે તો એથી યે વધારે હશે.'

અવનીશબાબુ હવે તો રીતસર ઉત્તેજિત થઈ કૂદી ઊઠયા: 'તો પછી તમે ચોક્કસ સમજશો. તમને બતાવું છું. આ જુઓ.'

પોતાની હથેળી નીચે દબાવી રાખેલી એક ટિકિટ એમણે ફેલુદાના હાથમાં આપી. બહુ જૂની હોઈ એનો રંગ પણ ઝાંખો પડી ગયો હતો.

'શું લાગે છે?' અવનીશબાબુએ પૂછ્યું'

ફેલુદા કહે: 'ઇંડિયાની સોએક વર્ષ જૂની ટિકિટ. રાણી વિક્ટોરિયાની છે. અગાઉ પણ એક વાર આ ટિકિટ મેં જોઈ છે.'

'જોઈ છે? હવે મૅગ્નિફાઇંગ ગ્લાસથી જુઓ!'

ફેલુદાએ મૅગ્નિફાઇંગગ્લાસ આંખે લગાડયો.

'શું દેખાય છે? અવનીશબાબુના અવાજમાં આતુરતા હતી.

'આમાં તો છાપભૂલ છે.' 'એક્ઝૅક્ટલી!'

'પોસ્ટેજ શબ્દમાં 'જી'ની જગ્યાએ 'સી' છપાયો છે.' અવનીશબાબુ ટિકિટ પાછી લઈ બોલ્યા, 'એટલે હવે આની કિંમત કેટલી થઈ ખબર છે?' 'કેટલી?' 'વીસ હજાર રૂપિયા.!' 'શી વાત કરો છો?' મેં વિલાયત પત્ર લખી તપાસ કરાવી છે. આ ભૂલનો ઉલ્લેખ સ્ટૅમ્પ-કૅટલૉગમાં નથી. મેં જ આ પહેલી વાર શોધી કાઢ્યું છે.'

ફેલુદા બોલ્યા: 'કૉંગ્રેચ્યુલેશન! પણ મારે તમારી સાથે બીજી બાબત વિષે વાત કરવી છે.' 'બોલો'.

'તમારા મામા કૈલાસબાબુ પાસે એક કિંમતી પથ્થર છે એની તમને ખબર છે?' અવનીશબાબુને થોડી વાર વિચાર કરવો પડયો. પછી બોલ્યા: 'ઓહ! હા, હા, સાંભળ્યું છે ખરું. કિંમતી છે કે નહિ એ તો ખબર નથી, પણ' 'લકી સ્ટોન એવું એક વાર કહેતા હતા ખરા. પણ માફ કરજો. મારા મગજમાં હાલમાં તો ટપાલ-ટિકિટો સિવાય બીજું કશું જ ઘૂમતું નથી.'

'તમે આ ઘરમાં કેટલા સમયથી છો?'

'મારા બાપુજી ગુજરી ગયા ત્યારથી એટલે કે લગભગ પાંચ વર્ષથી.'

'મામા જોડે તમને કેવું બને છે?'

'કયા મામા? એક તો પરદેશ છે.'

'હું કૈલાસબાબુની વાત કરું છું.'

'ઓહ, એ તો ખૂબ જ સારા છે, પણ...' 'પણ શું?

અવનીશબાબુનાં ભવાં સંકોચાયાં: 'છેલ્લા કેટલાક દિવસથી કશાંક કારણોને લીધે એમનામાં કંઈક ફેર લાગે છે.' 'કયારથી?'

'બેત્રણ દિવસથી. કાલે મેં એમને આ સ્ટૅમ્પની વાત કરી, પણ જાણે એમણે એ સાંભળી જ નહિ. હમેશાં તો રીતસર ખૂબ જ રસ લે છે. અને રોજની એમની કેટલી બધી રીતો પણ બદલાઈ ગઈ છે.' 'દાખલા તરીકે?'

'આ જેમ કે, રોજ સવારે બાગમાં આંટા મારવા. પણ છેલ્લા બેત્રણ દિવસથી બાગમાં ગયા જ નથી. સવારે પણ મોડા ઊઠે છે. લાગે છે મોડી રાત સુધી જાગતા હશે.' 'એનું કંઈ ઇંગિત મળ્યું છે?'

'હા; હું તો નીચે જ સૂઉં છું. મારા ઉપરનો જ રૂમ મામાનો છે. મતરાતે તેઓ આંટા મારતા હોય છે. એક વાર તો મને થયું કે ઉપર કંઈ ઝગડો ચાલે છે.' 'કોની સાથે?'

'દાદા સાથે હશે. એમના સિવાય બીજું વળી કોણ હોય? એક રાતે તો સંદેહ આવતાં હું દાદર નીચે જઈ ઊભો રહ્યો. જોયું તો મામા અગાશી પરથી પહેલે માળે ઊતરતા હતા, અને એમના હાથમાં બંદૂક હતી.'

'ત્યારે કેટલા વાગ્યા હશે?' 'રાતના બે થયા હશે.'

'અગાશી પર કંઈ છે?'

'કંઈ નથી. કેવળ એક કાતરિયા જેવી ઓરડી છે. પણ તેમાં ખાસ કશું નથી. જૂના કાગળ-પત્રો જે હતા તે તો હું મહિના પહેલાં નીચે લઈ આવ્યો છું. પણ આ બધું શા માટે પૂછો છો?'

ફેલુદા જરા હસીને બોલ્યા: 'તમારા મામા કોઈ કારણને લીધે અપસેટ છે. પણ તમારે ફિકર કરવા જેવું નથી. તમે તમારે સ્ટૅમ્પમાં જ રચ્યાપચ્યા રહો. આ મારી ઝંઝટ પતે એ પછી એકવાર તમારું કલેકશન જોવા આવવાની ઈચ્છા છે.'

ત્યાંથી નીકળતાં પહેલાં કૈલાસબાબુ પાસે વિદાય લેવા ગયા ત્યારે ફેલુદાએ એમને કહ્યું: 'આપને સોળ આના તો ખાતરી આપતો નથી, પણ એટલું કહું છું કે આ સમગ્ર બાબતમાં વિચાર કરવાનું મારા પર છોડી દઈ આપ રાતના ઊંઘવાનો પ્રયત્ન કરજો. જરૂર પડે તો ઊંઘની ગોળી પણ લેજો. અને મહેરબાની કરી રાતે અગાશી પર જશો નહિ. આ મોહલ્લાનાં મકાનો બહુ નજીકનજીક છે. આપના શત્રુએ જો આજુબાજુમાં કયાંય અડ્ડો જમાવ્યો હશે તો આપ મુશ્કેલીમાં મુકાઈ જશો.'

કૈલાસબાબુ બોલ્યા: 'એક વાર રાતે કંઈક અવાજ સંભળાયો હતો એટલે ટૅરેસ પર ગયો હતો, પણ સાથે બંદૂક પણ હતી. જો કે ત્યાં અજુગતું કશું જ નજરે પડયું નહોતું.'

'તમે હમેશાં બંદૂક સાથે રાખો છો!'

'હા. રાખું તો છું. પણ માણસના મનનો ઉદ્વેગ હાથમાં પણ પહોંચતો હોય છે, એ તો તમને ખબર જ હશે! આ રીતે જો લાંબુ ચાલશે તો મારા નિશાનનું શું થશે શી ખબર?'

બીજે દિવસે રવિવાર હતો. આખા દિવસનો મોટો ભાગ ફેલુદાએ પોતાના ઓરડામાં આંટા જ માર્યા. છેક સાંજે ચાર વાગ્યે મેં એને કપડાં બદલતા જોયા એટલે પૂછયું: તમે કયાંય બહાર જાઓ છો?'

'હા. વિક્ટોરિયા મેમોરીઅલના લિલીના છોડ નજરે જોવાનો વિચાર છે. આવવું હોય તો ચાલ.'

ટ્રામમાં બેસી લૉઅર સક્યુંલર રોડના નાકે ઊતરી ચાલતાંચાલતાં લગભગ પાંચ વાગ્યે વિક્ટોરિયા મેમોરીઅલના દક્ષિણ ગેટે પહોંચ્યા. આ તરફ લોકોની અવરજવર ઓછી હોય છે. જે લોકો સાંજના અહીં આવે એ બધા સામે એટલે કે ઉત્તર એસ્પ્લેનેડના મેદાન તરફથી જ આવતા હોય છે. ગેટમાં દાખલ થઈ વીસેક હાથ આગળ વધ્યા તો ડાબી તરફ ખરેખર લિલીના છોડની ક્યારી હતી. તેની પહેલી પંક્તિના પ્રથમ છોડ નીચે પેલો પથ્થર રાખવાનો હતો.

લિલીના આટલા સુંદર ફૂલછોડ જોવા છતાં યે શરીરમાં તો કોણ જાણે કેમ ધ્રુજારી વછૂટી ગઈ. ફેલુદાએ પૂછ્યું. 'કાકા પાસે એક બાઇનૉક્યુલર છે ને?' મેં કહ્યું: 'છે.'

પંદરેક મિનિટ વિક્ટોરિયા મેમોરીઅલમાં ફરીને અમે ટૅક્સી કરી સીધા લાઈટહાઉસ ચાલ્યા ગયા. ફેલુદાને સિનેમા જોવાનો શૉખ થયો હશે કે શું? પણ ત્યાં પહોંચી સિનેમામાં ન જતાં એ તો ઊંધી જ દિશામાં ચાલ્યા અને એક બુકસેલરની દુકાનમાં પેઠા. આ પુસ્તક પેલું પુસ્તક કરતાંકરતાં અંતે ફેલુદાએ એક જબરદસ્ત મોટું સ્ટૅમ્પ-કૅટલૉગ કાઢ્યું અને તેનાં પાનાં ઉથલાવવા માંડ્યાં. મેં એને કાનમાં ધીમેથી પૂછ્યું: 'તમને શું અવનીશબાબુ પર શક આવે છે?' ફેલુદા બોલ્યા: 'સ્ટૅમ્પનો જેને આટલો બધો શૉખ હોય એના હાથમાં થોડા રોકડા રૂપિયા આવે તો સગવડ જ રહે ને?' મેં કહ્યું: 'પણ જ્યારે ઉપલે માળથી નીચે આવ્યા ત્યારે જે ફોન આવ્યો હતો એ તો અવનીશબાબુએ નહોતો કર્યો.'

'ના. એ તો મસૂલંદપુરના આદિત્યનારાયણ સિંહે કર્યો હતો.'

સમજી ગયો. ફેલુદા મજાક કરવાના મિજાજમાં હતા, એટલે અત્યારે એની સાથે વાત કરવી બેકાર હતી.

જ્યારે અમે ઘેર પાછા ફર્યા ત્યારે આઠ વાગી ગયા હતા. ફેલુદાએ કોટ કાઢીને પલંગ પર ફેંકતાં કહ્યું: 'હું હાથ-મોં ધોઈ આવું એટલી વારમાં તું ડિરેક્ટરીમાંથી કૈલાસબાબુનો ફોન-નંબર કાઢ.'

ડિરેક્ટરી હાથમાં લઈ ટેલિફોન પાસે બેઠો ત્યાં જ ક્રિંગ કરીને ફોનની ઘંટી વાગતાં હું ખાસ્સો ચમકી ગયો. મેં રિસીવર ઉપાડ્યું:'હલ્લો!'

'કોણ?' આ કેવો અદ્ભુત અવાજ! આ અવાજ તો હું ઓળખતો નહોતો! મેં પૂછ્યું: 'કોનું કામ છે?'

કર્કશ ગંભીર અવાજે જવાબ આપ્યો: 'આટલી નાની ઉંમરે ડિટેક્ટિવ જોડે શા માટે ફરે છે? જાનનો ડર નથી?'

હું ફેલુદાનું નામ લઈ બૂમ પાડવા જતો હતો, પણ ગળામાંથી અવાજ જ ન નીકળ્યો. કાંપતે હાથે ફોન મૂકી દેવા જતો હતો ત્યાં ફરી એ માણસ બોલ્યો: 'ચેતવી દઉં છું, તને અને તારા મોટા ભાઇને પણ. પરિણામ સારું નહિ આવે.'

હું તો કાષ્ઠવત્ બેસી રહ્યો. બાથરૂમમાંથી બહાર આવી ફેલુદા બોલ્યા: 'આ શું? આમ સૂનમૂન કેમ બેઠો છે? કોઇનો ફોન હતો?'

જેમતેમ બધી વાત ફેલુદાને કરી. જોયું કે એ પણ ગંભીર બની ગયા હતા. પછી મારી પીઠ પર ધબ્બો મારી બોલ્યા: 'ગભરાઈશ નહિ આપણી જોડે માણસ હશે—પોલીસના માણસ. કંઈ ડરવા જેવું નથી. કાલે એક વાર વિક્ટોરિયા મેમોરીઅલ તો જવું જ પડશે.'

રાતે સરખી ઊંઘ પણ ન આવી. કેવળ ટેલિફોનને લીધે જ નહિ. કૈલાસબાબુના ઘરમાંની ઘણી બધી વસ્તુઓ આંખો સામે તરવરતી હતી. એ લોખંડની રેલિંગવાળો અગાશી સુધી ઉપર જતો દાદર, પહેલા માળનો માર્બલ જડિત અંધારો લાંબો બારામદા, ને પેલા બારણામાંથી ડોકિયું કરતા કૈલાસબાબુના પિતાજીનો ચહેરો. કૈલાસબાબુ તરફ એવી રીતે કેમ જોતા હતા તેઓ? અને કૈલાસબાબુ બંદૂક હાથમાં લઈ અગાશી પર શા માટે ગયા હતા? શાનો અવાજ સાંભળ્યો હશે એમણે?

ઊંઘવા જતાં પહેલાં ફેલુદાએ એક વાત કહી હતી: 'ખબર છે તો-પસે—જેઓ પત્ર લખી અને ફોન કરીને ધમકી આપે તેઓ અસલમાં મોટે ભાગે કાયર હોય છે.' એ વાત યાદ કર્યા કરી ત્યારે માંડ ઊંઘ આવી.

બીજે દિવસે સવારે ફેલુદાએ કૈલાસબાબુને ફોન કરીને કહ્યું કે તેઓએ ઘરમાં નિરાંતે બેસી રહેવું; જે કરવાનું છે તે ફેલુદા પોતે જ કરશે.

મેં પૂછ્યું: 'વિક્ટોરિયા મેમોરીઅલ ક્યારે જવાનું છે?'

'કાલે ગયા હતા એ જ સમયે. ઠીક, પણ તારી પાસે ડ્રૉઈંગ બુક અને પેન્સિલ બેન્સિલ છે ને?' 'કેમ, એનું શું કામ છે?'

'છે કે નહિ એ કહેને!' 'એ તો હોય જ ને!'

'સાથે લઈ લેજે. લિલીના છોડની ઊંધી દિશામાં થોડે દૂર ઊભા રહી તું ચિત્ર દોરજે—ઝાડપાન, મેમોરીઅલ બિલ્ડિંગ જે તને આવડે તે. હું તારો માસ્તર બનીશ.'

ફેલુદાનો હાથ ડ્રૉઈંગમાં ઘણો સારો છે. કોઈ માણસને માત્ર એક વાર જુએ તો એનો પેન્સિલ સ્કેચ સરસરાટ દોરી કાઢવાની એનામાં અજબ શક્તિ છે. તેથી જ ડ્રૉઈંગ માસ્ટરનું કામ તેને બરાબર બંધ બેસશે.

શિયાળામાં દિવસ ટૂંકા. તેથી અમે ચાર વાગ્યા પહેલાં જ વિક્ટોરિયા મેમોરીઅલ પહોંચી ગયા. સોમવાર હોઈ ભીડ હતી જ નહિ. બાબાગાડીમાં સાહેબ લોકોનાં બાળકો લઈને ત્રણેક નેપાળી આયાઓ ફરતી હતી. એક મારવાડી પરિવાર અને એકાદ બે વૃદ્ધો ત્યાં હતા. આ તરફ લોકોની અવરજવર પણ ઓછી હતી. કૉમ્પાઉન્ડની અંદર જ, પણ ગેટથી ખાસ્સા દૂર ચૌરંગી ભણી એક મોટા વૃક્ષ નીચે બે પાટલૂનધારી માણસો નજરે પડયા. એમને દેખાડી ફેલુદાએ મને હળવેકથી કોણી મારી. સમજ્યો. એ હતા પોલીસના માણસો. પોલીસના કેટલાક માણસોમાં ફેલુદાનું બહુ માન છે એ મને ખબર હતી.

લિલીના ક્યારા સામે થોડે દૂર ડ્રૉઈંગ-બુક કાઢીને મેં ચિત્ર દોરવાનું શરૂ કર્યું. પણ એવી સ્થિતિમાં કંઈ ચિત્ર દોરવામાં મન લાગે? આંખો અને મન બંને બીજા ધ્યાનમાં ચાલ્યાં જાય, અને ફેલુદા વચ્ચેવચ્ચે આવીને ધમકાવે, અને પેન્સિલ વડે સરસર કરતા કંઈક આડુંઅવળું દોરી આપે—જાણે કેટલું બધું કરેક્ટ કરતા ન હોય! મારી પાસેથી દૂર જાય કે ફેલુદા બાઇનૉક્યુલર આંખે માંડી આમતેમ જુએ.

સૂર્ય ડૂબવાની તૈયારીમાં હતો. પાસેના ચર્ચના ઘડિયાળમાં ટન્ ટન કરતા પાંચના ટકોરા પડયા. બાગમાં જે કોઈ હતા તે લોકો હવે જવા લાગ્યા. કારણ થોડી વારમાં જ હવે ઠંડી પડવા લાગશે. પેલાં મારવાડીઓ એક મોટી ગાડીમાં બેસી ચાલ્યાં ગયાં. આયાઓ પણ બાબાગાડીઓ ઠેલતી જવા માંડી. લૉઅર સર્ક્યુલર રોડ પરની ઑફિસેથી પાછી ફરતી ગાડીઓની ભીડ શરૂ થઈ ગઈ. વારેવારે હૉર્નનો અવાજ કાને પડતો હતો. ફેલુદા મારી પાસે ઘાસ પર બેસવા જતા હતા પણ અટકી ગયા. મેં જોયું તો તેની નજર વિક્ટોરિયા મેમોરીઅલના ગેટ પર હતી. મેં એ તરફ નજર નાખી. ગેટની બહાર થોડે દૂર રસ્તાની ધારે બ્રાઉન ચાદર લપેટીને એક આદમી ઊભો હતો. ફેલુદા આંખે બાઇનૉક્યુલર માંડી થોડી વાર એને જોઈ રહ્યા. પછી મને જોવા કહ્યું.

'પેલો ચાદરવાળો માણસ ને?' 'હા.'

બાઇનૉક્યુલર આંખે લગાડતાં જ હું ચમકી ગયો: 'આ શું! આ તો કૈલાસબાબુ છે.'

'હા, ચાલ. નક્કી એ આપણને શોધવા આવ્યા છે.'

પણ અમે એ તરફ રવાના થયા એ જ વખતે કૈલાસબાબુએ પણ ચાલવા માંડયું. ગેટ બહાર આવી અમે જોયું તો તેઓ નજરે ન પડયા.

ફેલુદા બોલ્યા: 'ચાલ શ્યામપુકુર. લાગે છે કે એમણે આપણને જોયા નથી. અને આપણે ન દેખાયા તેથી જરૂર ગભરાઈ ગયા હશે.'

ટૅક્સી મળત તો તો એ જ હોત, પણ ઑફિસો છૂટવાના સમયે ટૅક્સી મળવી મુશ્કેલ હતી. તેથી ટ્રામ પકડવા માટે ચૌરંગી ભણી રવાના થયા. રસ્તા પર એક પછી એક હારબંધ ગાડીઓ જતી હતી. કલકત્તા ક્લબ પાસે પહોંચ્યા ત્યારે એક એવો બનાવ બન્યો કે એ યાદ આવતાં અત્યારે પણ મને તો પસીનો છૂટી જાય છે. ચાલતાં ચાલતાં ફેલુદાએ અચાનક જ જોરથી હડસેલો મારીને મને લગભગ રસ્તાને એક છેડે ધકેલી દીધો. ને સાથેસાથે પોતે પણ કૂદકો માર્યો. બીજી જ પળે, ભયંકર સ્પીડમાં અને જબરદસ્ત અવાજ સાથે એક ગાડી અમારી લગભગ અડોઅડ થઇને દોડી ગઈ.

'વ્હૉટ ધ ડેવિલ!' ફેલુદા બોલી ઊઠયા : 'ગાડીનો નંબર...'. પણ એનો કોઈ ઉપાય નહોતો. સાંજના અંધારામાં બીજી ગાડીઓની ભીડમાં એ ક્યાંય ભળી ગઈ હતી. મારા હાથમાંની ડ્રૉઇંગબુક ક્યાં ઊડી ગઈ. તેની યે ખબર રહી નહિ. પણ પછી એને શોધવામાં અમે સમય બગાડયો નહિ. એ તો હું બરાબર સમજી ગયો હતો કે ફેલુદાએ સમયસૂચકતા ન વાપરી હોત તો અમે બંને એ ગાડી નીચે અચૂક કચરાઈ મૂઆ હોત.

ટ્રામમાં આખે રસ્તે ફેલુદા ગંભીર મોં કરી બેસી રહ્યા. કૈલાસબાબુને ઘેર પહોંચી સીધા બેઠકખંડમાં ગયા. ત્યાં સોફા પર બેઠેલા કૈલાસબાબુને ફેલુદાએ પહેલું જ પૂછ્યું : 'આપે અમને જોયા નહોતા?'

કૈલાસબાબુ તો એકદમ આભા જ બની ગયા. કહે : 'ક્યાં ન જોયા? શી વાત કરો છો તમે?'

'કેમ, આપ તો વિક્ટોરિયા મેમોરીઅલ પર આવ્યા હતા!'

'હું? શું કહો છો? હું તો અત્યાર સુધી મારા ઓરડામાં પથારીમાં પડ્યો ફિકરમાં ઊંચોનીચો થતો હતો. હજી હમણાં જ નીચે આવ્યો.'

'તો શું આપને કોઈ જોડિયો ભાઈ છે?'

કૈલાસબાબુ તો બિલકુલ અવાક્ જ થઈ ગયા. પછી બોલ્યા : 'એ શું મેં તમને તે દિવસે નહોતું કહ્યું?' 'શું કહ્યું હતું?'

'કેદારની વાત? કેદાર મારો જોડિયો ભાઈ છે.'

ફેલુદા સોફા પર બેસી પડયા. કૈલાસબાબુનું મોં પણ ઊતરી ગયું. કાંપતે અવાજે બોલ્યા : 'તમે કેદારને જોયો? એ ત્યાં હતો?'

'એની સિવાય બીજું કોઈ ન હોઈ શકે.' 'સર્વનાશ!'

'કેમ? શું કેદારબાબુનો એ પથ્થર પર અધિકાર હતો?'

કૈલાસબાબુ અચાનક કેવા યે થઈ ગયા. સોફાના હાથા પર માથું ઢાળી દઈ એક દીર્ઘ નિસાસો મૂકી બોલ્યા : 'તે હતો... તે હતો. કેદારે જ પ્રથમ એ પથ્થર જોયો હતો. મેં મંદિર જોયું હતું, પણ દેવમૂર્તિના કપાળ પરનો પથ્થર તો એણે જ પહેલો જોયો હતો.' 'પછી?'

'પછી શું? એક રીતે, કહોને કે જિદ કરીને જ મેં એ પથ્થર લીધો હતો. જો કે હું તો મનમાં જાણતો હતો કે મારી પાસે એ હશે તો રહેશે અને કેદાર લેશે તો વેચી મારશે, ને પૈસા ઉડાવી દેશે. અને એની કેટલી કિંમત છે એનો મને ખયાલ હતો, પણ કેદારને મેં કહ્યું નહોતું. સાચું કહું તો કેદાર વિદેશ ગયો ત્યારે મારા જીવને નિરાંત વળી હતી. પણ લાગે છે પરદેશમાં એનું કંઈ વળ્યું નહિ હોય, અને તેથી જ પાછો આવ્યો હશે. હવે લાગે છે કે એ પથ્થર હાથ કરીને એને વેચીને રોકડા રૂપિયા ઉપજાવવાનો એનો ખયાલ હશે.' થોડી વાર ચૂપ રહી ફેલુદાએ પૂછ્યું : 'હવે એ શું કરશે એ આપ કહી શકો છો?'

'ખબર નહિ. પણ એક વાર એને મારી સામે મોઢામોઢ તો આવવું જ પડશે. હું ઘરમાંથી બહાર નીકળ્યો નથી, અને ભિલી નીચે પથ્થર મૂક્યો નથી. તેથી એ ચોક્કસ અહીં આવશે.'

'આપ ઇચ્છો છો કે હું એ માટે કંઈ વ્યવસ્થા કરું?'

'ના. હવે તેની જરૂર નથી લાગતી. હવે એ મારી જોડે વાત કર્યા વિના કંઈ કરે એવું લાગતું નથી. અને વાત કરવા આવશે તો હું વિચારું છું કે એ પથ્થર એને આપી જ દઈશ. તમારું કામ હવે પૂરું થયું. જીવનું જોખમ લઈ તમે જે રીતે વિક્ટોરિયા મેમોરીઅલ ગયા તે માટે હું સાચે જ તમારો ઋણી છું. તમે બિલ મોકલી દેજો. હું ચેક આપી દઈશ.'

ફેલુદા બોલ્યા : 'જીવનું જોખમ તો ખરું જ. એક ગાડીએ પાછળથી ધસી આવી અમને હડફેટમાં લઇને લગભગ કચરી જ નાખ્યા હતા.'

મારી કોણી જરાક છોલાઈ ગઈ હતી તે હું અત્યાર સુધી છુપાવવાની કોશિશ કરતો હતો. પણ ખુરશી પરથી ઊઠતી વખતે ફેલુદા એ જોઈ ગયા : 'આ શું? તારા હાથે લોહી?' એ પછી કૈલાસબાબુને કહ્યું : આપની પાસે ડેટૉલ કે આયોડિન હોય તો આપશો? આ બધા ઘાને સેપ્ટિક થતાં બહુ વાર નથી લાગતી.'

કૈલાસબાબુ આકળા થઈ બોલ્યા : 'હા રે, શું કલકત્તાના રસ્તાઓ થઈ ગયા છે! જરા થોભો, અવનીશને પૂછી જોઉં.' અવનીશના રૂમ પાસે જઈ એને ડેટૉલ માટે પૂછતાં એણે આશ્ચર્યથી પૂછ્યું : 'તમે જ તો સાતેક દિવસ પહેલાં લાવ્યા હતા તે શું એટલામાં ખલાસ થઈ ગયું?'

કૈલાસબાબુ જરાક લજવાઇને બોલ્યા : 'અરે હા, બરાબર. આ ધ્યાનમાં જ ન રહ્યું. મારું મગજ જ ઠેકાણે નથી!'

ત્યાંથી નીકળ્યા પછી ફેલુદાએ કોર્નવૉલિસ સ્ટ્રીટ તરફ ટ્રામ પકડવા ન જતાં બિલકુલ ઊંધી દિશામાં ચાલવા માંડ્યું. હું કંઇ પૂછું તે પહેલાં જ એમણે ખુલાસો કર્યો : 'ગણપતદા જોડે જરા ટેસ્ટમૅચની ટિકિટની વાત કરી લઉં. આટલે સુધી આવ્યા છીએ તો...'

કૈલાસબાબુના ઘરની નજીકમાં જ ચેટર્જીનું ઘર છે. મેં એમનું નામ તો ફેલુદા પાસે સાંભળ્યું હતું, પણ ક્યારેય જોયા ન હોતા. એમના દરવાજે ટકોરા મારતાં જ ગંજી ઉપર પુલઑવર પહેરેલા એક હૃષ્ટપુષ્ટ સજ્જને બારણાં ખોલ્યાં : 'અરે, ફેલુ માસ્ટર તું! શા ખબર છે?'

'એક ખબર તો જાણી જ ગયા હશો.'

'એ તો સમજી ગયો, પણ સદેહે તાકીદ કરવા ન આવત તોય ચાલત. તારી રિક્વેસ્ટ કંઇ ભૂલી જાઉં? જ્યારે મેં કહ્યું છે કે ટિકિટ દઈશ એટલે દેવાનો જ.'

'આવવાનું કારણ જોકે બીજું જ છે. સાંભળ્યું છે કે તમારા ઘરની અગાશી પરથી ઉત્તર કલકત્તાનો વ્યૂ ખૂબ સરસ દેખાય છે. એક ફિલ્મ કંપની માટે એ જોવા આવ્યો છું.'

'જરૂર, ખુશીથી! સીધા દાદર ચડી જાઓ. એટલામાં હું ચાની તૈયારી કરું છું.'

ત્રીજા માળની અગાશી પરથી પૂર્વ તરફ નજર નાખી તો કૈલાસબાબુનું મકાન દેખાયું. નીચેના બગીચાથી માંડી અગાસી સુધી બધું જ દેખાતું હતું. પહેલા માળના એક ઓરડામાં લાઈટ જલતી હતી અને ત્યાં કોઈ આમતેમ આંટા મારતું હતું. એ તો નરી આંખે જ જોઇને લાગ્યું કે એ કૈલાસબાબુના પિતાજી હતા. અગાશી પરની પેલી કાતરિયા જેવી ઓરડીની બારી તરફની દીવાલ પણ દેખાતી હતી. બારણું કદાચ પેલી તરફ હશે. એવામાં પહેલે માળે એક બત્તી થઈ. કદાચ પેલા દાદરની બત્તી હશે. ફેલુદાએ બાઇનૉક્યુલર આંખે માંડ્યું અને બોલવા લાગ્યો : 'એક જણ દાદર ચડે છે. કોણ હશે? કૈલાસબાબુ જ લાગે છે. એમનો પેલો બ્રાઉન સિલ્કનો ડ્રેસિંગ ગાઉન ઓળખાઈ આવે છે.' પછી કદાચ કૈલાસબાબુ દેખાયા નહિ હોય. ફેલુદા ચૂપ હતા. થોડી વારે તેઓ અગાશી પર આવ્યા. મેં પણ એમને જોયા. તુરત અમે બંને જણ એકસાથે પાળ પાછળ વાંકા વળી ગયા અને પાળની કિનારી ઉપરથી આંખો માંડી રાખી.

કૈલાસબાબુ આમતેમ જોઇને પછી ઓરડીથી અવળી દિશામાં ચાલ્યા ગયા. એ પછી એ ઓરડીની બત્તી થઇ અને કૈલાસબાબુ બારી

પાસે દેખાયા. એમની પીઠ અમારી તરફ હતી. મારી છાતી જોરથી ધબકવા માંડી. જરા વાર ઊભા રહી તેઓ ત્યાં જ બેસી ગયા એમ લાગ્યું.

થોડી વાર પછી એ ફરી બારીમાં દેખાયા. એમણે ઓરડીની બત્તી ઠારી નાખી અને દાદર ઊતરી નીચે ચાલ્યા ગયા. આ જોઈ ફેલુદા બોલી ઊઠયા : 'ગોટાળો ! જરૂર ગોટાળો જ છે.'

મૂંઝવણની સ્થિતિમાં હોય ત્યારે ફેલુદાને કંઈ પણ પૂછવાની હિંમત હું નથી કરતો. બીજા કોઈ સમયે વિચારમાં હોય ત્યારે એ આંટા મારે છે. પણ આજ જોયું કે એ પથારીમાં લંબાવીને છત ભણી એકીટશે તાકી રહ્યા હતા. રાતે સાડા દસે જાગીને જોયું તો એ ડાયરીમાં કંઈક ટપકાવતા હતા. એ બધું લખાણ અંગ્રેજી ભાષામાં જ લખતા. પણ ગ્રીક લિપિમાં લખતા. હવે મને લાગ્યું કે કૈલાસબાબુની ના છતાં એ પેલા પથ્થરના કેસનું કામ આગે ધપાવ્યે જતા હતા.

ઊંઘતાં મોડું થઈ ગએલું એટલે સવારે ફેલુદાએ હચમચાવ્યો ત્યારે જ હું જાગ્યો. 'એઈ, તાપસે, ઊઠ ! ચાલ શ્યામપુકુર જવાનું છે.'

'કૈલાસબાબુને ત્યાં ? શા માટે ?'

'મેં ફોન કર્યો હતો, પણ કોઇ ઉપાડતું નથી. ત્યાં કંઇક ગરબડ લાગે છે.'

ઉતાવળે તૈયાર થઈ ટૅક્સી કરી અધ્ધર શ્વાસે શ્યામપુકુર ઊપડયા. ગાડીમાં ફેલુદા એક જ વાક્ય બોલ્યા : 'શો ભયંકર માણસ ! બાપરે ! જરા વહેલું સમજાયું હોત તો કદાચ આટલી દોડધામ ન કરવી પડત.'

કૈલાસબાબુના ઘેર પહોંચ્યા ત્યારે બારણાં ખુલ્લાં જ હતાં. ફેલુદાએ સીધી અંદર દોટ મૂકી. દાદર વટાવી અવનીશબાબુના ઓરડા સામે પહોંચ્યા તો અમારી આંખો ફાટી જ રહી. ટેબલ સામે એક ખુરશી ઊંધી પડી હતી. અને તેની બાજુમાં જ જમીન ઉપર અવનીશબાબુ પડયા હતા. એમના બંને હાથ દોરીથી પાછળ બાંધેલા હતા અને મોં ઉપર કચકચાવીને રૂમાલ બાંધેલો હતો. દોડીને ફેલુદાએ એની પાસે પહોંચી જઇને અર્ધી મિનિટમાં દોરી ને રૂમાલ છોડી નાખ્યાં. બંધનમુક્ત થતાં જ અવનીશબાબુ બોલી ઊઠયા : 'ઓહ, થૅન્ક ગોડ !'

'તમારી આ દશા કોણે કરી ?' ફેલુદાએ પૂછ્યું.

ઊઠીને બેઠા થતાં એમણે કહ્યું : 'મામાએ. કૈલાસમામાએ. મેં આપને નહોતું કહ્યું કે મામાનું મગજ ખરાબ થઇ ગયું છે ? પરોઢિયે અહીં આવીને હું ઓરડાની બત્તી કરી કામ કરતો હતો. એકાએક મામાએ આવીને બત્તી ઓલવી નાખીને પછી મારા માથા પર લાઠી ઠોકી. એ પછી મને કંઇ ભાન રહ્યું નહિ. થોડી વાર પહેલાં ભાન આવ્યું, પણ ત્યારે હું ન તો હલીચલી શકતો હતો કે ન તો બૂમ પાડી શકતો હતો.'

'અને કૈલાસબાબુ ?' ફેલુદા લગભગ ચીસ પાડી ઊઠયો.

'એમની મને ખબર નથી.'

ફેલુદા એક કૂદકે ઊઠીને ખંડની બહાર નીકળી ગયા. હું પણ એમની પાછળ દોડયો. બેઠક ખંડમાં જઇને જોયું, પણ ત્યાં કોઇ ન દેખાયું. ફેલુદા એકીસાથે ત્રણત્રણ પગથિયાં કુદાવતા ઉપર સીધા કૈલાસબાબુના રૂમમાં પહોંચ્યા. પલંગના દેખાવ પરથી લાગ્યું કે રાતે તેના પર કોઇ સૂતું તો હશે જ, પણ અત્યારે રૂમ ખાલી હતો. કબાટ પણ ખુલ્લો ફટાક હતો. ફેલુદાએ દોડીને ખાનું ખોલ્યું અને પેલી મખમલની ડબ્બી બહાર કાઢી. જોયું તો અંદર પેલો કિંમતી પથ્થર એમનો એમ જ હતો.

એટલામાં અવનીશબાબુ પણ આવી પહોંચ્યા. એમનો ચહેરો તદ્દન પડી ગયો હતો. એમને જોઇને ફેલુદાએ પૂછ્યું, 'અગાશીના કાતરિયાની ચાવી કોની પાસે છે ?' 'એ તો મામા પાસે રહે છે.'

'તો પછી ચાલો ઉપર'. કહી ફેલુદા એમને બહાર તાણી ગયા.

અંધારિયો દાદર ચડી અમે ત્રણે ઉપર પહોંચ્યા. જોયું તો કાતરિયાની ઓરડીના બારણે તાળું મારેલું હતું. આ વખતે જોયું મેં ફેલુદાનું બળ. બારણાથી ત્રણેક હાથ દૂર ખસી ખભો આગળ કરી એમણે વાઘની જેમ કૂદી બારણાંને હડસેલો માર્યો. આમ ચોથી વારના ધક્કે ખીલા સાથે આગળો નીકળીને પડી ગયો અને બારણાં ફટાક કરતાં ખૂલી ગયાં.

અમે ત્રણે જણ ઓરડીમાં ધસી ગયા. થોડી વાર તો કશું જ દેખાયું નહિ, પણ પછી આંખ ટેવાઈ જતાં જોયું તો એક ખૂણામાં અવનીશબાબુની જેમ જ બાંધેલી દશામાં કોઈ પડયું હતું. એ કોણ હતું ? કૈલાસ ચૌધરી કે કેદાર ચૌધરી ?

દોરી છોડી તેમને ઊંચકીને અમે એમને નીચે કૈલાસબાબુના ઓરડામાં લાવીને પલંગ ઉપર સુવાડયા. એ વખતે એ સજ્જન ફાટી આંખે ફેલુદા ભણી તાકી ક્ષીણ અવાજે બોલ્યા : 'તમે કોણ ?'

'હું પ્રદોષ મિત્તિર. પેલો પત્ર આપે જ મને લખ્યો હતો ને ? પણ આપનો પ્રત્યક્ષ પરિચય થવાનું સૌભાગ્ય પ્રાપ્ત નહોતું થયું,' એમને આટલો ઉત્તર આપીને પછી ફેલુદાએ અવનીશબાબુને કહ્યું : 'આમને માટે તમે જરા ગરમ દૂધની વ્યવસ્થા કરી શકશો ?'

હું તો અવાક્ બની એ સજ્જન ભણી જોઈ જ રહ્યો. તો શું આ

મેં સાહસ કર્યું .... કિરીટ જે. બક્ષી

લગભગ ૧૯૬૯ની સાલની આ વાત છે. ત્યારે હું દસમા ધોરણમાં ભણતો હતો. તે સમયે ચોમાસામાં વર્ષાની મહેર સારા પ્રમાણમાં થએલી. ત્યારે અમારા ગામમાં (વિંછિયા, વાયા રાજકોટ) લગભગ સાંજના પાંચથી રાતના દસ કે અગિયાર વાગતાં સુધીમાં અઢાર ઈંચ વરસાદ પડેલો.

ત્યારે નવ–સાડા નવના અરસામાં શેરીમાં પાણી ભરાઈ ગયું. પાણીની સપાટી વધવા લાગી. અમારા પડોશીઓએ ઘર ખાલી કરી સલામત જગ્યાએ જવાનું નક્કી કર્યું. અમે પણ ઘરની ડેલીનાં બારણાં પાસે ઊભેલા કે જેથી કોઈ લેવા આવે તો નીકળી જઈએ.

અમે ચાર જણાં હતાં : હું, મારાં માતા-પિતા અને બહેન. વરસાદ ધોધમાર પડતો હતો. ત્યાં......એક જોરદાર અવાજ થયો ! હું અને બહેન સહેજ ખસીને ઓટલા પર ચડયાં. અમે જોયું કે જે ડેલીનાં બારણાં પાસે અમે ઊભાં હતાં તે મેડીબંધ ડેલીની દીવાલ તૂટી પડી હતી. પથ્થર અને બેલાંનો ઢગ ખડકાયો હતો. ઓટલા પર જ મને વિચાર આવ્યો કે માતાપિતા કયાં ? એક ધ્રુજારી આવી ગઈ...બન્ને પેલા પથ્થર–બેલાંનાં ઢગ નીચે જ હશે... મને એકાએક ઝનૂન ચડી આવ્યું. ઓટલા પરથી કૂદકો મારી એ પથ્થરના નાના ડુંગર પર ચડી ગયો અને ઉપરથી પથ્થર તથા બેલાં નીચે ફેંકવા લાગ્યો....

'બચાવો...કોઈ બચાવો...મરી ગઈ...' કાળજું કંપાવી દે તેવી ચીસ મારા કાન પર અથડાઈ અને મેં વધુ જોશમાં આવી પથ્થર દૂર કરવા માંડયા....

બારણાની ઓથમાં દબાએલાં-માતા-પિતા ધીમેથી બહાર આવ્યાં મારા હાથ તથા પગ છોલાઈ ગયા હતા. ત્યાંથી બહાર પાણીમાં નીકળી એક સંબંધીને ઘેર ગયાં ત્યારે ખયાલ આવ્યો કે માતા-પિતાને માથા પર પથ્થરો પડતાં ઘણું વાગ્યું હતું.

બીજે દિવસે સવારે ત્યાં જતાં હું અચંબો પામી ગયો કે મેં કઈ તાકાતથી આ પથ્થરને દૂર ખસેડયા હશે ? તેમાં દબાએલો માણસ જીવે જ નહિ એમ બધાએ મત દર્શાવ્યો. એ સાહસની યાદ હજી કયારેક રૂંવાડાં ખડાં કરી દે છે. □

કૈલાસ ચૌધરી હતા? તેઓ તકિયાને ટેકે જરા ટટ્ટાર થઈ બેઠા ને બોલ્યા: 'શરીરમાં કૌવત હતું એટલે જ ટકી રહ્યો. બીજો કોઈ હોત તો આ ચાર દિવસમાં...' ફેલુદાએ એમને બોલતા અટકાવી કહ્યું : 'આપ શાંત થાઓ. હમણાં વધુ તકલીફ ન લેશો'.

'થોડું તો બોલવું જ પડશે. નહિ તો તમને નહિ સમજાય. તમારી સાથે મેળાપ થાય જ શી રીતે? જે દિવસે તમને પત્ર લખ્યો તે દિવસે જ એણે મારા આ હાલ કર્યા. ચામાં કોઈ દવા ભેળવીને એણે મને પ્રથમ બેહોશ કરી દીધો. બાકી એના જોરથી તો એ શક્ય જ નહોતું.'

'અને તે દિવસથી જ એ કૈલાસ ચૌધરી બની બેઠા હતા, ખરુંને?

કૈલાસબાબુએ માથું હલાવી હા કહી ને વ્યથિત સ્વરે બોલ્યા: 'વાંક તો મારો જ હતો. મને વધારીવધારીને બડાશ મારવાની ટેવ છે. એ કદાચ અમારા લોહીમાં જ લાગે છે. પચાસ રૂપિયા દઇને મેં જબલપુરના બજારમાંથી એક પથ્થર ખરીદ્યો હતો. શી દુર્મતિ સૂઝી કે મેં પાછા આવીને ચાંદાના જંગલના દેવમંદિરની વાતનું ગપ્પું મારી કેદારને ચકિત કરી દીધો. પણ તે દિવસથી જ એ પથ્થર પર એની નજર હતી. મારા નસીબની યારી પણ એનાથી સહેવાતી નહોતી. મારું કશું જ સારું એ જોઈ શકતો નહિ. એ માનતો હશે કે અમે બંને જોડિયા ભાઈ, જોવામાં બંને વચ્ચે કોઈ તફાવત દેખાતો નથી, અને છતાં મારા ગુણ, મારી આમદાની, મારું નસીબ, આ બધામાં અમારા બંને વચ્ચે ફરક કેમ? એ બેપરવા અને અતિ અવિચારી સાહસિક છે. એક વાર બનાવટી નોટો છાપવામાં ફસાયો હતો. મેં જ એને જેમતેમ કરી બચાવ્યો. વિલાયત ગયો તે ય મારી પાસેથી ઉધાર પૈસા લઇને. મને એમ કે ઉપાધિ ટળી. આ સાતેક દિવસ પહેલાં ઘેર આવી મેં જોયું તો પથ્થર નહોતો. એનું આ પરાક્રમ હશે એવો તો મને ખયાલ જ નહિ. નોકર-ચાકરોને ધમકાવ્યા. પણ એ બિચારાને શી ખબર હોય? ગુરુવારે મેં તમને પત્ર લખ્યો. તે જ દિવસે રાતે એ આવ્યો. બજારમાં પેલા પથ્થરની કિંમત અંકાવવા ગયો હશે ત્યારે એને ખબર પડી કે પથ્થરની કંઈ કિંમત જ નથી, અને એણે તો લાખ રૂપિયાનું સપનું જોયું હતું! ખિજવાઇને લાલચોળ. પૈસાની જરૂર હતી. કમસે કમ વીસ હજાર એને જોઈતા હતા. એણે માગ્યા. મેં ના પાડી. એટલે એણે મને બેહોશ કરી બંદી બનાવ્યો. કહે હું રૂપિયા નહિ આપું ત્યાં સુધી એ મને છોડશે નહિ, અને એ એટલા દિવસ કૈલાસ ચૌધરી બની બેસશે. એને મારા બદલે કોર્ટમાં જવું ન પડે એ માટે પોતે માંદગીનું બહાનું કાઢીને રજા લેશે.'

અને પછીની વાત આગળ ચલાવતાં ફેલુદાએ કહ્યું: 'જ્યારે આપનો પત્ર લઇને હું અહીં મળવા આવ્યો એટલે એ મુસીબતમાં ફસાઇ ગયા. તેથી એમણે અમને દસેક મિનિટ બેસાડી રાખી એક ધમકી દેતી ચિઠ્ઠી અને એક કાલ્પનિક શત્રુ તૈયાર કર્યો. આટલું ન કરે તો અમને શક પડે. વળી, હું તપાસ હાથ ધરું તેમાં યે એને મુસીબત હતી. તેથી ટેલિફોન દ્વારા ધમકી આપ્યા પછી યે ગાડી નીચે કચરી નાખીને અમને દૂર કરવાની એણે કોશિશ કરી.' કૈલાસબાબુએ ભવાં ચઢાવી પૂછ્યું: 'પણ મને એ સમજાતું નથી કે કેદાર મને આ રીતે છોડીને અચાનક ચાલ્યો કેમ ગયો? હું કાલ રાત સુધી એને પૈસા આપવા તૈયાર થયો નહોતો. તો શું એ ખાલી હાથે ચાલ્યો ગયો?'

એટલામાં અવનીશબાબુ દૂધ લઇને આવી ગયા. એમણે કૈલાસબાબુનું છેલ્લું વાક્ય સાંભળ્યું ને બરાડી ઊઠ્યા: 'ખાલી હાથે શાના જાય? મારી ટિકિટ-મારી મહામૂલ્ય વિક્ટોરિયાની ટિકિટ ઉઠાવી ગયા છે એ'.

'પેલી ટિકિટ ઉપાડી ગયા?' ફેલુદાએ આંખો વિસ્ફારિત કરી અવનીશબાબુને પૂછ્યું.

'લઈ જ ગયા તો! કેદારમામાએ મને પાયમાલ કરી નાખ્યો.'

'તમે એના કેટલા રૂપિયા અંદાજ્યા હતા?'

'વીસ હજાર રૂપિયા.'

'પણ,' ફેલુદાએ અવનીશબાબુ તરફ વાંકા વળી ધીમે સ્વરે કહ્યું: 'કૅટલૉગમાં તો લખ્યું છે એવી ટિકિટની કિંમત ૫૦ રૂપિયાથી વધુ નથી.'

અવનીશબાબુનો ચહેરો ફિક્કો પડી ગયો!

ફેલુદા બોલ્યા: 'તમારામાં ય તો ચૌધરી વંશનું લોહી ખરુંને? એટલે જ તો તમે પણ જરા રંગ ચડાવીને જ તડાકા મારવાનું પસંદ કરો છો!'

બિચારા એ એકદમ બાળકની જેમ રોતલ મોં કરી બોલ્યા: 'શું કરું? બોલો. ત્રણ વર્ષમાં ચાર હજાર ધૂળભર્યાં કાગળપત્રો ફેંદયા, પણ એકે સારી ટિકિટ ન મળી! તેથી જરાક ગપ્પું મારીને લોકોને આશ્ચર્ય પમાડી આનંદ મેળવવાનો પ્રયત્ન કર્યો.'

ફેલુદા ખડખડાટ હસી પડ્યા અને અવનીશબાબુની પીઠ થાબડી બોલ્યા: 'કુછ પરવા નહિ. તમારા કેદાર મામાને અજાણતાં ય તમે જે રીતે ઉલ્લુ બનાવ્યા છે એ વાત યાદ આવશેને તો ય તમને ખૂબ મજા પડશે. અચ્છા, જવા દો એ વાત. ચાલો, દમદમ એરપોર્ટ પર ટેલિફોન કરી લઉં. કેદારબાબુ નાસી જશે એનો અંદાજ આવતાં જ મેં સવારે એર ઇંડિયામાં ફોન કરી જાણી લીધું હતું કે આજના બૉમ્બે જતા પ્લેનમાં એમનું બુકિંગ છે. પોલીસ તો ત્યાં હશે જ. તેથી તેઓ છટકી નહિ શકે. સારા નસીબે તપેશની કોણી ઉઝરડાઇ ગઇ! ડેટૉલની વાતથી મને પહેલવહેલો શક પડ્યો હતો.'

કેદારબાબુને ગિરફતાર કરવામાં તકલીફ પડી ન હતી, ને અવનીશબાબુને પણ એમની પચાસ રૂપિયાની ટિકિટ પાછી મળી ગઇ હતી. ફેલુદાને જે રૂપિયા મળ્યા, એમાંથી અમે ત્રણ દિવસ રેસ્ટોરાંમાં મિજબાની ઉડાવી અને બે સિનેમા જોયાં છતાં ય એમના ખિસ્સામાં તો હજી ઘણા બધા રૂપિયા બચ્યા હતા.

આજે સાંજે ઘેર ચા પીતાંપીતાં મેં ફેલુદાને પૂછ્યું: 'એક વાતનો વિચાર કરી હું જે નતીજા પર આવ્યો છું એ બરાબર છે કે નહિ એ કહો.'

'શી વાત છે?'

'મને લાગે છે કે કૈલાસબાબુના પિતાજી સમજી ગયા હતા કે કેદારબાબુ કૈલાસબાબુ બની બેઠા છે, અને એટલે જ તેઓ તે દિવસે એવી રીતે આંખો કકડાવીને ખીજથી જોતા હતા. બાપ તો પોતાના જોડિયા દીકરાને જરૂર ઓળખી ગયા હશે, નહિ?'

'આ બાબતમાં એવું ન પણ બન્યું હોય. તોપણ તારો અંદાજ મારા વિચાર સાથે મળતો આવે છે એટલે હું તને શાબાશી આપું છું.' કહીને ફેલુદાએ મારી પ્લેટમાંથી એક જલેબી ઉઠાવીને પોતાના મોંમાં મૂકી દીધી. □

સર પ્રભાશંકર પટ્ટણી અને મિ. કીલી

રાજદ્વારોની ખટપટ અને અંગ્રેજ તુમાખી સામે અણનમ રહેલા એક કાબેલ મુત્સદ્દીના ગૌરવ અને મહોરી ઊઠેલી ખાનદાનીની કથા કહેતું પાછલા ઇતિહાસનું એક પાનું .... લેખક · મુકુન્દરાય પારાશર્ય

કાઠિયાવાડ રાજકીય પરિષદનું ત્રીજું અધિવેશન જાન્યુઆરી ૧૯૨૫માં ભાવનગરને આંગણે ભરાયું. અંગ્રેજો સામેની રાષ્ટ્રવાદી લડતના એક અંગ જેવી એ સંસ્થાનુ અધિવેશન ભાવનગર રાજ્યે ભરવા દીધું એથી ઘણાં દેશી રાજ્યોને અને ખાસ કરીને સરકારી કોઠીને, આશ્ચર્ય સાથે એતરાજી થએલી. પરિષદના મોવડી કાર્યકરો પ્રજાકીય હક્કો પરત્વેનાં ભાષણો પહેલેથી જ રાજ્યકર્તાઓ પ્રત્યેની ઉગ્ર, દ્વેષભરી અને ક્યારેક ગલીચ ભાષામાં કરતા એવી છાપ સરકારી અને રજવાડી અમલદારોમાં હતી. ભાવનગર રાજ્યના એ વખતના ઍડમિનિસ્ટ્રેટર સર પ્રભાશંકર પટ્ટણી હતા. તેમને પણ આ વ્યાખ્યાનોમાં વપરાતી ભાષા યોગ્ય ન લાગતી. એમને એ વાતનું દુ:ખ હતું કે રજનું ગજ કરીને ગંદી દ્વેષભરી ભાષાના વપરાશથી ઊછરતી પ્રજાનું માનસ બગડે છે, રાજાપ્રજાના સંબંધ બગડે છે, એ ભાવિ પ્રજા માટે યોગ્ય નથી. વાણીમાં વિવેક અને ભાવિ પ્રજાના શુભ સંસ્કારને દૃષ્ટિ સામે રાખીને કરાએલાં વ્યાખ્યાનો કામ સાધે છે. કા૦ રાજકીય પરિષદના નેતાઓને તેમણે આ પરત્વે સૂચન કરેલું, પણ તેનું કશું જ પરિણામ તેમને જણાયું નહિ. ભાષા યોગ્ય જ બોલાય છે: એવો પરિષદના મોવડીઓનો સીધો જવાબ હતો. એટલે જ્યારે પરિષદનું ત્રીજું અધિવેશન ભાવનગરમાં ભરવાનો નિર્ણય લેવાયો ત્યારે તે ભાવનગર રાજ્યની હદમાં ન ભરવા દેવાનો રાજ્યે હુકમ કાઢયો. પરિષદના કાર્યકરોએ ભાષણો તથા છાપાંઓ દ્વારા એ હુકમ વિરુદ્ધ ઘણો પ્રચાર કર્યો, સત્યાગ્રહ કરવાની ધમકી આપી, પણ રાજ્યે નીતિ ન બદલી. છેવટ, વાણીમાં સંયમ રાખવા તેમજ ભાવનગર રાજ્ય સિવાય બીજાં રાજ્યોની ટીકા ન કરવાની લેખિત બાંહેધરી પરિષદના મોવડીઓએ આપી અને એ બાંહેધરી મુજબ સંચાલન કરી શકે તેવા ગાંધીજીએ પ્રમુખપદ સ્વીકાર્યું ત્યારે ભાવનગરમાં અધિવેશન ભરાયું. આ અધિવેશન પૂરું થયા પછી ગાંધીજી બે દિવસ માટે પ્રભાશંકરના મહેમાન બની તેમની સાથે ત્રાપજ રહેલા. મહારાજા સગીર હોવાથી રાજ્યનો કારભાર સરકાર હસ્તક હતો અને પ્રભાશંકર એ સરકારે નિયુક્ત કરેલા ઍડમિનિસ્ટ્રેટર હતા. ભાવનગરમાં કા૦ રાજકીય પરિષદનું અધિવેશન ભરવાની મંજૂરી રાજ્યે આપી પણ એ મંજૂરી દેતાં પહેલાં સરકારની રાજ્યે મંજૂરી મેળવી ન હતી, તેમ તેને મંજૂરીની જાણ કરી ન હતી. આ વાત કોઠી સરકારને રુચિ નહિ. પ્રભાશંકરના તેણે ખુલાસા માગ્યા અને એ આપવા છતાં એ વખતના એ. જી. જી. (એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ) મિ. સી. સી. વૉટસને પ્રભાશંકરને લખી જણાવ્યું કે ખુલાસા બરાબર હોવા છતાં કા૦ રાજકીય પરિષદનું સંમેલન ભાવનગરમાં ભરાવા દીધું એ પગલું યોગ્ય ન હતું.

મિ. વૉટસન પછી કર્નલ મૉસ એ. જી. જી. થયા, જે આ હકીકતથી વાકેફ હતા. એ પોતે ત્યાંથી ટૂંક સમયમાં નિવૃત્ત થઈ ભાવનગરની ઍડમિનિસ્ટ્રેટિવ કાઉન્સિલના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે આવ્યા. અને મિ. ઈ. એચ. કીલી એ. જી. જી. થયા. તે કર્નલ મૉસના મિત્ર હતા. વાઈસ પ્રેસિડેન્ટ તરીકે આવવાથી કર્નલ મૉસને ભાવનગર રાજ્યની નીતિ તથા વહીવટની પૂરી વિગતો મળવા ઉપરાંત આખા હિંદમાં જે સ્વરાજ્ય માટેથી લડત ચાલતી હતી તેમાં ભાવનગરની પ્રજા કેવો ને કેટલો ફાળો આપી રહી છે તેની વિગતો પણ તેને મળવા લાગી. બીજી બાજુથી પ્રભાશંકર પટ્ટણીની વિરુદ્ધ રાજ્યમાં થોડી ખટપટ શરૂ થઈ હતી. સગીર મહારાજા પુખ્ત વયના થતાં ગાદીએ આવે ત્યારે પોતાને વધુ લાભ મળે તેવી આશાએ અમુક માણસોએ પ્રવૃત્તિ શરૂ કરેલી. વૃદ્ધ પ્રભાશંકર એક યા બીજી રીતે નિવૃત્ત થાય તો તેની જગ્યાએ આવવા જુદીજુદી વ્યક્તિઓ પોતપોતાની રીતે યત્ન કરતી'તી. પોતે વાઈસ પ્રેસિડેન્ટના હોદ્દા પર હોવાથી પોતે જ પટ્ટણીની જગ્યાએ આવી શકશે એવો સંભવ લાગતાં કર્નલ મૉસ પણ યત્ન કરતા'તા. એ યત્નમાં તેને પ્રભાશંકરથી અસંતુષ્ટ એવા એકબે અમલદારોનો સાથ હતો. આ યત્નમાં તેને ઉપર એ. જી. જી. મિ. કીલીનો સાથ હતો. એ પોતે ખટપટ કરતા હતા એવો કોઈ લેખિત પુરાવો નથી મળ્યો. જાહેરમાં પોતે પ્રભાશંકરના મિત્ર હોવાનું કહેતા. જે બે અમલદારોની ઊઠબેસ કર્નલ મૉસને ત્યાં સવિશેષ હતી તેઓએ પોતાની સહીથી પટ્ટણી વિરુદ્ધ એ. જી. જી. મિ કીલીને અંગત કાગળો લખેલા એવી વાત એ. જી. જી.ના સ્ટાફના માણસોમાંથી જાણવા મળેલી. સ્ટાફના જે માણસે પ્રભાશંકરને કહ્યું કે હું આપને એ કાગળ બતાવું, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે મને તેમાં રસ નથી ને મારે એવું કરવું નથી. 'આપ જાણો છો તો યે તેઓને કેમ કંઈ કરતા નથી?' એવા પ્રશ્નના જવાબમાં પ્રભાશંકરે કહ્યું કે મર્હૂમ મહારાજા સાહેબ એમને પોતાના ગણીને રાખેલા. હાલ એ નામદારની હયાતી નથી ત્યારે તેમના પ્રત્યેની મારી ફરજ સમજી હું તેમને જાળવું છું કોઈ એક પ્રસંગે રાજકોટમાં એ. જી. જી. મિ. કીલીને મળવા ગએલા ત્યારે કર્નલ મૉસ સંબંધે વાત નીકળતાં પ્રભાશંકરે કહેલું કે કર્નલ મૉસ વાઈસ પ્રેસિડેન્ટ તરીકે આવે એવી મારી ભલામણને સરકારે માન્ય રાખી તેમની નિમણૂક કરી તેથી હું ખુશી થયો છું. મને આશા છે કે ભાવનગરને એ પોતાનું ગણી તેનું હિત જાળવશે. એ જ કરવાનું છે. હું ન હોઉં તો યે બાળ મહારાજા અને ભાવનગર રાજ્યનું શું થશે એવી ચિંતાનો બોજો હળવો થયો છે. રાજ્યને સંભાળી લે એવા ઘણા માણસો ભાવનગરમાં છે.

એક હકીકત સ્મરણે રાખવા યોગ્ય છે. ગાંધીજીના 'નવજીવન' કરતાં જેની ખપત કાઠિયાવાડમાં અનેકગણી હતી એ 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિક સ્વાતંત્ર્યની ભાવના પ્રજામાં રેડવા તેમ જ ઉશ્કેરવા માટે ઘણું કામ આપતું હતું. વળી, એ અરસામાં રશિયામાં રાજ્યકર્તા ઝાર સામે પ્રજાએ સશસ્ત્ર બળવો કરી, ઝારના કુટુંબને ઠાર મારી સામ્યવાદી તંત્રની સ્થાપના કરેલી તે બીના તાજી હતી. લોકતંત્ર જ હોવું જોઈએ એવા વાતાવરણમાં કેળવણી લેનાર ભારતની પ્રજા માટે રાજાશાહી તો જવી જ જોઈએ, એ વિચાર ઉગ્ર બનતો જતો હતો. 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાં એની અસર સ્પષ્ટ દેખાતી. તેથી દેશી રજવાડાંની વિરુદ્ધ મન ફાવે તેવા શબ્દોમાં રજનું ગજ કરીને, તથા 'કહેવાય છે કે', 'સંભળાય છે કે', 'લોકો ફરિયાદ કરે છે કે', એવા શબ્દોથી પ્રારંભ કરીને જે છપાતું તેમાંનું ઘણું ઉપજાવી કાઢેલું છે એમ હકીકતો જાણનારને લાગતું. આ કારણે દેશી રજવાડાં જે અંગ્રેજ સત્તા તળે દબાએલાં રહેતાં તેને ગેરવહીવટના ઓઠા તળે દબાવીને તેમની પાસેથી મન ધાર્યું કામ કરાવવાની અનુકૂળતા કોઠી સરકારને 'સૌરાષ્ટ્ર'

સાપ્તાહિકે આડકતરી રીતે પૂરી પાડેલી. રજવાડાંની વિરુદ્ધ પ્રચાર મોટે ભાગે અભ્યાસ વગરનો હતો. બ્રિટિશ સામે સ્વાતંત્ર્યની લડતને તથા પ્રજાકીય હક્કોની માગને દેશી રાજ્યોનો માત્ર હાર્દિક નહિ પણ છાનો આર્થિક સાથ પણ હતો. ગોંડલનરેશ દાદાભાઈ નવરોજીને તેમ જ પૂજ્ય ગાંધીજીને ઘણી મદદ સ્વેચ્છાએ કરેલી. પણ ગોંડલ રાજ્યે તેમ જ જામનગર જેવાં બીજાં રાજ્યોએ પોતાના રાજ્યની હદમાં 'સૌરાષ્ટ્ર' પર પ્રતિબંધ મૂકેલો. રાજ્યમાં ગેરવહીવટ હોય તો તે રાજ્યમાં માથું મારવાનો અધિકાર બ્રિટિશ સરકારને હોવાથી 'સૌરાષ્ટ્ર'માં છપાતા અહેવાલો બિનપાયાદાર છે એમ જાણવા છતાં રાજકોટ કોઠીએ એવા અહેવાલ વિષે કડક ભાષામાં વારંવાર પુછાવી દેશી રાજ્યોના ખુલાસા લઇને તેમને તંગ કરી દીધાં હતાં.

એ વખતે દેશી રાજ્યોમાં ત્રાવણકોર-કોચીન, વડોદરા ને ભાવનગર, એ પ્રગતિશીલ રાજ્યો લેખાતાં. એ રાજ્યોમાં વર્તમાનપત્રો પર અંકુશ ન હતો, વાણી-સ્વાતંત્ર્ય હતું, સભા-સરઘસ પર પ્રતિબંધો ન હતા. ભાવનગરના ઍડમિનિસ્ટ્રેટર પ્રભાશંકરનો ગાંધીજી સાથેનો મૈત્રીસંબંધ એ બંને હાઈસ્કૂલમાં ભણતા તે વખતથી હતો. પ્રભાશંકર ગાંધીજીને વારંવાર મળવા જતા. પ્રભાશંકર સરકારી નોકર હોવાથી આ વાત રાજકોટ કોઠીના ગોરા અમલદારોને ખૂંચતી ને શંકાની નજરથી તેની ઝીણીઝીણી નોંધ લેવાતી. વળી, ગાંધીજીના સ્વદેશી પ્રવૃત્તિના, અસ્પૃશ્યતા નિવારણના વગેરે રચનાત્મક કાર્યક્રમોમાં પ્રભાશંકર જાહેર રીતે સક્રિય મદદ કરતા. સંભવ છે કે એ કારણે કૉંગ્રેસી કાર્યકરો કૉંગ્રેસના કાર્યને વેગ મળે એવા હેતુથી સરકાર સામેની લડતને દેશી રાજ્યના પ્રભાશંકરનો ટેકો છે એમ જાહેર ભાષણોમાં કહેતા ને તે મતલબ છાપાંમાં આવતી.

આ પરિસ્થિતિમાં એ. જી. જી. તરીકેના પોતાના હોદ્દાની રૂએ મિ. કીલીએ જે પગલાં લીધાં તે ચાલ પાછળના હેતુથી પ્રભાશંકર વાકેફ હોય કે ન હોય, પણ એમને પોતાની ફિકર ન હતી. જે સ્વરાજ્ય આવવાનું જ છે તેને યોગ્ય પ્રજાનું ઘડતર થાય એ માટે તે મથતા હતા. શાસક અને શાસિતના સંબંધો બ્રિટિશ હિંદમાં તેમ દેશી રાજ્યોમાં વણસતા જતા'તા તેને તે સુધારવા માગતા'તા. બ્રિટિશ સામ્રાજ્યની શરૂ થએલી પડતીનાં મૂળ કારણો બતાવી, એ કારણો દૂર કરી, સામ્રાજ્યનો પાયો મજબૂત કરવા બ્રિટિશ રાજ્યના મોવડીઓને ઉપાય સૂચવતા. આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે રાજ્યોરાજ્યો વચ્ચે તંગદિલી ઘટાડવાના ઉપાયો બતાવતા હતા. આવા સ્વભાવને કારણે તેમના સંબંધો બહોળા હતા. દાદાભાઈ નવરોજી અને ગોપાલ કૃષ્ણ ગોખલેથી શરૂઆત કરી ગાંધીજી, ચિત્તરંજન દાસ, મોતીલાલ નેહરુ, પંડિત મદનમોહન માલવીય વગેરે દેશની અગ્રગણ્ય વ્યક્તિઓના નિકટના પરિચયમાં તે રહેતા, તો તે જ રીતે છેક ૧૮૯૦થી રાજકોટની રાજકુમાર કૉલેજના નામાંકિત પ્રિન્સિપલ ચેસ્ટર મૅકનૉટન અને બાળ મહારાજાઓના ટ્યૂટર એસ. એમ. ફ્રેઝરથી માંડી ક્રમેક્રમે કામ સબબ પરિચય કેળવી જ્હૉન મોર્લી, મૉન્ટેગ્યુ, લૉર્ડ જ્યૉર્જ, બાલ્ડવિન, વેજવૂડ બેન, સૅમ્યુઅલ હોર, જર્મન તત્ત્વચિંતક કાઉન્ટ કેસરલિંગ વગેરે અનેક નામાંકિત રાજનીતિજ્ઞો, રાજપુરુષો, અધિકારીઓ, વિચારકો તથા તત્ત્વચિંતકોમાં એ સર્વલોકહિતૈષી સજ્જન તરીકે પ્રતિષ્ઠા પામી ચૂક્યા હતા. ઘણા અંગ્રેજો તેમને માત્ર સરકારના વફાદાર નોકર કે મિત્ર નહિ પણ પરિણામે ગૌરવ અપાવે એવા સન્માર્ગે મૂગે મોઢે દોરનાર મિત્ર ગણતા હતા. ઈ. સ. ૧૯૧૯માં એ ઈંગ્લૅન્ડમાં હિંદી વજીરની કાઉન્સિલમાં સભ્ય હતા ત્યારે બ્રિટિશ સરકાર એમને વધુ માનભર્યા હોદ્દે નીમવા વિચારતી'તી. તે જ વખતે ભાવનગરના મહારાજા ભાવસિંહજી દેવ થતાં, તેના પાટવી કુંવર સગીર હોવાથી તેની સ્નેહ-સંભાળ લેવાના મુખ્ય હેતુથી, બહોળા કાર્યક્ષેત્રનો મોટો હોદ્દો જતો કરી એ એક ખોબા જેવડા નાના ભાવનગર રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર તરીકે આવ્યા. મર્હૂમ મહારાજા ભાવસિંહજી પ્રત્યેની લાગણીનું એ સીધું પરિણામ હતું. ભાવનગર આવવા છતાં આખા બ્રિટિશ સામ્રાજ્યના ઊભા થતા પ્રશ્નોથી સુમાહિતગાર રહી તેના ઉકેલ માટે તે ઇંગ્લૅન્ડ તથા હિંદના ઉચ્ચ અધિકારીઓ સાથે સંપર્કમાં રહેતા તેથી તેઓ સાથે સંબંધ જળવાઈ રહેલો. પણ સરકારી નોકરીના નાના સ્તરે આવતા અધિકારીઓમાંથી ઘણાને પ્રભાશંકર વિષે પૂરી સમજ ન હતી. એમની કાર્યપદ્ધતિ પ્રચાર વગરની હતી, જાહેરાત વગરની હતી, મૂગી હતી, એટલું જ નહિ પણ જે વિકટ પ્રશ્નનો માનભર્યો ઉકેલ તેમણે લાવી દીધો હોય તે પરત્વે કોઈ તેમની પ્રશંસા કરે તો તે તેમને ન ગમતું. આ કારણે જેઓ એમના નિકટના પરિચયમાં ન આવે તે તેમને ન ઓળખે એ સ્વાભાવિક હતું. તેમાં વળી, ગાંધીજીના નેતૃત્વ હેઠળની સત્યાગ્રહની ઉગ્ર ચળવળને કારણે હિંદીઓ તરફ ગોરા અમલદારોની નફરત વધતી જતી'તી અને બધા હિંદી નોકરો તરફ શંકાની નજરે જોવાનું અને તક શોધી તેમનું અપમાન કરવાનું ગોરા અમલદારોનું વલણ વધતું જતું'તું.

આવા વખતમાં માર્ચ ૧૯૩૦માં મીઠા અંગે કાયદાભંગની પોતાની રાષ્ટ્રવ્યાપી લડત શરૂ કરવાની ગાંધીજીએ વાઈસરૉયને નોટિસ આપી. વાઈસરૉય લૉર્ડ અર્વિન સુલેહ ઇચ્છતા'તા. એમને પ્રભાશંકર પ્રત્યે ઘણું માન હતું. ગાંધીજી સત્યાગ્રહની લડત શરૂ કરે તેનો ઉપાય શોધવા એ બંનેએ એકાંતમાં ચર્ચા કરી. પ્રભાશંકરે અમુક દરખાસ્ત રજૂ કરી જે લૉર્ડ અર્વિને કબૂલ કરી અને વહેલી તકે પ્રભાશંકરે ગાંધીજીને મળવું એમ નક્કી થયું. કોઈ કારણસર પ્રભાશંકરે, પોતે ગાંધીજીને મળવા જાય ત્યારે સાથે સર પુરુષોત્તમદાસ ઠાકુરદાસને લઈ જવાની વાઈસરૉયની મંજૂરી મેળવી. એ બંને અમદાવાદ જઈ ગાંધીજીને મળ્યા. પ્રભાશંકર ગાંધીજીને ઘણી વાર સાવ એકાંતમાં જ મળતા અને એ વાતો ગુપ્ત રહેતી. આ વાતો વખતે પ્રભાશંકર સાથે સર પુરુષોત્તમદાસ હતા. ગાંધીજી સાથે તેના સેક્રેટરી મહાદેવભાઈ કે બીજું કોઈ ન હતું. વાતો એકાંતમાં થઈ એટલે મહાદેવભાઈની ડાયરીમાં એ વિષે કોઈ નોંધ નથી. પણ એ વાટાઘાટો પડી ભાંગી. વાટાઘાટોને અંતે પુરુષોત્તમદાસ ગયા, પણ પ્રભાશંકર સાબરમતી આશ્રમમાં રહ્યા, રાતે ગાંધીજી સાથે સૂતા ને બીજે દિવસ તા. ૧૨મી માર્ચની સવારે ગાંધીજીએ દાંડીકૂચ માટે આશ્રમ છોડયો ત્યારે પ્રભાશંકર ગાંધીજીની પડખે ચાલ્યા. એ દશ્યના ફોટો લેવાયા. આથી કેટલાક કૉંગ્રેસી કાર્યકરોએ આ લડતમાં પટ્ટણીજીનો પૂરો સાથ છે તેમ જાહેર ભાષણોમાં કહ્યું. 'નવજીવન'ના તા. ૧૬–૩–'૩૦નાં અંકમાં મહાદેવ દેસાઇએ પોતાના 'મહાભિનિષ્ક્રમણ' નામે લેખમાં લખ્યું: 'આ કૂચમાં સામાન્ય પ્રેક્ષકો હતા અને સર પ્રભાશંકર પટ્ટણી જેવા અસામાન્ય પ્રેક્ષક પણ હતા. એ સૌને રાજદ્રોહી તરીકે વર્ણવાય? મને લાગે છે કે એમનું અપમાન કરવાના કે એમને દુઃખ લગાડવાના જરાય ઈરાદા વિના કહું કે વર્ણવી શકાય. પટ્ટણીજીને મેં કહ્યું: "કેમ, કૂચમાં જોડાવા આવ્યા છો?" હસીને બોલ્યા: "મારા જોડાવાથી શું?" મેં કહ્યું: "તમે જોડાઓ તો બાપુ ન પકડાય." પટ્ટણી કહે: "મને શંકા છે." પણ વૃદ્ધ પટ્ટણીજી આખી રાત ગાંધીજીને પડખે સૂતા અને સવારે પ્રયાણ થયું ત્યારે સ્વજનોના સમૂહમાં ભેળા થઈ, અમુક અંતર સુધી ચાલી મીઠી વિદાય લીધી. આ બધા રાજ્યને ટકાવવાને માટે ભેગા થયા હતા એમ તો કોઈ જ ન કહે. રાજ્યની હસ્તી મટાડવાના ગાંધીજીના શુભ કાર્યમાં અને અસાધારણ સાધનથી થતા પ્રયત્નમાં સહાનુભૂતિ દાખવવા, આશીર્વાદ આપવા ભેગા થયા હતા એ વિષે કોણ શંકા કરશે?'

આ અહેવાલ રાજકોટની સરકારી કોઠીને તરત મળે જ, ને મળ્યો. પણ વાઈસરૉયના કહેવાથી ગાંધીજીને મળવા પ્રભાશંકર ગએલા એ માહિતી કોઠીને મળી જ ન હતી, કારણ કે એ વાઈસરૉયનો અંગત પ્રયાસ હતો અને પ્રભાશંકર આવા પ્રયાસ વિષે મૂગા જ રહેતા. એટલે

સ્વાભાવિકરીતે મિ. કીલીને થયું કે પ્રભાશંકર સરકારી અમલદાર થઇને સરકાર વિરુદ્ધની ગાંધીજીની લડતને પ્રોત્સાહન આપવા આટલી હદે જાય તે ચલાવી ન લેવાય. અને પછી તો બનાવોની હારમાળા શરૂ થઈ.

ભાવનગર રેલવે, ભાવનગરથી એક બાજુ વઢવાણ જંકશન (સુરેન્દ્રનગર) સુધી અને બીજી બાજુ ધંધુકા સુધી જતી. બોટાદથી સુરેન્દ્રનગર જતાં પહેલું સ્ટેશન રાણપુર આવે. સરકારી તાબાનું એ રાણપુર 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકનું થાણું હતું. ગામ સરકારી, પણ ત્યાંના રેલવે સ્ટેશનની હદ ભાવનગર રેલવેને અધીન હતી. ભાવનગર રાજ્યમાં કે રેલવે હદમાં વાણી-સ્વાતંત્ર્ય પર પ્રતિબંધ ન હતો. શરૂ થએલી સત્યાગ્રહની લડતને પહેલેથી પૂરો ત્રાસ દઈ દાબી દેવી એવી નીતિવાળી સરકારના પોલીસોએ રાણપુર સ્ટેશનની હદમાં ઉતારુઓ પર લાઠીચાર્જ કર્યો. ભાવનગર રેલવેના જનરલ મૅનેજર પિ. બિગ્રાએ આ સામે નમ્રતાવાળી ભાષામાં છતાં સ્પષ્ટ વાંધો ઉઠાવતો કાગળ રાજકોટ કોઠી સરકારને લખ્યો. સરકારી પોલીસ અધિકારી મિ. ફ્લેચર આથી ઘણા નારાજ થયા, પણ કાયદાની દૃષ્ટિએ સરકારે નમતું આપવું પડ્યું. ભાવનગર રેલવે બોર્ડના પ્રેસિડેન્ટ પ્રભાશંકર હોવાથી તેમની દોરવણી હેઠળ ભાવનગર રેલવે મૅનેજરે વાંધો ઉઠાવેલો હશે એમ માની આ પ્રસંગ પરથી રાજકોટ કોઠીએ એવું તારણ કાઢ્યું કે કાયદાભંગ માટે જતા સત્યાગ્રહી સૈનિકોને ભાવનગર રાજ્ય પૂરું રક્ષણ આપે છે, અને તેથી રાજ્યના ઍડમિનિસ્ટ્રેટર પ્રભાશંકર, પોતે સરકારે નીમેલા અધિકારી હોવા છતાં, સરકાર વિરુદ્ધ કાયદાભંગની લડતને ખુલ્લો ટેકો આપે છે.

એપ્રિલમાં મિ. કીલીએ પ્રભાશંકરને લખ્યું કે લખતર સ્ટેશને ગાડીઓનું ક્રૉસિંગ થયું ત્યારે તમે સામી ગાડીમાં કાયદાભંગ માટે જતા સત્યાગ્રહી સૈનિકોને મળવા તેમના ડબ્બામાં ગયા હતા અને તેમને આશીર્વાદ આપવા ઉપરાંત કાયદાભંગથી પકાવેલું મીઠું તેમની પાસેથી તમે ખરીદ કર્યું હતું એવા અહેવાલ આવ્યા છે. તમે જવાબદાર અધિકારીએ ઊઠીને આવું કર્યું તે સ્પષ્ટ બતાવે છે કે સરકાર સામે કાયદાભંગ કરનારાઓ તરફ તમારી જાહેર સહાનુભૂતિ છે. આનો ખુલાસો કરશો.

સર પ્રભાશંકરના સેક્રેટરીને થયું કે વાઈસરૉય લૉર્ડ અર્વિન, પ્રાઈમ-મિનિસ્ટર બાલ્ડવિન વગેરેના પત્રો કેવા માનભર્યા હોય છે ને આ એ. જી. જી. શું સમજીને આવો તોછડાઈભર્યો અપમાનકારક કાગળ લખે છે ? તેણે પ્રભાશંકરને પૂછ્યું કે આ કાગળ કેવો છે ? પ્રભાશંકરે કહ્યું કે હું તેમની નીચે કામ કરું છું એ ખયાલ દેવા લખાયો છે. મને એમની દયા આવે છે. પ્રભાશંકરે મિ. કીલીને ઉત્તરમાં જણાવ્યું કે હું મુંબાઈથી મોરબી જતો હતો ત્યારે લખતર સ્ટેશને સામેથી ટ્રેઈન આવી તેમાંથી મણિલાલ કોઠારી ઊતરીને મારા સલૂને આવેલા. એમને સલૂનમાં અંદર આવવા દીધા ન હતા. બહાર પાટિયા પર ઊભા રહી પોતે વીરમગામ જાય છે ને કાયદાનો ભંગ કરવાના છે એમ તેણે કહ્યું ત્યારે મેં તેને જણાવેલું કે તો તમને કેદ કરવામાં આવશે. કાયદાનો ભંગ કરવો અને સજા વગર જવું એ બંને થશે નહિ. મેં આશીર્વાદ આપ્યા નથી. મીઠું આપવા કોઈ બીજો વૉલન્ટીઅર આવેલો, પણ મેં મીઠું ખરીદ્યું નહિ. એણે પૈસાની ખેંચની દલીલ કરી એટલે એક રૂપિયો મદદનો આપેલો. આટલા ખુલાસા પછી મારી આપને વિનંતી છે કે આપની પાસે ગમે તે માણસ મારે માટે ગમે તેવા રીપોર્ટ લઇને આવે ત્યારે મને કંઈ લખતાં પહેલાં મારી આટલાં વરસોની કારકિર્દી આપે જોવી-વિચારવી જોઇએ.

આવી સ્પષ્ટ વિનંતી છતાં માઉન્ટ આબુથી મિ. કીલીએ પ્રભાશંકરને લખ્યું કે તમે લખો છો તે જાણ્યું પણ વઢવાણમાં ઉઘાડે છોગે એક ભાષણમાં રાઘવજી નામના કોઈ માણસે ખુલ્લું કહ્યું છે કે તેમણે પ્રભાશંકરને જાતે જોયા'તા ને તેમનો આ ચળવળને પૂરો ટેકો છે. તમે તેનો ખુલાસો મેળવી મને જણાવશો. ઉપરાંત, ભાવનગરમાં મૅટ્રિકની પરીક્ષા વખતે કૉંગ્રેસ વૉલન્ટીઅરોએ પિકેટિંગ કર્યું ત્યારે તમે લાન્સર્સ બોલાવેલા ને તે વખતે તોફાન થએલું તેની શી વિગત છે તે જણાવશો.

કાગળ મળ્યો તે જ દિવસે પ્રભાશંકરે જવાબમાં જણાવ્યું કે રાઘવજી કોણ છે ને શું કરે છે તે હું જાણતો નથી. ગમે તે માણસ વિષે હું જાણવા માગતો નથી. જે માણસને કોઈ ઓળખતું નથી, જેની પ્રતિષ્ઠા નથી તેના કહેવા ઉપરથી તેની વાત સાચી માનવી અને જેણે ત્રીસચાળીસ વર્ષ સરકારી સેવા કરીને માન, મોભો ને વિશ્વાસ મેળવ્યાં હોય તેની વાત સાચી માનવાને બદલે તેને ફરી પુછાવવું, તે જ વિચિત્ર છે... મૅટ્રિકની પરીક્ષા વખતે પિકેટિંગ થયું હતું, લાન્સર્સ બોલાવેલા અને તોફાન થએલું વગેરે વાત તદ્દન પાયા વગરની છે. પિકેટિંગ થયું હોય ને તોફાન થયાં હોય તો યે લાન્સર્સ બોલાવું તેવો હું નથી. મને ખબર છે કે તેવાં પગલાંથી તોફાનો વધે છે. એવાં પગલાંથી પ્રજાને ઉશ્કેરું એવું મારાથી ન બને. પરીક્ષા વખતે કાંઈક થવાનું છે એમ મને જે કહેવા આવતા હતા તેમને મેં એટલું કહેલું કે તમે તમારી ફરજ સંભાળો. ભાવનગરમાં કશું અજુગતું બનવાનું નથી. પરીક્ષા દેવા જતા પોતાના જ વિદ્યાર્થીઓને તેમ કરતાં રોકીને તેમનાં વરસ ને પૈસા બગાડવાની દાનતવાળા માણસો ભાવનગરમાં હોય તેમ હું માનતો નથી. આમ મેં એ લોકોને કહેલું. છતાં પરીક્ષાને દિવસે, પરીક્ષા શરૂ થતાં પહેલાં ત્રણચાર મિનિટ હું જાતે પોલીસ સહાય વગર એકલો કૉલેજને સ્થળે ગએલો અને મારે જણાવવું જોઇએ કે એ રસ્તો રવિવારે ઇંગ્લૅન્ડમાં કોઈ ગામડામાં હોય તેવો શાંત હતો.

હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ વર્ગ છોડી બહાર ઊભા રહી સૂત્રો પોકારેલાં. એ વાતની જાણ થતાં હું ત્યાં તરત ગએલો. જઇને હાઇસ્કૂલને તાળું મરાવી દીધું ને જાહેર કર્યું કે વિદ્યાર્થીઓને ભણવું હોય ને તેનાં માવતરને જો પોતાનાં છોકરાંને ભણાવવાં હોય તો તેઓ જ્યારે દરબારશ્રીને કહેશે ત્યારે હાઇસ્કૂલ ફરી ઊઘડશે. છોકરાઓને પરાણે ભણાવવામાં દરબારશ્રીને રસ નથી. આથી લોકો તથા વિદ્યાર્થીઓએ ભૂલ કબૂલ કરી ને હાઇસ્કૂલ ફરી શરૂ કરવા માગણી કરી એટલે ફરી શરૂ કરી છે.

મિ. કીલી હવાફેર માટે આબુ જ હતા. ત્યાંથી તેણે તાર કરીને આ સત્યાગ્રહની સ્થાનિક ચળવળને લગતી બધી ફાઇલો લઇને પોતાની રૂબરૂ આવી જવા પ્રભાશંકરને તેડાવ્યા. પ્રભાશંકર પહેલી જ ટ્રેઇનમાં ગયા ને બધી ફાઇલો બતાવી. પત્રવ્યવહારો, પોલીસ રિપોર્ટો, પ્રેસનાં કટિંગો, સ્થાનિક અધિકારીની નોંધો ને કામગીરીના અહેવાલો તથા અભિપ્રાયો, બધું વિગતે જોઇ મિ. કીલીએ બરાબર છે એમ કહ્યું એટલે પ્રભાશંકરે વિનંતી કરી કે આ બાબતમાં ભાવનગરની વિરુદ્ધમાં આપની ફાઇલો પણ મને બતાવો. ત્યારે મિ. કીલીએ કહ્યું કે ખાસ કશું જ નથી. આમ કહી કોઇ એ. પી. જૈન નામના માણસે તારીખ વગરની કરેલી અરજીની નકલ પ્રભાશંકરને આપી. એ અરજીમાં ભાવનગરના મુખ્ય અધિકારીઓ, ઇન્ફન્ટ્રીના માણસો, ગરાસિયાઓ વગેરે સરકારની વિરુદ્ધ છે ને ચળવળમાં સક્રિય રસ લે છે તો તે માટે ઘટતાં પગલાં લેવા વિનંતી હતી. તેમાં વધારામાં જણાવેલું કે સત્યાગ્રહની લડતમાં જે માણસો જોડાય છે તેમાંથી ઘણા માણસો ગોહિલવાડમાંથી જાય છે તે ઉપરની વાતની સાબિતી છે. પ્રભાશંકરે મૂળ અરજી તથા તે અરજી જે કવરમાં આવેલ તે જોવા માગણી કરી, પણ મિ. કીલીએ તે ન બતાવ્યું, માત્ર એટલું જ જણાવ્યું કે કવર પર સોનગઢની છાપ છે. મિ. કીલીનો કહેવાનો આશય હતો એ કે સોનગઢ ભાવનગરની નજીક છે એટલે અરજી લખનાર માણસ પાસે રૂબરૂ જોયા હોવાની ખાત્રી છે.

આ બાબતનો જાણે પોતે પુરાવો રજૂ કરતા હોય તેમ મિ. કીલીએ થોડા દિવસ પછી પ્રભાશંકરને કાગળ લખી જણાવ્યું કે મણિશંકર શામજી ત્રિવેદી તથા ભાવનગરના ભીમજી 'સુશીલ' તા. ૧૫મી મેની રાતે સાવરકુંડલે ગએલા ત્યારે સ્ટેશન પર સ્થાનિક ફોજદારે તેમનું સ્વાગત કર્યું,

રાત્રે પોતાને ત્યાં લઈ ગયા ને બીજે દિવસ સવારે તેને ત્યાંથી સરઘસ કાઢી ગામમાં લઈ ગયા ને ત્યાં એ બંને જણાએ સરકાર વિરુદ્ધ ખરાબ ભાષણ કર્યાં. તે સભામાં પણ ફોજદાર હાજર હતા. આ બધી સરકાર વિરુદ્ધની પ્રવૃત્તિને પોલીસ ખાતાનો પણ સહારો છે. એ પ્રવૃત્તિને દાબવા તમે શાં પગલાં લીધાં તે જણાવશો.

એ પત્ર મળતાં પ્રભાશંકરે ફોજદારનો લેખિત ખુલાસો મંગાવ્યો ને આખી કાર્યવાહીના અંગ્રેજી ભાષાંતર સાથે જવાબ મોકલ્યો કે મણિશંકર શામજી ત્રિવેદી મજકૂર ફોજદારના બાળપણના મિત્ર હોવાથી, ફોજદાર ફોજદારના નાતે નહિ પણ મિત્રના દાવે સ્ટેશને સામે ગએલા અને એ દાવે પોતાને ત્યાં તેડી ગએલા. લોકો મણિશંકરને તેડવા એકઠા મળ્યા હતા, ફોજદારે સરઘસ ભેગું કર્યું ન હતું. ગામમાં ભાષણો થયાં ત્યારે એ ફોજદારની ફરજ હતી કે સભાની વ્યવસ્થા જાળવવી તથા ભાષણોની વિગતો મેળવી ઉપલી ઑફિસે પહોંચાડવી. ફોજદારે તે બધું ફરજ મુજબ કર્યું છે ને તેની નકલો આ સાથે સામેલ છે. આમાં એવું કશું જ અઘટિત થયું નથી કે જે સામે દરબારશ્રીએ પગલાં લેવાં પડે.

એ પછી ઉપરાઉપરી કાગળો લખી એ. જી. જી. મિ. ફીલીએ જણાવ્યું કે ભાવનગર વિરુદ્ધ ફરિયાદ ઘણી છે. તમે જો રાજ્યને તથા સરકારને વફાદાર રહી શકતા ન હો તો તમારે રાજીનામું આપી છૂટા થવું જોઇએ અગર છેવટ, તમે જે ભૂલો કરી છે તે બદલ માફી માગી, તેવી ભૂલો ફરી ન થાય તે રીતે વફાદારીથી કામ કરવાની ખાત્રી દેવી જોઇએ. આમ લખી તેણે એવી ભૂલોનો નિર્દેશ કર્યો જેના ખુલાસાઓ અગાઉ અપાઈ ગયા હતા.

આના જવાબમાં પ્રભાશંકરે લખી જણાવ્યું કે મારાં આટલાં વરસોના વફાદારીભર્યા કામની કદરરૂપે મને સરકારે ઘણા માનમોભાવાળા મોટા હોદ્દા પર મૂકેલો. સરકારની મેં કરેલી લાંબી નોકરી એ મારી વફાદારીનો ઇતિહાસ છે. મારે એની સાબિતી આપવાની જરૂર નથી. આપે પરિસ્થિતિના જે જે ખુલાસાઓ માગ્યા તે મેં લખી મોકલ્યા છે, તે છતાં અવિશ્વાસથી જે રીતે મારા તરફ જોવામાં આવે છે તે અનુભવ મારે માટે સાવ નવો, વિચિત્ર અને ખેદકારક છે. ખુલાસાની ઉપયોગિતા ને અવકાશ વિશ્વાસ હોય ત્યાં સુધી જ છે. અવિશ્વાસની નજરે જ જ્યાં જોવાતું હોય ત્યાં એ સ્થિતિમાં, ગમે તેવા મોટા હોદ્દાની નોકરી હોય તોપણ ચાલુ રહેવાનું કોઇ સમજુ માણસ યોગ્ય ન ગણે. મેં કોઈ ભૂલ કરી જ નથી ત્યાં માફી માગવાનો પ્રશ્ન જ નથી. જેની ત્રીસ-પાંત્રીસ વર્ષની ઉજ્જવળ સેવાઓની આજ દિવસ સુધી સરકારે કદર કરી છે તેની પાસેથી વફાદારીની ખાત્રી માગવી એ હું હિંદી છું માટે જ અપમાનભરી રીતે કહેવામાં આવે છે. આ કારણે આથી હું રાજીનામું આપું છું અને વિનંતી કરું છું કે મારું રાજીનામું મંજૂર થવા ઉપર સરકારમાં મોકલો ત્યારે આપણી વચ્ચે આ સંબંધે થએલો બધો પત્રવ્યવહાર મોકલશો; કારણ કે જ્યાં મારી સેવાઓની કદર થઈ છે અને સોંપેલાં મહત્ત્વનાં કાર્યો સારી રીતે પાર પાડવાથી જ્યાં મારા પર પૂરો વિશ્વાસ મૂકવામાં આવ્યો છે તે સરકારમાં મારા વિષે ગેરસમજ ઊભી થાય તેવું હું નથી ઇચ્છતો.

મિ. ફીલીએ પ્રભાશંકરને લખ્યું કે તમે રાજીનામાના પત્ર પર 'ખાનગી' લખ્યું છે તે ન ચાલે. બીજું, તમે રાજીનામા પર ફરી પુખ્ત વિચાર કરી જુઓ. જો તમારા અંતરાત્માને લાગતું હોય કે સેવામાં વફાદાર રહી શકાતું નથી તો છૂટા થવું એ માર્ગ છે. હું મૈત્રીના દાવે લખું છું કે ફરી ભૂલ ન થાય તેવી જો ખાત્રી તમારા તરફથી મળે તો પ્રેસિડેન્ટ તરીકે ચાલુ રહી શકો છો. કાગળ મળ્યો કે તરત પ્રભાશંકરે તાર કરી જણાવ્યું કે મારા રાજીનામાના પત્રને ખાનગી ન ગણવો, અને કાગળ લખી જણાવ્યું કે આ બધો પત્રવ્યવહાર પ્રથમથી જ આપ તરફથી 'ખાનગી' શીર્ષક તળે થએલો એટલે મેં પણ ખાનગી રાખ્યો છે. કાઉન્સિલના સભ્યોને પણ આ પરત્વે કશી જાણકારી નથી. જો કે મારે તો કશું જ ખાનગી નથી. રાજીનામા પર મારે ફરી વિચાર કરવાની જરૂર નથી. મારે ચાલુ રહેવું હોય તો આપના કામમાં વફાદારીનો વિશ્વાસ છે તેવો વિશ્વાસ મારામાં હોય તો જ હું નોકરીમાં ચાલુ રહી શકું. બાકી, જે ભૂલો મેં કરી જ નથી તેની માફી માગવાનો પ્રશ્ન જ નથી. મારું પ્રત્યેક કાર્ય યોગ્ય હોવાનો મને પૂરો વિશ્વાસ છે.

મિ. ફીલીએ પ્રભાશંકરના રાજીનામાનો કાગળ જાહેર હોવો જોઇએ તેમ જણાવ્યું એટલે ઍડમિનિસ્ટ્રેટિવ કાઉન્સિલના સભ્યોને પરિસ્થિતિથી વાકેફ કરવા તથા એ. જી. જી.નો આક્ષેપ કેવળ પ્રભાશંકર પર નહિ પણ રાજ્યકર્તા તરીકે ઍડમિનિસ્ટ્રેટિવ કાઉન્સિલના સભ્યોને પણ સ્પર્શતો હોવાથી તેની જાણ કરવા પ્રભાશંકરે એક નોંધ તૈયાર કરીને તેની સાથે મિ. ફીલી સાથેના પત્રવ્યવહારની નકલ સામેલ રાખી કાઉન્સિલના સભ્યોમાં ફેરવી ને એક મીટિંગ બોલાવી. તેમાં સભ્યોને પરિસ્થિતિથી વાકેફ કરતાં પ્રભાશંકરે જણાવ્યું કે મને એમ લાગે છે કે ક્ષુદ્ર ચળવળિયાં મંડળોએ મને તથા ભાવનગર રાજ્યને રાજકોટ કોઠીની નજરમાં ઉતારી પાડવા યત્ન કર્યો છે. મને એવી શંકા થવાનાં કારણ છે કે આની શરૂઆત રાણપુર સ્ટેશને સરકારી પોલીસે લાઠીચાર્જ કર્યો તેની સામે આપણે વિરોધ કરી સરકારી પોલીસનું ન ચાલવા દીધું તે કારણ પોલીસ ઑફિસર મિ. ફ્લેચર અને તેના સાગરીતોએ ભાવનગર વિરુદ્ધ ખાનગી લડત ઊભી કરી છે ને નનામા કાગળો દ્વારા એ. જી. જી.ના કાન ભંભેરવામાં આવ્યા છે. આણુમાં મને બોલાવી ચળવળ પરત્વેની ભાવનગરની ફાઇલો એ. જી. જી.એ જોઈ એ સમયે મેં તે બારામાં સરકારી ફાઇલો (હું સરકારી અમલદાર હોવાથી) મને બતાવવા વિનંતી કરી ત્યારે મારી વિનંતી માન્ય કરવામાં ન આવી. પરસ્પર નિખાલસ વ્યવહાર ન હોય તો પરસ્પર વિશ્વાસ પાંગરી શકતો નથી. હું વાતની રજૂઆત કરું ત્યારે મિ. ફીલી એમ કહે કે એ દષ્ટિબિંદુ તમારું છે પણ પોતાનું દષ્ટિબિંદુ શું છે ને તેની પાછળનાં કારણો શું છે એ પોતે જણાવે જ નહિ. રાણપુર સ્ટેશનને લગતો રેલવે મૅનેજર મિ. બિગ્રાનો રિપોર્ટ મેં બતાવ્યો તે જોઈ મિ. ફીલીએ મને કહ્યું કે મિ. બિગ્રા તો તમારો માણસ છે. બિગ્રા મારો માણસ ને હું સરકારી અમલદાર હોવા છતાં મિ. ફીલીનો નહિ, એનો અર્થ એ કે ભાવનગર વિરુદ્ધ પહેલેથી અમુક માન્યતા બાંધીને પછી જ મિ. ફીલી ચાલે છે. અહીં રજૂ કરેલ પત્રવ્યવહાર તથા ફાઇલો પરથી આપ જોઈ શકશો કે સરકારી કોઠી આપણા વહીવટને કઈ દષ્ટિથી જુએ છે. મારા માટે આ સાવ નવો અનુભવ છે. મેં વિશાળ જીવન જીવ્યું છે ને વિશ્વાસના વાતાવરણનો મને અનુભવ છે. પણ મિ. ફીલીના એક પત્રે મને ખરી સ્થિતિનો ખયાલ આપ્યો, એટલે મને થયું કે મારે રાજીનામું દઈ આ બાબતનો અંત લાવવો. મેં રાજીનામું આપ્યું, પણ તે પછી આવેલા મિ. ફીલીના પત્રે બળતામાં ઘી હોમ્યું. એ મારી ત્રણ ગંભીર કસૂર ગણાવે છે: ૧) ગાંધીજીએ દાંડીકૂચ શરૂ કરી તે પહેલાં હું તેમને મળેલો; ૨) મુંબાઇથી વળતાં લખતર સ્ટેશને સામેથી આવતી ગાડીમાંથી ઊતરી મિ. કોઠારી મને મળ્યા તે; અને ૩) લાઠીચાર્જથી ઘવાએલા સત્યાગ્રહી સૈનિકોની મુંબાઈમાં કૉંગ્રેસ ઑસ્પિટલમાં હું ખબર કાઢવા ગયો તે.

ગાંધીજીને હું મળ્યો તે સંબંધમાં વાત એવી છે કે આ અગાઉ ગાંધીજીને હું મળ્યો છું, કોઈ વાર સરકારના સૂચનથી, કોઈ વાર દેશી રાજ્યોના કહેવાથી ને કોઈ વાર મને જરૂર જણાવાથી. એ દરેક વખતે મારો ઇરાદો ગાંધીજીને મારા મતને મળતા કરવાનો હતો, અને મારા એ ઇરાદામાં હું કોઈ વાર સફળ પણ થયો છું. મારા સાથી મિત્રોને જણાવું કે ગાંધીજી મને સરકારી માણસ ગણે છે તો યે મારી સમજણ માટે ગાંધીજીને માન છે. ગાંધીજીને હું છેલ્લો મળ્યો ત્યારે શું વાત થઈ તે બે જણ જાણે છે, એક ગાંધીજી ને બીજા સર પુરુષોત્તમદાસ. ગાંધીજી હાલ જેલમાં છે પણ જો તેને પૂછવામાં આવે તો તે કહેશે કે હું તેઓ કાયદાભંગની લડત

શરૂ ન કરે તે માટે સમજાવવા ગએલો. સર પુરુષોત્તમદાસ પણ એ જ કહેશે. ગાંધીજી કે સર પુરુષોત્તમદાસ કદી યે ખોટું બોલી શકે તેવી વ્યક્તિઓ નથી. સરકાર પોતે એ વિષે તપાસ કરવા સરમુખત્યાર છે. જો મિ. કીલીને આ બાબતમાં જાણવું હોત તો એ જૂની વાત વિષે મને ત્યારે જ પૂછ્યું હોત. અત્યારે ચાર મહિના પછી એ વાત ઊખેળે છે ત્યારે હકીકત જાણવા નહિ પણ મારી ભૂલ બતાવતા હોય તેમ શકાની નજરે આક્ષેપથી પૂછે છે. આથી વધુ વાત એ છે કે જૂનની શરૂમાં મિ. કીલીએ મને આબુ બોલાવેલો ત્યારે મેં મિ. કીલીને પોતાને તથા મિ. રેનૉલ્ડ્સને આ વાત કરેલી. તે વખતે મેં આ ભૂલ કરી છે એમ મિ. કીલીએ મને જણાવ્યું ન હતું, આજે જણાવે છે. હું એક વધુ વાત કરું: એપ્રિલમાં હું મુંબાઈ ગયો હતો. ત્યાંના ગવર્નર સાથે લંચ લેતી વખતે, ગાંધીજીને સમજાવવા હું તેમને મળેલો તેની વિગતે વાત મેં કરેલી. આજે તો એ વિષે આખો દેશ જાણે છે ને અમુક અંશે એની કદર પણ થાય છે. આજે પણ એવા નામાંકિત ઘણા માણસો છે જેઓ એમ ઇચ્છે છે કે આ લડતના સમાધાનમાં હું ઉપયોગી બનું. બીજાઓને મારી ઉપયોગિતા જણાય છે એટલો વિશ્વાસ છે ત્યારે રાજકોટ કોઠીને એ જ બાબત માટે મારામાં અવિશ્વાસ અને શંકા છે. ગાંધીજી સાથેની મારી આ મુલાકાતની વાત મેં અગાઉ આ કાઉન્સિલના વાઈસ પ્રેસિડેન્ટ કર્નલ મૉસને તથા બીજા સભ્યોને કરી છે. અમુક રાજાઓ પણ જાણે છે. કોઈ પણ માણસ, મિ. કીલી સાથેનો આ પત્રવ્યવહાર વાંચે તોપણ એને જણાયા વગર ન રહે કે બીજું કંઈ નહિ તો યે કોઠી સરકારનું વલણ સીધું કે સમજાય તેવું નથી.

બીજો પ્રસંગ લખતર સ્ટેશને કોઠારી મળ્યા તે છે. એ સામાન્ય વાતનો મોટો હાઉ ઊભો કર્યો છે. એમાંથી કોઠી સરકારે તારવેલાં અનુમાન દેખીતી રીતે જ વાહિયાત છે.

ત્રીજું મુંબાઈમાં મેં ઑસ્પિટલની મુલાકાત લીધી એને મોટા ગુના રૂપે જોવામાં આવે છે. મિ. કીલી લખે છે કે આબુમાં દરેક જણ આ બાબતમાં ટીકાત્મક ચર્ચા કરે છે. આબુ હવા ખાવાનું મથક છે. ત્યાં 'દરેક જણ'થી એ કોને ગણાવવા માગે છે? ત્યાં નામદાર મિ. અને મિસિસ રેનૉલ્ડ્સ છે, નામદાર મિ. કીલી પોતે છે, મેજર અને મિસિસ ટાટે છે, મિ. સ્કત્રાયર ને કોર્નફીલ્ડ છે, અલ્વરના મહારાજા ને લીમડી ઠાકોર છે જે દરેક મને એટલું જાણે છે કે ઑસ્પિટલની મારી મુલાકાતના હેતુ વિષે ગેરસમજ થાય નહિ. એ બધા જાણે છે કે ગયા મહાયુદ્ધ વખતે ઘણા ઘવાએલા જર્મન સૈનિકો આપણી ઑસ્પિટલોમાં સારવાર લેતા અને તેમની ખબર કાઢવા ઇંગ્લૅન્ડના નામાંકિત અધિકારીઓ તેમ જ સદ્‌ગૃહસ્થો જતા. વળી તેઓને એ પણ ખબર છે કે ઇંગ્લૅન્ડમાં કોલસાની ખાણના કામદારોએ મોટી હડતાલ પાડેલી ત્યારે મુશ્કેલીમાં મુકાએલા એ કામદારોનાં કુટુંબોને રાહત આપવાના ફંડમાં ઇંગ્લૅન્ડના યુવરાજે ફાળો ભરેલો. એ લોકો વર્તમાનપત્રો દ્વારા જાણે છે કે અંગ્રેજો, ગવર્નરની કાઉન્સિલના બે નિવૃત્ત સભ્યો, માહિતી-પ્રસારણ ખાતાના વડા, હૈદરાબાદના સર નવાબ હૈદર જંગ, સર મનુભાઈ મહેતા, સર લલ્લુભાઈ શામળદાસ વગેરે સદ્‌ગૃહસ્થો એ ઑસ્પિટલની મુલાકાતે ગયા હતા. હું સમજું છું કે કાયદાનો ભંગ કરનાર સામે કડક હાથે પગલાં લેવાં એ ક્યારેક જરૂરી છે, પણ જ્યારે ઘવાએલાં માણસોની ખબર કાઢવા એક અમલદાર જાય ત્યારે એનો અર્થ એ નથી કે કાયદાભંગ સાથે એ સહાનુભૂતિ ધરાવે છે. હું તો એમ માનું છું કે ગવર્નર તથા હોમમેમ્બરને જો આવી સલાહ આપવામાં આવે તો સારું કે જો તેઓ આ રીતે ઑસ્પિટલની મુલાકાત લે તો આપણા પર (સરકાર પર) કડવાશ ઊભી કરવાનો જે આક્ષેપ છે તે હળવો થાય. એ એવું સત્ય પ્રકટ કરશે કે નામદાર સરકારની પ્રજાને ઈજા પહોંચાડવામાં સરકારને રસ નથી, ઊલટો ખેદ છે, પણ એમને નાઈલાજે ન ગમતાં પગલાં ભરવાં પડે છે. જો કૉંગ્રેસને પોતાની ઑસ્પિટલો ન હોત તો, અંગ્રેજ સ્વભાવને હું ઓળખતો હોવાથી મને ખાત્રી છે કે ઘાયલ સત્યાગ્રહીઓને સરકારે પોતાની ઑસ્પિટલમાં રાખ્યા હોત. હું ફરી ત્યાં મુલાકાતે જાઉં કે નહિ, એ જો આ કાઉન્સિલના મારા સાથીઓ જાણવા માગતા હોય તો હું કહું કે ત્યાં ફરી જવામાં મને જરા યે શરમ ન આવે. આવી બાબતમાં શંકા કરવી એ હકીકતે તો અવિશ્વાસ છે, અને જેના પર અવિશ્વાસ થયો હોય તેવો માણસ હું ધરાવું છું તેવો મહત્ત્વનો હોદ્દો પછી ધરાવી ન શકે. આત્મગૌરવના અંશવાળા માણસ સાથે જો આવું અવિશ્વાસનું વર્તન કરવામાં આવે તો એ રાજીનામું આપે. જો તેનામાં એવી સ્વમાનની ભાવના જ ન હોય તો સરકારે તેને બરતરફ કરવો જોઇએ, કારણ કે તેવો અધિકારી નોકરીમાં ઉપયોગી નથી. મિ. કીલીના પહેલા કાગળમાં મારે રાજીનામું આપવું એવું સૂચન છે અને એ સૂચન અનુસાર મેં રાજીનામું દઈ દીધું છે, જે આપે જોયું છે.

મિ. કીલીએ પોતાના આ પછીના કાગળમાં આ વાત પર ઠળશ ચડાવ્યો છે. એ કાગળમાં પરસ્પર વિરોધી બે લાગણી બતાવી છે. શરૂઆતમાં મૈત્રીના દાવે રાજીનામા પર ફેરવિચાર કરવા સૂચન છે અને છેવાડે, મારે રાજીનામું દેવું એવું ચોખ્ખું ફરી આવાહન છે. આપને એમના કાગળમાં એ જ અર્થ દેખાશે. મેં જે પગલાં ભર્યાં, કામ કર્યાં તે જાણે કે મેં સમજ્યા વગર ભર્યાં હોય તેવો અર્થ ઘટાવી મારે ભવિષ્યમાં કહ્યાગરા ડાહ્યા માણસ તરીકે વર્તવાની મારી પાસે ખાત્રી માગવામાં આવી છે. મને બહુ લાગી આવે છે પણ હું વિસ્તાર નહિ કરું. જે છે તેની હું નિખાલસ રજૂઆત કરું છું કે જેથી આપ પરિસ્થિતિને સ્પષ્ટ સ્વરૂપે સમજીને મેં મિ. કીલીને જે જવાબ વાળ્યો છે તે બારામાં મને સરખી સલાહ આપી શકો.

જો હું ભાવનગર રાજ્યનો ફક્ત ઍડમિનિસ્ટ્રેટર જ હોત તો મુશ્કેલી ન હતી, પણ મર્હૂમ મહારાજા સાહેબનાં બાળકો મારાં પૌત્રસંતાન જેવાં છે અને ગમે તે ભોગે પણ તેમને મારે છોડવાં ન જોઇએ એમ હરકોઇને લાગે. હાલની સ્થિતિમાં ચાર રીતે વર્તી શકાય તેવું છે: સહુથી સારો માનભર્યો માર્ગ એ છે કે વગર ફરિયાદે રાજીનામું દઈ દેવું, જે મેં દઈ દીધું છે. બીજો માર્ગ છે ખુલાસા દેવાનો અને આજ દિવસ સુધી સરકારનો મેં જે વિશ્વાસ ભોગવ્યો છે તે વિશ્વાસની ખાત્રી મેળવવાનો ને જો તે વિશ્વાસ મારામાં ન હોય તો મને છૂટો કરવા વિનંતી કરવાનો. એ પણ મેં બે કાગળો લખીને કર્યું છે. ત્રીજો માર્ગ છે, બરતરફ ન કરે ત્યાં સુધી વફાદારીથી વળગી રહેવાનો; અને ચોથો માર્ગ છે, મેં જે કર્યું જ નથી તેને માટે માફી માગવાનો.

પહેલો માર્ગ મેં તરત લીધો છે. બીજો માર્ગ મારે લેવો પડચો તેવું મિ. કીલીએ કર્યું છે. બાકી બે માર્ગ રહ્યા. ત્રીજા માર્ગનું પરિણામ શું આવે તે આપ સમજો છો. ચોથો માર્ગ તો જાણે ફક્ત હિંદી હોય તેને માટે છે. હું હિંદી એટલા માટે કહું છું કે મારા સાથી કર્નલ મૉસને આવો કાગળ લખવામાં આવ્યો ન હોત. આપ જાણો છો કે મારે ભાવનગર સાથેનો સંબંધ તોડવો એટલે શું, મર્હૂમ મહારાજાનાં બાળકોને છોડવાં એટલે શું, અને જે પ્રજાની મેં પાંત્રીસ વર્ષ સેવા કરી છે તેને છોડવી એટલે શું? પણ મારા દુ:ખની વાત મારે ગાવી નથી. એ તો શંકા વગરની વાત છે કે જેવું મારું રાજીનામું મંજૂર થશે તેવી જ જે વાત આજ મેં ખાનગી રાખી છે તે જાહેર થશે. આ બધું કેમ ને શું થયું, એ જાણવાની ઇચ્છા મહારાજાને થશે. ને આપ મને કહો કે ત્યારે મારે મહારાજાને શો જવાબ દેવો? પ્રજા પાસે શા ખુલાસા કરવા? આપની પોતાની લાગણી કેવી હશે? પણ મારા સ્વમાન તથા નામનાના ભોગે ઉપરની એક પણ વાત હું વિચારમાં લઈ શકું નહિ. મિ. કીલીએ એક ઉપાય સૂચવ્યો છે કે ફરી ખોટું વર્તન ન થાય તે માટે મારે તેને ખાત્રી આપવી, કેમ જાણે મેં ખોટું વર્તન કર્યું જ છે! હું ઍડમિનિસ્ટ્રેટર તરીકે ચાલુ રહું એમ જો મિ. કીલી ઇચ્છતા હોય તો એક ઉપાય મેં લખી જણાવ્યો છે ને તે એ કે તેમણે મને

મારામાં વિશ્વાસની ખાત્રી આપવી અને આ જે પત્રવ્યવહાર કર્યો છે તેને અસંગત ગણવો. આ તકરારની ચર્ચા મેં ઊભી નથી કરી, એમણે કરી છે અને એ પોતે જ એને ચાળે પાડે. હું ચાલુ રહું તે માટે મારી એક જ શરત છે જે મેં મિ. કીલીને કાગળમાં લખી છે, કે તમારા કામમાં જેવો વિશ્વાસ તમને છે તેવો વિશ્વાસ તમને મારા કામમાં હોવો જોઇએ. મારી સેવાઓ ઘણાં વરસોની છે, મારી ચકાસણી થઈ ગએલી છે, મારી વફાદારી પુરવાર થએલી છે, સરકારમાં મેં ઘણા મોટા હોદ્દા ભોગવ્યા છે જેની સરખામણીમાં ભાવનગરના પ્રેસિડેન્ટની જગ્યા કોઈ હિસાબમાં નથી. મેં સરકારનો પૂરો વિશ્વાસ માણ્યો છે ને તેમના તરફથી એવાં સૌજન્ય તથા મહેરબાની મેં માણ્યાં છે કે જેવાં થોડા હિંદીઓએ માણ્યાં હોય. અને હવે આજ મને એવો અનુભવ કરાવવામાં આવે છે કે મારામાં વિશ્વાસ મૂકી શકાય તેમ નથી કારણ કે હું એક હિંદી છું. જો એ. જી. જી.ના કામમાં વિશ્વાસ હોય તેવો વિશ્વાસ મારા કામમાં ન હોય તો મારે માટે સ્થિતિ અસહ્ય છે. જો નામદાર સરકારે બાળ મહારાજાને તુરતમાં ગાદીનશીન કરવાનું ઠરાવ્યું હોત તો આ સ્થિતિ થઈ તેથી મને ફિકર ન થાત, જવું સહેલું બનત, મહારાજા ને પ્રજાની સ્થિતિ કઢંગી ન બનત, મહારાજાની મદદમાં આપ ચાલુ રહેત અને મારી ઉમરને કારણે તેમ જ મારે આરામની જરૂર છે તે કારણે હું જાત. પણ મહારાજાને ગાદીએ બેસાડવાની આપણી વિનંતી છતાં તે માટે સરકારને ભલામણ કરવાનું ડહાપણ મિ. કીલી દર્શાવી શકે કે કેમ તે હું જાણતો નથી. પાંત્રીસ વર્ષોની એકધારી સેવાના મારા સુખસંતોષભર્યા સંબંધો પછી મને કેવા અંત તરફ ધકેલવામાં આવે છે!'

કાઉન્સિલરોએ વિગતે ચર્ચા કરી સ્વીકાર્યું કે ઉત્તમ કામગીરી હોવા છતાં સરકારે જાણીબૂઝીને ઊભું કરેલું આ તૂત છે. પ્રભાશંકર પટ્ટણી સ્વમાન જાળવવા રાજીનામું આપે એ યોગ્ય પગલું હોવા છતાં બાળ મહારાજા કે રાજ્યને તેથી લાભ નથી, ગેરલાભ છે. અને તેથી સ્વમાનભર્યો બીજો ઉકેલ ન હોવાથી કાઉન્સિલે નોંધ લીધી. વાઈસ પ્રેસિડેન્ટ કર્નલ મૉસે પ્રભાશંકરને કહ્યું કે હું મિ. કીલીને કાગળ લખું. પ્રભાશંકરે કહ્યું કે ના, મારે કોઈની ભલામણ જોઈતી નથી. કર્નલ મૉસે કહ્યું કે પ્રભાશંકર, હું અંગત કાગળ લખું તેમાં તમે કેમ ના કહી શકો? પ્રભાશંકરે કહ્યું કે અંગત હોય તો મને પૂછવાની જ જરૂર નથી.

કર્નલ મૉસે, સંભવ છે કે, પત્ર લખ્યો હશે. મિ. કીલીએ પ્રભાશંકરના રાજીનામાનો પત્ર મંજૂરી માટે ઉપર પોલિટિકલ ડિપાર્ટમેન્ટને મોકલ્યો નહિ. એ મોકલે તો ઉપરથી જે પુછાણ થાય ને તપાસ થાય તેમાં મિ. કીલીની બદદાનત અથવા તો છેવટ જવાબદાર અધિકારી તરીકેની અનાવડત છતી થાય તેમ હતું; કારણ કે તે વખતના વાઈસરૉય લૉર્ડ અર્વિનને પ્રભાશંકર પર પૂરો વિશ્વાસ હતો અને માન ઘણું હતું. ઘણી બાબતોમાં એ પ્રભાશંકરની સલાહ લેતા અને માનતા. મિ. કીલીએ પ્રભાશંકરને પત્ર લખી ઊભી કરેલી ગેરસમજ બદલ અફસોસ જાહેર કર્યો, માફી ન માંગી. પ્રભાશંકરે માફીનો આગ્રહ ન રાખ્યો પણ પોતાના કામમાં પૂરા વિશ્વાસની ખાત્રી માગી જે મિ. કીલીએ આપી અને પ્રભાશંકર ઍડમિનિસ્ટ્રેટર તરીકે ચાલુ રહ્યા.

આ પ્રકરણ પત્યું છતાં પ્રભાશંકરના કામમાં સાથ ન આપવાનું અને ઊલટી નવી મુશ્કેલીઓ ઊભી કરવાનું મિ. કીલીએ ચાલુ રાખ્યું. પ્રભાશંકરની ઇચ્છા હતી કે બાળ મહારાજા કૃષ્ણકુમારસિંહજી ઉમરલાયક થયા છે અને રાજ્યના વહીવટી કામની તાલીમ લઈ ચૂક્યા છે તો તેમને ગાદીનશીન કરી દેવા. એ મંજૂરી પોલિટિકલ એજન્ટ મિ. કીલી આપતા ન હતા અને મહારાજામાં હજી આવડત નથી. તાલીમની વધુ જરૂર છે, એમ બહાનાં બતાવતા હતા. કૃષ્ણકુમારસિંહજી એક ઉત્તમ રાજા થાય તેવી તાલીમ આપવા પ્રભાશંકરે પૂરા પ્રયાસો કરેલા. કૃષ્ણકુમારના શિક્ષણ સંબંધમાં રાજકુમાર કૉલેજના પ્રિન્સિપલ, તેમના હિંદ તથા ઇંગ્લૅન્ડના અભ્યાસ દરમિયાનના અંગ્રેજ ટ્યૂટરો, વર્ગશિક્ષક તથા પ્રિન્સિપલનાં ઉત્તમ પ્રમાણપત્રો હતાં. પ્રભાશંકરે રાજ્યવહીવટની જે તાલીમ આપેલી તેનાં પ્રમાણપત્ર મેળવવામાં પ્રભાશંકરે એવી પદ્ધતિ પણ અખત્યાર કરેલી કે નામાંકિત ઑફિસરો, ગવર્નરના કાઉન્સિલરો, ગવર્નર તેમ જ વાઈસરૉય સાથે તેઓ કૃષ્ણકુમારસિંહજીની મુલાકાત ગોઠવતા. એ મુલાકાત વખતે પ્રભાશંકર હાજર ન રહેતા પણ બાળ મહારાજાની છાપ પોતા પર કેવી પડી છે તે પ્રભાશંકર તેમને પુછાવતા અને પોતા પર ઉત્તમ છાપ પડી હોવાના કાગળો મુંબાઈના ગવર્નર, એ ગવર્નરની કાઉન્સિલના નાણાં સભ્ય તથા વસૂલાતી સભ્ય તેમ જ ખુદ વાઈસરૉય લૉર્ડ અર્વિનના હતા. કૃષ્ણકુમારસિંહજીને ગાદીનશીન કરવાની મંજૂરી આપવા પ્રભાશંકરે રાજકોટની કોઠીને ફરી વિનંતી કરી ત્યારે ફરીથી એ. જી. જી. મિ. કીલીએ કૃષ્ણકુમારસિંહને હજી વધુ તાલીમની જરૂર છે, હજી ઉંમર નાની છે, એમ લખી જણાવ્યું. આના ઉત્તરમાં પ્રભાશંકરે ઉપરનાં પ્રમાણપત્રો દેનારામાંથી અમુકનાં નામ ટાંકી પુછાવ્યું કે હિંદના એક રાજવીમાં આપ કેવી આવડતની અપેક્ષા રાખો છો તે જણાવશો અને મારી આ અરજી આપનો જે અભિપ્રાય થતો હોય તે અભિપ્રાય સાથે દિલ્હી પોલિટિકલ ડિપાર્ટમેન્ટને મોકલશો. પ્રભાશંકર એ અરજીની નકલ સાથે દિલ્હી જઈ વાઈસરૉયને મળ્યા ને વિગત સમજાવી. તત્કાલ લેખિત મંજૂરી આપવા લૉર્ડ અર્વિન તૈયાર થયા. પ્રભાશંકરે કહ્યું કે રાજકોટ કોઠી પાસેથી અરજી મંગાવી, એ અરજી ચકાસી પછી મંજૂરી આપવી. એ મુજબ દિલ્હીના પોલિટિકલ ડિપાર્ટમેન્ટે રાજકોટ કોઠીને લખી અરજી મંગાવી અને ગાદીનશીન કરવાની મંજૂરીનો પહેલો તાર પ્રભાશંકરને કરવામાં આવ્યો. તાર મળતાં પ્રભાશંકરે મિ. કીલીને તાર કરી મંજૂરી મેળવી આપવા બદલ તેમનો આભાર માન્યો!

લૉર્ડ અર્વિને કૃષ્ણકુમારસિંહજીને ગાદીનશીન કરવાની મંજૂરી રૂબરૂમાં પ્રભાશંકરને આપી ત્યારે સત્તા સોંપણીનો વિધિ લૉર્ડ અર્વિનને હસ્તે થાય તેવી વિનંતી પ્રભાશંકરે કરેલી અને લૉર્ડ અર્વિને ખુશીથી તેની હા કહેલી. કિન્તુ, ગાદીનશીનીની તારીખ નક્કી થઈ અને એ તારીખ પહેલાં લૉર્ડ અર્વિનની જગ્યાએ લૉર્ડ વિલિંગ્ડનની વાઈસરૉય તરીકે નિમણુક થઈ અને લૉર્ડ અર્વિનને વિલાયત જવાનું થયું. આથી પ્રભાશંકરે રાજ્યારોહણનો વિધિ કરવા મિ. કીલીને વિનંતી કરી. મિ. કીલીએ એ સ્વીકાર્યું અને રાજ્યારોહણનો દિવસ નજીક આવ્યો ત્યારે પોતાના અંગત માણસને રાજ્યારોહણ વખતે દરબાર કેમ ભરવો તેની સૂચના સાથે ભાવનગર મોકલ્યો. દરબારની વ્યવસ્થા માટે રાજ્યે એક ખાસ કમિટી રા. બ. ભાસ્કરરાવભાઈ મહેતાના પ્રમુખપદે નીમી હતી. તેના એક સભ્ય જહાંગીર મ. રાણીના હતા. એ. જી. જી.ના અંગ્રેજ અમલદારે એવું સૂચન કરીને આગ્રહ રાખ્યો કે રાજ્યની ચાવી નામદાર મહારાજાને સોંપી દીધા પછી પ્રભાશંકર પટ્ટણી હોદ્દા પરથી ઊતરી જતા હોઈ, તેમની બેઠક પહેલી હરોળમાં એ. જી. જી. તથા આમંત્રિત રાજામહારાજાઓની સાથે ન રાખતાં પાછલી હરોળમાં રાખવી. આ વાત રાજ્યની કમિટીને યોગ્ય જણાતી ન હતી પણ અંગ્રેજ ઑફિસરની ઉપરવટ જવાય તેમ ન હતું. આથી કમિટીએ એવું સૂચન મૂક્યું કે આ બાબતમાં મે. પટ્ટણીસાહેબને જ પુછાવવું. અંગ્રેજ ઑફિસરને એ સૂચન ગમ્યું. એનું કારણ મિ. રાણીનાને એ લાગ્યું કે જો પ્રભાશંકર પોતાની ખુરશી પહેલી હરોળમાં રાખવા આગ્રહ કરે તો પહેલી હરોળમાં ન રાખી તેમનું અપમાન કરી શકાશે ને જો જાતે જ પાછલી હરોળમાં પોતાની ખુરશી માગે તો આપમેળે પોલિટિકલ એજન્ટનું ધાર્યું થાય છે. કમિટીએ પ્રભાશંકરને કાગળ લખી પુછાવ્યું. એ કાગળ રાતના મળ્યો ત્યારે પ્રભાશંકર શ્રીમદ્ ભાગવત વાંચતા'તા. કાગળ વાંચી એ જ ક્ષણે તેમણે જવાબ લખ્યો કે હું

હજૂરશ્રીના ચરણમાં બેસીશ ! ધાર્યા કરતાં પ્રભાશંકરનો જવાબ તદ્દન જુદો હતો. બીજી તરફ, કમિટીના પ્રમુખ શ્રી ભાસ્કરરાવભાઈ કોઈ કામે મહારાજા સાહેબને મળવા ગએલા ત્યારે તેમને અંગ્રેજ અમલદારની સૂચનાની વાત કરી. એ સાંભળી મહારાજાએ કહ્યું કે મને સત્તા મળ્યા પછી પટ્ટણી સાહેબની ખુરશી મારી બાજુમાં જ રહેવી જોઇએ.

મહારાજાને સત્તા સોંપાઈ તે ખાસ પ્રસંગે એ. જી. જી. મિ. કીલી હાજર રહ્યા હતા. પ્રસંગ સારી રીતે ઉજવાયો. એ. જી. જી.ને દમામથી સ્થાન આપવામાં આવ્યું..છતાં પણ જાણે પોતે પ્રભાશંકરને અપમાનિત ન કરી શક્યા તેનો રંજ રહ્યો હોય તેવું વર્તન તેણે મોરબીના યુવરાજ કાલિકાપ્રસાદના લગ્ન-પ્રસંગે કર્યું. એ લગ્ન-પ્રસંગે વરઘોડો નીકળે તેમાં વરરાજાના ઘોડા પછી ક્રમમાં કયા કયા રાજાની મોટર રહેવી જોઇએ તે નક્કી કરવામાં મિ. કીલીએ એવી દલીલ રજૂ કરી કે પ્રભાશંકર રાજા નથી, નિવૃત્ત અધિકારી છે. તેમનું વાહન બધાં રજવાડાંના વાહન પછી રહેવું જોઇએ. મિ. કીલીના સ્વભાવને જાણનાર પ્રભાશંકર વરઘોડો નીકળ્યો ત્યાં સુધી હાજર ન થયા, એની ઘણાને નવાઈ લાગી. પણ જેવો વરઘોડો વાજતે ગાજતે રાજમાર્ગ પર આવ્યો કે બાજુની શેરીમાંથી નીકળી પ્રભાશંકર વરરાજાના ઘોડા પાસે આવી, ઘોડાની લગામ ઝાલી સાથે ચાલનાર ઘોડાના રખેવાળને સહેજ દૂર ચાલવાનું કહી પોતે વરરાજાના ઘોડાને દોરતા સાથે ચાલવા લાગ્યા. થોડે દૂર ગયા ત્યાં પાછળથી મોરબી ઠાકોર લખધીરસિંહજીની સૂચના આવતાં પ્રભાશંકરે ઘોડાને થંભાવ્યો. ત્યાં પાછળથી ઠાકોર લખધી-સિંહજીએ ચાલતા આવી પ્રભાશંકરનો હાથ ઝાલી સ્વાગત કરી પૂછ્યુ : 'આપ અહીં શા માટે છો ?' પ્રભાશંકરે કહ્યું : 'હું મોરબીબાવાની રૈયત છું, વળી રાજ્યનો જૂનો નોકર છું. મારા બાપદાદાએ મોરબીબાવા સાથે જે સબંધ રાખ્યો છે તે જોતાં મારું સ્થાન અહીં છે.' મોરબી ઠાકોરે કહ્યું કે જો આપ એ રીતે જોતા હો તો મારી વિનંતીને માન આપી મારી સાથે પધારો. આમ કહી તે પ્રભાશંકરને વરરાજા પછીથી પોતાની પહેલી મોટરમાં સાથે લઈ ગયા.

એ પછી ટૂંક વખતમાં મિ. કીલી નોકરીમાંથી નિવૃત્ત થઈ ઇંગ્લૅન્ડ ગયા. તે પછી સર પ્રભાશંકર બીજી ગોળમેજી પરિષદના સભ્ય તરીકે ઇંગ્લૅન્ડ ગએલા ત્યારે બજારમાં નીકળતાં તેમણે મોટર ધીમી પડાવી સેક્રેટરી શાંતિલાલ પા. વૈદ્યને પૂછ્યું કે પેલી દુકાનનાં પગથિયાં ચડી અંદર ગયા તે મિ. કીલી જ છે કે બીજા ? સેક્રેટરીએ 'કીલી જ છે' એમ કહ્યું એટલે પ્રભાશંકરે તેમને સૂચના આપી કે મિ. કીલીને રાતનું ખાણું મારી સાથે લેવા આમંત્રણ મોકલાવો. ખાણાની તારીખ તેમને અનુકૂળ હોય તે રાખજો.

સેક્રેટરી મિ. વૈદ્યે ઇન્ડિયા ઑફિસમાંથી મિ. કીલીના ઘરનું સરનામું મેળવી આમંત્રણ પાઠવ્યું. પહેલાં તો તેણે આશ્ચર્ય દર્શાવી આનાકાની કરતાં કહ્યું કે હું તો હવે નિવૃત્ત અધિકારી છું. મિ. વૈદ્યે કહ્યું કે સર પ્રભાશંકરનો સંબંધ કોઈ મર્યાદામાં બંધાએલો નથી. તમે એમની ઇચ્છાને માન આપી આવશો તો તેમને પણ આનંદ થશે. મિ. કીલી ખાણા પર આવ્યા. પ્રભાશંકરે ઊઠીને સ્વાગત કર્યું, તેના સ્વાસ્થ્યના ખબર પૂછ્યા, કારણ કે મિ. કીલીને હિંદની આબોહવા માફક ન આવતી, એ વારંવાર બીમાર થઈ રજા ઉપર ઊતરતા. પ્રભાશંકરે તેમની કૌટુંબિક સ્થિતિ પૂછી. તેના જવાબમાં મિ. કીલીએ જણાવ્યું કે પોતે નિવૃત્ત થયા પછી કુટુંબમાં વિદ્યાર્થીના અભ્યાસખર્ચને પહોંચી વળાતું ન હોવાથી અભ્યાસ છોડાવવો પડે તેવી સ્થિતિ છે. એ સાંભળી, પ્રભાશંકરે એ જ વખતે તેમાં ખૂટતી રકમની જોગવાઈ કરી આપતો ચેક આપ્યો. પછી યે વાતો થઈ. ઊઠતી વખતે મિ. કીલીની આંખમાં પાણી ભરાઈ આવ્યાં. ગળું સાફ કરી તેણે કહ્યું કે મને આવી કલ્પના યે ન હતી. તમે મને એવી સારી રીતે જાળવેલો ને નિવૃત્ત થયો છું તો યે જાળવો છો. પણ સર પ્રભાશંકર, મેં તમને બહુ જ હેરાનપરેશાન કર્યા છે. મને અફસોસ થાય છે. પ્રભાશંકરે કહ્યું કે અફસોસ ? ખોટું કામ કર્યું હોય ને જો અફસોસ થાય તો એ તો હૃદયને શુદ્ધ કરે છે. બાકી, ત્યારે પણ, હું તો એમ જ માનતો'તો કે આપ આપની ફરજ સમજી કામ કરો છો અને હું ત્યારે મારી સમજ પ્રમાણે વર્તતો'તો. પ્રભાશંકરે મિ. કીલીને ઘેર જવા પોતાની મોટર આપી અને તેમને વળાવવા નીચે મોટર સુધી સાથે ગયા. □

એસ. એસ. સી.માં પહેલા દસ આવનાર વિદ્યાર્થીઓને 'કુમાર' ભેટ

સ્વ. દુષ્યન્ત બાપાલાલ શાહ (સુરેન્દ્રનગર)ના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી એસ. એસ. સી.ની પરીક્ષામાં પહેલા દસ આવનાર નીચેના વિદ્યાર્થીઓને ઈ. ૧૯૭૯ના વર્ષ માટે 'કુમાર' ભેટ મોકલવા માટેનાં દસ લવાજમ અમને મળ્યાં છે, પરંતુ એ વિદ્યાર્થીઓનાં ઘરનાં સરનામાં અમને મળ્યાં નથી તો અમને તે તાકીદે મોકલવા વ્યવસ્થા કરવા લાગતાવળગતાઓને જાહેર વિનંતી છે.

(૧) પટેલ રશ્મિકાન્ત મણિભાઈ, એડવર્ડ મેમોરિયલ હાઈસ્કૂલ, વાસદ રોડ, બોરસદ (જિ. ખેડા)

(૨) ચાઉ ભાઈશંકર જેરામ, ભાવસિંહજી હાઈસ્કૂલ, પોરબંદર

(૩) ખંડુરિયા ધર્મિષ્ઠા રઘુભાઈ, સજુબા ગર્લ્સ હાઈસ્કૂલ, જામનગર

(૪) પરીખ દીવાનચંદ્ર રમણિકલાલ, શેઠ જે. એચ. સોનાવાલા હાઈસ્કૂલ, મહુધા રોડ, મહેમદાવાદ (જિ. ખેડા)

(૫) વણકર ભીમાભાઈ બાબાભાઈ, શાન્તિનિકેતન વિદ્યાવિહાર, કલોલ (જિ. મહેસાણા)

(૬) મકવાણા મનુભાઈ છગનભાઈ, નવાનગર હાઈસ્કૂલ, બેડી ગેટ રોડ, જામનગર

(૭) પટેલ રમેશભાઈ શામળદાસ, શ્રી વાસુદેવ વિદ્યાલય, જામલા (તા. કલોલ, જિ. મહેસાણા)

(૮) મિસ્ત્રી પ્રભાવતીબેન પ્રમોદરાય, એસ. પી. હાઈસ્કૂલ, સ્ટેશન રોડ, બોરીઆવી (જિ. ખેડા)

(૯) મહેતા બંસરી જિતેન્દ્ર, શ્રી ઇન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, ભુજ

(૧૦) ભટ્ટ નરહરિપ્રસાદ કપિલશંકર, શ્રી આર. જે. એચ. હાઈસ્કૂલ, ઢસા જંક્શન (જિ. ભાવનગર)

વ્યવસ્થાપક 'કુમાર' · ૧૪૫૪ રાયપુર · અમદાવાદ-૧

સાહિત્યસંપર્ક

ત્રિભાષી પ્રાવૈધિક પારિભાષિક શબ્દસંગ્રહ

ગુજરાતના વિખ્યાત વિજ્ઞાની ડૉ. ત્રિભુવનદાસ ગજ્જરે ઈ. ૧૮૮૮માં વિજ્ઞાન સંબંધી પરિભાષા તૈયાર કરવાનો પ્રથમ વ્યવસ્થિત પ્રયાસ કરેલો. વડોદરાના વિદ્યાપ્રેમી રાજવી સર સયાજીરાવ ગાયકવાડે ગુજરાતી વૈજ્ઞાનિક પરિભાષાના વપરાશની પહેલ કરાવીને હુન્નર-ઉદ્યોગની તાલીમમાં ગુજરાતી ભાષાને શિક્ષણના માધ્યમ તરીકે દાખલ કરી. તે પછી 'ગુજરાત વિદ્યાસભા', 'ગુજરાત વિદ્યાપીઠ', 'રાષ્ટ્રીય વિદ્યામંદિર', 'ગુજરાત સંશોધક મંડળ', 'ફાર્બસ ગુજરાતી સભા' ને 'ગુજરાત યુનિવર્સિટી' વગેરે સંસ્થાઓ દ્વારા વિજ્ઞાન વિષયક ગુજરાતી શબ્દાવલિઓનાં છૂટક છૂટક પ્રકાશનો થયાં છે. સ્વ. પોપટલાલ ગો. શાહે 'વૈજ્ઞાનિક શબ્દસંગ્રહ'માં વિજ્ઞાન વિષયક ઘણા શબ્દોનો સમાવેશ કર્યો છે અને એ શબ્દો પ્રચલિત પણ થયા છે.

પણ આ બધાં પ્રકાશનોમાં 'ઈજનેરી' અને 'ટૅક્નૉલૉજી'ના શબ્દોનું પ્રમાણ વિશેષ નથી. એ ક્ષેત્રના ગુજરાતી શબ્દોના આયોજનનું વ્યવસ્થિત સ્વરૂપ ઈ. ૧૯૬૨માં ગુજરાત રાજ્યે પ્રકટ કરેલા 'વૈજ્ઞાનિક પ્રાવૈધિક શબ્દસંગ્રહ'માં આકાર પામ્યું. એ શબ્દસંગ્રહમાં ઈજનેરીની વિવિધ શાખાઓના તથા પદાર્થવિજ્ઞાન અને રસાયણશાસ્ત્ર જેવા સંબધિત વિજ્ઞાનના લગભગ નવેક હજાર શબ્દો સમાવેલા હતા. એ સંગ્રહનું સંપાદન ગુજરાતની જાણીતી ઔદ્યોગિક સંસ્થા 'ટેસ્ટીલ્સ'ના ટેક્નિકલ સલાહકાર પ્રા. ફિરોઝ શા. કલવચવાળાએ કરેલું.

છેલ્લે માતૃભાષાને ઉચ્ચ કેળવણીનું માધ્યમ બનાવવા માટે યુનિવર્સિટી કક્ષાએ પ્રત્યેક વિદ્યાશાખા માટે કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની આર્થિક સહાયથી પ્રાદેશિક ભાષાઓમાં યુનિવર્સિટી કક્ષાના અભ્યાસક્રમને આવરી લેતાં પાઠ્યપુસ્તકો તથા અન્ય સંદર્ભગ્રંથો પ્રકાશિત કરવા માટે 'યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ (ગુજરાત રાજ્ય)'ની સ્થાપના થયા પછી એના દ્વારા જે કેટલાંક અત્યંત ઉપયોગી પ્રકાશનો પ્રકટ થયાં છે તેમાં 'ત્રિભાષી પ્રાવૈધિક પારિભાષિક શબ્દસંગ્રહ'* એક ઉપયોગી અને એથી આવકાર્ય ઉમેરણ છે. આ કાર્યના અનુભવી પ્રા. ફિરોઝ શા. કલવચવાળા અને અમદાવાદની એલ. ડી. એન્જિનીઅરિંગ કૉલેજના પ્રા. નિરંજન ર. દવેએ એનું સંપાદન કર્યું છે. ભાષાશાસ્ત્ર, ભાષાશુદ્ધિ કે વ્યુત્પત્તિશાસ્ત્રના પાયા પર નહિ, પણ પ્રમાણભૂત ગ્રંથો અને શબ્દકોષોનો આધાર લઈ સુગમતા, સરળતા અને વ્યાપકતાના પાયા ઉપર આ નવા શબ્દસંગ્રહનું મંડાણ કરેલું છે.

પ્રાદેશિક ભાષામાં પાઠ્યપુસ્તકો રચવા માટે સુયોગ્ય પરિભાષાની આવશ્યકતા સમજીને જુદીજુદી વિદ્યાશાખાઓ માટે પારિભાષિક શબ્દસંગ્રહ પ્રકટ થાય એ ખરેખર આવકાર્ય છે. એથી ભાષાનું શબ્દભંડોળ વધીને એને ગૌરવ પણ મળે. પણ આજે જ્ઞાનનો વ્યાપ અને વિકાસ કોઈ એક દેશનો આગવો ન રહેતાં જુદાજુદા દેશો અને એ રીતે એ દેશોની અલગ-અલગ ભાષા પર આધારિત હોઈ પરભાષાના ઘણા શબ્દોના બરાબર યોગ્ય પર્યાય શોધવા કઠિન છે. આપણે આ માટે સંસ્કૃત ભાષાનો આશ્રય લેવો પડે છે. આ રીતે સ-આયાસ યોજાએલા શબ્દોથી ભરેલી સંસ્કૃતમય ગુજરાતી ભાષા, અભ્યાસગ્રંથો કે ટેક્નિકલ પાઠ્યપુસ્તકોમાંથી બહાર નીકળીને રોજિંદા વ્યવહારમાં કેટલી સરળસહજ બને એ વિચારણીય છે. આ સંગ્રહમાંથી જ થોડા શબ્દો જોઇએ : 'પ્લાઈવૂડ'ના બદલે 'સ્તરકાષ્ઠ', માઇક્રોફોન'ને બદલે 'ધ્વનિક્ષેપ', ગટરના 'મૅનહોલ'ને 'પ્રવેશછિદ્ર', વીજળીના 'વૉલ્ટેજ' ને 'વૉલ્ટતા', 'સૅનિટરી ફિટિંગ' ને 'સ્વાસ્થ્યપ્રદ આસંજન' વગેરે જેવા શબ્દપ્રયોગો રોજિંદા ભાષાવ્યવહારમાં ક્યારે ને કેટલા પ્રમાણમાં અપનાવી શકાશે? 'સેલ્ફ રીસેટિંગ સ્વિચ'ને સ્થાને 'સ્વયં પુનરવ સ્થાપન સ્વિચ' કે 'સ્વિચિંગ'ને બદલે 'સ્વિચન' બોલીને ઇલેક્ટ્રિક ફિટિંગ કરનારા કારીગરોની કલ્પના આપણને સંસ્કૃત ભાષાના ભવ્ય ભૂતકાળમાં દોરી જતી લાગે છે, ને છતાં એમાં યે 'સ્વિચ' તો 'સ્વિચ' જ રહી છે! અર્થ અને ભાષા-સંસ્કારની દૃષ્ટિએ આવી શબ્દરચના તદ્દન ખરી છે, પણ રોજિંદા વ્યવહારમાં અલાણની અપેક્ષાની હાલત બદ્રંભદ્રની 'મૂલ્યપત્રિકા' (ટિકિટ) કે વડોદરાના 'અગ્નિશાંતિ બંબથાણા' (ફાયર બ્રિગેડ સ્ટેશન) કે 'ભૂગર્ભ મલિન વારિ–વાહિની' (ગટર-ડ્રેઇનેજ)ના

શબ્દકથા : ખેલવું

રમવાના અર્થમાં સંસ્કૃતમાં क्रीड् ધાતુ જાણીતો છે. 'રમત' માટે क्रीडा, પ્રાકૃત कीला અને खेड्ड પ્રચલિત હતા. ગુજરાતી વગેરે અર્વાચીન ભાષાઓમાં खेल् અને નામ खेल 'રમત, ક્રીડા, નાટક વગેરેનો પ્રયોગ' અને તેવા બીજા સાધિત શબ્દો વપરાય છે. હોળી ખેલવી, રાસ ખેલવો, ખેલ ખેલવો વગેરે પ્રયોગ જાણીતા છે.

સંસ્કૃતમાં खेल् ધાતુ જૂનો નથી. મુકાબલે અર્વાચીન સમયમાં જ તેનો પ્રયોગ મળે છે. ચાર ગુરુ અક્ષરના એક 'કન્યા' નામના સંસ્કૃત છંદનું જે ઉદાહરણ એક પિંગળગ્રંથમાં અપાયું છે તેમાં खेल् ધાતુ વપરાયો છે :

भास्वत्कन्या सैका धन्या यस्याः कूले कृष्णोऽखेलत् ॥

(ધન્ય તો છે એકમાત્ર સૂર્યકન્યા યમુના, જેને કાંઠે કૃષ્ણ ખેલ્યા.)

તે પહેલાંના સાહિત્યમાં क्ष्वेल એવું રૂપ અને તેના પરથી સધાએલા क्ष्वेलन, क्ष्वेलि, क्ष्वेलिका 'ક્રીડા' એવા શબ્દો 'ભાગવતપુરાણ' વગેરેમાં ક્વચિત્ વપરાયા છે. વધુ જૂનું રૂપ क्ष्वेड् છે. તેના પરથી क्ष्वेडिका 'ક્રીડા' એવું નામ બન્યું છે. વાત્સ્યાયનના કામશાસ્ત્રમાં અને ભોજરાજાકૃત 'શૃંગારપ્રકાશ' નામના સાહિત્યશાસ્ત્રના ગ્રંથમાં જે કેટલાક લૌકિક ઉત્સવો ગણાવેલા છે, તેમાં એકનું નામ છે उदकक्ष्वेडिका. આ 'ઉદક-ક્રીડા'માં યુવાનો અને યુવતીઓ પોતાના પ્રિયજન ઉપર વાંસ, શીંગડા વગેરેની પિચકારી વતી રંગીન સુગંધી જળ છાંટીને રમે છે. હોળી અને ધૂળેટીમાં (પ્રાચીન નામ 'વસંતોત્સવ,' 'મદનમહ,' 'ફલ્ગુ' કે 'સુવસંતક') આ રિવાજ હજી પણ પ્રચલિત છે.

આમ क्ष्वेड् ઉપરથી क्ष्वेल् અને તે ઉપરથી खेल એમ ઘટાવી શકાય. પણ આ રૂપોને તથા પ્રાકૃત खेड्ड, खेल्ल વગેરેને સંસ્કૃત क्रीड ઉપરથી થએલા માનવામાં ધ્વનિવિકાસની દૃષ્ટિએ કેટલીક મુશ્કેલીઓ છે. આથી કેટલાક વ્યુત્પત્તિશાસ્ત્રીઓ खेल् વગેરેનું મૂળ અનાર્ય ભાષામાં હોવાનું માને છે, અથવા તો છેવટે क्रीड्માંથી જે ફેરફારો વડે खेल રૂપ થયું તેમાં આર્યેતર પ્રભાવ પણ પડ્યાનો સ્વીકાર કરે છે.

હિંદી, ગુજરાતી, બંગાળી વગેરેમાં खेल् છે, પણ સિંધી, પંજાબીમાં खेड् છે.

હરિવલ્લભ ભાયાણી

પ્રયોગ જેવી જ બની રહે. મુસ્લિમ શાસનના ‘તારીખ’ અને ‘રૂમાલ’ કે અંગ્રેજીના ‘સ્ટેશન’ ને ‘ટેબલ’ જેવા શબ્દોને યથાતથ રાખવાને બદલે એના સંસ્કૃતમય પર્યાય આપવા જેવા આ મિથ્યા પ્રયત્ન છે. બીજા કેટલાક શબ્દોનું નવું રૂપ પણ ધ્યાન ખેંચે છે. દા. ત. Brick in lime masonry’ માટે આપેલા ‘ચૂના ઈંટ-ચણતર’ના બદલે ‘ઈંટચૂનાનું ચણતર’ કે ‘masonry weir’ માટેના ‘ચણતર (પાકો) વિયર’ એવા પ્રયોગના બદલે ‘પાકો બંધ’ જેવા રોજિંદા વપરાતા શબ્દપ્રયોગ શું ખોટા છે?

અલબત્ત, આ ઉદાહરણોનો હેતુ માત્ર નવા રચાતા પારિભાષિક શબ્દોમાં શક્ય તેટલી સરળતા પર ભાર મૂકવાની જરૂર પ્રતિ આંગળી ચીંધવાનો જ છે. એથી પારિભાષિક શબ્દસંગ્રહોની આવશ્યકતા કે એનું મહત્ત્વ ઘટતું નથી જ. શબ્દસમૃદ્ધિ એ ભાષાનું ગૌરવ છે પરંતુ એ સમૃદ્ધિ વપરાતી રહે તો જ એ ગૌરવ પ્રકટે અને ટકી રહે. અન્યથા ગ્રંથાલયોમાં સંઘરાએલા સંસ્કૃત ગ્રંથો કે તિજોરીમાં ભરી રાખેલા ધન જેવી એની સ્થિતિ બની રહે.

વળી, પારિભાષિક શબ્દો તૈયાર કરવામાં અનેક મર્યાદાઓ રહે એ સ્વાભાવિક છે. દાયકાઓથી રૂઢ થઈ ગએલા પરભાષી શબ્દોને કાઢવા લગભગ અશક્ય છે, તો બીજી બાજુ અનેક શબ્દો તો તદ્દન નવા જ ઘડવા પડે. આવા બધા મુદ્દાઓથી આ શબ્દસંગ્રહના સંપાદકોએ સજગ રહીને પોતાના શૈક્ષણિક અનુભવ, વ્યવહારુ સૂઝ, પ્રયોગશીલતા અને પરિશીલનના બળ સાથે પાંચ વર્ષના સતત પરિશ્રમથી એ તૈયાર કર્યો છે. ઇજનેરી અને ટેક્નૉલૉજીના મુખ્ય વિષયો સાથે લગભગ ૫૧ વિષયની પરિભાષાને તેમણે એમાં સમાવી છે. વળી, ગુજરાતીની સાથોસાથ અનેક માન્ય સંસ્થાઓનાં પ્રકાશનો તથા અન્ય જાણીતા કોષોના આધારે હિંદીભાષાના પર્યાયો પણ આ સંગ્રહમાં આપ્યા છે. આ રીતે આ ત્રિભાષી સંગ્રહ ગુજરાતની બહાર પણ ઉપયોગી થવાની ક્ષમતા ધરાવે છે. શિક્ષણસંસ્થાઓના ગ્રંથસંગ્રહ માટે તો એ સંગ્રહણીય પ્રકાશન છે જ.

*પ્ર૦: યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, પૃ. ૭૨૫, પાકું પૂઠું, કિંમત ૩૫/–રૂપિયા. મુખ્ય વિક્રેતા: મેસર્સ બાલગોવિંદ બુકસેલર્સ, બાલાહનુમાન પાસે, ગાંધી રોડ, અમદાવાદ–૧.

નવાં પ્રકાશનો

લાલબહાદુર શાસ્ત્રી: સાદાઈ, સરળતા અને શ્રમને વરેલા ભારતના બીજા વડા પ્રધા-

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ

જન્મ: જાન્યુઆરી-૧૯૧૭, કચ્છ-અંજારમાં. કચ્છની રાજકીય ચળવળો ને સત્યાગ્રહોમાં સક્રિય. ’૪૨માં દોઢ વર્ષ જેલવાસ. ૧૯૪૪થી વૈદ્યકીય પ્રવૃત્તિનો આરંભ કર્યા પછી ‘ચરકભંડાર’, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, ગુજરાત આયુર્વેદ રજિસ્ટ્રેશન બોર્ડ વગેરેમાં સલાહકાર, અધ્યાપક, સમિતિ-સભ્ય ને સૅનેટર વગેરે જેવી અનેક જવાબદારી સંભાળી છે. ગુજ. પ્રદેશ વૈદ્યમંડળના પ્રમુખ તથા શ્રીલંકા રાજ્ય સ્થાપિત ‘ઑલ સીલોન આયુ૦ કૉંગ્રેસ’માં ‘આયુર્વેદશિરોમણિ’ જેવા માનથી વિભૂષિત. ‘જન્મભૂમિ પ્રવાસી’માં ‘શરીર અને સ્વાસ્થ્ય’ વિભાગના છેક ૧૯૪૪થી સંપાદક. ‘નિરામય’ માસિક ‘સ્વસ્થવૃત્ત’ નામે પ્રકટ થતું ત્યારથી તેના તંત્રી. આયુર્વેદ અંગે અઢાર જેટલાં પુસ્તકોના લેખક. ગુજરાત રાજ્ય આયુર્વેદ વિકાસ બોર્ડમાં સભ્ય.

૧) આયુર્વેદ અને અન્ય ચિકિત્સા-પદ્ધતિ વચ્ચે શો તફાવત છે?

ઉ. આયુર્વેદ વ્યક્તિની પ્રકૃતિ-વિકૃતિ, ઋતુ-પરિવર્તનો, આહાર-વિહાર ને મનોવ્યાપારની આસપાસ ત્રિદોષની વિષમતા ઉપર આધારિત ચિકિત્સા છે. યુનાની પદ્ધતિ આયુર્વેદ જેવી જ છે, પણ તેમાં પ્રાણીજ દ્રવ્યોનો સવિશેષ ઉપયોગ થાય છે. હોમિયોપથીમાં ઝેર ઝેરને દૂર કરે એવો સિદ્ધાંત છે અને ઍલોપથી જંતુવાદને પ્રાધાન્ય આપતા સિદ્ધાંત સ્વીકારે છે.

૨) સંપૂર્ણપણે તંદુરસ્ત રહેવા શું કરવું જોઈએ?

ઉ. ઋતુ-પરિવર્તનો અને પોતાની પ્રકૃતિને સાનુકૂળ આહાર-વિહાર. શ્રદ્ધાયુક્ત સ્વસ્થ મનોવ્યાપાર અને શાંતિ તથા સંતોષથી જીવવા પ્રયત્ન કરવો જોઈએ.

૩) આવેશસભર ને સંવેદનશીલ લોકોને કયા રોગ વધુ થાય છે?

ઉ. મુખ્યત્વે પચનતંત્રના રોગો, મધુપ્રમેહ, ને રક્તાભિસરણ સાથે સંકળાએલા હૃદયના અને એવા અન્ય રોગો થાય છે.

૪) શારીરિક રોગો અને મનને કોઈ સંબંધ ખરો? માનસિક સ્વાસ્થ્ય કેમ જળવાય?

ઉ. રોગો પેદા થવામાં મનનો ફાળો ઘણો મોટો છે. ઈર્ષા, ભય, ઉદ્વેગ, ક્રોધ, દીનતા, આઘાત વગેરે જેવી માનસિક સ્થિતિથી પચનતંત્ર ઉપર વિકૃત અસર થાય છે. માનસિક દોષોથી મુક્ત રહેવા ઇશ્વરમાં શ્રદ્ધા, માનસિક શાંતિ ને સંતોષ કેળવવાં જોઈએ. પ્રાણાયામ, ચિત્તની એકાગ્રતા ને ઇષ્ટદેવની આરાધનાથી એમાં સહાય મળે છે.

૫) આપના પ્રિય કવિ-લેખકો, પ્રિય પુસ્તકો ને પ્રિય પાત્રો કયાં?

ઉ. મુનશીજી, ‘ધૂમકેતુ’, મેઘાણી અને કવિ ઉમાશંકર જોષી. પુસ્તકો અને પાત્રોની બાબતમાં હું ઘણાથી પ્રભાવિત થયો છું એટલે કોઇને ખાસ તારવવા મુશ્કેલ છે.

૬) આપનો ખાસ શૉખ? પ્રિય સ્થળ? વૈદ્યકીય દૃષ્ટિએ આહાર?

ઉ. શૉખ આયુર્વેદની દૃષ્ટિએ વનસ્પતિનો અભ્યાસ કરવાનો. પ્રિય સ્થળ જ્યાં હરિયાળી વનશ્રી હોય તે. આહારમાં શરીરની જરૂરિયાત મુજબ ખોરાકનાં બધાં ઘટકોનો સમન્વય કરવા પ્રતિ રુચિ રાખવા સિવાય ખાસ પસંદગી કે અરુચિ કશાની નહિ. માંસાહારને હું આવશ્યક ગણતો નથી. દૂધ, દહીં છાશથી એની જરૂર પૂરી શકાય છે.

૭) આપના ‘આયુર્વેદનું જીવનદર્શન’ પુસ્તકનો પ્રધાન સૂર?

ઉ. રોજિંદા જીવનમાં જે વિકૃતિઓનો સમાજ ભોગ બને છે તેનો વૈજ્ઞાનિક પરંપરિત ખયાલ આપીને માણસ આયુર્વેદના સાદા સરળ ઉપચારોથી રોગમુક્ત રહી શકે તેવી શ્રદ્ધા પ્રકટાવવાનો આશય છે.

૮) મુખ્યત્વે આપની જીવનપ્રવૃત્તિ શી છે?

ઉ. અધ્યયન, લોકશિક્ષણ વધે તેવું અધ્યાપન, નીતિપૂર્વક જીવનનો વ્યવસાય ને વિકાસ કરવો, અને લોકસેવાની આસપાસ આ બધી પ્રવૃત્તિઓને પ્રકૃતિ અનુસાર વણી લેવી.

નની સરળ રોચક શૈલીએ લખાએલી આ જીવનકથા ઊગતી પેઢીને જીવનઘડતરમાં પ્રેરણાદાયી પાથેય પૂરું પાડે તેવી છે. (લે. મુકુલભાઇ કલાર્થી, કાચું પૂઠું, પૃ. ૧૦૬, રૂ. ૪-૫૦.)

મુક્તાત્મા મોટા: સંત કોટિએ રહી જેમણે સમાજોત્થાનનું ભગીરથ કામ ઉપાડયું હતું તે શ્રી મોટાના જીવનની આ પ્રેરણાદાયી કથા સહુને પ્રેરક લાગ્યા વગર નહિ રહે. (લે. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૦૬, રૂ. ૪-૫૦.)

સ્વામી વિવેકાનંદ: ભારતીય સંસ્કૃતિના એક મહાન જ્યોતિર્ધર સ્વામી વિવેકાનંદની પ્રોત્સાહક જીવનકથા (લે. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૦૬, રૂ. ૪-૨૫.)

પારસમણિના સ્પર્શે: ફ્રાંસના વિશ્વવિખ્યાત નવલકથાકાર વિકટર હ્યુગોની જગપ્રસિદ્ધ નવલકથા 'લા મિઝરાબ્લ'નો આ ગુજરાતી સંક્ષેપ તેના કથારસને યથાતથ જારી રાખે છે અને ભાષાની રોચકતા તેની વાચનક્ષમતામાં ઉમેરો કરે છે. (લે. ઉપર મુજબ, પાકું પૂઠું, પૃ. ૧૮૪, રૂ. ૩-૫૦.)

રોગો અને સારવાર ભાગ ૧-૨: 'કુમાર'ના વાચકો જેમની કલમથી સુપરિચિત છે તે વૈદ્ય નવીનભાઈ ઓઝાએ આ બે ભાગના પુસ્તકમાં શરદી, ઉધરસ, માથાનો દુઃખાવો, તાવ, વા, પ્રદર જેવા સામાન્ય રોગોથી હૃદયરોગ, મધુપ્રમેહ, બ્લડપ્રેશર, કૅન્સર, ટી.બી. જેવા જીવલેણ રોગોની પૂરતી માહિતી, વિશ્લેષણ અને તેના ઉપચારો આપ્યા છે તે સામાન્ય જનતાને માર્ગદર્શક થઈ પડશે. (પ્રત્યેકનું કાચું પૂઠું, પૃ. ૧૮૯ થી ૧૯૧, પ્રત્યેકના રૂ. ૭-૫૦.)

સંત સૌરભ: ૪૩ જેટલા સંત પુરુષોનો જીવનસૌરભ રેલાવતી શ્રી યોગેશ્વરજીની કસાએલી કલમે લખાએલી આ ચરિત્રરેખાઓ આનંદ સાથે જ્ઞાન અને ઉત્સાહ પ્રેરે તેવી છે. (પાકું પૂઠું, પૃ. ૨૦૪, રૂ. ૮.)

બાલ નાટકો: આપણી બાળરંગભૂમિ આમેય રંક રહી છે ત્યારે પીઢ કેળવણીકાર ગજેન્દ્રશંકર પંડયા ને શ્રીમતી ભાષાબહેન બૂચ દ્વારા લખાએલાં હેતુલક્ષી બાર બાલનાટકોનો આ સંગ્રહ કિશોરો માટે જીવનઘડતર કરી શકે તેવી સામગ્રીવાળો હોઈ આવકાર્ય છે ને વાચનક્ષમ હોઈ આસ્વાદ્ય છે. (કાચું, પૃ. ૧૬૪, રૂ. ૬-૫૦)

તમારાં નામ તથા તેના અક્ષરોનું કિસ્મત: અંકશાસ્ત્રના અભ્યાસી કેકીભાઈ ફ. મહેતાએ લખેલા આ પુસ્તકની આ બીજી આવૃત્તિ તેની લોકચાહના પુરવાર કરી આપે છે. જ્યોતિષમાં શ્રદ્ધા ધરાવનાર માટે ખૂબ જ ઉપયોગી પુસ્તક. (પાકું પૂઠું, પૃ. ૨૭૪, રૂ. ૧૧.)

વીરકથા-માળા: બાળકોમાં સાહસ ને શૌર્ય પ્રેરવાની સાથે સાથે એમની કલ્પનાશક્તિને ઉત્તેજી અનેરો આનંદ પૂરો પાડે તેવી સર્વશ્રી ધનંજય શાહ અને ચંદ્રાબિન શાહ લિખિત આ પાંચ પુસ્તિકાઓ છે: અણનમ જોદ્ધો, મોતનો ખેલ, નરબંકો, વીરાંગના નોરા અને જંગલનો જંગ. (પ્રત્યેકનું કાચું પૂઠું, પ્રત્યેકનાં પૃ. ૬૪, પ્રત્યેકની કિં. રૂ. ૨-૭૦, સેટની કિં. રૂ. ૧૩ ૫૦.)

આર. આર. શેઠની કંપની

ગાંધી માર્ગ, અમદાવાદ;
પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબાઈ-૨

મહાભારતનાં છેલ્લાં ચાર પર્વ: સિદ્ધ કવિ વિવેચક અને અધ્યાપક સુંદરજી બેટાઇએ આ પુસ્તકમાં પ્રસિદ્ધ ગ્રંથ મહાભારતનાં છેલ્લાં ચાર પર્વો—આશ્રમવાસિક, મૌસલ, મહા પ્રસ્થાનિક અને સ્વર્ગારોહણ—નો પદ્યાનુવાદ સરળ અને સ્વસ્થ શૈલીમાં આપ્યો છે. જરૂર જણાઈ છે ત્યાં પાદટીપમાં અર્થો પણ આપ્યા છે. મૂળ શ્લોકો જો આપવામાં આવ્યા હોત તો આસ્વાદ્યતામાં ઉમેરો થાત ને અભ્યાસીઓને અભ્યાસની સગવડ રહેત. એકંદરે આ સંતોષકારક અને સુભગ પ્રયાસ પ્રશસ્ય બન્યો છે. (પાકું પૂઠું, પૃ. ૨૧૬, રૂ. ૧૪.)

ગુજરાતી ભાષાના ઇતિહાસની કેટલીક સમસ્યાઓ: યુનિવર્સિટી જેવી વિદ્યાસંસ્થાઓના વિકાસની સાથે વિદ્યાપુરુષોના જ્ઞાનનો લાભ લેવાની વૃત્તિ વધતી ચાલી છે એ સુભગ પરિસ્થિતિનું આ પુસ્તક એવું જ ઉપયોગી પરિણામ છે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના આશ્રયે ડૉ. હરિવલ્લભ ભાયાણીએ આપેલાં ભાષાવિષયક છ વ્યાખ્યાનોનો આ સમુચ્ચય 'ગુજરાતી શબ્દોનું બંધારણ', 'કેટલાંક ગુજરાતી ગામનામોના સ્વરૂપની ઐતિહાસિક તપાસ', 'ગુજરાતીના ક્રિયાપ્રધાન ('કર્મણિ') આખ્યાતિક અંગેનો ઉદ્ગમ' તથા 'ભાષાની પરિવર્તન પ્રક્રિયાનાં થોડાંક પાસાં' વગેરે મુદ્દાઓની વિશદ ચર્ચા કરે છે, જે અભ્યાસીઓને રસપ્રદ લાગશે. (કાચું પૂઠું, પૃ. ૮૮, રૂ. ૫.)

આચાર્યોનું અનુશાસન: 'નવજાગ્રતિ સમાજમાળા' એ શ્રેણીમાં જાણીતા લેખક-વિમર્શક શ્રી ઇશ્વર પેટલીકરનું આ પુસ્તક માનવવ્યવહાર અને માનવજીવનમાં 'અનુશાસન' શું છે તેની સમ્યક્ ચર્ચા કરે છે. આ શાસ્ત્રીય સમજ અહીં સરળ અને અદ્યતન પરિવેશમાં પૂરી પાડવામાં આવી છે. તેમાં લેખકની સાંપ્રત સભાનતા છતી થયા વગર રહેતી નથી. અહીં રજૂ થએલા મનનીય લેખો મનનના ભારથી મુક્ત હોઈ સામાન્ય સામાજિકને પણ ખૂબ દિશાસૂચન રૂપ બની રહે તેવા છે. (કાચું પૂઠું, પૃ. ૧૫૦, રૂ. ૭-૫૦.)

ગાંધીજીનું અનુશાસન: ઉપર્યુક્ત શ્રેણીના ઉપર્યુક્ત પુસ્તકમાં અનુશાસનની જે શાસ્ત્રીય વાત છણવામાં આવી છે તે અહીં મહાત્મા ગાંધીના જીવનમાં કેવી રીતે ઊતરેલી જોવા મળે છે તેનું પૃથક્કરણ કરી આજની પેઢી માટે જીવનઘડતરમાં અનુશાસનની શી મહત્તા છે તે પ્રસ્તુત લેખકે પુરવાર કરવાનો સબળ પ્રયત્ન કર્યો છે. (કાચું, પૃ. ૧૭૨, રૂ. ૮-૨૫.)

નંદીઘર: કોઈ પણ જાતની આળપંપાળ વગર સાદી સીધી રીતે રજૂ થએલી રઘુવીર ચૌધરીની ૨૨ વાર્તાઓનો આ સંગ્રહ સુવાચ્ય અને સંતર્પક છે. (પાકું, પૃ. ૧૯૨, રૂ. ૧૦-૫૦.)

શ્રાવણ રાતે: સુખી દંપતીના જીવન ને એમાં ત્રીજી વ્યક્તિના પ્રવેશથી સર્જાતી પરિસ્થિતિઓને સંઘર્ષાત્મક પ્રતિફલનો રૂપે રજૂ કરતી શ્રી રઘુવીર ચૌધરીની એક વધુ નવલકથા. (પાકું પૂઠું, પૃ. ૧૯૧, રૂ. ૧૦-૭૫.)

ભારેલો અગ્નિ: ગાંધીયુગના જાણીતા નવલકથાકાર રમણલાલ દેસાઈની ૧૮૫૭ના બળવાની પીઠિકા પર રચાએલી ખૂબ જાણીતી નવલકથાનું પુનર્મુદ્રણ, (પાકું, પૃ. ૪૩૪, રૂ. ૨૧.)

નવભારત સાહિત્ય મંદિર


૧૬૨, શામળદાસ ગાંધી માર્ગ • મુંબાઈ-૨
રતનપોળ સામે ગાંધી રોડ • અમદાવાદ-૧

વિભાવના: પ્રાધ્યાપક પ્રમોદકુમાર પટેલના આ પ્રથમ વિવેચનસંગ્રહમાં કુલ આઠ અભ્યાસલેખો સંગૃહીત થયા છે. એમાં એમણે સાહિત્યની તાત્ત્વિક ચર્ચા કરી છે તો કેટલાક લેખોમાં કોઈ લેખકવિશેષની વિભાવનાની પણ છણાવટ કરી છે. આજના કાવ્યવિવેચનની તો સર્જકતાની નવી વિભાવનાની પણ વાત કરી છે. આ લેખોમાં પોતાનો મુદ્દો સ્પષ્ટ કરવાની લેખકની ધગશ માટે ગદ્ય અને તર્કપદ્ધતિનો જે આશ્રય એમણે લીધો છે તે પ્રતીતિજનક ને રોચક લાગશે. અલબત્ત, દીર્ઘસૂત્રીતા અહીંનું સર્વસાધારણ લક્ષણ રહ્યું છે. લેખકની અભ્યાસનિષ્ઠા અને સૂઝસમજનો આ લેખો સારો પરિચય આપી રહે છે ત્યારે આ સંગ્રહ અવશ્ય આવકાર્ય બની રહે છે. (પાકું, પૃ. ૨૬૪, રૂ. ૧૩.)

આજની સોવિયેત વાર્તાઓ: મૂળ આધુનિક રશિયન વાર્તાકારોની ૧૧ વાર્તાઓના ચંદ્રકાંત બક્ષીએ કરેલા આ અનુવાદ પાછળ એઓ પુસ્તકના ટૂંકા પ્રાસ્તાવિકમાં જણાવે છે તેમ 'ગુજરાતી વાચકોને નવીન કથાકારોની કૃતિઓના ભાવવિશ્વની સફર કરાવવાનો આશય છે.' (પાકું પૂઠું, પૃ. ૧૭૨, રૂ. ૮-૫૦.)

સનાતન સમસ્યાઓ—ફિલસૂફની

B. J. da C. Andrade
'Chess Amateur' 1926



Mate in Two

શતરંજના કોયડા . . . . સુરેશ મોદી

ગયા અંકમાં આપણે 3-D બોર્ડ ઉપર વિવિધ મહોરાંની ચાલ જોઈ. હવે 3-D બોર્ડ પર એક કોયડો જોઇએ. તેમાં સફેદે પહેલાં રમીને કાળાને મ્હાત કરવાનું છે. મ્હોરાં સાધારણ રમતમાં હોય તે જ છે અને Direct mate કોયડો છે. ફક્ત બોર્ડ જ Fairy છે.

ફક્ત સાત જ મહોરાંવાળો આ (Miniature) કોયડો એક વખત 3-D બોર્ડ પર મહોરાંની ચાલ સમજ્યા પછી સરળ છે. ઉકેલ જોતાં પહેલાં તમે જાતે પ્રયત્ન જરૂર કરી જોશો.

ઉકેલ : કોયડાની સ્થિતિ Complete Block છે. એટલે કે અત્યારે કાળાની ચાલ હોય તો તે ગમે તે ચાલે, સફેદ પહેલી જ ચાલમાં મ્હાત કરી શકે તેમ છે. તે મ્હાત (Set mates) આ પ્રમાણે છે.

1..., S-any; 2 S-Cb1 mate.

1..., P-any; 2 B-Bb1 mate.

અહીં ઘોડા અને પ્યાદાની ચાલથી અનુક્રમે તેનો Cb1 ને Bb1 [illegible]થી કાબૂ ઊઠી જાય છે.

ચાવીની ચાલ : 1 B-Aa3 (waiting ચાલ). ધમકી : નથી.

વિકલ્પો : 1..., S-any; 2 S-Cb1 Set mateમાં છે તે મ્હાત રહે છે.

1..., P-any; 2 B-Ba2 અહીં મ્હાતની ચાલ Set mate કરતાં જુદી છે. વાચકોએ જોયું હશે કે 1 K×P? પછી કાળો 1..., S-Eb1થી સામી શેહ આપે છે તેથી બે ચાલમાં મ્હાત શક્ય નથી.

B. J. da C. Andradeનો રચેલો આ કોયડો ૫૦ વર્ષથી યે જૂનો છે. તેમાં બહુ જ ઓછા મહોરાં વાપરીને 3-D બોર્ડનો ઉપયોગ બતાવ્યો છે.

શતરંજમાં પ્રાવીણ્ય મેળવવા

એક સાથે વીસ વીસ ખેલાડીઓ સાથે શતરંજ રમતા ઉસ્તાદ ખેલાડીઓની વાતો તમે સાંભળી હશે. આત્મવિશ્વાસ તથા જે સરળતાથી અને ઝડપથી તેઓ શતરંજની ચાલ ચાલે છે તે જોઈ સહેજે આશ્ચર્ય થાય.

શું તેઓ આ રમતના પેટા-પ્રકારો સહિતની સંખ્યાબંધ ઓપનિંગ (આરંભની ચાલ) જાણે છે એટલે ઝડપથી ખેલે છે? ભાગ્યે જ, કારણ કે શતરંજના આવા ખેલ-પ્રદર્શનોમાં મોટા ભાગની બાજીઓ રમતમાં જે વળાંક લે છે તેવી જ ચાલ ચોપડીઓમાં જોવા મળતી નથી. તો શું તેઓ દરેક ચાલ પછી બોર્ડ પરની પરિસ્થિતિનું વીજળીની ઝડપે પૃથક્કરણ કરી શકે છે? ના, એવું પણ નથી. ત્યારે શું તેઓ અંતઃપ્રેરણા પર આધાર રાખે છે? એનો જવાબ પણ ના જ છે. જો દરેક ચાલે પરિસ્થિતિનું પૃથક્કરણ કરવું હોય તો ઈલેક્ટ્રૉનિક કૅલક્યુલેટરથી પણ વધુ ઝડપ જોઈએ ને અંતઃપ્રેરણા ભૂલભરેલી પણ હોઈ શકે છે.

સાચી વાત તો એ છે કે શતરંજના કેટલાક મૂળભૂત સિદ્ધાંતો છે, જેના ઉપયોગથી તમે શતરંજની બાજીઓ જીતી શકો. ઉસ્તાદો બહુધા આવા સિદ્ધાંતોને બરાબર ધ્યાનમાં રાખીને તેનો જ ઉપયોગ કરીને રમતા હોય છે.

આ સિદ્ધાંતોને સૂચનોનાં સ્વરૂપમાં નીચે મુજબ મૂકી શકાય. આ સૂચનોના અમલથી તમારી રમવાની ક્ષમતા જરૂર સુધારી શકો.

આ ઉપરાંત, શતરંજની ચોપડીઓ પણ વાંચવી. હવે તો ગુજરાતી ભાષામાં પણ શતરંજની કેટલીક ચોપડી ઉપલબ્ધ છે, અને અંગ્રેજીમાં તો ઘણી છે. 'કુમાર'માં નિયમિત રીતે શ્રી સુરેશ મોદી દ્વારા લખાતો 'શતરંજ'નો વિભાગ પણ વાંચવો. આમ, શતરંજનું સૈદ્ધાંતિક જ્ઞાન મેળવવું અને મૂળભૂત સિદ્ધાંતોનો ઉપયોગ કરતા રહેવાથી તમે પણ તમારી રમત અચૂક સુધારી શકો.

સૂચનો

(૧) સામાન્ય રીતે P-K4 કે P-Q4થી ઓપનિંગ (આરંભ) કરો.
(૨) બોર્ડના મધ્યભાગ પર કાબૂ મેળવો.
(૩) મહોરાંનો યોગ્ય વિકાસ કરો.
(૪) સામાન્ય રીતે ઘોડાઓને B-3 પર મૂકો.
(૫) મહોરાં ચાલી શકે તે માટે જગ્યાની છૂટ રાખો.
(૬) કોઈ ફાઈલ (ઊભી હરોળ) ખુલ્લી હોય તો તરત તેના પર કાબૂ કરો.
(૭) કિલ્લેબંધી જેમ બને તેમ જલ્દી કરો.
(૮) 'પિન'ની પ્રયુક્તિનો ઉપયોગ કરો.
(૯) 'નાઈટ-ફૉર્ક'ની પ્રયુક્તિનો ઉપયોગ કરો.
(૧૦) પાયદળના માળખાનું ધ્યાન રાખો.
(૧૧) મહોરાંનું યોગ્ય સંયોજન કરો.
(૧૨) નાનાનાના લાભો જતા ન કરો.
(૧૩) અગત્યનાં સ્થાનો પ્રાપ્ત કરો.
(૧૪) વજીરનો અપરિપક્વ વિકાસ ન કરો.
(૧૫) અગત્યની 'પોઝિશન' મેળવવા જરૂર પડે તો ભોગ આપો.
(૧૬) જો બની શકે તેમ હોય તો કોઈ પાયદળનો વજીર બનાવો.
(૧૭) રમતના અંત ભાગમાં હાથીઓને ૭મી રૅન્ક (આડી હાર) પર મૂકો.
(૧૮) રમતના અંત ભાગમાં હાથીઓની જોડ બનાવો.
(૧૯) રમતના અંત ભાગમાં રાજાનો ઉપયોગ કરો.

—નવીન સી. ઠક્કર

તે લઈને અવાજ કરવા મંડી ગયાં હતાં!

ભીખાએ ભાન ગુમાવ્યું હતું. શું કરવું એ ન સૂઝતાં રઘવાયો બની એ આમતેમ ઘૂમરીઓ ખાવા લાગ્યો. એની બધી ય આશાઓ ઉપર પાણી ફરી વળતું હતું! કોઈ પણ જાતના અવાજને ગણકાર્યા વગર તીડ તો ખેતરોમાં ઊતરવા માંડયાં હતાં. અને ભીખો આકાશને ભરી દેતા એ અસંખ્ય જીવો તરફ ફાટી આંખે જોઈ રહ્યો હતો!

એને ભૂખમરાનું ભૂત ગૂંગળાવી રહ્યું. પણ ત્યાં તો અચાનક એણે પોતાની નજીકમાંથી અસંખ્ય થાળીઓનો અવાજ પોતાના ખેતર તરફ આવતો સાંભળ્યો. એક પળ તો પોતાને ચિત્તભ્રમ થયો છે એવો ખયાલ એને આવ્યો. પણ જરા સ્વસ્થ થતાં એણે જોયું તો પેલા બધાય નિશાળિયા પોતપોતાની થાળીઓ ઠોકતા ભીખાના જ ખેતર તરફ આવતા હતા! અને એ સૌની મોખરે પેલો લંગડો બેવડી ગતિથી ધસ્યો આવતો હતો! છોડવે છોડવે જઈને ઊભા રહી શકે એટલા નિશાળિયાઓનું ઝુંડ જોઈ ભીખો હર્ષથી મૂઢ બની ગયો.

એનું હૈયું લાગણીભીનું બનીને હરખાઈ ઊઠયું હતું. અને એ વખતે એના હૈયા તથા આંખોમાં શાના પ્રવાહ હતા એનું પૃથક્કરણ કરવાનો એને સમય નહોતો. □

અને છેલ્લા પાનામાં આવેલી એક વાનગી : 'ભલામણપત્ર'

આપણી પાસે કોઈ ભલામણપત્ર લખાવવા આવે છે ત્યારે, કોઈક વાર તે પાત્ર ભલામણ યોગ્ય ન હોય તોપણ તેને આપણે ના નથી પાડી શકતા, અને છતાં તેને માટે વિરુદ્ધ અભિપ્રાય પણ નથી આપી શકતા. તે વખતે શું કરવું? એવી પરિસ્થિતિમાં નીચેનો ભલામણપત્ર કદાચ ઉપયોગી થઈ પડશે! પ્રથમ તેને વચ્ચેની ટપકાંવાળી લીટીને ગણકાર્યા વિના આડો સળંગ વાંચો, અને ત્યાર બાદ વચ્ચે લીટીથી દર્શાવ્યા મુજબના કૉલમવાર વાંચો.

આ ચિઠ્ઠી લાવનાર ગરબડદાસ	તે બહુ હોશિયાર માણસ છે. તેને, ભલે
તદ્દન ખરાબ ચાલચલગતવાળો	લોકો કહે, છતાં સંપૂર્ણ વિશ્વાસપાત્ર
માણસ છે. તેનાથી ખાસ સાવચેતી	ગણવાની જરૂર નથી. ઊલટું રહેમ
રાખવાની જરૂર છે. ગમે તે હિસાબે	રાખશો તો ઈશ્વર તમારું ભલું કરશે!
તેને જે કંઈ કામ સોંપશો તેમાં	કોઈ જાતનું એને કહેવાનું નહિ રહે
કોઈ જાતનું તમને સુખ નહિ પડે	એમ જરા ય માનશો નહિ. ઊલટસૂલટ
વાતો બનાવવામાં અને જુઠાઈમાં	એને બીચારાને કશું જ જ્ઞાન નથી,
બધી જ બાબતમાં તે એક્કો છે	એમ જો તમે ધાર્યું તો ભારે પસ્તાશો.

આવો પત્ર સંભાળપૂર્વક એવી રીતે લખવો કે વચ્ચે જણાવેલી લીટી આગળથી તમે ઘડ પાડો એટલે તેના બે ભાગ પડી જાય. ભલામણચિઠ્ઠીઓનો અનુભવી વાંચનાર તે સમજી શકશે.

ફટાકડા

આને 'આ તમે જાણો છો?' એ માળામાંનો 'ફટાકડા' ઉપરનો નીચેનો લઘુલેખ આવેલો.

માનવીએ પોતાના જીવનનાં આનંદ ઉલ્લાસ વ્યક્ત કરવા જે જુદાંજુદાં સાધનો અપનાવ્યાં છે એમાંનું એક સાધન આતશબાજી કે ફટાકડા છે. આપણે દિવાળીનો તહેવાર જેમ ફટાકડા વડે ઊજવીએ છીએ તેમ દુનિયાના બીજા દેશો પણ તેમના તહેવાર એ રીતે ઊજવે છે. આપણે ત્યાં એ રિવાજ ક્યારથી શરૂ થયો તે ચોક્કસપણે કહી ન શકાય. પરંતુ મુસ્લિમ શાસન દરમિયાન આતશબાજી વધુ પ્રચારમાં આવી એમ વિના સંકોચ કહી શકાય.

ફટાકડાની શોધ પહેલવહેલી કોણે કરી હશે એ પ્રશ્ન પણ, એનો વિચાર કરતાં, સ્વાભાવિક ઉદ્ભવે છે. ફટાકડા વધુમાં વધુ ચીન-જાપાનમાં બને છે અને તેના પ્રકારોની વિવિધતા સાથે તેનો ઉપયોગ પણ ત્યાં મોટા પ્રમાણમાં થાય છે એ સાચું; પરંતુ એટલા પરથી ચીની પ્રજાને તેના આદ્ય શોધકનું માન ન આપી શકાય. એની શોધ તો માણસ હજુ સુધર્યો નહોતો ત્યારની થઈ ચૂકેલી. એવી જંગલી સ્થિતિમાં એકાદ માણસે દેવતા પર સુરોખાર પડતાં તે ભભૂકી ઊઠીને તેમાંથી રંગબેરંગી તણખા ઊડતા જોયા હશે અને એથી આનંદિત થઈ સુરોખારનો વિવિધ પ્રકારે ઉપયોગ કરતા જઈ તેણે ફટાકડાનો પ્રકાર શોધી કાઢ્યો હશે. આજે પણ બપોરિયાં, ફૂલખરણી, કોઠી, સુરસુરિયાં, તારામંડળ, જલેબી વગેરે ફટાકડાની જુદીજુદી બનાવટોમાં મોટો ભાગ સુરોખારનો જ હોય છે.

ફટાકડામાં વાપરવામાં આવતા પદાર્થોમાંના કેટલાક હવામાંથી પ્રાણવાયુ એટલી ઝડપે શોષે છે કે આગ અડતાં જ તેમાં જબરી ગરમી પેદા થાય છે. ફટાકડામાં વાપરવામાં આવેલા પદાર્થો ફૂટવા માટે કેવળ હવામાંના પ્રાણવાયુ પર જ આધાર ન રાખે એવું એનું મિશ્રણ તૈયાર કરવામાં જ ફટાકડા બનાવનારનો સાચો કસબ રહેલો છે. આવા મિશ્રણને વૈજ્ઞાનિક પરિભાષામાં 'પાયરોટેકનિકકૉમ્પોઝીશન' કહેવામાં આવે છે. એ મિશ્રણમાં ઓછામાં ઓછું એક દ્રવ્ય તો એવું હોવું જ જોઈએ જે પુષ્કળ પ્રમાણમાં પ્રાણવાયુ ધરાવતું હોય અને બીજાં દ્રવ્યોને પ્રાણવાયુના શોષણ ઉપરાંત આ વધારાનો પ્રાણવાયુ પૂરો પાડતું હોય. આવું પ્રાણવાયુ ધરાવતું સૌથી વધુ પ્રચલિત દ્રવ્ય સુરોખાર (પૉટેશ્યમ નાઇટ્રેટ) છે. આતશબાજીમાં એનું પ્રમાણ એમના પ્રકાર પર અવલંબે છે. દા. ત. કેટલીકનો ઉપયોગ રંગીન ભડકા માટે, કેટલીકનો રંગબેરંગી તણખા માટે, તો કેટલીકનો માત્ર ધડાકા કરવા માટે જ થાય છે.

આતશબાજી માટેનું મૂળ મિશ્રણ સુરોખાર, ગંધક અને કોલસાની ભૂકીનું બનેલું હોય છે. કેટલીકમાં ઝીણો દળેલો બંદૂકનો દારૂ પણ મેળવવામાં આવે છે: ખાસ કરી ચકરડીભમરડી ફરતા જલેબી જેવા પ્રકારોમાં કે ઊંચે ઊડતા હવાઈ જેવા પ્રકારોમાં. ફૂલઝર કે તારામંડળ બનાવવા માટે લોઢાનો ભૂકો ઉમેરવામાં આવે છે અને અત્યંત તેજસ્વી સફેદ પ્રકાશ આપતા પ્રકારોમાં મૅગ્નેશિયમ કે ઍલ્યુમીનિયમ વપરાય છે. આમ જુદીજુદી અસર ઉપજાવવા જુદાજુદા પદાર્થોનો ઉપયોગ થતો હોય છે. રંગીન પ્રકાશ માટે પૉટૅશિયમ ક્લોરેટનો ને ક્યારેક પરક્લોરેટનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ ધાતુને ખાર સાથે બાળતાં તે એ ખારને વાયુરૂપમાં ફેરવી નાખે છે જે રંગીન પ્રકાશરૂપે આપણને દેખાય છે. પ્રકાશ સાથે જ્યાં તેજસ્વિતા પણ લાવવી હોય ત્યાં મૅગ્નેશિયમની ભૂકી ઉમેરવામાં આવે છે.

ફટાકડાની બનાવટ પણ એક કળા છે, અને એ કારણે જ એની બનાવટમાં હાથનો ઉપયોગ હજુ વિશેષ પ્રમાણમાં રહ્યો છે. જો કે યંત્રોને મદદમાં નથી લેવાતા એમ નહિ; પરંતુ 'એનસાઈક્લોપીડિયા બ્રિટાનિકા' જણાવે છે તેમ, બીજી ઘણી કારીગરીની માફક આતશબાજીની બનાવટમાં પણ હાથકારીગરી જ તેની ઉચ્ચ કક્ષા જાળવી રહી છે. □

પચ્ચીસ વર્ષ પહેલાં

ઑક્ટોબર ૧૯૫૩ • સળંગ અંક ૩૫૮

આજના પ્રતિષ્ઠિત નવલકાર મોહનલાલ પટેલની નીચેની વાર્તા 'બદલો' આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલી.

બદલો

ભીખો એ લંગડાને દેખતો ત્યારથી જ એની આંખમાં અંગારા વરસવા લાગતા. ખેતરની વાડ પરથી કોઇકોઈ વાર એ ઊંટ પેઠે ડોક તાણીને ડોકિયાં કરતો અને એવે સમયે જો ભીખો એને જોઈ જાય તો છૂટી ઇંટ કે ઢેખાળો સણસણાવતો. પણ લંગડો એવો તો ચાલાક હતો કે આજ સુધીમાં નહિનહિ તો યે ભીખાના ખેતરની છૂટક છૂટક કંઇ કેટલીય મગફળી બગાડી ગયો હશે પણ એકે વાર તેને હાથ પડચો નહોતો, કારણ જેવા બબ્બે પગવાળા એના સાથીદારો કોઇકોઈ વાર ભીખાના હાથમાં સપડાઈ જતા; પણ એક ડોળાવાળા કાગડા જેટલો ચાલાક આ એક પગવાળો લંગડો કદી પકડાયો નહોતો!

બીચારા ભીખાને તો બે બાજુનો સંતાપ હતો. એક બાજુ આ લંગડો એના સાથીદારોને ખેતરમાં ઘુસાડી ભંજવાડ કરી જતો, ત્યારે બીજી બાજુ ભીખાનો ઘરડો બાપ ખેતરમાં પેસી જતાં આ છોકરાંની તરફેણ કરતો હતો. એ ઘણી વખત કહેતો: 'ભીખલા! જો આ નિશાળિયાંને માર્યાં છે તો તારી વાત તું જાણયો!' ને જરા અટકીને ઉમેરતો: 'ખેતર મારું કે તારું?'

ભીખલો આવું સાંભળવા તૈયાર હોય ખરો કે? બાપ સામે લાલ ડોળા કાઢી એ ઘૂરકતો: 'સગલાં ભીખ મગવશે એનું કંઈ ભાન છે તમને?'

'છોકરાં તો કંઈ મગવતાં નથી. પણ તારું કરમ મગવશે.' આથી કંટાળીને ભીખો કહેતો: 'સળગાવી જ દ્યો ને! મારું શું જાય છે? હું તો મજૂરી યે કૂટી લઈશ; પણ...'

વળી વાત સહેજ ઠંડી પડતી એટલે ડોસો બોલતો: 'ભઈ, દુનિયાનાં કપટી માનવી જેટલું બગાડે છે એટલું તો આ છોકરાં નથી બગાડતાં! અને બગાડી બગાડીને કેટલું બગાડશે? આવડા મોટા ખેતરમાં એટલા ભંજવાડનો શો હિસાબ?' વળી થોડી વાર અટકીને ડોસો બોલતો: 'અને એમાં બગાડ શેનો? એ ય નિશાળિયાંના મોઢે જાય છે ને? ભગવાનના આશીર્વાદ સમજો ભઈ, એ તો!' ડોસો આવી મતલબનું કંઈક બોલતો અને ભીખાને પગથી તે માથા સુધી ઝાળ લાગી જતી. એક તો આટલી મહેનતમજૂરી કરીને પકવેલું આમ બગડતું હતું, ને ઉપરથી ડોસો આમ બોલતો હતો!

પણ ભીખાને ડોસાનું કંઈ ગણકારવાનું નહોતું એટલે એ ડોસાના શબ્દો સામે ઝાઝી લમણાઝીક કરતો નહિ, અને કોઈ છોકરું હાથમાં આવી જાય તો ખાધેલી મગફળી અથવા બીજું કંઈ ઓકાવી દે ત્યાં સુધી ઝૂડતો. ભયત્રસ્ત છોકરાના બરાડા સાંભળી ખેતરના કોઈ પણ ખૂણે કામ કરતો હોય તો પણ ડોસો દોડતો આવતો અને ભીખાના કસાઈ જેવા હાથમાંથી એ છોકરાને છોડાવતો. ઘણી વખત તો છોકરાને ભીખાના હાથમાંથી મુક્ત કરતાં સુધીમાં તો ડોસાની આંખમાં આંસુ ઉભરાઈ જતાં. એને ક્રૂર ભીખા ઉપર ક્રોધ તો ઘણો ચડતો, પણ અશક્ત ડોસો શું કરી શકે?

એક દિવસ રાત્રે પેલો લંગડો અને એનો એક સાથીદાર ખેતરમાં ઘૂસ્યા. મઝાની ચાંદની રાત હતી. લંગડો નિર્ભય બનીને પેલા સાથીદારને ચણાના ઓળાવાળી જગ્યા બતાવતો હતો. એણે પેલાને કહ્યું: 'તું ઉખેડી લાવ; હું અહીં ઊભો છું.' સાથીદાર ગયો અને લંગડો અજવાળામાં થોડું થોડું ટહેલવા લાગ્યો. બાજુની જુવારમાં પેલો રાક્ષસી ભીખો છુપાઈ રહ્યો હતો એની એને ખબર નહોતી. જેવી લંગડાએ એના તરફ પીઠ ફેરવી કે ભીખાએ એના પર ઝડપ મારી અને એક ગડદાએ તો બૂમ પડાવી દીધી! લંગડાની બૂમ સાંભળીને પેલો સાથીદાર સામેની વાડેથી ભાગ્યો, પણ લંગડો ઊભો થઈ નાસવા જાય એ પહેલાં તો ભીખાએ ઉપરાઉપરી લાતોના પ્રહાર શરૂ કરી એને અધમૂઓ કરી નાખ્યો. આટલું માર્યા પછી ભીખો જરા ગભરાયો અને બીજા દિવસનો ખયાલ કરતાં જરા ધ્રૂજ્યો પણ ખરો! પણ એ કંઈ આગળ વિચાર કરે એ પહેલાં તો લંગડો અદૃશ્ય થઈ ગયો હતો.

લંગડાને ખૂબ માર્યો જાણી બીજે દિવસે ડોસાના હૃદયમાં એક પ્રકારનું ઊંડું દુઃખ થયું, પણ એ વખતે એ કંઈ બોલ્યો નહિ.

એકાદ વર્ષ વીતી ગયું. કોઈ વિચિત્ર મોસમમાં ડોસો માંદો પડચો. એ માંદગીમાંથી એ ઊઠે એવાં ચિહ્નો જણાતાં નહોતાં. આખરે છેલ્લી પળ પણ આવી પહોંચી. કોણ જાણે કેમ, ડોસો મરતી વખતે પણ પેલાં નિશાળિયાંની વાત છેડચા વગર રહી ન શક્યો. એણે ભીખાને બોલાવીને તૂટકતૂટક શબ્દોમાં કહ્યું: 'ભીખા! પેલાં નિશાળિયાંના નિસાસા ન લેતો!' વળી ખૂબ પ્રયત્ન બાદ ડોસાએ આગળ કહ્યું: 'જો એમનો આશીર્વાદ પામીશ તો કદી યે ભૂખે મરવા વારો નહિ આવે!'

ભીખાને ડોસાની આ મૂર્ખાઈભરી વાતમ જરા ય રસ નહોતો. છતાં પરિસ્થિતિનો ખયાલ કરી એણે કહ્યું: 'એ વાતે બેફિકર રહેજો!'

ડોસાને વિશ્વાસ ન બેઠો. એણે કહ્યું: 'ના, એમ નહિ; જળ મૂક!'

ભીખો બોલી ઊઠયો: 'આ વખતે ય આવી જંજાળ શું કામ રાખો છો? રામરામ કરો ને!' પણ ડોસો મૂંગો રહ્યો, એના ચહેરા ઉપરના છેવટના ભાવ ન સમજે એવો મૂર્ખ ભીખો નહોતો. એણે ખૂબ કંટાળાભરેલી રીતે ડોસાની ઈચ્છા પૂર્ણ થાય એવું વચન આપ્યું ને ડોસો નિરાંતભરી શાંતિથી મૃત્યુ પામ્યો.

બીજા વર્ષનો શિયાળો આવ્યો. ત્રણ વરસ સુધી દાણો ય ન પાકે તો યે વાંધો ન આવે એટલો માલ ઊતરે એવી ખેતી ઓણ હતી. એકાદ ટેકરા પર ચડીને જોઇએ તો આંખ ઠારતા કોઈ લીલા રંગના મહાસાગર વચ્ચે ઊભા હોઈએ એમ લાગે એવાં લીલાંછમ ખેતરો હતાં.

પણ ભર્યાંભર્યાં ખેતરોનો ખેડૂતોને જેટલો આનંદ હતો એટલી જ ચિંતા થાય એવું કારણ એકાએક ઉપસ્થિત થયું. બાજુના પ્રદેશમાં ઊડતાં તીડ આવ્યાં છે એવું જ્યારથી એમણે સાંભળ્યું હતું ત્યારથી એમનો જીવ ઊડી ગયો હતો! ભીખાની ખેતી તો સૌથી સારી હતી. આફતને સમયે નિર્બળ માનસને વહેમી થતાં વાર લાગતી નથી. તીડ આવ્યાના સમાચાર જાણી એના મનમાં ભૂખમરાના ભણકારા વાગવા માંડચા હતા. એના બાપના શબ્દો એને વારંવાર યાદ આવવા લાગ્યા. અને વધારામાં બે દિવસ ઉપર જ એણે ફરી પાછો લંગડાને માર્યો હતો! પોતાની પાયમાલીની ભીખાને ખાતરી થઈ ચૂકી!

બપોર નમતા હતા. શિયાળાનો દિવસ, એટલે સાંજ પડવાને વાર શી? દિવસ વધારે ઊતરે એ પહેલાં તો આજુબાજુનાં ખેતરોમાં થતો કોલાહલ ભીખાએ સાંભળ્યો. સૌ ઝાડ ઉપર ચડીને દક્ષિણ ક્ષિતિજ તરફ જોઈ મોટેથી શોર મચાવતા હતા. ભીખાએ શેઢા ઉપર ચડીને જોયું. દક્ષિણ તરફ કોઈ ઘનઘોર મેઘ આકાશે ચડતો હોય એમ એ બાજુનું આકાશ ધૂંધળું બની ઘેરાતું જતું હતું. ભીખો મનમાં ત્રાસ પામી ગયો: 'ગજબ કરી નાખ્યો! એક છોડવો ય બચે એમ નથી. ઝાડનાં પાંદડાં ય બાકી નહિ મૂકે.' ભીખો બોલી ઊઠચો, ને હતાશ બનીને શેઢેથી નીચે ઊતર્યો.

થોડી ક્ષણોમાં તો નજીકનું આકાશ પણ વધારે ને વધારે ઝાંખું બનવા લાગ્યું. ચારેબાજુનાં ખેતરોમાં લોકો ડોલ, ડબ્બા કે ડબલાં જે મળે

આંખે: આ સંસાર-જીવનમાં મનુષ્ય સામે ખડી થતી આત્મા, ઇશ્વર, મોક્ષ, નિયતિવાદ જેવી સનાતન સમસ્યાઓની વિશદ છણાવટ આ નાની પુસ્તિકામાં પોતાના અધ્યયનના પરિપાકરૂપે દર્શનશાસ્ત્રના વ્યાખ્યાતા માવજી કે. સાવલાએ રજૂ કરી છે, જે જિજ્ઞાસુને ઉપયોગી લાગ્યા વગર નહિ રહે. (કાચું, પૃ. ૮૦, રૂ. ૪.)

જીવનમંગલ ગ્રંથાવલી: બાળકોને ઉમદા વાચન-પાથેય પૂરું પાડી રહે તેવી આ શ્રેણીની 'મા અને દીકરી', 'કોરો ચેક', 'એક દ્વંદ્વ યુદ્ધ', 'પંડિતજી', 'પુણ્ય પરવાર્યું નથી' આદિ છ પુસ્તિકાઓના આ સેટના લેખક છે ગુલાબદાસ બ્રોકર. (પ્રત્યેકનું કાચું પૂઠું, પૃ. ૬૪ થી ૭૬, પ્રત્યેકના રૂ. ૨-૫૦.)

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ભદ્ર પાસે, અમદાવાદ-૧

આયુર્વેદનું નવનીત: શરીરને ધર્મનું પ્રથમ સાધન ગણાવ્યું છે ત્યારે આયુર્વેદ દ્વારા તેનું જતન કરવાના ઉપાયો આપણે ત્યાં ગત કાલમાં સુપેરે પ્રસિદ્ધ હતા. તત્કાલમાં પણ આયુર્વેદની ઉપાસના વધી છે ત્યારે મૂળ સંસ્કૃતમાં પણ તમિળ લિપિમાં લખાએલા આ અનુભવસિદ્ધ ગ્રંથનો શ્રી રમણલાલ ધીરજલાલ શાહે કરેલો ગુજરાતી અનુવાદ ઉપકારક થઈ પડશે. આ ગ્રંથમાં સ્ત્રીઓ, બાળકો આદિના ૮૫ જેટલા રોગોના ઉપચારોની સારણી કરવામાં આવી છે. (કાચું પૂઠું, પૃ. ૨૮૪, રૂ. ૫.)

યોગવાસિષ્ઠ દર્શન: ભારતીય દર્શનશાસ્ત્રમાં વેદાંતનું આગવું સ્થાન છે, ત્યારે તદ્‌વિદ અદ્વૈતાનંદજીએ 'અખંડ આનંદ'માં લેખમાળા રૂપે પ્રકટ કરેલા ૨૯ લેખોનો આ સંચય વેદાંતના તદ્‌નામી મૂળ ગ્રંથને સમજવા માટે સમ્યક્ ચાવીરૂપ થાય તેવો છે. (કાચું પૂઠું, પૃ. ૩૧૬, રૂ. ૫.)

સંતોના પ્રેરક પ્રસંગો: સંતોના જીવનમાંથી આપણને આપણા જીવનમાં ઉતારવા જેવી લાગે તેવી ગુણશ્રીને પ્રકટ કરતા પ્રેરક પ્રસંગોનું આ પુસ્તક જાણીતા લેખક મુકુલભાઈ કલાર્થીએ તૈયાર કર્યું છે. (કાચું, પૃ. ૧૦૪, રૂ. ૨.)

આવકાર

આર. આર. શેઠની કંપની

(અમદાવાદ-૧ અને મુંબઈ-૨)નાં પુનર્મુદ્રણો

ગ્રામલક્ષ્મી ભાગ ૩: લે. ર. વ. દેસાઈ. પાકું પૂઠું, પૃ. ૨૭૮, રૂ. ૧૨-૭૫.

લખ્યા લેખ: લે. ઇશ્વર પેટલીકર. પાકું પૂઠું, પૃ. ૨૬૩, રૂ. ૧૧-૭૫.

મેઘ મલ્હાર: લે. સારંગ બારોટ. પાકું પૂઠું, પૃ. ૨૪૦, રૂ. ૧૧.

કુર્યાત્ સદા મંગલમ્: લે. સારંગ બારોટ. પાકું પૂઠું, પૃ. ૨૩૯, રૂ. ૧૧.

ઊર્મિ અને આશા: લે. સારંગ બારોટ. પાકું પૂઠું, પૃ. ૨૦૮, રૂ. ૯-૫૦.

બંડખોર: લે. ગુણવંતરાય આચાર્ય. પાકું પૂઠું, પૃ. ૨૩૬, રૂ. ૧૦-૭૫.

સરસુખત્યાર: લે. ગુણવંતરાય આચાર્ય. પાકું પૂઠું, પૃ. ૨૨૨, રૂ. ૧૦-૨૫.

દીન ધ્રુવ: લે. વિ. સ. ખાંડેકર. અનુ૦ ગોપાળરાવ વિદ્વાંસ. પાકું પૂઠું, પૃ. ૩૮૪, રૂ. ૧૭.

ઉલ્કા: લે. વિ. સ. ખાંડેકર. અનુ૦ ગોપાળરાવ વિદ્વાંસ. પાકું, પૃ. ૩૨૬, રૂ. ૧૪-૭૫.

સાગરસમ્રાટ: અનુ૦ મૂળશંકર મો. ભટ્ટ. કાચું પૂઠું, પૃ. ૧૫૯, રૂ. ૭.

રેતપંખી: લે. વર્ષા અડાલજા. પાકું પૂઠું, પૃ. ૨૦૦, રૂ. ૯-૫૦.

લોકપ્રિય પ્રકાશન મુંબઇ-૨

અવગુણ ચિત્ત ન ધરો: લે. મનસુખલાલ ઝવેરી. પાકું પૂઠું, પૃ. ૨૩૯, રૂ. ૧૨-૭૫.

કાળી તારાં કામણ ન્યારાં: લે. ગુણવંત ભટ્ટ. પાકું પૂઠું, પૃ. ૨૫૭, રૂ. ૧૩-૫૦.

નયન ઝૂકે ત્યાં શ્યામ: લે. ગુણવંત ભટ્ટ. પાકું પૂઠું, પૃ. ૧૫૮, રૂ. ૯.

અનડા પ્રકાશન

ગાંધી માર્ગ - અમદાવાદ-૧

સુથારીકામ: લે. બાબુભાઈ અવરાણી. કાચું પૂઠું, પૃ. ૭૨, રૂ. ૩.

બૌદ્ધિક સ્પર્ધાઓ: લે. પ્રા. એન. ડી. શેલત ને પ્રા. વી. યુ. પટેલ. કાચું, પૃ. ૫૬, રૂ. ૨.

આધુનિક સિલાઈ: લે. ધન દસ્તૂર. કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૫.

જ્ઞાનસંચય: લે. પ્રા. નટવરલાલ શાહ. કાચું પૂઠું, પૃ. ૪૦૮, રૂ. ૧૫.

ચીની ડિક્ષનેરી: લે. જયન્તીલાલ મહેતા ને ઇન્દ્રજિત મોગલ. પાકું, પૃ. ૨૦૪, રૂ. ૪.

અન્ય પ્રકાશકોનાં

જીવનમાં આગળ વધવું છે?: લે. મુકુંદ પી. શાહ. પ્રકાશક: કુસુમ પ્રકાશન, ૬૧A નારાયણનગર, અમદાવાદ-૭. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૧-૫૦.

જીવનમાં સુખી થવું છે?: લે. પ્ર૦ ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૨-૫૦.

જનસંપર્ક અને જાહેર ખબર: લે. પ્રા. યાસિન દલાલ. પ્રકાશક: યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ-૬. કાચું, પૃ. ૧૧૨, રૂ. ૬-૫૦.

શીખધર્મ: (પ. પુ. ૪૬૭) લે. ઉપેન્દ્રરાય સાંડેસરા. પ્ર. પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨. કાચું પૂઠું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

જનતા સરકારની આર્થિક નીતિ: (પ. પુ. ૪૬૮) લે. વાડીલાલ ડગલી. પ્ર૦ પરિચય ટ્રસ્ટ, મુંબઈ-૨. કાચું, પૃ. ૩૨, રૂ. ૦-૭૫.

હરિનો મારગ: લે. વિષ્ણુપ્રસાદ ઝવેરભાઈ પટેલ. પ્ર૦ સદ્‌વિચાર પરિવાર, હરિયાપુર ટાવર પાસે, અમદાવાદ-૧. કાચું, પૃ. ૧૬૦, રૂ. ૧-૬૦.

ઢેબરભાઈની જીવન-ઝરમર: લે. સુભદ્રાબેન શ્રૉફ. પ્ર૦ શ્રી વલ્લભ કન્યા કેળવણી મંડળ, રાજકોટ. કાચું પૂઠું, પૃ. ૧૯૬, રૂ. ૫.

રુચિરા રામાયણ: લે. જગમોહનદાસ મોદી. સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૮૩, રૂ. ૩-૫૦.

બીબાં ગોઠવણી: લે. મોહન પરીખ. પ્રકાશક: બાલગોવિંદ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ-૧. કાચું પૂઠું, પૃ. ૧૧૨, રૂ. ૭.

સ્વ-રૂપની શોધમાં: લે. હસમુખભાઈ શાહ. પ્રકાશક: અરવિંદ સોસાયટી, 'સેન્ટર', પ્રીતમનગર, પહેલો ઢાળ, અમદાવાદ-૬. કાચું પૂઠું, પૃ. ૧૦૮, રૂ. ૩.

સમભાવ: લે. ચન્દ્રશંકર ભટ્ટ. પ્રકાશક: પૂર્ણિમા ભટ્ટ, નિર્મિત પ્રકાશન, ભૂમા સોસાએટી, અમદાવાદ-૧૫. પાકું, પૃ. ૨૦૮, રૂ. ૧૩.

અનુસંગ: લે. જયંત કોઠારી. પ્રકાશક: જયંત કોઠારી, ૨૪, સત્યકામ સોસાએટી, અમદાવાદ-૧૫. કાચું પૂઠું, પૃ. ૨૬૮, રૂ. ૧૮.

ચમત્કાર કેમ થાય છે: લે. પ્રા. રજનીકાન્ત પટેલ. પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદાવાદ-૧. પાકું પૂઠું, પૃ. ૩૭૨, રૂ. ૧૮.

મહાબલિદાન: લે. ગુણવંતરાય આચાર્ય. પ્ર૦ ઉપર મુજબ. પાકું પૂઠું, પૃ. ૩૦૦, રૂ. ૧૬.

કચ્છી વાણી, કચ્છી પાણી: લે. દુલેરાય કારાણી. પ્રકાશક: ઉપર મુજબ. કાચું પૂઠું, પૃ. ૧૪૪, રૂ. ૭-૫૦.

મુનિ જીનવિજયજી: લે. ભોગીલાલ સાંડેસરા. પ્ર૦ ઉપર મુજબ. કાચું, પૃ. ૮૩, રૂ. ૧૦.

સંપૂર્ણ ગાંધી વાઙ્મય ખંડ ૬૬: પ્રકાશન વિભાગ, નવી દિલ્હી-૧. કાચું પૂઠું, પૃ. ૫૬૦, રૂ. ૭-૫૦.

સંપૂર્ણ ગાંધી વાઙ્મય ખંડ ૬૭: પ્રકાશન વિભાગ, નવી દિલ્હી-૧. કાચું પૂઠું, પૃ. ૫૩૨, રૂ. ૭-૫૦.

કાશીનાં રમકડાં

'કાશીના કલાઉદ્યોગો' લેખમાળાનો મણકો

લેખક
વાસુદેવ સ્માર્ત

—— કલાવાર્તા ——




કાષ્ઠનાં રમકડાં :
મયૂર પંખી
સવત્સ ગાય
ગોપ
હનુમાન
▷

શરીરમાં જેમ અમુક અવયવો બીજા કરતાં વધુ શુદ્ધ લેખાય છે તેમ પૃથ્વી ઉપર કેટલાંક સ્થાનો અધિક પવિત્ર છે. કોઈની પવિત્રતા તેમના સ્થાનના કારણે, કોઈની ત્યાંના પવિત્ર તીર્થજળના કારણે તો કોઈની ત્યાં વસેલા કે વસતા સંત-મહાત્માઓ વગેરેના કારણે છે. પણ ભારતમાં કાશી એક એવી પુણ્યનગરી છે જેનું અનેક રીતે માહાત્મ્ય ને મહત્ત્વ છે. અહીં ડગલે ને પગલે દેવસ્થાનો ને પવિત્ર સ્થળો છે. ગંગા જેવી ભારતની પવિત્રતમ નદી તેના આંગણમાં વહે છે. પ્રાચીનતા, પરંપરા અને વિદ્યાના ક્ષેત્રરૂપે એ ભારતનું હૃદય ગણાય છે. અનેક વિદ્યાઓના ધામ રૂપ આ નગરીનું કલાક્ષેત્રે પણ આગવું મહત્ત્વ છે.

ધર્મનગરી હોવાને કારણે કાશીમાં નિત્ય કોઈ ને કોઈ પર્વઉત્સવ ઊજવાતા જ રહે છે. આ નિમિત્તે ભરાતા મેળાઓમાં દેશના પ્રાંતપ્રાંતના લોકો ઊમટે છે. સ્વાભાવિકરીતે જ આવા મેળાઓમાં કલાકારીગરીની સોંઘીમોંઘી વસ્તુઓ વેચાવાની શક્યતા હોઈ અહીં એ પ્રકારની ચીજોના ઉદ્યોગ અને વ્યાપાર વધુ ખીલ્યા છે. આમ, કાશીમાં પાંગરેલી-વિકસેલી કલાકારીગરીમાં અહીંનાં રમકડાં પણ મશહૂર છે. માટીનાં, કાષ્ઠનાં, કાગળના માવાનાં ને પિત્તળનાં રમકડાંઓનું અહીંનું વૈવિધ્ય અનોખું છે. તદ્દન સામાન્ય જનોથી માંડી મોટા રઈસોને પરવડે એવાં અનેક પ્રકારનાં સોંઘાં-મોંઘાં કલામય રમકડાં એ કાશીનું એક વૈશિષ્ટ્ય છે.

રમકડાં ભલે બાળકોને રમવા માટેની વસ્તુઓ ગણાય, પણ એ કોઈ નજીવી-મામૂલી ચીજ નથી. બાળકોને માટે તો એનું આગવું મહત્ત્વ છે, અને એનું શૈક્ષણિક મૂલ્ય પણ છે. પરંતુ માનવજાતિના દટાઈ ગએલા ભૂતકાળને સમજવા માટે સંસ્કૃતિઓના અભ્યાસીઓને મન પણ એનું વિશિષ્ટ મહત્ત્વ છે, કારણ આ રમકડાં બનાવનારાં મોટેરાંઓ અને એનાથી રમનારાં બાળકોની પ્રવૃત્તિઓ સાથે એ દૃઢપણે સંકળાએલાં છે. પ્રાચીન સંસ્કૃતિની શોધખોળ અંગે થએલાં ઉત્ખનનોમાંથી મળેલાં રમકડાં દ્વારા, તે સમયના સાહિત્ય, શિલ્પ અને ઐતિહાસિક વગેરે પુરાવાઓ મારફત જાણવા મળતી માણસના વિકાસની કથામાં બહુ મૂલ્યવાન એવી પૂરક માહિતી મળે છે. રમકડાંની દુનિયાને ભૌગોલિક કે રાજકીય સીમાઓ નડતી નથી. કાળનું એને કોઈ બંધન નથી. એનો ઇતિહાસ પણ ઘણો ઊંડો છે. યુગેયુગના વિકાસનું પ્રતિબિંબ એમાં જોવા મળે છે. શિક્ષણશાસ્ત્રીઓ અને માનસશાસ્ત્રીઓને માટે પણ રમકડાં એ રસનો વિષય છે.

કાશી અને તેની નજીકના ક્ષેત્રનો ઇતિહાસ પણ ઘણો ઊંડો છે. વરૂણા અને અસ્સી નામક બે નદીની વચ્ચેના ભાગમાં વસવાથી વારાણસી નામે ઓળખાતી આ નગરી છેક પુરાણકાળથી પ્રસિદ્ધ રહી છે. અનેક રાજવંશો અને ધર્મોના પ્રભાવ-પલટા તેણે જોયા છે. વિદ્યાઓની પેઠે અહીં અનેક કલાકૌશલ પણ પાંગર્યાં છે. એમાં અહીંની રમકડાં બનાવવાની કલા પણ એટલી જ જૂની પરંપરાથી ઊતરી આવેલી છે. ઈ. ૧૯૪૦માં રાજઘાટ ગંગા પર પુલ બાંધતી વખતે થએલા ખોદકામમાંથી ઈ. ૩૦૦ થી ૭૦૦ના અરસાના ગુપ્ત કાળના કેટલાક અવશેષો મળેલા, તેમાં ભારતના ઇતિહાસના એ સુવર્ણકાળની કેટલીક માટી-(ટેરાકોટા)ની મૂર્તિઓ પણ મળી હતી. પૂરો સંભવ છે કે એ મૂર્તિઓ તે સમયનાં માટીનાં રમકડાં જ છે. તેમાં ઘુંઘરાળા કેશવાળા માથા પર ટોપી અને કમ્મરમાં લટકતી ઘંટડીવાળા બાળકની આકૃતિ, ઢોલ વગાડતી માનવ આકૃતિ, બાળકને તેલમાલિશ કરી રહેલી સ્ત્રી વગેરેનાં રમકડાં એ સમયના લોકો, એમના પોશાક, એમની પ્રવૃત્તિ વગેરે ઉપર ઘણો પ્રકાશ પાડવા ઉપરાંત રમકડાંની સર્જનપરંપરાનું ઊંડાણ પણ સૂચવે છે. અને સદીઓ જૂની આવી પરંપરા કાશીના આજના કલા-ઉદ્યોગમાં પણ ઊતરી આવે એ એટલું જ સ્વાભાવિક છે.

જેમ અન્યત્ર તેમ કાશીનાં રમકડાંઓમાં પણ ભાતુકલી-ભાતુકલી કે ઘરઘરની રમત માટેનાં તવી, ચૂલો, વેલણ-આપળિયા, થાળીલોટા કે ઘંટીઘંટૂલા જેવાં રમકડાં તો હોય છે જ; ઉપરાંત રીંગણ, કારેલાં, ભીંડા વગેરે વિવિધ શાક; કેરી, સીતાફળ, પોપૈયાં, કેળાં આદિ ફળો; ગાય-બળદ, કૂતરાં, વાંદરાં, વાઘ, હાથી, ઘોડા, હરણ ઇત્યાદિ પ્રાણીઓ; મોર, પોપટ, મેના, બુલબુલ, કાગડા-કબૂતર, કાકાકૌઆ વગેરે વિવિધ પક્ષીઓ, ગણપતિ, લક્ષ્મી, સરસ્વતી, વિશ્વકર્મા, રામ-લક્ષ્મણ-સીતા-હનુમાન, રાવણ, કુંભકર્ણ, રાધાકૃષ્ણ, ગોપગોપી અને અન્ય અનેક દેવદેવીઓ ને પૌરાણિક પાત્રો; તથા વિવિધ પ્રવૃત્તિઓમાં મગ્ન સ્ત્રીપુરુષો કે નાનાં બાળકોનાં ઢીંગલા-ઢીંગલી વગેરે અનેકવિધ પ્રકારનાં રમકડાં જોવા મળે છે.

મેળાઓ તો દર વારતહેવારે ભરાતા જ રહે છે. ચૈત્રની નવરાત્રિમાં નવે દિવસ અહીં જુદે જુદે સ્થાને નવે ય દુર્ગાના મેળા હોય છે. સ્વાભાવિકરીતે જ એ મેળાઓમાં દુર્ગાની મૂર્તિઓ સવિશેષ જોવા મળે છે, ચૈત્ર સુદ નવમી એટલે રામનવમી. ધામધૂમથી એ અહીં ઊજવાય છે. એ વખતે રામ-સીતા-લક્ષ્મણ-હનુમાનની માટીની મૂર્તિઓ ઠેરઠેર જોવા મળે છે. આ જ રીતે ગંગા દશહરા પર ગંગાના ઘાટેઘાટે ગંગાની મૂર્તિઓ, જગન્નાથજીની રથયાત્રા પ્રસંગે જગન્નાથજી, સુભદ્રા ને બળદેવજીની મૂર્તિઓ, નાગપંચમી પર નાગકુન્ડના મેળામાં નાગદેવતાનાં વિવિધ સ્વરૂપનાં રમકડાં, કૃષ્ણજન્માષ્ટમીના મેળામાં પૂતનાવધ, ગોપી વસ્ત્રહરણ, રાસલીલા, ગોવર્ધનધરણ, રાધાકૃષ્ણ વગેરે કૃષ્ણની બાળલીલાના પ્રસંગો દર્શાવતાં રમકડાં, લક્ષ્મીકુંડના મેળામાં સૌમ્ય સ્મિતયુક્ત ને અલંકારખચિત લક્ષ્મીજીનાં મહોરાં (મુખવટા–માસ્ક) વેચાતા જોવા મળે છે.

સંત તુલસીદાસે પ્રસારેલી રામલીલા તો વારાણસીમાં ચોરે ને ચૌટે ભજવાય છે. આમાં કાશીરાજ સંચાલિત રામનગરની રામલીલા વિશેષ ખ્યાત છે. ભાદ્રપદ માસથી વારાણસીમાં રામલીલા આરંભાઈ જાય છે. નક-કટૈયા, ભરતમિલાપ, રાવણદહન વગેરે જેવા રામાયણના ખાસખાસ પ્રસંગોની વળી વિશિષ્ટરીતે રજૂઆત થાય છે. આ રામલીલા-ભજવણીના દિવસો દરમિયાન રામાયણનાં પાત્રો, હનુમાન, વાનરો, રીંછ, રાક્ષસો, કુંભકર્ણ વગેરેની રજૂઆતમાં ખાસ મહોરાં વપરાય છે. આ મહોરાં કાગળના માવાનાં બનેલાં હોય છે. બાળકો માટે પણ આ દિવસોમાં આવાં મહોરાં મેળામાં વેચાય છે. કિંમતમાં સસ્તાં ને વજનમાં હળવાં ફૂલ આ મહોરાં ચડાવીને બાળકો જે તે પાત્ર બન્યાની અનુભૂતિનો લહાવો લે છે. રાક્ષસ કે હિંસક પ્રાણીનું મહોરું પહેરીને બીજાં બાળકોને બીવડાવવામાં એમને અનેરો નિર્દોષ આનંદ મળે છે. પણ કાગળના માવા ઉપરાંત કાશીમાં પિત્તળના મુખવટા પણ બને છે. આમ, આ મહોરાંઓની કળા પણ અહીંનું એક વૈશિષ્ટ્ય છે. દિવાળી પર પણ કાશીમાં અનેક સ્થળે મેળા ભરાય છે. એ સમયે લક્ષ્મી, ગણપતિ વગેરેની નાનીમોટી મૂર્તિઓ ને મુખવટાથી બજાર ઊભરાઈ ઊઠે છે. આ સાથે પાંચ, સાત કે અગિયાર દીપવાળી વિવિધ આકારની દીપિકાઓ પણ બજારમાં આવે છે. વસંતપંચમીના મેળામાં સરસ્વતી ને વિશ્વકર્મા તેમ જ નવરાત્રમાં દુર્ગા, કાલી કે મહિષાસુરમર્દિની વગેરેની મૂર્તિઓ પણ ખરી.

આવી દેવદેવીઓની મૂર્તિઓ અને રમકડાં વચ્ચેનો ભેદ તારવવો કઠિન છે, પણ ઢીંગલાઢીંગલીની જેમ દેવદેવીનાં રમકડાંનો બાળકોમાં અમુક પ્રભાવ ને આકર્ષણ હોય છે જ. અને કાશી જેવા તીર્થ ક્ષેત્રમાં તો આવાં સ્વરૂપોનાં રમકડાં સવિશેષ જોવા મળે એ સ્વાભાવિક છે.

મેળામાં વેચાતાં રમકડાંઓમાં મુખ્યત્વે માટીનાં અને કાષ્ઠનાં રમકડાં વિશેષ ધ્યાન ખેંચે છે. આ બંને માધ્યમો સહજ પ્રાપ્ય હોઈ મોટી સંખ્યામાં રમકડાં બનાવવામાં આવે છે અને એ વાપરવાં પણ સુગમ છે, ઉપરાંત એની કિંમત પણ પ્રજાના મોટા વર્ગને પોસાય તેવી રાખી શકાય છે. કાશીમાં ગંગાની ચીકણી માટીની તો ખોટ નથી જ. અને અહીંના કારીગરો પણ પેઢીઉતાર રમકડાં બનાવવાનો ધંધો કરતા હોઈ બહુ સહજતાથી તેઓ ઘણી મોટી સંખ્યામાં માટીનાં રમકડાં બનાવી શકે છે. એમાં બીબાંઓનો ઉપયોગ પણ થાય; પણ કેટલાંક નાનાં રમકડાં બીબાંઓની મદદ વિના પણ બહુ જ સહજતાથી ને ઝડપથી તૈયાર થઈ શકે છે ને તેમાં કારીગરની હથોટી ને કલ્પનાશક્તિની રંગત પણ જોવા મળે છે. માટીના પિંડમાંથી ઉતારેલાં રમકડાંને પ્રથમ સૂકવી દઈ, તેના ઉપર ખડીની સફેદી ચડાવી દઈને પછી તેના ઉપર સરેસમાં ઘોળેલા વિવિધ રંગો ચડાવાય છે, ને તે પછી પીંછી વડે ઝીણીઝીણી વિગતો આલેખીને છેવટ ઘરગથુ વાર્નિશની ચમક લગાડી એને એક આગવો ચળકાટ આપવામાં આવે છે. હાથવગાં સાદાં સરળ સાધનોથી થતું આ સમગ્ર કામ કારીગરોની સરળ સહજ કલાનો સ્પર્શ દાખવે છે. કાશીમાં અમુક મહોલ્લાઓમાં ઘેરઘેર બારે માસ આ કામ ચાલ્યા જ કરે છે. પરંપરાથી ચાલતી આવેલી આ કારીગરીમાં આધુનિક પ્રભાવનો સ્પર્શ પણ ઘણી વાર જોવા મળે છે.

જેવાં માટીનાં એવાં કાષ્ઠનાં પણ બધા જ પ્રકારનાં રમકડાં કાશીમાં બને છે. પાસેના નૌગઢના જંગલમાં થતા સુલાયમ અને લાંબા સમય સુધી સડે નહિ તેવા કાષ્ઠની ત્યાં છત હોઈ રમકડાં બનાવવામાં એનો ઉપયોગ થાય છે. હાથેથી ઘડવા ઉપરાંત સંઘાડા પર ઉતારેલા વિવિધ ભાગ જોડીને પણ આ રમકડાં બનાવાય છે. કાશી નજીકના ખોજવા ગામમાં તથા કાશીમાં સંખ્યાબંધ પરિવારો એના પર નભે છે. દડા, ભમરડા, દાંડિયા, વેલણ, ચકરડી, ઘૂઘરા, સિંધુરા વગેરે જેવાં રમકડાં ખરાદ પર જ બનતાં હોઈ બહુ મોટી સંખ્યામાં એ તૈયાર થાય છે. એના ઉપર લાખના રંગો ચડાવવા ઉપરાંત, હાથથી રંગેલાં રમકડાંનો ફાલ પણ બહુ મોટો હોય છે. પશુ-પક્ષી ને માનવ-આકૃતિઓનાં રમકડાં પણ જથ્થાબંધ પ્રમાણમાં ખરાદની સહાયથી તૈયાર કરવામાં અહીંના કારીગરો કુશળ છે. સામાન્ય એવાં ઓજારોથી તેઓ જે ઝડપથી (પ્રાથમિક દશાનો) 'ખાકો' તૈયાર કરે છે તેમાં ઝીણીઝીણી વિગતો બાદ થઈ જતી હોવા છતાં નિપજતા સરળ સહજ આકારો જે તે આકૃતિની બધી જ લાક્ષણિકતા પ્રકટ કરે છે. હજારોની સંખ્યામાં એકસાથે બનતાં પેટ, પગ, માથાં, ચાંચ, પૂછડાં વગેરે જોડી-ચોડીને તેઓ જે સંપૂર્ણ આકાર સર્જે છે તેમાં રમકડાંને યોગ્ય એવાં બધાં જ અંગ જળવાઈ રહે છે.

આ રીતે તૈયાર થએલાં સંખ્યાબંધ રમકડાં પર એ પછી 'લિખાઇ થાય છે. લિખાઈ એટલે રમકડાં પર રંગ ચડાવી તેના ઉપર આંખ, કાન, પીછાં, અલંકારો વગેરે જેવી વિગતોનું આલેખન. આ કામ જુદા જ કારીગરો કરે છે. પ્રાથમિક અવસ્થામાં લાકડાના ઢાંચા જેવા લાગતા રમકડાંને પ્રથમ તો તેઓ સરેસમાં પલાળેલી ખડીના દ્રાવણમાં બોળી દે છે. રંગના ઉઠાવ માટે પ્રથમ આવી સફેદ ભૂમિકા જરૂરી છે. આ ખડી સુકાય એટલે એના પર કપડું ઘસીને એનો થર લીસો બનાવી પછી તેની ઉપર જરૂરી રંગ ચડાવાય છે. એ સુકાયા પછી પીછી વડે નજાકતથી ઝીણીઝીણી વિગતો તથા અલંકારો ને અન્ય ભાત ચીતરે છે અને છેવટ એ રંગને પાકા કરવા તથા રમકડાં પર ચળકતો ઓપ આપવા બેરજા વગેરેના મિશ્રણનો હાથ મારે છે.

કાગળના માવામાંથી બનાવેલાં રમકડાં ને મોટે ભાગે તો મુખવટાઓ ઉપર પણ આ જ રીતે રંગ અને લિખાઈ કરવામાં આવે છે.

આમ, કાશીના વિવિધ કલા-ઉદ્યોગોમાં રમકડાંનું પણ સ્થાન છે, એટલું જ નહિ એનું વૈશિષ્ટ્ય પણ છે. સંખ્યાબંધ પરિવારો તેના પર નભે છે. દેશભરના યાત્રીઓ અહીં આવતા હોઈ અહીંની એક સ્મૃતિરૂપે પણ કંઈ ને કંઈ ખરીદી જાય છે તેમાં રમકડાંને પણ સ્થાન હોઈ એ રીતે કાશીનું આ કલાકૌશલ દૂરદૂરના પ્રાંતો સુધી પહોંચે છે. આમાં યે અહીંની દેવમૂર્તિઓનાં રમકડાંનું જે વૈવિધ્ય છે તે કદાચ અન્યત્ર જવલ્લે જ જોવા મળે. અને એ સ્વાભાવિક છે, કારણ આ નગરી સાથે વણાએલી ધાર્મિક ભાવના, કલારસિકતા ને બનારસીપણાનો સ્પર્શ સદીઓ જૂની પરંપરાથી ઊતરી આવેલાં છે. વર્ષભર ચાલતો રહેતો આ ઉદ્યોગ આજે યે એટલો જ જીવંત છે, એટલું જ નહિ, હવે તો અહીંનાં કાષ્ઠનાં રમકડાં અન્ય પ્રાંતો ઉપરાંત પરદેશ પણ પહોંચતાં થયાં છે. અન્યત્ર એક સામાન્ય ગૃહઉદ્યોગ જેવો ગણાતો આ કલાઉદ્યોગ અહીં પૂર્ણતઃ કોળેલો રહ્યો છે અને કાશીના માહાત્મ્યની સાથે હજી યે એ ટકી રહેશે જ એમ નિઃશંક કહી શકાય તેમ છે.

(આ લેખ તથા તેને માટેનાં કાષ્ઠનાં રમકડાંનાં આલેખનો કરવામાં વારાણસીના વિશ્વનાથપ્રસાદ રમકડાંવાળાની મને સારી સહાય મળી છે - લેખક.)

(હવે પછી 'કાશીનો વસ્ત્રોદ્યોગ')

આ અંકનું પૂઠું

વિઘ્નહર્તા ગણપતિ, અંધકારને દૂર કરતી દીપનારી અને સુખ સમૃદ્ધિદાતા લક્ષ્મીનું દિવાળીનાં પર્વોમાં અનેરું માહાત્મ્ય હોય છે. આ નિમિત્તે કાશીમાં સર્વત્ર મળતાં એનાં માટીનાં સુંદર રમકડાં પરથી આ લેખના લેખક કલાકાર વાસુદેવ સ્માર્તે એ ત્રણેનાં સુંદર આલેખનોને સંયોજીને આ અંકના પૂઠાનું આયોજન કર્યું છે. તેમાં નીચે 'સર્વત્ર મધુ પ્રવર્તો'ની ભાવનાવાળાં ઉપનિષદનાં વાક્યોનો પણ એમણે નવા આરંભાતા વર્ષના સંદર્ભમાં ઉચિત રીતે સમાવેશ કર્યો છે. 'કુમાર'ના સૌ ચાહકોને એના દ્વારા અમે આ પર્વો નિમિત્તે શુભ કામનાઓ પાઠવીએ છીએ.

માસમાસનાં વ્રતોત્સવો-૧

કાર્તિક માસનાં પર્વો

લેખક · ચંદ્રકાન્ત મો. શુકલ

કાર્તિક પ્રતિપદાથી આપણા નવા વર્ષનો પ્રારંભ થાય છે. દિવાળીના મહા પર્વ સાથે નૂતન વર્ષારંભનો આ દિવસ જોડી દઈ આપણે એને એક પર્વનું માહાત્મ્ય આપ્યું છે. હેમંત ઋતુનો પણ આ આરંભ છે. વર્ષા પછી લેવાઈ ગએલી નવી ફસલોનો આનંદ, શરદ ને હેમંતના ગુલાબી હવામાનની તાજગીનો સુખાનુભવ અને વર્ષાન્ત તથા નૂતન વર્ષારંભમાં અનેક વ્યવહારોના કારણે હિન્દુ સમાજના આપણે બધા સ્તરના લોકો આ દિવસો ઉમંગથી ઊજવીએ-માણીએ છીએ.

પૂર્ણિમાએ ચંદ્ર જે નક્ષત્રમાં આવે એ નક્ષત્રના નામ પરથી આપણે બારે ય માસનાં નામ પાડયાં છે. એ રીતે કૃત્તિકા નક્ષત્રમાં થતા ચંદ્રના પ્રવેશ પરથી આ માસ કાર્ત્તિક, કાર્તિક અને તેના પરથી કારતક નામે ઓળખાય છે. નૂતન વર્ષારંભ, ભાઈબીજ, તુલસીવિવાહ અને દેવદિવાળી એ આ માસના મુખ્ય તહેવારો છે.

જેમ અન્યત્ર તેમ આપણે ત્યાં પણ પ્રત્યેક પર્વ-ઉત્સવ સાથે વિધવિધ કથાઓ જોડાએલી છે. એ રીતે કાર્તિક શુક્લ પ્રતિપદા (પડવો) 'બલિપ્રતિપદા' નામે પણ ઓળખાય છે; કારણ આ દિવસે પોતાને ત્યાં વામન સ્વરૂપે પધારેલા ભગવાન વિષ્ણુની માગણી પ્રમાણે ત્રણ પગલાં ધરતીનું દાન આપતાં પોતાની જાતને સમર્પિત કરીને બલિરાજાએ એમને સંતુષ્ટ કરેલા. મહારાજા વિક્રમાદિત્ય (સમુદ્રગુપ્ત બીજા)એ આ દિવસે, ધર્મધ્વંસ કરનારા હૂણોનો પરાભવ કરીને ધર્મધ્વજ ફરકાવેલો અને તે મહાન વિજયની સ્મૃતિમાં પોતાના નામનો (વિક્રમ) સંવત શરૂ કરાવ્યો. પોતાની ખેતી અને પોતાનાં પશુઓની રક્ષક-પોષક વૃષ્ટિના દેવ ઈન્દ્રને જ ઈશ્વર સમજી એને પ્રસન્ન રાખવા મથતા ગોકુલવાસીઓને બાલ કૃષ્ણએ ગોવર્ધન પર્વતને પૂજવા પ્રતિ વાળ્યા અને 'ગોવર્ધનધરણ'ની લીલા કરી ઇન્દ્રના કોપમાંથી ગોકુલવાસીઓને ઉગાર્યા તે પણ આ દિવસે. વર્ષાના અંતે નવ પ્રાપ્ત તમામ ધાન્યો વર્ષારંભના આ શુભ દિવસે ઈશ્વરને સમર્પિત કરીને તેનું પ્રસાદી રૂપે ભોજન કરવાનો 'અન્નકૂટ-ઉત્સવ'નો દિવસ તે પણ આ જ.

કાર્તિકનું બીજું મોટું પર્વ ભાઇબીજ. 'તિથિતત્ત્વ' નામના ગ્રંથમાં આ દિવસે યમરાજા, ચિત્રગુપ્ત અને યમદૂતોના પૂજનનો મહિમા કહ્યો છે. હિન્દુ પ્રથા પ્રમાણે આ દિવસે ભાઈ પોતાની સાસરે ગએલી બહેનને ઘેર જાય છે. એના સુખદુ:ખના ખબર લે છે. બહેન પોતાના ભાઈને પ્રેમથી જમાડે છે અને ભાઈ એને વસ્ત્રાલંકારો ને દ્રવ્યાદિની ભેટ આપે છે. 'સનત્કુમારસંહિતા'માં કથા છે કે પૂર્વે આ દિવસે શ્રી કૃષ્ણનાં મહારાણી યમુનાજીએ પોતાના ભાઈ યમરાજને આમંત્રણ આપી બહુ પ્રેમથી તેનો આદર-સત્કાર કરેલો અને એથી પ્રસન્ન થએલા યમરાજે પોતાની બેન યમુનાને ત્રણ વરદાન આપેલાં. આ દિવસે યમુનાજીમાં સ્નાન કરવાનું મોટું માહાત્મ્ય મનાય છે. હિન્દુ રિવાજ પ્રમાણે પિતાના વારસાથી વંચિત રહેલી બહેન પ્રત્યે તેના ભાઈના ધર્મ પ્રતિ લક્ષ દોરવા નિમિત્તનું આ પર્વ ભાઈબહેનના સંબંધ અને વ્યવહારને ટકાવી રાખવાના એક ઉમદા ઉપાય સમું છે.

કાર્તિકનું ત્રીજું પર્વ આ આ માસની શુક્લપક્ષની એકાદશી. 'વિષ્ણુયામલ' અને 'પદ્મપુરાણ'મા 'તુલસીવિવાહ'નો વિધિ વર્ણવેલો છે. જો કે એમાં આ વિધિ કાર્તિક સુદ નોમનો કહ્યો છે, પણ 'રામાર્ચનચંદ્રિકા', 'બ્રહ્નારદીય પુરાણ'ને 'મદનરત્ન' વગેરે ગ્રંથોમાં એકાદશી કહી છે. સૌરાષ્ટ્ર તરફ નોમથી અગિયારશના ત્રણ દિવસો તુલસીવિવાહ ઉજવાય છે. આ એકાદશી 'પ્રબોધિની એકાદશી' પણ કહેવાય છે. શંખાસુરને મારીને ક્ષીરસાગરમાં પોઢેલા વિષ્ણુ ચાર માસ પછી આ દિવસે જાગ્યા હતા એ પરથી એને પ્રબોધિની (કે દેવઊઠી) એકાદશી કહે છે. અષાઢમાં જ્યારે તેઓએ શયન કર્યું તે એકાદશી 'દેવપોઢી' અગિયારશ કહેવાય છે. બાણશય્યા પર પોઢેલા ભીષ્મ પિતામહને તૃષા લાગતાં અર્જુને ધરતીમાં બાણ મારીને સીધી ભીષ્મના મોંમાં ગંગાજળની ધારા વહેવડાવી તે આ પણ આ દિવસે જ. અહીંથી પૂર્ણિમા સુધીના દિવસો 'ભીષ્મ-પંચક' નામે ઓળખાય છે.

ચાતુર્માસ કરતા ભાવિકો અભક્ષ્યાદિ વસ્તુનાં જે વ્રત રાખ્યાં હોય તે આ એકાદશી પછીની બારશે છોડે છે. અમદાવાદ અને વડતાલનાં સ્વામીનારાયણ મંદિરોમાં આ દિવસે સમૈયો યોજાય છે.

કાર્તિકી પૂર્ણિમા એટલે દેવદિવાળી. આજે તો દિવાળીમાં ફોડતાં વધેલા ફટાકડા આ દિવસે પૂરા કરવા પૂરતું જ એનું મહત્ત્વ રહ્યું છે, પણ 'ભાર્ગવાર્ચનચન્દ્રિકા'માં કહ્યા પ્રમાણે પ્રલય વખતે મનુને બચાવી લઇને સૃષ્ટિનો તંતુ ચાલુ રાખવા ભગવાન વિષ્ણુએ આ પૂર્ણિમાએ મત્સ્યાવતાર ધારણ કર્યો હતો. અજમેર પાસે આવેલા પુષ્કર તીર્થમાં આ પૂર્ણિમાના સ્નાનનો મોટો મહિમા હોઈ ત્યારે ત્યાં મોટો મેળો ભરાય છે. બ્રહ્માના વરદાનથી ઉન્મત્ત બનેલા ત્રિપુરાસુર નામના દૈત્યનો કોપાયમાન શંકરે આ દિવસે નાશ કરેલો એ પરથી આ પૂર્ણિમા 'ત્રિપુરારિ પૂર્ણિમા' પણ કહેવાય છે. શાક્તગ્રંથોમાં મળતા ઉલ્લેખો પ્રમાણે (બાલા) ત્રિપુરસુંદરી દેવીની આ પૂર્ણિમાએ આરાધના થાય છે. પુષ્ટિમાર્ગના પ્રસિદ્ધ તીર્થધામ નાથદ્વારામાં શ્રીનાથજીને આ દિવસે છપ્પન ભોગ ધરાવાય છે. ભક્ત બોડાણા રણછોડરાયજીને આ દિવસે ડાકોર લઈ આવેલા એટલે ત્યાં એનો મોટો ઉત્સવ ઉજવાય છે. ધંધુકાના મોઢ વણિક બાળકમાંથી જૈન મુનિશ્રી દેવાનંદ સૂરિના પ્રતાપે કલિકાલસર્વજ્ઞ બનનાર અને 'સિદ્ધહૈમશબ્દાનુશાસન' જેવો વ્યાકરણગ્રંથ રચનાર શ્રી હેમાચંદ્રાચાર્યનો આ જન્મદિન છે. શીખ ધર્મના પ્રવર્તક ગુરુ નાનક પણ આ દિવસે જન્મેલા અને સ્વધર્મના રક્ષણાર્થે મુઘલાઈ સામે ઝઝૂમનાર શીખ ગુરુ તેગબહાદુરનો શિરચ્છેદ પણ આ દિવસે થએલો.

આ ઉપરાંત, સાંપ્રદાયિક મહત્ત્વ ધરાવતા આ માસના દિનવિશેષોમાં (૧) કાર્તિક સુદ ૧ના દિવસે જૈન મુનિ શ્રી ગૌતમસ્વામીને કેવળજ્ઞાન પ્રાપ્ત થએલું; (૨) સુદ ૭ના દિવસે વીરપુરના પ્રસિદ્ધ સંત જલારામનો જન્મ થએલો અને (૩) સુદ ૯ના રોજ અયોધ્યા પાસે છપૈયા મુકામે સ્વામીનારાયણ સંપ્રદાયના પ્રવર્તક સહજાનંદ સ્વામીનું પ્રાકટ્ય થએલું.

વળી, આ માસના શુક્લ પક્ષમાં ગોપાષ્ટમીના ગોપૂજનનું, કૂષ્માંડ નવમીએ પિંડરહિત શ્રાદ્ધ તથા વિષ્ણુત્રિરાત્ર વ્રતનું, વૈકુંઠ ચતુર્દશીએ વિષ્ણુપૂજાનું અને ત્રિપુરારિ પૂર્ણિમાએ શંકર પ્રીત્યર્થ દીપમાળા પ્રકટાવવાનું તથા કાર્તિક સ્વામીનાં દર્શનનું માહાત્મ્ય છે. તુલસીકાષ્ઠની માળા પહેરવી, દ્વિદલ ધાન્યનો ત્યાગ કરવો. સ્ત્રીઓએ પ્રાતઃસ્નાન કરી વિષ્ણુપૂજા કરવાનું કાર્તિક વ્રત રાખવું તથા આસો સુદ ૧૦, ૧૧ કે ૧૫થી આરંભી કાર્તિકી પૂર્ણિમા સુધી વહેલી પરોઢે કૃત્તિકા નક્ષત્ર અસ્ત થતાં પહેલાં નદી કે જલાશયમાં સ્નાન કરી દેવોને અર્ઘ્ય આપવાના કાર્તિકી સ્નાનના વ્રતનો પણ મહિમા છે. □

આપણી જીવનસંસ્કૃતિ અને ૫ નો આંકડો

લેખક
શંકરદેવ
વિદ્યાલંકાર

આપણાં સાહિત્ય, સંસ્કૃતિ ને જીવન-વ્યવહારમાં પાંચનો આંકડો વિવિધ રીતે સંકળાએલો છે. ધાર્મિક અનુષ્ઠાનો, સાહિત્યરચના, ગૃહસ્થનાં કર્મો, સામાજિક કાર્યો ને વૈદકશાસ્ત્રમાં અન્ય શબ્દો સાથે સમાસ રૂપે જોડાઈને આ આંકડાએ પ્રબોધક અને મનોરંજક અર્થવિસ્તાર દ્વારા આપણી ભાષાકીય ને વ્યાવહારિક સંસ્કૃતિને સમૃદ્ધ બનાવી છે. સહૃદય વાચકો ને અભ્યાસશીલ જનોના સારસ્વત-વિનોદ માટે પાંચના આંકડાનો આ 'પ્રપંચ' (વિસ્તાર) ઉપયોગી ને આનંદ-પ્રેરક થશે.

પંચદેવ (પંચાયતન)

શિવ, વિષ્ણુ, સૂર્ય, ગણપતિ અને દેવી.

आदित्यं गणनाथं च देवीं रुद्रं च केशवम् ।
पंच-दैवतं इत्युक्तं सर्व-कर्मसु पूजयेत् ॥

પંચકર્મ

વૈદકશાસ્ત્ર પ્રમાણે પાંચ ઉપચાર: વમન, વિરેચન, નસ્ય, નિરૂહ અને અનુવાસન.

वमनं रेचनं नस्यं निरुहानुवासनम् ।
पंचकर्मेद मन्यच्च ज्ञेयं उत्क्षेपणादिकम् ॥

(નિરૂહ = તેલ વગરનો એનીમા; અનુવાસન = તેલવાળો એનીમા)

પંચ પલ્લવ

૧) આંબો, ઉમ્બરો, વડ, પીપળો ને પીપર (પ્લક્ષ)નાં પાન; ૨) આંબો, જાંબુ, કોઠું, બીલી અને બિજોરાનાં પાન. આ બધાં ગંધકર્મમાં કામ આવે છે; ૩) તાંત્રિક લોકો પંચ પલ્લવોની ગણત્રી આ પ્રમાણે કરે છે: ફણસ, આંબો, પીપળો, વડ અને બોરસલી. એમાં પ્રથમ નંબરનાં પાન માત્ર વૈદિક કર્મકાંડમાં વપરાય છે.

પંચરત્ન (સૌરાષ્ટ્રનાં)

सौराष्ट्रे पंच रत्नानि नदी नारी तुरंगमाः ।
चतुर्थं सोमनाथं च पंचमं हरिदर्शनम् ॥

(હરિદર્શન એટલે દ્વારકા)

પંચ તરુ

આ પાંચ વૃક્ષો દેવતરુ મનાય છે: મંદાર, પારિજાત, સંતાન, કલ્પવૃક્ષ અને હરિચંદન.

पंचैते देवतरवः मंदारः पारिजातकः ।
संतान–कल्पवृक्षश्च पुंसि वा हरिचन्दनम् ॥

પંચ પિતા

જન્મદાતા, ઉપનયન કરનાર, કન્યાદાન કરનાર, અન્નદાતા અને રક્ષણ કરનાર. આમ પાંચ પ્રકારના પિતા મનાય છે.

जनकश्चोपनेता च यश्च कन्यां प्रयच्छति ।
अन्नदाता भयत्राता पंचैते पितरः स्मृताः ॥

પંચ સૂના

ગૃહસ્થના ઘરમાં પાંચ વસ્તુઓથી જાણ્યે-અજાણ્યે થઈ જતી હિંસાને સૂના કહે છે. તે પાંચ વસ્તુઓ–ચૂલો, ઘંટી, સાવરણી, ખાંડણિયો અને પાણિયારું.

पंचसूना गृहस्थस्य चुल्ली पेषण्युपस्करः ।
कंडनी चोदकुंभश्च वध्यते यास्तु वाहयन् ॥

પંચ મહાપાતક

બ્રહ્મહત્યા, મદિરાપાન, ચોરી, ગુરુપત્ની સાથે શયન તથા આ કાર્યોમાં સંડોવાએલાઓનો સંસર્ગ.

ब्रह्महत्या सुरापानं स्तेयं गुर्वङ्गनागमः ।
महान्ति पातकान्याहुः संसर्गश्चापि तैः सह ॥

પંચ શબ્દ

૧) પાંચ પ્રકારનાં વાજિંત્ર: વીણા, કરતાલ, ઝાંઝ, નગારું અને શરણાઈ.

૨) વેદધ્વનિ, બંદીધ્વનિ, જયધ્વનિ, શંખધ્વનિ અને નિશાન ધ્વનિ.

પંચ નીરાજન (આરતી)

કોઈ પણ દેવમૂર્તિ સામે પાંચ વસ્તુઓનું ઘુમાવવું: દીપક, કમળફૂલ, વસ્ત્ર, આમ્રપત્ર ને નાગરવેલનાં પાન.

પંચતંત્ર

નીતિજ્ઞ ચાણક્યના શિષ્ય પંડિત વિષ્ણુ શર્માએ નીતિશાસ્ત્ર (રાજનીતિ)ના બોધ માટે વાર્તારૂપે લખેલો ગ્રંથ. જેમાં પાંચ ખંડો છે: મિત્રભેદ, મિત્રસંપ્રાપ્તિ, કાકોલૂકીય, લબ્ધપ્રણાશ અને અપરીક્ષિતકારક.

પંચબાણ, પંચસાયક, પંચશર, પંચેષુ

આ બધાં કામદેવનાં નામો છે. કામદેવનું ધનુષ્ય શેરડીનું અથવા પુષ્પોનું બનેલું હોય છે. તેની પણછ ભ્રમરો ને મધમાખીઓવાળી હોય છે. કામદેવને પુષ્પ-ધન્વા પણ કહેવામાં આવે છે. કામદેવનાં પાંચ બાણો નીચે જણાવેલાં પુષ્પોથી બનેલાં હોય છે. પ્રાચીન સાહિત્યમાં જુદીજુદી રીતે તેની ગણત્રી મળે છે:

૧) અશોક, લાલ કમળ, સરસવનાં ફૂલ, આંબાનો મોર ને નીલકમળ; ૨) ચંપો, આંબાનો મોર, નાગકેસર, બીલીનાં ફૂલ અને નીલકમળ; ૩) અરવિંદ (લાલ કમળ), અશોક, ચમેલી, આંબાનો મોર અને નીલકમળ.

अरविन्दमशोकं च चूतं च नवमल्लिका ।
नीलोत्पलं च पंचैते पंचबाणस्य सायकाः ॥

પાંચ બાણોની ગણના આ પ્રમાણે પણ સાહિત્યમાં મળે છે: સંમોહન, ઉન્માદન, શોષણ, તાપન અને સ્તંભન.

संमोहनोन्मादनौ च शोषणस्तापनस्तथा ।
स्तंभनश्चैति कामस्य पंचबाणाः प्रकीर्तिताः ॥

પંચ મહાયજ્ઞ

ધર્મશાસ્ત્રો અને ગૃહ્ય-સૂત્રો પ્રમાણે દરેક હિંદુ ગૃહસ્થે આચરવાના પાંચ યજ્ઞો: બ્રહ્મયજ્ઞ, દેવયજ્ઞ, પિતૃયજ્ઞ, ભૂતયજ્ઞ અને નૃયજ્ઞ.

૧) બ્રહ્મયજ્ઞ એટલે અધ્યયન, અધ્યાપન અને સંધ્યાનુષ્ઠાન; ૨) દેવયજ્ઞ એટલે અગ્નિહોત્ર (હોમ); ૩) પિતૃયજ્ઞ એટલે વડીલો અને વૃદ્ધજનોને સેવા અને શ્રદ્ધાપૂર્વક ભોજન આદિથી સંતૃપ્ત કરવા તે; ૪) ભૂતયજ્ઞ એટલે બલિવૈશ્વદેવ–અપંગ વ્યક્તિઓને તથા કાગડા-કૂતરા વગેરે પ્રાણિઓને ભોજનનો ભાગ આપવો; ૫) નૃયજ્ઞ એટલે અતિથિઓનું પૂજન.

૧

अध्ययनं ब्रह्मयज्ञः पितृयज्ञश्च तर्पणम् ।
होमो दैवो बलि र्भौतो नृयज्ञोऽतिथिपूजनम् ॥

૨

ऋषियज्ञं, देवयज्ञं, भूतयज्ञं च सर्वदा ।
नृयज्ञं पितृयज्ञश्च यथाशक्ति न हापयेत् ॥

ઋષિયજ્ઞ એટલે અધ્યયન, અધ્યાપન, આદિ.

પંચાંગ

૧) ટીપણું (તિથિપોથી) જેમાં વાર, તિથિ, નક્ષત્ર, યોગ ને કરણની વિગત આવેલી હોય છે; ૨) વૈદકશાસ્ત્રમાં કોઈ પણ વનસ્પતિનાં પાંચ અંગ: મૂળ, છાલ, પાન, પુષ્પ અને ફળ; ૩) પંચાંગ પ્રણામ એટલે બે ઘૂંટણ, બે હાથ અને માથાથી પૃથિવીને સ્પર્શીને કરાતા પ્રણામ:

પંચ વર્તમાન

૧) સાધુઓને પાળવાના પાંચ નિયમો: નિષ્કામ, નિર્લોભ, નિઃસ્વાદ, નિર્માન અને નિર્મોહ: આ સૂક્ષ્મ વર્તમાન કહેવાય છે.

૨) માંસ, મદિરા, ચોરી, દુરાચાર ને વટાળથી દૂર રહેવું તે સ્થૂલ પંચ વર્તમાન ગણાય છે.

પંચામૃત

દેવપ્રસાદ તથા દેવમૂર્તિઓના સ્નાન માટે વપરાતું દૂધ, દહીં, ઘી, સાકર ને મધનું મિશ્રણ

પંચાક્ષર

શૈવભક્તોનો પંચાક્ષરી મંત્ર—નમઃ શિવાય; રામભક્તોનો—રામાય નમઃ; વૈષ્ણવોનો વિષ્ણવે નમઃ

પંચભાગ

રસોઈ માટે કાઢેલા સીધામાંથી બ્રાહ્મણને આપવા કાઢેલો અનાજનો ભાગ: લોટ, ચોખા, દાળ, ઘી અને મીઠું.

પંચપ્રાણ

પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન.

૩૭૧ ('કુમાર' અંક ૧૫૮)

પંચતૃણ

કુશ, કાસ, બરુ, દર્ભ, અને શેરડી.

પંચવટી

પીપળ, બીલી, વડ, આમળી અને અશોક આ પાંચ પ્રકારનાં વૃક્ષો જે વનમાં હોય તેને પંચવટી કહેવામાં આવે છે.

પંચ મહાવ્રત

યોગદર્શન પ્રમાણે : અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ.

પંચનાથ

બદરીનાથ, દ્વારકાનાથ, જગન્નાથ, રંગનાથ અને શ્રીનાથ.

પંચકન્યા

પુરાણોની વ્યવસ્થા પ્રમાણે વિવાહિત હોવા છતાં આ પાંચ સન્નારીઓનું કૌમાર્ય અખંડિત મનાય છે. અહલ્યા, દ્રૌપદી, કુંતી, તારામતી અને મંદોદરી.

પંચાગ્નિ

દક્ષિણ, ગાર્હપત્ય, આહ્વનીય, સભ્ય અને આવસથ.

પંચગૌડ

ઉત્તર ભારતમાં વસતા પાંચ જાતના બ્રાહ્મણો : સારસ્વત, કાન્યકુબ્જ, ગૌડ, મૈથિલ અને ઉત્કલના બ્રાહ્મણ.

પંચ દ્રવિડ

દક્ષિણ ભારતમાં વસતા પાંચ પ્રકારના બ્રાહ્મણ: ગુર્જર, મહારાષ્ટ્ર, તૈલંગ, કર્ણાટ અને દ્રવિડ.

પંચ લવણ

સિંધાલૂણ, સંચળ, બિડલવણ, વડાગરું મીઠું અને સામુદ્રિક લવણ.

પંચ સુગંધક

કપૂર, કબાબ ચીની (શીતળ ચીની), લવંગ, સોપારી અને જાયફળ.

પંચશસ્ય

ચોખા, મગ, તલ, અડદ અને જવ

પંચપુષ્પ

ચંપો, આમ્રમોર, શમી, કમળ અને કરેણ.

પંચ ઉપચાર

દેવપૂજાની પાંચ વસ્તુઓ : ગંધ, પુષ્પ, ધૂપ, દીપ અને નૈવેદ્ય.

પંચ જન

૧) બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શુદ્ર ને નિષાદ. ૨) ગાયક, વાદક, નર્તક, ગણિકા (દાસી) અને વિદૂષક.


પંચ મકાર

વામમાર્ગ સંપ્રદાય પ્રમાણે : મદ્ય, માંસ, મત્સ્ય, મુદ્રા અને મૈથુન.

પંચકોશ

અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય, આનંદમય. □

આ માસના આકાશમાં



શુક્રાચાર્યના યજમાન અને અસુરોના રાજા વૃષપર્વા. તેની પુત્રી શર્મિષ્ઠાએ શુક્રાચાર્યની પુત્રી દેવયાનીને કૂવામાં ધકેલી દીધી, યયાતિએ દેવયાનીને બચાવી, દેવયાનીએ યયાતિ સાથે લગ્ન કર્યાં અને વેર વાળવા વૃષપર્વા પર શુક્રાચાર્યનું દબાણ લાવી શર્મિષ્ઠાને પોતાની દાસી બનાવી સાથે લઈ ગઈ એ કથા જાણીતી છે. ઉત્તર આકાશનાં ચાર તારામંડળોને આપણે એ વૃષપર્વા, શર્મિષ્ઠા, દેવયાની અને યયાતિનાં નામ આપ્યાં છે. ગ્રીકોએ વૃષપર્વાને 'સીફિયસ' (Cepheus), શર્મિષ્ઠાને 'કૅસીઓપીઆ' (Cassiopeia), દેવયાનીને 'ઍન્ડ્રોમિડા' (Andromeda) અને યયાતિને 'પર્સીઅસ' (Perseus) નામ આપ્યું છે. દૈવી શક્તિની સહાયથી રાક્ષસી મેડુસાનો વધ કરીને પાછા ફરતા વિજયી પર્સીઅસે માર્ગમાં રાક્ષસને બલિ તરીકે અર્પણ કરાએલી ઍન્ડ્રોમિડાનો પણ ઉદ્ધાર કર્યો અને એની સાથે લગ્ન કર્યાં હતા. આ ઍન્ડ્રોમિડા એ રાજા સીફિયસ અને રાણી કૅસીઓપીઆની પુત્રી હતી.

ઉત્તર આકાશમાં આકાશગંગાની આજુબાજુ આ ચારેય તારામંડળો દેખાય છે. એમાં વૃષપર્વામાં 'ધ' સંજ્ઞાવાળો તારો એક પ્રખ્યાત રૂપવિકારી તારો છે. ૫ દિવસ અને ૯ કલાકમાં એના તેજની વધઘટનો નિશ્ચિત ધબકાર જોવા મળે છે. એ તેજવિકારમાં એના લઘુતમ તેજ કરતાં એનું ગુરુતમ તેજ અઢી ગણું દેખાય છે. આવા નિશ્ચિત તેજધબકાર દાખવતા તારાઓના આધારે તારાઓનાં અંતર નક્કી થાય છે. આ રીતે બે દિવસથી માંડી દોઢેક માસ જેટલા સમયગાળામાં નિશ્ચિત તેજવિકાર બતાવતા તારાઓને 'ધ-વૃષપર્વા' પરથી 'વૃષપર્વા પ્રકાર'ના (Cepheid) રૂપવિકારી તારા કહે છે.

એક અન્ય પ્રકારનો વિશિષ્ટ તેજવિકાર પણ ક્યારેક એકાએક જોવા મળે છે. એ છે 'સ્ફોટક' તારાઓ (Nova)નો તેજવિકાર. આવા તારાઓ વિસ્ફોટ પામે છે ત્યારે તેમનું તેજ એકાએક અત્યંત વધીને સૂર્ય કરતાં યે હજારો ગણું થઈ જાય છે. અલબત્ત, નરી આંખે તો એ એક ઝબકાર જેવું જ લાગે છે. ક્યારેક એ તારાનું તેજ સૂર્ય કરતાં કરોડો ગણું વધી ગયા પછી એ તારો ભાંગી પડી એના સ્થાને વાદળ જેવું વાયુઓનું માત્ર વિછિન્ન સ્વરૂપ જ જોવા મળે છે, અને ક્યારેક તો એ તારો સદાને માટે અદૃશ્ય થઈ જાય છે. આવા તારા 'પરમ વિસ્ફોટક' (Super Nova) કહેવાય છે.

જો કે આકાશમાં તો આ પ્રક્રિયા અનંત કાળથી ચાલતી જ રહી હશે, પણ પરમ વિસ્ફોટક તારો દેખાયાની સૌ પ્રથમ અધિકૃત નોંધ ઈ. ૧૦૫૪ની મળે છે. એ સમયે ચીનજાપાનમાં એ દેખાયો હતો. આજે 'કર્ક નિહારિકા' રૂપે દેખાતું વાયુ-વાદળ જેવું સ્વરૂપ આવા પરમ વિસ્ફોટક તારાનો જ અવશેષ છે. ઈ. ૧૫૭૨માં પણ આવો એક પરમ વિસ્ફોટ નકશામાં શર્મિષ્ઠાની બાજુમાં પોલા વર્તુળ વડે દર્શાવેલા સ્થાને દેખાએલો. તે પછી દિવસો દિવસ એ તારાવિસ્ફોટનું તેજ વધતું જઈ થોડા દિવસોમાં તો 'શુક્ર' કરતાં પણ વધુ તેજસ્વી દેખાવા લાગ્યું અને તે પછી તો સૂર્યના પ્રકાશમાં પણ એ જોઈ શકાતો. આ પછી ધીરેધીરે ૧૫૫૩ના સપ્ટેમ્બર સુધીમાં તદ્દન ઝાંખો પડી જઈ એ તારો અદૃશ્ય થઈ ગયો. છેલ્લે ઈ. ૧૯૦૪માં એક પરમ વિસ્ફોટક તારો દેખાયાની નોંધ થએલી છે.

—બિ. ટાં.

દ્વાદશ જ્યોતિર્લિંગ-૧૦ શ્રી નાગેશ્વર

દારુક નામના એક અસુરના વસવાટને કારણે બેટ દ્વારકાથી બારેક માઈલ દૂરનો પ્રદેશ પૂર્વે દારુકવન નામે ઓળખાતો. એક વખત સુપ્રિય નામનો એક વૈશ્ય એ તરફના સમુદ્રમાંથી નૌકામાં પસાર થતો હતો તેને તેના અન્ય માણસો સાથે દારુકે પકડીને બંદીખાનામાં કેદ રાખેલો. પણ સુપ્રિયની શિવભક્તિથી પ્રસન્ન ભગવાન શંકરે એને મુક્ત કર્યો અને પાશુપતાસ્ત્ર આપ્યું, જેના વડે સુપ્રિયે દારુક તથા અન્ય રાક્ષસોનો સંહાર કર્યો. આ દારુકવનમાં સ્થપાએલું જ્યોતિર્લિંગ તે નાગેશ્વર.

વૈદ્યનાથથી જેમ નાગેશ્વરના ખરા સ્થાન વિષે પણ અનિશ્ચિતતા છે. મરાઠાવાડમાં પરભણી જિલ્લામાં ઔંઢયા નાગનાથ નામે એક ગામના નાગનાથ કે નાગેશ યા નાગેશ્વર પણ જ્યોતિર્લિંગ ગણાય છે.

કહે છે કે પ્રાચીનકાળમાં ત્યાં એક અરણ્ય હતું ને તેમાં વસતી એક દારુકા રાક્ષસીના નામ પરથી એ દારુકાવન કહેવાતું. એ રાક્ષસીના ત્રાસમાંથી ઋષિમુનિઓને રક્ષવા ભગવાન શિવે સ્વયં પ્રકટ થઇને દારુકાનો નાશ કરી પોતે ત્યાં વાસ કર્યો હતો.

બીજી પણ એક કથા છે કે સતીના દેહત્યાગ પછી વિષણ્ણ થઈ ભગવાન શંકર એ વનમાં દિગંબર દશામાં રહેતા અને ભિક્ષાટને પણ એવી જ દશામાં જતા. તેમની દેહકાંતિ જોઈ સ્ત્રીઓ મોહ પામતી. આથી એમના સંતપ્ત પતિઓએ શિવને શાપ આપ્યો, એથી એમનો દેહ ભસ્મસાત્ થઈ ગયો. પણ એ ભસ્મમાંથી એક દેદીપ્યમાન જ્યોતિર્લિંગ પ્રકટ થયું. દેવતાઓએ એની ત્યાં સ્થાપના કરી અને ત્યાંના નાગલોકોને એની પૂજા સોંપી. નાગો વડે પુજાયા એટલે એ નાગેશ કહેવાયા.

આ નાગેશ કે નાગનાથનું ત્યાં સુંદર અષ્ટકોણી મંદિર છે. એની આસપાસ વેરાએલા ભગ્નાવશેષો જોતાં લાગે છે કે એ મંદિરની વારંવાર મરામતો થઈ હશે. મંદિરની આસપાસ ચાર દ્વારવાળો કોટ છે. મંદિરના મહાદ્વારની બંને બાજુ શિવજીનાં વિવિધ સ્વરૂપો, તથા પાર્વતી, રાવણ વગેરેનાં સુંદર શિલ્પ કંડારેલાં છે. આ શિલ્પાંકન પર ઇલોરા-અજતાની શિલ્પશૈલીનો પ્રભાવ હોય તેમ લાગે છે.

મંદિરનો વર્તુલાકાર મધ્યમંડપ અષ્ટકોણ આકારના શોભનમંડિત આઠ સ્તંભો ઉપર ટેકવાએલો છે ને તેના ઉપર ઘુમટ છે. ઔંઢયા નાગનાથની દક્ષિણે કનકેશ્વરીનું એક મંદિર છે. આ દેવીને નાગેશની પત્ની માનવામાં આવે છે. ગામમાં નાનાંમોટાં ૧૦૮ જેટલાં બીજાં શિવાલયો પણ છે. —ચંદ્રકાંત મો. શુક્લ



મધુકરી

તું તારા દિલનો દીવો થાને ! ઓ રે ! ઓ રે ઓ ભાયા !
રખે કદી તું ઉછીનાં લેતો પારકાં તેજ ને છાયા;
એ રે ઉછીનાં ખૂટી જશે ને ઊડી જશે પડછાયા !
—ભોગીલાલ ગાંધી – ઉપવાસી

સ્વ. કેદારનાથજી

ગઈ પંદરમી ઑગસ્ટે આપણા એક મહાન સંત, સાધક ને વિચારક જનસેવક તથા પીઢ સ્વાતંત્ર્યસેનાની કેદારનાથજીનું ૯૫ વર્ષની વયે અવસાન થયું. સ્વાતંત્ર્ય માટેની લડતો સહિત ગાંધીજીની તમામ રચનાત્મક પ્રવૃત્તિઓમાં એમણે રસ લીધો હોવા છતાં, તથા દાંડીકૂચ વેળા ગાંધીજીએ પોતાની ગેરહાજરીમાં સાબરમતી આશ્રમમાં આશ્રમવાસીઓને માર્ગદર્શન આપતા રહેવાની ભલામણ કરવા જેટલો વિશ્વાસ તેમનામાં મૂક્યો હોવા છતાં, ગુજરાતમાં મુખ્યત્વે તેઓ સ્વ. કિશોરલાલ મશરૂવાળાના આધ્યાત્મિક ગુરુ તરીકે અને નાથજીના ટૂંકા નામથી પ્રસિદ્ધ હતા.

કેદારનાથજીનો જન્મ ઈ. ૧૮૮૩માં થએલો. મૂળ તો કુલાબા જિલ્લાના પાલી ગામના વતની પણ પિતા આપાજી બળવંત કુલકર્ણી સરકારી નોકરીમાં હોઈ અવારનવાર એમની બદલી થતી રહેવાના કારણે કેદારનાથજીનું બાળપણ થાણા, રત્નાગિરિ, ખાનદેશ વગેરે જિલ્લાઓમાં વીત્યું હતું. નાનપણથી જ સ્વાતંત્ર્યની ભાવનાથી પ્રેરાઇને એમણે એક બળવાન સેના ઊભી કરીને દેશને વિદેશીની ગુલામીમાંથી મુક્ત કરવાની મહત્ત્વાકાંક્ષા સેવવા માંડેલી અને એ સેનાના સેનાપતિ તરીકે પોતાની ક્ષમતા પામવા વ્યાયામ દ્વારા શરીરબળ અને સદાચાર દ્વારા ચારિત્ર્ય કેળવવા પ્રયત્નશીલ રહ્યા હતા. શસ્ત્રવિદ્યાની પદ્ધતિસર તાલીમ પણ એમણે એક જાણકાર પાસેથી મેળવી હતી. સાથોસાથ સાદાઈ અને ત્યાગભાવનાની સતત ઉપાસના પણ આદરી હતી.

શાળાની કેળવણી તો એમણે અંગ્રેજી શિક્ષણના પાંચમા ધોરણથી જ છોડી દીધી હતી. ઈ. ૧૯૦૪માં પોતાના હેતુઓ સાધવા તેઓ ઘર છોડીને ચાલ્યા પણ ગએલા, પણ કોઈ સજ્જનની સમજાવટથી પાછા ફરેલા. બંગભંગ અને એના વિરોધમાં ચાલતી ચળવળોથી એ સમયમાં દેશનું વાતાવરણ તંગ હતું. એની સામેનાં અંગ્રેજોના દમનથી એમનો આત્મા કકળી ઊઠતો. એ સમયના અન્ય અનેક કાર્યકરોની માફક ચિત્તશાંતિ માટે તેઓ પણ આધ્યાત્મિક માર્ગે વળ્યા અને ઈ. ૧૯૧૧માં હૃષીકેશ પહોંચી જઇને ત્યાં ઈશ્વરની સાધના આરંભી. યોગસાધનામાં પણ એમણે કેટલીક સિદ્ધિઓ પ્રાપ્ત કરી અને એથી એમની આસપાસ શિષ્યવૃંદ પણ એકઠું થવા લાગ્યું. પરંતુ ગુરુ બનીને પૂજાવાનું એમનું લક્ષ્ય નહોતું. સાધના દ્વારા મળેલી સિદ્ધિઓનો લાભ એ તો એમનો અંગત લાભ હતો, પણ એમના હૈયે પોતાનું નહિ, પરંતુ સમાજનું હિત વસેલું હતું. એમણે જોયું કે સદ્ગુણી અને કર્તવ્યનિષ્ઠ વ્યક્તિઓ અનાસક્તિથી પ્રેરાઇને સંસારથી વિમુખ બની રહે તો તો સમાજમાં હીન બળોનું જ વર્ચસ્વ જામતું જાય, એટલે અનંત સિદ્ધિઓ કે મોક્ષપ્રાપ્તિનું ધ્યેય અજાણતાં યે સમાજમાં અનિચ્છનીય તત્ત્વોને ફાલવા માટે માર્ગ કરી આપે, એ સામાજિક હિતની દૃષ્ટિએ યોગ્ય નથી. વળી, એમને એમ પણ લાગ્યું કે ઈશ્વર, આત્મા કે બ્રહ્મમાં કંઈ ભિન્નતા નથી, પણ એ એક



વ્યાપક તત્ત્વ છે ને આપણે પોતે પણ એ જ શક્તિ હોઈ આપણને આપણું પોતાનું દર્શન થવું સંભવિત નથી. યોગસાધના ગમે તેટલી પ્રભાવક હોવા છતાં એનાથી માણસ કદી ઈશ્વર બ ` શકે નહિ.

આમ, મૂળથી જ સામુદાયિક હિતની ભાવના તથા સેવાવૃત્તિના સંકલ્પ ઉપર એમનું વિચારદર્શન રચાએલું હોઈ સાધનાઓ ને સિદ્ધિપ્રાપ્તિનો માર્ગ છોડી દઈને તેઓ મહારાષ્ટ્રમાં પાછા આવ્યા. આ પછી આજીવિકા માટે વણાટકાર્યને અપનાવી એમણે લોકસેવાની જે પ્રવૃત્તિઓ આરંભી તેમાં માંદાની સેવા મહત્ત્વની ને મુખ્ય હતી. પોતાના સદ્‌ગુણો અને વિચારોનો ચેપ પણ એમણે ઘણામાં પ્રસાર્યો ને અનેક માટે અનેકવિધ રીતે તેઓ માર્ગદર્શક બની રહ્યા.

ગાંધીજી પ્રત્યેના સદ્‌ભાવ અને કાકાસાહેબ કાલેલકરના મિત્ર હોવાને કારણે તેઓ અવારનવાર સાબરમતી આશ્રમમાં આવતા રહેતા. એમણે સાધેલી સિદ્ધિઓની જાણ થતાં કિશોરલાલભાઈ પોતાની કેટલીક આધ્યાત્મિક સમસ્યાઓ સાથે એમને મળ્યા અને એમાંથી તેઓ બંને વચ્ચે ગુરુશિષ્ય સંબંધ બંધાયો. જો કે કેદારનાથજી પોતાને ગુરુ માનતા નહિ, પણ એમના માર્ગદર્શનમાં કિશોરલાલભાઈને સમાધાન લાધ્યું હતું. ગાંધીજી પણ કેદારનાથજીની ઘણી વાર સલાહ લેતા.


'વિવેક અને સાધના' તથા 'વિચારદર્શન' નામનાં પોતાનાં બે પુસ્તકોમાં એમણે આપણા સમાજ અને ચિત્તમાં રૂઢ થઈ ગએલા ધર્મ, યોગ, સાક્ષાત્કાર વગેરે વિષેના ભ્રમોનું ખંડન કરીને વિવેક અને બુદ્ધિ પર ભાર મૂક્યો છે. ઘણા ધર્મભાલુકોને એ ન જચે, પણ એ વિચારો સ્વાનુભવમાંથી પ્રકટેલા હોઈ જીવન, યોગ, ધર્મ, સેવા વગેરે વિષે એક નવી જ દૃષ્ટિ આપે છે. જીવનમાં સદ્‌ગુણોની ઉપાસના, ઈશ્વરનિષ્ઠા, સત્યનિષ્ઠા, વિવેકના પાયા ઉપર ગોઠવાએલી સાધના અંગત મોક્ષપ્રાપ્તિનું નહિ પણ સમાજહિતનું લક્ષ્ય, દોષોનો પરિહાર અને ગુણોનું સંવર્ધન કરી સમાજમાં એનો ફેલાવો કરવો એ એમના તત્ત્વદર્શનના મૂલગામી વિચારો છે.

ગયા વર્ષે પડી જવાને કારણે અસ્થિભંગ થતાં એમને પથારીવશ બનવું પડ્યું એ પહેલાં તેઓ સંપૂર્ણ સ્વાવલંબનથી રહેતા હતા. અને વૃદ્ધાવસ્થા છતાં પોતાનું પ્રત્યેક અંગત કાર્ય સ્વયં જ કરી લેતા. છેલ્લા આઠેક દિવસ એમને ઑસ્પિટલમાં રહેવું પડ્યું હતું. પોતાના મૃત્યુ પછી કોઈ ધાર્મિક વિધિ કે ફોટા યા ફૂલહાર વગેરે નહિ કરવા એમણે એક પત્રમાં વિનતિ કરી હતી એ એમના સ્વસ્થ, સ્વચ્છ ને આડંબર રહિત તના વિવેકપૂર્ણ સંયમી વ્યવહારની પ્રતીતિ આપે છે. એમના અવસાન પર શોક વ્યક્ત કરતાં મોરારજીભાઈએ યોગ્ય જ કહ્યું છે કે તેઓ આ ધરતીના લૂણ સમાન હતા. —બાબુભાઈ ભટ્ટ

રોગ-પ્રતિકાર-શક્તિ વધારવા

વય પરિવર્તનના કારણે શરીરની અંતઃસ્રાવી ગ્રંથિઓની કાર્ય ક્ષમતા ઘટવાથી, લોહીના બંધારણમાં રાસાયણિક વિષમતા આવવાથી કે મેદપ્રધાન યા એકાંગી ખોરાકના અતિરેકથી પેદા થતી વિષમતા દૂર કરવા માટે આમળાં, અર્જુન, સાટોડી અને ગળો જેવી વનસ્પતિઓનું સમાન ભાગે મિશ્રણ બનાવી સવાર-સાંજ દરરોજ ત્રણત્રણ ગ્રામ લેવાથી બ્લડ પ્રેશર ને હૃદયરોગથી બચી શકાય છે. બ્લડ પ્રેશર એ રોગ નથી પણ રોગનું લક્ષણ છે. દરેક વ્યક્તિમાં એના દબાણનું એકસરખું નિશ્ચિત પ્રમાણ રહેવું જોઈએ એમ સિદ્ધાંત તરીકે નક્કી ન કરી શકાય. વ્યક્તિની પ્રકૃતિ પ્રમાણે એમાં વધઘટ દેખાય એ રોગ નથી.

વળી, રોગ સામે સર્વાંગ પ્રતિકારશક્તિ વધારવા શુદ્ધ શિલાજિત, શુદ્ધ ગૂગળ, ગળોનું ઘન, મેથી, આમળાં, સાટોડી અને ગોખરુ-આ સાત દ્રવ્યોને સરખે ભાગે લઈ એની વટાણા જેવડી ગોળી બનાવવી અને સવારસાંજ એક કે બે ગોળી પાણી યા દૂધમાં લેવી. વિવિધ રોગોથી બચવા માટે આ એક ઉમદા રસાયન છે. —વૈદ્ય પ્રાગજી મો. રાઠોડ



તાજેતરની નિરક્ષરતા-નિવારણની ઝુંબેશના સંદર્ભમાં
('યોજના' પાક્ષિકમાંથી સાભાર)



ટિકિટસંગ્રહ સમાજ સુધારક અને સ્વાતંત્ર્યનાએક લડવૈયા તરીકે તામિલનાડમાં સુખ્યાત ઈ. વે. રામસામીની જન્મશતાબ્દી (૧૭ સપ્ટે.) નિમિત્તે, સુપ્રસિદ્ધ નૃત્યકાર ઉદયશંકરની પ્રથમ પુણ્યતિથિ(૨૬ સપ્ટે.)ના દિવસે તથા રશિયાના સુપ્રસિદ્ધ ચિંતક સાહિત્યકાર કાઉન્ટ લીઓ તોલ્સ્તોયની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે એમની છબિઓ સાથેની ભારતની ત્રણ ખાસ ટિકિટો. આ ઉપરાંત, ગાંધીજીની છબિવાળી ૨૫ પૈસાની રોજિંદી મોટી ટિકિટ પણ નવા નાના સ્વરૂપે ચલણમાં મુકાઈ છે.

(પ્રેષક : જગદીશ બિનિવાલે – અમદાવાદ)

એક રસમય ચુકાદો

એક વાર બંકિમચંદ્રને ઘેર બંકિમચંદ્ર અને રમેશચંદ્ર દત્ત વાતે વળગ્યા હતા. વાતવાતમાં સર ઍશલી ઈડનની–જેઓ પાછળથી બંગાળના લેફ્ટેનન્ટ ગવર્નર થયા હતા તેમની–વાત નીકળી, એટલે બંકિમચંદ્રે તેમના એક ચુકાદાની વાત કહી સંભળાવી.

ઍશલી ઈડન જ્યારે પહેલવહેલા બારાસત જિલ્લામાં ગયા ત્યારે જિલ્લાનાં કેટલાંક મથકોએ કૅમ્પ નાખી કેસ ચલાવવા પડતા. એક વાર કૅમ્પ નૈહાટીમાં હતો ત્યારે તેમની સમક્ષ પાંચ વર્ષના એક છોકરાને આરોપી તરીકે રજૂ કરવામાં આવ્યો. આરોપ વેંગણની ચોરીનો હતો.

આરોપીએ ગુનો કબૂલ કર્યો. તેણે કહ્યું: 'માએ એકલો પાન્તાભાત મીઠા સાથે ખાવા આપ્યો હતો. એકલો ભાત ખાવાની ઇચ્છા ન થઈ તેથી એટલે પાસેની વાડીમાંથી એક વેંગણ લાવીબાફી આપવા મેં માને આપેલું.'

સાહેબે આરોપીની માને એકબે પ્રશ્નો પૂછી જાણી લીધું કે ફરિયાદીએ તેને પોતાને ત્યાં ઘરકામ કરવા કહ્યું હતું. પણ તે કબૂલ થઈ નહોતી એટલે ક્રોધે ભરાઈને માત્ર પજવણી કરવા માટે જ બિલકુલ નજીવા કારણસર કેસ માંડ્યો હતો. ફરિયાદીએ એનો વિરોધ કર્યો અને જણાવ્યું કે આરોપીની માની વાત તદ્દન જૂઠી છે. આરોપીએ દરરોજ વેંગણની ચોરી કરી મને ખૂબ નુકસાન કર્યું છે. આજે મહાનતે તેને પકડ્યો છે અને રાજદરબારમાં ન્યાય માગવા આવ્યો છું. ઈડન સાહેબે ફરિયાદીને કહ્યું કે 'આજકાલ પૈસાનાં વીસ વેંગણ મળે છે. આરોપી રોજ એક વેંગણ ચોરી જતો હોય તો યે તેની કિંમત મામૂલી જ થાય. માટે આ મામૂલી નુકસાન ખાતર એક બાળક સામે ગંભીર આરોપ મૂકવો કેટલે અંશે વાજબી છે તેનો તું જ વિચાર કરી જો અને જો તને વાંધો ન હોય તો તને જે નુકસાન થયું છે તે ભરપાઇ કરી આપવા હું તૈયાર છું.'

પણ ફરિયાદીએ એ વાત ન માનતાં ન્યાયની જ માગણી કરી ત્યારે સાહેબે કહ્યું કે 'તું જો ન્યાય માગશે તો મારે સાચો ન્યાય તોળવો જ પડશે; પણ હું તને ફરી કહું છું કે તું વિચાર કરી જો.' પણ ફરિયાદી બિલકુલ ડગ્યો નહિ. ઊલટું સાહેબના બોલવા પરથી તેની પાકી ધારણા બંધાઈ કે આરોપીને સજા થશે, એટલે પોતાની જ માગણી ચાલુ રાખી.

કેસ ચાલ્યો. સાબિત થયું કે બાળકે વેંગણ ચોર્યું હતું. સાહેબે છેવટે ચુકાદો આપ્યો. તેમાં તેમણે જણાવ્યું કે 'આરોપીનો ગુનો પૂરેપૂરો સાબિત થયો છે. એટલે હું તેને છ મહિનાની કેદની સજા કરું છું. જેલમાં કામ કર્યા વગર ખાવાનું મળતું નથી. આ બાળક કામ નહિ કરી શકે એટલે એની છ માસની ખોરાકી છત્રીસ રૂપિયા ફરિયાદીએ આપવા પડશે. વળી હું એ પણ જોઉં છું કે આ બાળક કોઈ પણ રીતે જેલમાં એકલો રહી શકે એમ નથી. એટલે એની માએ પણ એની સાથે રહેવું પડશે. પણ આરોપીની માનો કોઈ ગુનો નથી એટલે તેને આરોપી સાથે જેલમાં રહેવાનું હું કહી શકતો નથી. માટે આરોપી તેની માની સાથે જ રહેશે. પણ આરોપીને પગે હું બેડી પહેરાવું છું. એ બાળક લોઢાની બેડી ઊંચકી નહિ શકે, એટલે બદલામાં હું સોડા વૉટરની બાટલીનો તાર તેને પગે પહેરાવું છું. (તે જમાનામાં સોડા વૉટરની બાટલીનું મોં બૂચ વડે બંધ કરવામાં આવતું હતું અને તેના ઉપર તાર બાંધવામાં આવતો હતો) છ મહિના પૂરા થયા પછી આરોપીને મારી આગળ હાજર કરવો એટલે હું એ તાર ખોલી નાખીશ.'

ચુકાદો સાંભળી ફરિયાદીનું મોં જોવા જેવું થયું હશે. કોઈને કદાચ 'વેનિસનો વેપારી'માંનો શાયલૉક યાદ આવે.

('દેશમાં'થી 'સંસ્કૃતિ'માં) —નગીનદાસ પારેખ

મેના

મેના, પોપટ અને મોર જેવાં પક્ષીઓ આપણી સંસ્કૃતિ સાથે વણાએલાં છે, તેમ છતાં આપણામાંથી થોડાકે જ મેના જોઈ હશે, કારણ કે મેના ગુજરાતનું કે આછીપાંખી વ[illegible]સ્પતિ ધરાવતા પ્રદેશોનું પંખી નથી.

મેનાની કીર્તિ જગતવ્યાપી છે. રશિયાના નેતા શ્રી બ્રેઝનેવ છેલ્લે ભારત આવ્યા હતા ત્યારે તેમને વાતો કરે તેવી મેના લઈ જવાની ઇચ્છા હતી. ઊભાં ઊભાં કંઈ આવી મેના મળે નહિ, તેથી ઘણે ઠેકાણે તેની શોધ રાતોરાત શરૂ થઈ અને આખરે એક સરસ મેના તેમને ભેટ આપવામાં આવી. એક મેનાએ અમેરિકાની પ્રજાને ગાંડી કરી હતી. બીજા વિશ્વવિગ્રહનો જમાનો હતો અને એક અમેરિકન દંપતી અંગ્રેજી બોલતી આ મેનાને અમેરિકા લઈ ગયાં. ત્યારે મેના શું છે તેનાથી અજાણ જડસુ સત્તાવાળાઓ મેનાને કસ્ટમમાંથી પસાર કરતા ન હતા. આથી મેનાને તેના અફસર પાસે રજૂ કરવામાં આવી. નસીબજોગે મેના જે નામ બોલતાં શીખી હતી તે જ નામ એ અમલદારનું પણ હતું. આથી મેના તેને જોઈને બોલી ઊઠી: 'હલ્લો જો!' અધિકારી મેનાને મુખે પોતાનું નામ સાંભળી ચકિત થઈ ગયો, ને તેણે તરત જ મેનાને કસ્ટમમાંથી પાસ કરી દીધી! આ મેના અમેરિકામાં ટેલિવિઝન પર પ્રોગ્રામ આપતી હતી. સભાઓમાં કેટલાક પ્રશ્નોના જવાબ આપતી હતી અને અમેરિકાનું રાષ્ટ્રગીત પણ ગાતી હતી! અમેરિકાની પ્રજા તે પાછળ ગાંડી થઈ ગઈ.

મેનાના કુળમાં ઘણી જાતો છે. આપણી બહુ ઉપયોગી છતાં ઉવેખાએલી 'કાબર' પણ મેના જ છે! તેનું અંગ્રેજી નામ કૉમન ઇંડિયન મેના છે અને જે પ્રદેશોમાં તે સામાન્ય નથી ત્યાં તેને પળાય પણ છે.

કાળું ડોકું અને માથે કાળી કલગીવાળી 'ગુલાબી મેના' આપણે ત્યાં પશ્ચિમ એશિયા ને અગ્નિ યુરોપમાંથી શિયાળો ગાળવા આવે છે. ઉત્તર ગુજરાતમાં 'પવે' અથવા 'બ્રાહ્મણી મેના' થાય છે. કાળી ચોટલીવાળી આ મેના પણ મીઠું બોલે છે. ઉત્તર પ્રદેશમાં કાબરી અથવા 'અબલખ મેના' ઉકરડા અથવા ખેતર ફેંદતી જોવા મળશે. તળ ગુજરાતમાં રેલવે સ્ટેશનો પર કાબરને મળતી આવતી 'ગંગા મેના', ખાવા માટે ઉતારુઓનો એઠવાડ ફેંદતી જોવા મળે છે, ઝાંખાં ટપકાં-ટપકાંવાળી 'તાલિયા મેના' અંગ્રેજીમાં સ્ટારલિંગ (Starling) કહેવાય છે. યુરોપમાં તો તે બહુ જાણીતું પંખી છે ને બહુ મોટી સંખ્યામાં જોવા મળે છે. શિયાળામાં તે આપણા દેશમાં આવે છે. આ પણ એક મીઠડી મેના છે ને મોટાં ટોળાંમાં વસે છે. તે ઘણું ચંચળ અને અસ્થિર પંખી છે. આ બધી મેનાઓને પાળવામાં નથી આવતી. જો કે પળાય તો મીઠા મીઠા કલ્લોલથી ઘર ભરી દે. વન્ય અવસ્થામાં પણ તેઓ ઉપયોગી પંખી છે કારણ કે ખેતીને નુકસાન કરે તેવાં ઘણાં જીવડાંને ખાઈ જાય છે.

પાળવા માટે તો કાળી મેના છે. તે જેવી કાળી છે તેવી જ કામણગારી છે. પ્રકાશમાં જોઈએ તો તેના એ કાળા રંગમાં નીલ આસમાની રંગની ઝાંય હોય છે. સુંદર પીળી ચાંચ અને પીળા પગ, મોઢાની બંને બાજુ પીળી ચામડી અને પીળાં લટકતાં લોળિકાં વડે તે શોભે છે. આસમાની ઝાંયવાળા ચમકતા કાળા રંગ સાથે આ સોનેરી નારંગી-પીળો રંગ સુંદર લાગે છે. તેની વસતિ હિમાલયમાં અલમોડાથી આસામ સુધી, પશ્ચિમ ઘાટમાં કર્ણાટકથી કેરળ સુધી અને દક્ષિણ ભારતમાં બીજા ડુંગરોમાં હોય છે. તેમનાં બચ્ચાં મુંબાઈની મહાત્મા ફૂલે મારકેટમાં જૂન મહિનાથી વેચાવા આવે છે. બચ્ચાંને ચીકુ જેવાં નરમ ફળો અને દાળિયાના લોટ ઉપર ઉછેરી શકાય. લોટમાં ઇંડાનો રસ નાખો તો સારું. તેને ઉછેરવા માટે તપશ્ચર્યા કરવી પડે. તે પુખ્ત ઉંમરે પહોંચે ત્યારે તેને લોળિયાં ઊગે છે, જો તે ઊછરી આવે તો તેને બોલતાં શીખવવું જોઈએ. જેમ શિક્ષણ ગ્રહણ કરવામાં બધાં બાળકો સરખાં હોતાં નથી તેમ મેનાનાં બધાં બચ્ચાં સરખાં હોતાં નથી. મધુર કંઠે બોલવામાં અને વાતોમાં ચતુર અને આપણી બોલીનું અનુકરણ કરે એવી મેના તો નીવડે ત્યારે ખરી. આ પહાડી મેના પણ બહુ ચંચળ અને અસ્થિર પંખી

તલનો રસાયન-પ્રયોગ

વાગ્ભટાચાર્યે તલનો નીચેનો રસાયનપ્રયોગ બતાવ્યો છે: 'જે આણસ દરરોજ પોતાના હાથનો ૧ ધોબો (એટલે કે ૪ તોલા) કાળા તલ ખૂબ ચાવીને ખાઇને ઉપર ઠંડું પાણી પીએ છે તેના શરીરની પુષ્ટિ સારી રીતે થાય છે અને જીવતાં સુધી એના દાંત મજબૂત રહે છે. તલ કાળા, સફેદ, લાલ એવા ત્રણ જાતના થાય છે. ઉપરનો પ્રયોગ કાળા તલનો છે. આયુર્વેદ સફેદ કરતાં કાળા તલને વધુ મહત્ત્વ આપે છે. તલમાં ચૂના (કૅલ્શિયમ)નું પ્રમાણ ખૂબ છે એટલે તે બાળકોને માટે સારા-રોજ તલની ચીકી કે તલસાંકળી બનાવી બાળકોને આપવાથી બાળકનું શરીર પોષાય છે. પરંતુ તલના ઉપરના ફોડામાં ઑક્ઝૅલિક ઍસિડ ખૂબ છે. આ ઍસિડ કૅલ્શિયમના અભિશોષણમાં વિઘ્નકર્તા છે એટલે તલને પાણીમાં પલાળીને ઉપલું છોડું કાઢી નાખવું જોઇએ અને પછીથી તે તલ ઉપયોગમાં લેવા જોઇએ. અનાજના વેપારીઓ આવાં છોડાં દૂર કરાએલા તલ વેચે છે. આયુર્વેદે આવા તલને 'લુંચિત તિલ' કહ્યા છે, અને આવા જ તલનું તેલ કઢાવીને ખાવામાં અને દવાઓના કામમાં વાપરવું જોઇએ. ઉપલા રસાયન પ્રયોગ માટે પણ આવા છોડાં કાઢી નાખેલા તલ જ વાપરવા જોઇએ.

તલમાં ચાર રસ છે: (૧) મધુર (૨) તિક્ત (૩) કષાય (૪) કટુ. તલ ત્વચ્ય છે, અર્થાત્ ચામડી માટે હિતાવહ છે. કેશ્ય છે, અર્થાત્ માથાના વાળ વધારનાર, વાળને દૃઢ રાખનાર છે. બલ્ય છે, અર્થાત્ શરીરનું બલ વધારનાર છે. વાતઘ્ન અર્થાત્ વાયુના રોગોને હરનાર છે. તલ કફ અને પિત્તને કરનાર છે.

બહેનો ઉપરનો પ્રયોગ કરશે તો માથાના વાળ ખરતા અટકશે, વાળ વધશે, કાળા ભ્રમર જેવા રહેશે. આર્તવ પણ સાફ આવશે. ચાર તોલા માત્રા મોટી લાગે તો ૨ તોલા તલ લેવા. ૨ તોલા એકસામટા ચાવતાં કંટાળો આવે તો સવાર સાંજ ૧-૧ તોલો ખાવા. પરેજી ખાસ કંઈ નથી. આયુર્વેદ બધી જાતનાં તેલોમાં તલના તેલને ઉત્તમ ગણે છે અને કરડીના તેલને અધમ ગણે છે. કરડીનું તેલ 'સફોલા' આજે હૃદયના રોગીઓ માટે વાપરવા ડાક્તરો કહે છે. તલનું તેલ સૂક્ષ્મ છે અર્થાત્ શરીરના સૂક્ષ્મ સ્રોતોમાં પ્રસરી જનારું છે. સૂક્ષ્મ દ્રવ્ય બીજાં દ્રવ્યો કરતાં ઘણું જલદી પચી જાય છે અને શરીરને નીરોગી રાખે છે. શરીરમાં તલનું તેલ પચ્યા સિવાય અખિલ દેહમાં વ્યાપી જનાર છે. તલનું તેલ ઝાડો-પેશાબને રોકનાર છે. રાત્રે જે બાળક પથારી બગાડતાં હોય તેમને રોજ તલ સવાર-સાંજ ખવાડવા. એથી રાત્રે પેશાબ થઈ જવાની ટેવ છૂટશે અને શરીર પણ સુધરશે.

તેલમાત્ર વાતઘ્ન છે. પરંતુ આ બધાં તેલોમાં તલનું તેલ બહુ સારું વાતઘ્ન છે. વાયુના રોગો હરનાર છે આથી આયુર્વેદનાં સિદ્ધ તેલોમાં તલનું તેલ જ વપરાય છે. તલનું તેલ મેધા—બુદ્ધિ વધારનાર છે, જઠરાગ્નિ સતેજ કરનાર છે. અર્ધા પીલાએલા તલની જે સાની રહે છે તેમાં ખાંડ કે ગોળ મેળવી ખાવાથી શરીરમાં સારી શક્તિ આવે છે. અમે બચપણમાં આ સાની ખૂબ ખાતા. એમાં તેલનો ભાગ બહુ હોય છે. આજે સાની ઘણા નહિ જાણતા હોય. નાનાં બાળકોને સાની ખાવા આપવા જેવી છે. (ગુજરાતમિત્ર) —બાપાલાલ વૈદ્ય

૧	૯૮	૯૭	૯૬	૯૫	૯૦	૭	૯	૧૦	૨
૧૭	૧૯	૮૦	૭૯	૭૮	૭૪	૨૬	૨૮	૨૦	૮૪
૧૪	૭૦	૩૩	૬૬	૬૫	૬૪	૪૧	૩૪	૩૧	૮૭
૧૮	૭૨	૬૧	૫૮	૪૪	૪૫	૫૫	૪૦	૨૯	૮૩
૮	૭૬	૬૨	૪૭	૫૩	૫૨	૫૦	૩૯	૨૫	૯૩
૮૮	૨૪	૩૮	૫૧	૪૯	૪૮	૫૪	૬૩	૭૭	૧૩
૮૫	૩૦	૪૨	૪૬	૫૬	૫૭	૪૩	૫૯	૭૧	૧૬
૮૯	૩૨	૬૭	૩૫	૩૬	૩૭	૬૦	૬૮	૬૯	૧૨
૮૬	૮૧	૨૧	૨૨	૨૩	૨૭	૭૫	૭૩	૮૨	૧૫
૯૯	૩	૪	૫	૬	૧૧	૯૪	૯૨	૯૧	૧૦૦

અભિનવ અંકયંત્ર સો ખંડના આ અંકયંત્રમાં બીજા પણ ત્રણ અંકયંત્ર સમાવાયા છે. બહારના પહેલા મોટા યંત્રમાં દરેક ઊભી, આડી કે તિરકસ હારનો સરવાળો ૫૦૫ થાય છે. અંદરના બીજા યંત્રમાં એવી જ રીતે ૪૦૪, ત્રીજામાં ૩૦૩ અને છેલ્લે સૌથી નાના ૨૦૨ સરવાળો થાય છે. (યોજક: મૂળજી જેઠુ જોષી)

આ માસ (ઑક્ટોબર) ઇતિહાસમાં

તા. ૧/૧૯૧૭ સ્વ. માલવીયજીના પરિશ્રમથી બનારસ હિન્દુ યુનિવર્સિટીની સ્થાપના. થઈ.

તા. ૨/૧૯૦૯ રગ્બી ફૂટબૉલની પ્રથમ સ્પર્ધા (મૅચ) ટિવકનહૅમમાં રમાઈ. 'રગ્બી' એ અમેરિકામાં વધુ લોકપ્રિય એવું ફૂટબૉલની રમતનું એક ભિન્ન સ્વરૂપ છે જેમાં બૉલને લાત મારીને નહિ, પણ હાથમાં પકડીને ગોલ સુધી પહોંચાડવાનો હોય છે. ઈ. ૧૮૨૩માં ઈંગ્લૅન્ડની વિખ્યાત રગ્બી શાળામાં ફૂટબૉલની એક રમત વેળા લાત નહિ મારી શકવાથી ચિડાએલો એક ખેલાડી દડાને હાથમાં લઈને ગોલ કરવા ધસી ગએલો. રમતનો આ નવો વળાંક ઘણાને ગમી ગયો અને પછી એ રીતે રમવાના નિયમો ઘડાતા જઈ એનું આજનું આગવું સ્વરૂપ રચાયું. ઈ. ૧૮૬૩થી ફૂટબૉલની રમતના બંને પ્રકાર સ્પષ્ટપણે અલગ પડી ગયા અને ફૂટબૉલની રમત 'સોસર' નામે ઓળખાતી થઈ, જે નામ 'એસોસીએશન ફૂટબૉલ' પરથી બનેલું ટૂંકુ રૂપ છે. ભિન્ન હોવા છતાં આ બંને પ્રકાર એક સરખા જોમવંતા છે.

તા. ૩/૧૯૨૯ પ્રથમ વિશ્વયુદ્ધ પહેલાં સર્બિયા, ક્રૉએશીયા, બૉસ્નિયા–હર્ઝેગોવિના, મૅસિડોનિયા, સ્લૉવેનિયા અને મૉન્ટેનેગ્રો આસપાસની જુદી જુદી રાજસત્તાના તાબામાં હતા. પ્રથમ વિશ્વયુદ્ધ પછી એ સત્તાઓ પડી ભાંગતાં પુનર્રચના પામેલા એ પ્રદેશોની રાજસત્તા સર્બિયાના રાજા પિટર પહેલાના હાથમાં આવી અને એના પછી એના પુત્ર ઍલેક્ઝાંડરે પોતાની સરમુખત્યારી સ્થાપી આ બધા પ્રદેશોના એકમને આ તારીખે 'યુગોસ્લાવિયા' નામ આપ્યું.

તા. ૪/૧૫૩૫ અંગ્રેજી ભાષામાં પહેલું બાઈબલ છપાયું.

તા. ૮/૧૮૭૧ શિકાગોમાં ભીષણ આગ ફાટી નીકળી. લંડનની ઈ. ૧૮૬૬ની ભયાનક આગ જેવી જ આ ઇતિહાસપ્રસિદ્ધ આગ અગિયારમી તારીખે કાબૂમાં આવી તે દરમિયાન શહેરનો ઘણો ભાગ તારાજ થઈ ગએલો. લંડનની પેઠે આ આગને કારણે શહેરની જૂની બાંધણીના સ્થાને વધુ સારી ઈમારતો ઊભી થઈ શકી. ઈ. ૧૮૩૪માં આ જ માસની ૧૬મી તારીખે લંડનમાં લાગેલી એક આગમાં ત્યાંની પાર્લામેન્ટની ઈમારતો બળી ગઈ હતી. પાર્લામેન્ટની આજની ઈમારતો તે પછી ૧૮૪૦ થી '૬૦ દરમિયાન બંધાએલી છે.

તા. ૧૦/૧૯૧૩ પૅસિફિક-ઍટલાન્ટિક મહાસાગરને જોડતી પનામાની નહેરનું કામ પૂરું થયું.

તા. ૧૧/૧૮૧૧ અમેરિકામાં વરાળથી ચાલતી પહેલી હોડી ન્યૂ યૉર્ક–હૉવેકેન વચ્ચે ચાલુ થઈ.

તા. ૧૪/૧૬૪૪ અમેરિકાનાં પ્રજાસત્તાક રાજ્યોમાં અગ્રણી પેનસિલ્વાનિયા સંસ્થાન સ્થાપક વિલિયમ પેનનો જન્મ. જો કે એણે તો એ ભૂમિને 'સિલ્વાનિયા' (વનભૂમિ) નામ આપેલું પણ ચાર્લ્સ બીજાએ તેની સાથે પેનનું નામ જોડીને 'પેનસિલ્વાનિયા' કર્યું. એની રાજધાની ફિલાડેલ્ફિયા, વૉશિંગ્ટનની સ્થાપના સુધી અમેરિકન પ્રજાસત્તાકનું પાટનગર હતું.

તા. ૧૫/૧૫૮૨ કૅથોલિક દેશોમાં ગ્રૅગોરિયન પંચાંગ (કૅલેન્ડર) દાખલ કરવામાં આવ્યું.

તા. ૨૦/૧૭૭૪ 'રેગ્યુલેટિંગ ઍક્ટ' દ્વારા કંપનીનો વહીવટ નાબૂદ કરીને હિંદુસ્તાનમાં નવું રાજતંત્ર સ્થાપવામાં આવ્યું. અને તેના સર્વસત્તાધીશ ગવર્નર જનરલ તરીકે વૉરન હૅસ્ટિંગ્સની નિમણૂક કરી અંગ્રેજો હિંદના કાયદેસરના શાસક બન્યા.

તા. ૨૧/૧૬૧૨ અમદાવાદના સૂબા શેખ સૂફી સાથે કૅપ્ટન બેસ્ટે ગુજરાતમાં અંગ્રેજોના વેપારને લગતા કોલકરાર કર્યા.

તા. ૨૬/૧૯૨૨ વર્ષો સુધી ઇંગ્લૅન્ડ સામે લડતો ચલાવીને આયર્લૅન્ડ તેનાથી સ્વતંત્ર થયું અને એની એ લડતોના એક પ્રખર પુરસ્કર્તા એમન ડી વૅલેરા તેના પ્રથમ પ્રમુખ ચૂંટાયા. ડી. વૅલેરાનો જન્મ પણ આ જ માસની ૧૪મી તારીખે ઈ. ૧૮૮૨માં ન્યૂ યાર્કમાં થએલો.

તા. ૩૦/૧૮૮૩ શુદ્ધ આર્યધર્મના પ્રેરક સંદેશ દ્વારા રાષ્ટ્રોદ્ધારની પ્રચંડ શક્તિ સર્જનારા સ્વામી દયાનંદ સરસ્વતીનું અજમેરમાં અવસાન. એમના બોધથી સન્માર્ગે વળેલા જોધપુરના નરેશની નર્તકીએ દ્વેષથી તેમના રસોયા મારફત એમને ખોરાકમાં ઝેર અપાવેલું.

તા. ૩૧/૧૮૭૫ ભારતની સ્વાતંત્ર્ય-સાધનામાં ગાંધીજી પછીના અગ્રગણ્યોમાં અગ્રણી અને સ્વાતંત્ર્ય પછી ભારતને એક અખંડ રૂપ આપનાર દેશના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલનો કરમસદમાં જન્મ.



એક સેઈલ્સમૅનની પત્નીએ ચાર બાળકોને એકીસાથે જન્મ આપ્યો. એ સમાચાર સાંભળીને એ બોલી ઊઠયો : 'માત્ર એક સૅમ્પલ જ બસ હોય. મોટો સ્ટૉક સાથે રાખવાની કાંઈ જરૂર નહિ.'

એક : કયું પ્રાણી આ ઇમારત કરતાં ઊંચું કૂદી શકે છે?

બીજો : મને ખબર નથી.

એક : એટલું ય નથી જાણતો? કોઈ પણ પ્રાણી આ ઇમારત કરતાં તો ઊંચું કૂદી જ શકે કેમ કે ઇમારત તો કૂદી જ શકતી નથી.

'આ સ્ટેશનને શહેરથી આટલે દૂર કેમ બાંધ્યું હશે?'

'કેમ કે એ રેલવે લાઈનની પાસે બાંધવું'તું.'

'વિમાનમાંથી કૂદ્યા બાદ જો કોઈ કારણસર હવાઈ છત્રી ન ખૂલે તો?' એક ઉતારુએ પાઈલટને પૂછ્યું.

'તો સ્ટોરમાં જઈને બીજી લઈ આવવી,' પાઈલટે કહ્યું.

મૅજિસ્ટ્રેટ (છૂટાછેડા લેવા આવનાર પતિને): તમારો ઘરસંસાર કેટલાં વર્ષ ચાલ્યો?

પતિ : દસ વર્ષ, નામદાર.

મૅજિસ્ટ્રેટ : તો તો એ તમારાં પત્નીના સદ્ગુણનો પુરાવો ગણાય.

પતિ : ના જી; મારી સહનશક્તિનો.



(જનસત્તામાં સ્વ. 'શિવ')


શે'ર

ઉન્હેં મંઝિલ નહિ મિલતી જો કિસ્મત કે સહારે હૈ,
હૈ ઉનકી ઝિન્દગી ભી મૌત જો હિંમત કો હારે હૈ.

ટ્રેનમાં બે અંગ્રેજો પોતાની સામે એક સંન્યાસીને બેઠેલો જોઈ પોતાની ભાષામાં અંદરોઅંદર એની ટીકા કરી રહ્યા હતા: 'છે ને આ ધૂર્ત! હજી તો નાની ઉમર છે, તંદુરસ્ત છે અને કામ કરવાની તાકાત હોવા છતાં સાધુનો સ્વાંગ સજીને મફતની રોટી ઉધરાવતો ભટકે છે. અહીંના લોકો યે આંખો મીચીને આવા કેટલાય લેભાગુઓને અંધશ્રદ્ધાથી નિભાવે છે!' બીજી પણ ઘણી ટીકા તેઓ કરતા રહ્યા. પેલો સંન્યાસી તો પોતાનામાં લીન બની ચૂપચાપ બેઠો હતો. થોડી વારે કોઈ સ્ટેશન આવ્યું. ગાડીમાં પેલા સંન્યાસીને જોતાંવેંત સ્ટેશન માસ્તર દોડી આવ્યો અને પ્રણામ કરી એને અંગ્રેજીમાં પૂછ્યું: 'આપની સેવામાં કંઈ લાવી આપું?' સંન્યાસીએ ઉત્તરમાં માત્ર થોડું પાણી માગ્યું.

સંન્યાસીને સાફ અંગ્રેજીમાં બોલતો સાંભળી પેલા ગોરાઓ ચમકી ગયા. આખે રસ્તે પોતે કરેલી એની ટીકાઓ એણે સાંભળી હતી, એટલું જ નહિ, સમજી પણ હતી, અને છતાં એણે એક હરફ પણ ઉચ્ચાર્યો નહોતો, કે નહોતો એના ચહેરા પર કોઈ ભાવ બદલાયો. અંતે તેમણે સંન્યાસીને પૂછ્યું: 'તમે અમારી ટીકાઓ સમજી શકતા હતા છતાં કેમ ચૂપ રહ્યા?' સાધુએ જવાબ આપ્યો: 'ભાઈ, હું તો મારા જીવનકાર્યના વિચારમાં જ લીન રહું છું. વાદવિવાદમાં પડતો નથી.'

એ સંન્યાસી હતા સ્વામી વિવેકાનંદ.



શાસ્ત્રીય પરંપરાથી માંડી સામાજિક પ્રતિરોધના આધુનિક યુગ સુધી પરિવ્યાપ્ત અને દેશભક્તિની ઉદ્દામ ભાવનાથી અનુપ્રેરિત મળયાલમ કાવ્યસાહિત્યના ખ્યાતનામ ઉપાસક તથા લુપ્તપ્રાય: બની રહેલી કથકલી તથા મોહિનીઅટ્ટમ નૃત્યશૈલીના પુનરોદ્ધારક વળ્ળત્તોળ નારાયણ મેનનની જન્મશતાબ્દી નિમિત્તે ૧૫મી ઑક્ટોબરે બહાર પડેલી ભારતની ખાસ ટિકિટ.

कार्तिकस्य दिनान्यष्टौ
अष्टावाग्रयणस्य च ।
यमदंष्ट्रा समख्याताः
स्वल्प-भुक्तो हि जीवति ॥

કાર્તિક મહિનાના છેલ્લા આઠ દિવસો અને માગશર મહિનાના પહેલા આઠ દિવસો યમદંષ્ટ્રા જેવા કહેવાય છે; તે વખતે અલ્પભોજી (ઓછું ખાનારા) લોકો સ્વસ્થ અને સુખી રહે છે. આ વચન આચાર્ય શાર્ંગધર વૈદ્યનું છે.

કહેવત: '(કુલ્લામાંથી) હીંગ જાય પણ વાસ રહી જાય'—સારાં કે ખરાબ પરિણામોના ઉત્પાદકોના ગયા પછી પણ તે પરિણામો તો કાયમ જ રહે છે એ દર્શાવવા માટે સચોટ ઉદાહરણરૂપ આ કહેવતને મળતી બીજી કહેવતો: 'કરનો કરનારો જાય, પણ કર રહી જાય.' 'આવ્યો હોદ્દો જાય પણ માર્યો ગોદો રહી જાય.' 'માર્ગ કરનારો જાય, પણ શેરડો રહી જાય.' 'કાળ જાય ને કહેણી રહે' વગેરે.

અનેકાર્થી શબ્દ: રસ=જીભ વડે લાગતો સ્વાદ–જેના છ પ્રકાર છે: ખાટો, ખારો, ગળ્યો, તીખો, કડવો ને તૂરો; શરીરની સાત ધાતુઓમાંની પહેલી; કાવ્ય, નૃત્ય, નાટ્ય આદિ કળાઓથી પ્રકટતા સ્થાયી ભાવોનો અલૌકિક આનંદ—જેના નવ પ્રકાર છે: શૃંગાર, હાસ્ય, કરુણ, વીર, રૌદ્ર, ભયાનક, અદ્ભુત, બીભત્સ અને શાન્ત; સ્વાદ, રુચિ, મીઠાશ કે લહેજત; પ્રીતિ કે આનંદ; વાસના; મમત કે સરસાઈ; દ્રવ કે પ્રવાહી; સાર, અર્ક કે સત્ત્વ; સંબંધ; હિત, લાભ કે નફો; પારો; વૈદકમાં પારા તેમ જ અન્ય ધાતુઓની ભસ્મ; ગમ્મત, મજા કે આનંદ; ખૂબી, ગુણ, ઠાઠ; એક પ્રકારનો રોગ; વેવાઈ તરફથી આવતી ખાવાની વસ્તુ.

અંકસંદર્ભે–આઠ: આઠ પ્રધાન—પ્રધાન, અમાત્ય, સચિવ, મંત્રી, સેનાપતિ, સુમંત, ન્યાયાધીશ, શાસ્ત્રી (પંડિત).

ગણિતગમ્મત: કોઈ પણ એક દેશી મહિનો ધારો. તે ચૈત્ર માસથી કેટલામો છે તે ગણો. જે અંક આવે તેમાં ૨૯ ઉમેરો. જે આવે તેને ૧૨ વડે ભાગો. જે શેષ રહે તેટલા મહિના કારતક માસથી ગણતાં ધારેલો માસ આવશે.

દા. ત. અષાડ માસ ધાર્યો. ચૈત્રને ૧ ગણતાં અષાડે ૪ આવે. ૪ + ૨૯ = ૩૩ ÷ ૧૨ = ૯ શેષ. હવે કારતકથી ૧ ગણતાં ૯મો અષાડ આવશે.

—મયાશંકર જોષી

આરોગ્યવચન

શિયાળે સૂંઠ અને તેલ-તાપ ભલાં;
ઉનાળે કેરી ને આમળાં ભલાં,
ચોમાસે અજમો ને લસણ ભલાં,
ત્રિફળાં તો જાણો બારેય માસ ભલાં.

કઈ ઋતુમાં કયા પદાર્થનું સેવન હિતકર છે તે દર્શાવતું પરંપરાગત કથન.



દક્ષિણ અમેરિકાની જીવસૃષ્ટિમાં ત્યાંના ભયંકર મગરો કે ઝેરીલા સાપ કરતાં પણ વધુ જીવલેણ ત્યાંની છએક ઇંચ લાંબી ટચૂકડી 'પિરાન્હા' માછલી છે. હજારોની સંખ્યામાં એ ટોળું બાંધી દરિયામાં ઘૂમતી હોય છે, ને પોતાના માર્ગમાં આવતા કોઈ પણ માનવી કે પ્રાણી પર તૂટી પડીને ઘડીભરમાં એને સાફ કરી નાખે છે.



કલાકણિકા: અલહમ્બ્રા (સ્પેઈન)નું અક્ષરાલેખન સાથેનું ભાતીગળ શોભન-સૌંદર્ય. ફૂલપાનના શોભનની ઈરાની લાક્ષણિકતા ને અક્ષરાલેખનના અરબી કૌશલનું આ ચાતુરીયુક્ત સૌંદર્ય ત્યાંની દીવાલને ભરીભરી બનાવી દે છે.